ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
ન્યૂ ઇરા બિલ્ડિંગ, ૧૯૪૦

અર્વાચીન કાવ્યગ્રંથાવલિ પુસ્તક ઓગણીસમું

પૂર્વાલાપ

કર્તા

મણિશંકર રત્નજી ભટ્ટ

ઉપોદ્‌ઘાત, કાવ્યોની આનુપૂર્વી, પરિશિષ્ટ, ટિપ્પણ સાથે
સંપાદન કરનાર

રામનારાયણ વિશ્વનાથ પાઠક

પ્રકાશક

મુનિકુમાર મણિશંકર ભટ્ટ

ભાવનગર

VISIT…

પ્રકાશક :
મુનિકુમાર મણિશંકર ભટ્ટ
તપોવન, નં. ૪૩૨, કૃષ્ણનગર
ભાવનગર : કાઠિયાવાડ

સોલ એજન્ટ :
આર. આર. શેઠની કંપની
બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ
કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ

૧૦,૬૬૪

● સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન ●

મૂલ્ય રૂ-૦-૦



આવૃત્તિ ત્રીજી, પ્રત ૧૨૫૦
સને ૧૯૪૦ : સંવત ૧૯૯૬
તારીખ ૧ : ૮ : ૧૯૪૦

: મુદ્રક :
વસ્તુરચંદ છગનલાલ શાહ
શ્રી લક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસ
સુરસાગર પાસે : વડોદરા

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

આજે ચૌદ વરસે પૂર્વાલાપની નવી આવૃત્તિ થવા પામી, અને તે પણ તે મુંબઈ યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક થયું ત્યારે જ, એ આપણા ભણેલા ગુજરાતી વર્ગને માટે અભિનન્દનયોગ્ય તો નથી જ!

આ આવૃત્તિ, છેલ્લીનું લગભગ પુનર્મુદ્રણ છે. આમાં ટિપ્પણોમાં જ્યાં થોડો ફેરફાર કરવો આવશ્યક લાગ્યો ત્યાં તેટલો જ કરેલો છે. ઉપોદ્‌ઘાત પણ એકાદ નાની વિગત સિવાય, એમ ને એમ મૂકેલો છે. ઉપોદ્‌ઘાતમાં 'વસન્ત વિજય' પૂરતો ભાગ મારે બધો ફરી લખવો છે, પણ આ આવૃત્તિ તૈયાર કરવામાં ઉતાવળ કરવી પડી છે તેથી અને કેટલાંક બીજાં કારણોથી તેમ કરી શક્યો નથી. તેને માટે કોઈ બીજો પ્રસંગ લઇશ.

છેલ્લી આવૃત્તિ પછી કાન્ત ઉપર વિવેચનો થયાં છે. પૂર્વાલાપનાં કેટલાંક કાવ્યો ઉપર પ્રો. ઠાકોરે પોતે 'આપણી કવિતા-સમૃદ્ધિ'ની બન્ને આવૃત્તિઓમાં સવિસ્તર વિવરણો લખ્યાં છે. છતાં આ આવૃત્તિમાં જૂનાં ટિપ્પણો જ કાયમ રાખ્યાં છે. ખંતીલા અભ્યાસીઓ પોતાની મેળે નવા સાહિત્યનો લાભ લેશે એમ માનું છું.

૬-૬-૪૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

પ્રસ્તાવના

[બીજી આવૃત્તિની]

પૂર્વાલાપની પ્રથમાવૃત્તિ બે વરસમાં ખપી ગઈ, એ ખાતર ગુજરાતને કંઈક ધન્યવાદ ઘટે છે; નહિતર આપણે અહીં શાળાઓમાં પાઠ્યપુસ્તક થયા વિના શુદ્ધ ઉત્તમ સાહિત્ય ભાગ્યે જ ખપે છે. *

આ બીજી આવૃત્તિમાં કેટલાક વધારા કર્યા છે. કાન્તનાં કેટલાંક કાવ્યો તેમના અવસાન બાદ કાન્તમાલામાં છપાયાં: તે ઉપરાંત બીજાં કેટલાંક મળી આવ્યાં તે અને તેમનાં પ્રસિદ્ધ અપ્રસિદ્ધ નાટકોમાંથી પણ જે સારાં લાગ્યાં તે સર્વ આ આવૃત્તિમાં લીધાં છે. પણ તે જુદા પરિશિષ્ટમાં મૂકયાં છે. પ્રથમાવૃત્તિનો 'પૂર્વાલાપ' એમને એમ રાખેલો છે.

કાન્તે પોતે જે કાવ્યોનો નાશ કર્યો અને પોતે જેને પ્રગટ કરવાં યોગ્ય ન ધાર્યાં તે કાવ્યોને પ્રગટ કરતાં થોડા ખુલાસાની જરૂર છે. કવિ લખે છે તે બધું જ સારું નથી હોતું, કવિ પણ માણસ છે. તેનાં ઉડ્ડયનો કોઈ વિશાલ તો કોઈ ટૂંકાં, કોઈ ઊંચાં તો કોઈ નીચાં પણ હોય છે. પણ દરેક સાચો કવિ વિવેચક હોય છે અને પોતાની વિવેચનાની કસોટીએ કાવ્યોને ચડાવી તેમાં પાર ઊતરે તેવાંને જ તે રાખે છે, બાકીનાંનો, કુદરતની પેઠે, નાશ કરે છે. આવાં કાવ્યો પાછાં શોધીને અહાર મૂકવાથી સાહિત્યની કવિતાસમૃદ્ધિ વધતી નથી. અહીં આ કાવ્યો પ્રગટ કરવાનો ઉદ્દેશ

---

* વિદ્યાપીઠના ભાષામંદિરના અભ્યાસક્રમમાં પૂર્વાલાપ પાઠ્યપુસ્તક નીમાયું છે પણ તે વર્ગની સંખ્યા અહીં ગણવા જેટલી મોટી નથી.

જુદો જ છે. કાન્તની 'મધુર કોમલ કાન્ત પદાવલી'ના રસ-પિપાસુને જિજ્ઞાસા થાય કે કાન્તનાં પ્રથમનાં કાવ્યો કેવાં હતાં? તેમની કવિત્વશક્તિનો વિકાસ કઈ રીતે થયો અને કઈ રીતે તે જુદી જુદી દિશામાં વળી? તો તેને માટે આ સામગ્રી રજુ કરી છે. બાકી કાન્તનો કવિયશ તો પૂર્વાલાપ ઉપર સંપૂર્ણ પ્રતિષ્ઠિત છે, પરિશિષ્ટનાં કાવ્યોથી તેમાં વૃદ્ધિ કે હાનિ થઈ શકે તેમ નથી.

કંઇક આ જ ઉદ્દેશથી આ આવૃત્તિમાં કાવ્યોની આનુપૂર્વી અને ઉપોદ્ઘાત મૂકયાં છે. તેમાં કવિમાનસનો ઈતિહાસ આપવા પ્રયત્ન કર્યો છે. અને જે જે ગુણોના ઉત્કર્ષથી આપણા સાહિત્યમાં તેમનું સ્થાન નિર્ણીત થયું છે તે ગુણોને સ્ફુટ કરવા પ્રયત્ન કર્યો છે.

કાવ્યની પાછળ ટિપ્પણ આપ્યું છે. કાન્તનાં બે લાંબાં કાવ્યો 'વસન્ત વિજય' અને 'ચક્રવાક મિથુન' વિદ્વાન સાક્ષરોની ટીકા સાથે બહાર પડેલાં. તે ટીકાઓ ઘણી લાંબી છે તેને ટૂંકાવી શકાય એમ છે, પણ ઘણાં વરસો ઉપર પ્રસિદ્ધ થયેલી હોવાથી હાલ તે પરિચિત નથી માટે એકવાર તો તેને એ ને એ રૂપમાં જ અહીં મૂકવી ઉચિત ધારી છે; 'વસન્ત વિજય' ઉપર મકરન્દની ટીકા પ્રસિદ્ધ થયા પછી શ્રી. નરસિંહરાવભાઈએ તે વિષે ટૂંકી વિવેચના પ્રિયંવદામાં કરેલી તેમાંથી પ્રસ્તુત ભાગો મકરન્દની ટીકા નીચે ટીપ તરીકે મૂકયા છે. કયાંક મેં પણ એવી ટીપો મૂકી છે. શ્રી. નરસિંહરાવભાઈએ 'વિવર્તલીલા'માં પ્રસંગોપાત્ત સુફીવાદની ચર્ચા કરતાં 'ચક્રવાક મિથુન' વિષે કેટલાક વિચારો દર્શાવ્યા છે. ત્યાં તેમનો મુખ્ય આશય એ કાવ્યનો અર્થ બરોબર શો છે તે નિરૂપવાનો નહિ હોવાથી એ ચર્ચા અલગ પરિશિષ્ટ તરીકે મૂકી છે. આ બાબતની કેટલીક

સામગ્રી તેમ જ હકીકત પૂરી પાડવા માટે હું એમનો આભારી છું.

તે સિવાયનાં કાવ્યો ઉપર મેં બને તેટલું ટૂંકું ટિપ્પણ આપ્યું છે. પ્રયત્ન કરતાં પણ કેટલીક પંક્તિઓનો અર્થ મને દુર્બોધ રહ્યો છે તે મેં તે તે સ્થળે દર્શાવ્યું છે. કાન્તને સમજવામાં અને તેનાં દુર્બોધ સ્થાનોને સુગમ કરવામાં મારો આ પ્રયત્ન કંઈક પણ ઉપકારક થશે તો તેને કૃતાર્થ થયો માનીશ.

આ સર્વ તૈયારીમાં મને પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર, શ્રીયુત કરુણાશંકરભાઈ, શ્રીયુત શિવાભાઈ તથા શ્રીયુત મુનિકુમાર તરફથી ઘણી જ મદદ મળી છે. પ્રો. ઠાકોરની મેં જે જે મદદ લીધી છે તે તેમનાં અવતરણો ઉપરથી પણ જોઈ શકાશે. શ્રીયુત કરુણાશંકર અને શિવાભાઇ સદ્‌ગત મણિશંકરની પશ્ચિમ વયના નિકટમાં નિકટ સ્વજનો હતા. તેમની પાસેથી મને ઘણી હકીકત મળી છે. તેમણે સર્વેએ સદ્‌ગત મણિભાઈ સાથેના તેમ જ મારી સાથેના અંગત સંબંધથી આ કામ પોતાનું જ જાણી સાહાય્ય કરી છે. એવા આત્મીય સંબંધમાં આભાર માનવાનું કામ ઘણું કઠિન થઈ પડે છે. પણ એક બાબત માટે આવા સંબંધમાં પણ આભાર માનવો જોઇએ. મારે જોઇતી સર્વ હકીકત પૂરી પાડતાં છતાં મારા અભિપ્રાયને સૌએ સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપ્યું છે, જે તેમના કરતાં જરા પણ ઓછાં ઉદાર હૃદયો ભાગ્યે જ કરી શકે; અને મને મારે હાથે સદ્‌ગત જેઓ મારા ગુરુ હતા, તેમને આ અંજલિ અર્પણ કરવાનો પ્રસંગ આપ્યો છે, તે મારા પર અનન્ય ઉપકાર થયો હું સમજું છું.

* * *

ઓક્ટોબર ૧૯૨૬ રામનારાયણ વિ. પાઠક

ઉપોદ્ઘાત

કાન્તનું જીવન જાણવાને અનેક કારણોથી જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. પોતાના જમાનાના એ એક ઊંડા ચિંતનશીલ સત્યાન્વેષી વિચારક અને 'મહામંથનનિમગ્ન' પુરુષ હતા. સાહિત્યમાં તેમણે અનેક દિશાએ પ્રવૃત્તિ કરી છે. પણ તેમની બધી પ્રવૃત્તિમાં તેમનાં કાવ્યો જનતાને સૌથી વધારે મર્મસ્પર્શી લાગે છે. આપણામાં તેઓ બીજા કશા કરતાં કવિ તરીકે અમરપદ પામશે એમ જણાય છે. અને તેથી કવિ તરીકેનું તેમનું જીવન જાણવાની વૃત્તિ આપણને સૌથી તીવ્ર થાય છે. કાન્તમા —પૃ૦૩

તેમનાં કાવ્યો સમજવાને માટે પણ તેમનું જીવન જાણવાની જરૂર છે. કાન્તે પરલક્ષી અને આત્મલક્ષી બન્ને પ્રકારનાં કાવ્યો લખ્યાં છે. પરલક્ષી કાવ્યો લખનાર કવિનું જીવન ન જાણીએ તો પણ તેનાં કાવ્યો સમજવામાં કશો પ્રતિબંધ આવતો નથી. તેવાં કાવ્યોમાં જે ભાવ નિષ્પન્ન થવાનો હોય તેની સર્વ બાહ્ય પરિસ્થિતિનું વર્ણન પણ તે કાવ્યમાં જ આવી જતું હોય છે. પણ આત્મલક્ષી કાવ્યમાં એ સંપૂર્ણ રીતે થતું હોતું નથી. આ કાવ્યો અંગત જીવનના પ્રસંગથી ઉત્પન્ન થતા ભાવનું પ્રગટ કલાસ્વરૂપ હોય છે. તેની ભોંયરૂપ બાહ્ય પરિસ્થિતિ ઘણીવાર એ કાવ્યમાં દર્શાવેલી હોતી નથી. એ કાવ્ય સમજવાને એ ભોંયનું દર્શન આવશ્યક છે. વ્યંગ્યનું એક નિમિત્ત પ્રકરણ એટલે પરિસ્થિતિ પણ છે. નાટકમાંથી ઉધ્ધૃત કરેલા કાવ્યને સમજવાને જેમ તે કોની કોના પ્રત્યે કયા પ્રસંગની ઉક્તિ છે એ જાણવું આવશ્યક છે તેમ અહીં પણ ભાવનિષ્પત્તિને માટે એ પરિસ્થિતિ જાણવી આવશ્યક છે.

આ લેખકને એક વાર સદ્‌ગત મણિશંકર ભટ્ટ જોડે કલાપી અને મણિભાઇ નભુભાઈનાં કાવ્યો સંબંધી ચર્ચા થયેલી ત્યારે તેમણે કહેલું કે કવિનું જીવન તેના કાવ્યમાં પ્રગટ થયા વિના રહે જ નહિ. આ વિધાન તેમનાં પોતાનાં કાવ્યોને બરાબર લાગુ પડે છે. પૂર્વાલાપનાં કાવ્યોને તેમના જીવન સાથે જીવન્ત સંબંધ છે. વિશેષ શું, પૂર્વાલાપ નામને પણ તેમના જીવન સાથે સંબંધ છે.

તેમ છતાં આ જગાએ કવિનું જીવનચરિત્ર આપવાનો ઉદ્દેશ નથી; તેને માટે લેખકની વ્યક્તિગત અને પ્રસંગગત મર્યાદાઓ ઘણી ટૂંકી પડે. માત્ર કાન્તના જીવનના જે જે મુખ્ય બનાવોને તેમના સાહિત્યજીવન સાથે ઓછો વત્તો સંબંધ છે તેના પરિચય પૂરતી રૂપરેખા આપવાનો ઉદ્દેશ છે.

સદ્‌ગત મણિશંકર રત્નજી ભટ્ટનો જન્મ ઇસવીસન ૧૮૬૪ ના નવેંબરની ૧૦ મી* તારીખે કાઠિયાવાડમાં લાઠી પાસે ચાવંડ ગામમાં પ્રશ્નોરા જ્ઞાતિમાં થયો હતો. આ જ્ઞાતિ વિદ્યાવિલાસી છે. મણિભાઇના પ્રપિતામહ મુકુન્દને કવિયશ પ્રાપ્ત થયેલો અને એમના પેઢીનામામાં બીજા ગ્રન્થકારો પણ દેખાય છે.

મણિભાઈને બહુ નાની વયથી કવિતા કરવાનો શોખ હતો. એ અરસામાં ગુજરાતના સૌથી વધારે લોકપ્રિય અને ઉત્તમ કવિઓ બે જ ગણાતાઃ દલપતરામ અને નર્મદાશંકર. તેમાં વસ્તુ ભાવ અને શૈલીથી તેમ જ વાંચનમાલામાં તેમની ઘણી કવિતાઓ આવેલી હોવાથી બાલમાનસને વધારે સુગ્રાહ્ય દલપતરામ હતા. આથી તે સમયમાં ઊગતા કવિઓનાં પ્રથમ કાવ્યો દલપતશૈલીનાં થાય એમાં નવાઇ નથી. મણિભાઈએ ૧૪–૧૫ વરસની વયે 'ખરી

* તારીખો આપવામાં એક ધોરણ સાચવવા સર્વત્ર ઇસવીસનનો જ ઉપયોગ કર્યો છે—કોઈ કોઈ જગાએ કઢંગુ લાગે છે છતાં.

મોહોબ્બત અથવા ગુલબાસનું ફૂલ' નામનો એક ચારણો કિસ્સો લખ્યો હતો. તેમાંની થોડી લીટીઓ કાન્તમાલામાં[1] આપી છે:–

અરે મારા પ્રાણાધાર, મારા તો હૈયાના હાર.
જીંદગી કેરા આધાર બહાર આપ કયાં ગયા ?

તે ઉપરથી લાગે છે કે મણિભાઈ એ દલપતરામની અસર નીચે જ કાવ્યો લખવાં શરૂ કરેલાં. એ કિસ્સો ૧૮૮૩ માં પ્રસિદ્ધ થયો હતો. તેમાં તેમના બીજા મિત્રોએ પણ કંઈક લખેલું અને એ કૃતિમાં મણિભાઈનું વિશિષ્ટત્વ ન હોવાથી તેની બીજી આવૃત્તિ થઈ નથી. આ શૈલીની અસર પ્રસિદ્ધ કાવ્યોમાં કયાંઈ નથી. 'સ્મિત-પ્રભાને' અને 'અદ્વૈત' એ બંને કવિતો છે એટલું જ, પણ તેનો ભાવ વસ્તુ પ્રૌઢિ સર્વ કાન્તનાં જ છે.

કવિત્વશક્તિની જેમ વિવેચક શક્તિ પણ ઘણી નાની ઉંમરથી જ તેમણે દાખવેલી જણાય છે. તેમની સાથેના પ્રથમ મેલાપ વિશે લખતાં રા. રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય કહે છે :[2]

" ત્યાં થોડે દૂર એક ૧૪ વરસનું બાલક કાંઈક શ્યામ રંગે બુદ્ધિમતાં ચક્ષુઓ સળવળ થતાં, ભરેલી નાસિકાવાળું પરંતુ સરલ ગોળ ઉત્સુક મુખવાળું. ચેહેરા ઉપરથી ઓળખાણ પડ્યું કે માધવજીભાઈના ભાઇ મણિશંકર હોવા જોઇએ. અતિ શરમાળ બાળ ધીમે પગલે આવી બાજુના પથ્થર ઉપર બેશી ગયું. એને બોલાવવાનું કાર્ય મારે શરૂ કરવું પડ્યું.

'અહો, આવો ભાઇ, તમે મણિશંકર ?'

'હા.'

'શું ભણો છો ?'

'રાજકોટ હાઇસ્કૂલમાં છું.'

---

૧. પૃ. ૩૦૩

૨. કાન્તમાલા પૃ. ૩૧૫.

'બહુ આનંદ થયો. તમને તો કવિતા કરવાનો પણ અભ્યાસ છે, નહિ ?'

'છે ખરો પણ બહુ સારી નથી કરી શકતો. વિચારો બહુ આવે છે પરંતુ લખતાં ભાષા યોગ્ય લાગતી નથી.'

'બને તેવું છે. જે કલ્પના કર્યા જાઓ છો તો તે ભાષા વિના શી રીતે આવે છે ?'

કોકડું ગુંચવાયું.

'ના, એમ તો આવે છે, પરંતુ કલ્પના યે જોઇએ તેવી નથી આવતી.'

'કુદરતની મદદ લ્યો...અજમાવો જોઇએ.'

તેમણે અજમાવ્યું. એક નહાનું સરલ બે કડીનું કાવ્ય થયું. તેમને નદીના રવમાં મુશ્કેલી પડી, અને સમજી કુદરતને જ બોલાવી :

'ખળખળ કરતું જળશિશુ રમતું' એવો ભાવ લાવ્યા.

આટલી નાની વયે 'કાવ્યો કરું છું પણ બહુ સારાં નથી કરી શકતો' એટલી વિવેચનશક્તિ, અને વિચાર કે કલ્પના તો ભાષામાં જ થાય માટે કલ્પના પણ જોઇએ તેવી નથી, એટલી સમજણ ઘણી કહેવાય. હલકી કૃતિઓને વીણી કાઢવાને આ રસવૃત્તિ અને વિવેચક શક્તિ જ બસ છે. મણિભાઇ માનતા કે "બધા વિવેચક સ્રષ્ટા છે,...પણ બધા સ્રષ્ટાઓ વિવેચકો પણ છે.' આ સર્જન અને વિવેચનનો યોગ તેમનામાં પહેલેથી હતો.

૧૮૮૪માં તેઓ મેટ્રિકયુલેશનની પરીક્ષામાં પાસ થયા અને ૧૮૮૫ થી ૧૮૮૮ સુધી ગોકળદાસ તેજપાળ બોર્ડિંગમાં રહીને એલ્ફિન્સ્ટન કોલેજમાં તેમણે અભ્યાસ કર્યો. અહીં તેમને કોલેજના મુક્ત ઉન્નતિકર વાતાવરણમાં પ્રિન્સિપલ વર્ડઝવર્થ જેવા અધ્યાપક નીચે અભ્યાસ કરવાથી ઘણી પ્રગતિ કરવાનો અને મૈત્રીઓ

બાંધવાનો અવકાશ મળ્યો. તેમની નોંધવા જેવી મૈત્રી રા. બ. રમણભાઈ સાથેની. પ્રો. ઝલવંતરાય ઠાકોર સાથે રાજકોટથી પિછાન ખરું પણ તે માત્ર પિછાન જ. રા. બ. રમણભાઈ આ સંબંધમાં લખે છે :-

મણિશંકર સાથે મારો પ્રથમ પરિચય સને ૧૮૮૫માં થયેલો...એક દિવસે-શનિવારે-કૉલેજ જવા સારૂ લોકલ ટ્રેનમાં ચર્નીરોડથી મહાલક્ષ્મી જતાં એક વિદ્યાર્થીએ મને કહ્યું કે આજે કૉલેજની ડીબેટિંગ સોસાઈટીના સભાસદની ચૂંટણી થવાની છે તેમાં આપણે ગુજરાતીઓએ મણિશંકર ભટ્ટને માટે મત આપવાનો છે. હું તે વખતે મણિશંકર ભટ્ટને ઓળખતો નહિ પણ ગુજરાતીના સમર્થનનો પ્રયત્ન હોવાથી હું તેમાં સામીલ થયો... કૉલેજના અભ્યાસનો વખત પૂરો થયા પછી ડીબેટિંગ સોસાયટી મળી અને મણિશંકર બહુ મતે ચુંટાયા...મણિશંકરે સભા આગળ આવી ઉપકાર માન્યો અને કહ્યું કે ચૂંટણીને હું લાયક નીવડીશ એવી આશા રાખું છું...

આ પછી કૉલેજના ગુજરાતી વિદ્યાર્થીઓમાં મણિશંકર તેમના કલ્પના-પ્રભાવ અને વિચારશક્તિથી વધારે ને વધારે આદર પામતા ગયા.

સને ૧૮૮૭માં મેં કૉલેજની "ગુજરાતી એલ્ફિન્સ્ટન સભા" આગળ "કવિતાની ઉત્પત્તિ અને સ્વરૂપ" એ વિષય ઉપર ભાષણ કર્યું તે પછી લૉ કલાસમાંથી પાછા આવતાં ચર્ચગેટ સ્ટેશન ઉપર ટ્રેનની વાટ જોતો હું ઊભો હતો ત્યાં મણિશંકર મારા હાથમાં એક ચીઠી મૂકી ગયા. ચીઠી ઉઘાડતાં તેમાં આ ગીતિ લખેલી માલમ પડી.

"સાંપ્રત રસમય ઋતુની કદર અરે! જાણતા નથી કોઈ
એ મુજ ખેદ શમે છે જલદરસિક નીલકંઠને જોઈ."

[—આમાં ક્યાંઈ ફલપતશૈલી દેખાય છે? આટલી વહેલી તેમણે એ છોડી દીધેલી.—]

"મારા ભાષણને ઉદ્દેશીને આ વચન લખેલાં હતાં અને એ ઉદ્દેશ લક્ષમાં રાખી અને મણિશંકરનો શ્લેષ ચાલુ રાખી મેં એક ચીઠી પર ઉત્તર લખ્યો કે :

"રે! મણિને કદર શું કર્યું નીલકંઠે?
પાડયાં જ આંસુ ખુશિમાં કરિ નાદ ઊંચે!
એ મેઘના જલથકી મણિ થાય સીપે,
જેથી જણાય ગુરુ મેઘનિ શક્તિ સર્વે."

મણિશંકરનાં કેટલાંક કાવ્ય મેં વાંચેલાં તે સંબંધે આ શ્લોકની છેલ્લી બે લીટીઓ લખી હતી. મણિશંકરની જ રીતે આ ઉત્તર મેં તેમને પહોંચાડયો. તેના પ્રત્યુત્તરમાં તેમણે સંસ્કૃત શ્લોક લખ્યો તેમાંના આટલા જ શબ્દ મને યાદ છે. "आत्मानं यदि अवमानयिष्ये सखे"[૧]

આ મૈત્રી આગળ વધતી જાય છે. 'મારી કીર્તી' એ કાવ્ય સૌથી પ્રથમ બુદ્ધિપ્રકાશમાં પ્રગટ થવા મોકલ્યું રા. બ. રમણભાઇએ. અને તે પછી 'અતિજ્ઞાન' ગુજરાત દર્પણમાં. 'વસંતવિજય' તો તેમણે પોતાની લાંબી ટીકા સાથે પ્રસિદ્ધ કરાવેલું.[૧] તે પછી પણ બન્ને મિત્રો વચ્ચે આપણી સામાજિક સ્થિતિની, કાવ્યની, ધર્મની રસમય ચર્ચા પત્રોદ્વારા ચાલેલી છે. આ પત્રોમાંથી કેટલાક ઉતારા કાન્તમાલામાં[૨] આપેલા છે જેથી મણિભાઇના કેટલાક વિચાર અને આશયો ઉપર ઘણો પ્રકાશ પડે છે.

કૉલેજ જીવનમાં થયેલી બીજી મૈત્રી પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોરની. પિછાન તો જૂની હતી પણ મૈત્રી ૧૮૮૭ની આખરે જામી, તે સાલની ફર્સ્ટ બી. એ. ની પરીક્ષા આપીને પ્રો. ઠાકોર બહાર નીકળ્યા અને અનાયાસે મણિભાઈને મળ્યા. બન્ને લાંબે સુધી ફરવા ગયા અને માર્ગમાં પાલ્ગ્રેવની ગોલ્ડન

૧. યુગધર્મ પુ. ૨, પૃ. ૪૨૨.

૨. પૃ. ૨૮૮ થી ૨૯૭.

ટ્રેઝરી, ચોથા ભાગની કવિતાઓ, કવિઓ, વિશે ખૂબ ચર્ચા કરી ત્યાં મૈત્રીનું બીજ રોપાયું.[૧]

બન્નેના સ્વભાવમાં મૂલગત ભેદ હરકોઈ જોઈ શકે તેમ છે પણ એ ભેદ બન્ને મિત્રોના સ્વતંત્ર વ્યક્તિવિકાસને લેશ પણ હાનિકારક નીવડવાને બદલે બન્નેને ઉપકારક નીવડ્યો જણાય છે. આ મૈત્રી ઉત્તરોત્તર વધતી ગઈ, વધારે વિસ્તારી અને મર્મસ્પર્શી બની. રજાઓમાં એકબીજાને ત્યાં રજા ગાળવા જાય, સાથે મુસાફરી કરે, અને જુદા હોય તે દરમિયાન પણ કાગળો, ચર્ચા, અને એક બીજાની કૃતિઓનો તેમ વાચન વિચાર મુશ્કેલીઓ વગેરેનો વિનિમય ચાલ્યા કરે. પાછા મળે ત્યારે એકબીજાની બાનગીમાં બાનગી નોંધો પણ જુએ. પ્રો. બલવંતરાય આ રીતે મણિભાઈની ઘણી બરી સાહિત્યપ્રવૃત્તિના સાક્ષી માત્ર નહિ પણ ઘણીમાં ટીકાકાર, સૂચનાકાર. કદરકાર, ઉત્તેજન આપનાર અને કેટલીકમાં તો પોતે જ કૃતિઓના વિષય કે નિમિત્ત પણ બરા.[૧]

મણિભાઈનું 'ચક્રવાક મિથુન' પ્રો. ઠાકોરે ટીકા સાથે ૧૮૯૦-માં બુદ્ધિપ્રકાશમાં પ્રગટ કર્યું. આ કાવ્યમાં સૌથી પ્રથમ મણિ-ભાઈએ ક્રાન્ત તખલ્લુસ ધારણ કર્યું જે તેમણે પછીથી ઠેઠ સુધી રાખેલું છે. 'ઉપહાર' કાવ્ય તો પ્રો. ઠાકોરને જ ઉદ્દેશીને લખેલું અને પૂર્વાલાપ પ્રગટ થયો ત્યારે પણ એ કાવ્યથી પ્રો. ઠાકોરને અર્પણ થયો છે. એ 'ઉપહાર' અંગ્રેજી સોનેટ નામની પદ્યરચનાને અનુસરે છે. આ પદ્યરચનાનો સૌથી પ્રથમ પ્રયત્ન પ્રો. ઠાકોરે કરેલો–૧૮૮૮ માં 'ભણકારા' માં અને ૧૮૮૯ માં

૧ આ પરિચ્છેદની હકીકત માટે જુઓ યુગધર્મ ૪, ૨૭૪ ઉપરનો લેખ.

'અદૃષ્ટિદર્શન' માં.[૧] એ રચનાના વિશેષ પ્રયોગો મણિભાઈએ મિસિઝ બ્રાઉનિંગના સોનેટોના અનુવાદમાં કરેલા છે. અને 'અગતિગમન' પણ મૂળ સોનેટમાં લખાયું હતું. પણ આ રચના પછીથી લૂલી લાગવાથી આ બધાં કાવ્યો હાલ છે તે રૂપમાં મૂકયાં. અખંડ કે સળંગ કે અભંગ પૃથ્વીનો ઉપયોગ પણ મણિભાઈએ પ્રો. બલવંતરાયના પ્રયોગો ઉપરથી કરેલો. 'અગતિગમન' પ્રો. ઠાકોરના 'અદૃષ્ટિદર્શન' ઉપરથી સૂચિત થયું છે. 'પ્રણયમાં કાલક્ષેપ' ની પણ મૂળ સૂચના પ્રો. ઠાકોરે 'ઉપહાર'ના પ્રત્યુત્તર[૨] આપેલો તેમાંથી મળેલી. 'પડેલા સ્નહીનો પ્રત્યુત્તર' અને 'અશ્રુને આવાહન' એ બે કાવ્યોમાં પંક્તિઓ કે પંક્તિખંડો પ્રો. ઠાકોરનાં કાવ્યોમાંથી લીધેલા છે. (જુઓ પૂર્વાલાપ ટિપ્પણ) આ છેલ્લા કાવ્યની ઉત્પત્તિ વિશે પ્રો. ઠાકોર

---

૧ આ લેખમાં આ અને આવી બીજી પ્રો. ઠાકોર વિશેની, અને તેમના મણિભાઈ સાથેના સંબંધ વિશેની જે જે હકીકત મૂકેલી છે તેનો મુખ્ય આધાર "મણિભાઈની કવિતા વિશે અંગત માહિતી" (યુગધર્મ પૃ. ૪, પૃ. ૨૭૪)નો પ્રો. ઠાકોરનો લેખ, અને તે ઉપરાંત પ્રો. ઠાકોરના ખાનગી પત્રો એ છે. કોઇ હકીકત તેમની સાથેની વાતચીતમાંથી પણ મળેલી છે.

૨ પ્રત્યુત્તર કાવ્યરૂપે જ હતો તેનો પહેલો ખંડ નીચે પ્રમાણે હતો:–

"ગમે તો સ્વીકારે ગત સમય કેરાં સ્મરણમાં"
અરે આવાં વાક્યો, પ્રિયતમ સખે યાચું વદ મા.
તમે સંભારો છો સમય ભુલું તે હું ય ન કદી,
ભુલ્યો લાગું, એ તો દિવસ અવળાની જ અવધી!
નહીં ઉદ્‌ગારો એ કંઈ તમ કરેલા જ થયલા,
સ્વયંભૂ પ્રીતિનાં અમર ઝરણાંના સુર ભલા!

× × ×

એક ખાનગી પત્રમાં લખે છેઃ— Date?

કુસુમમાલામાં ફૂલ ઉપર પદ્ય છે તે ઉપરથી મેં આંસુ વિશે લખવા માંડયું જે અત્યંત દુષ્ટ થવાથી મ્હને ચ્હીડ માય નહીં; મણિભાઇ મ્હારી ચ્હીડથી ખડખડ હસે તેમ તેમ હું વધારે ચ્હીડાઉં.....બીજી સવારે એમણે આ લખીને મ્હને વંચાવ્યું. હું પણ મ્હારો કક્કો એમ છોડું ખરો? મ્હેં કહ્યું-But this is not a પદ્ય! This is quite irrelevant. (આ કાંઇ પદ્ય નથી. આ તો જીહું જ થયું) આમાં આવતી 'નથી પાસે કોઈ...' એ મ્હારી બે પંક્તિઓ મણિભાઇને બહુ ગમી ગયેલી અને વારે વારે બોલ્યા કરે. પછી એમને અને મ્હને ચ્હીડવવા જ્યાશંકર વાઘજી વ્યાસ અને ઠાકરશી મૂળજી એ બે પંક્તિઓ જ્યારે ને ત્યારે ખૂબ બગાડીને રાગડા તાણવામાં જ બડી લ્હેર માણતા.

'રાજહંસને સંબોધન' અને 'રતિને પ્રાર્થના' એ કાવ્યો પણ પ્રો. ઠાકોરને ઉદ્દેશીને જ લખાયાં છે.

આ રીતે આ સાહિત્યમિત્રોમાં પ્રો. ઠાકોરની અસર અવતરણોથી બતાવી તો મણિભાઈની અસર પ્રો. ઠાકોરનાં કાવ્યો ઉપર કશી ખરી કે નહિ? પ્રો. ઠાકોરે 'અંજની ગીત' અને 'અભ્યસ્ત શિખરિણી' વાપર્યાં છે તે સિવાય અવતરણોથી બતાવાય તેવી

આ છેલ્લી પંક્તિઓ સાથે સરખાવો

જથી તારૂં એ કૈં, સકળ રચના છે કુદરતી.
નિસર્ગે બંધાતી, ત્રુટિત પણ મેળે થઇ જતી;

પૂર્વાલાપ પૃ. ૫૪

આ પ્રત્યુત્તરની બે પંક્તિઓ

-ભલેને અત્યારે અખિલ નભ ફેલાય વચમાં,
શશીની શું તેથી ઉદયપલ રાત્રી વિસરશે-

મણિશંકરને અત્યંત પ્રિય હતી.

આખા માટે જુઓ ભણકાર બીજી ધારા પૃ. ૬૩.

અસર નથી કેમકે કાન્તમાંથી કાંઈ ન લેવા તેમણે સાવચેતી રાખી છે. આનાં કારણો બે—વિનમ્રતા અને ટેક:

"હું મણિભાઇની કૃતિઓને, એમની પંક્તિઓને, એમની શૈલીને, એમના કવિતાપ્રવાહના લયને એમની કરામતની ઝીણામાં ઝીણી વિગતને .....એટલી તો સુંદર ઊંચી અને નમુનેદાર ગણતો કે મને એમ જ વસતું જે મારી પોતાની ખડબચડ રચનાના સ્પર્શથી તો એ અભડાય-એમાંનું કંઇએ મ્હારામાં લઉં તો તુરત એ અવતરણની આસપાસનું મ્હારૂં લખાણ છેક કાળું પડી જાય! મ્હારા લખાણમાં મણિભાઇનો અંશ પણ નથી, તેનું એક કારણ આ હતું તો બીજું કારણ એથી છેક જ ઊલટી જાતનું હતું. મણિભાઈ તો આત્મીય, તથાપિ એમની પણ કંઇયે સુંદરતા ઊછીની લઇને હું આગળ ચાલું તો તેમાં મારૂં શું વળે?.....એ કરતાં તો ન લખવું બહેતર" [૧]

આ સિવાય પણ એક કારણ છે. પ્રો. ઠાકોરના વિચારો કાવ્યશૈલી વગેરે માત્ર કાન્તથી જ નહિ પણ અત્યાર સુધીના સર્વ સાહિત્યકારોથી કંઇક જુદાં છે. એ લેવા ધારે તોપણ પોતાની સામગ્રી સાથે મેળ ખાય એવું ઘણું ઓછું લઈ શકે. પણ એક બાબત પ્રો. ઠાકોર પોતે વાતચીતમાં અને પત્રમાં વારંવાર કહે છે: તે એ કે કલ્પના સિવાય કાવ્યના બીજા કોઈ પણ સંસ્કારો તેમનામાં સહજ નહોતા. તે સર્વ સંસ્કારો મણિભાઇની મૈત્રીથી મળ્યા જેને પરિણામે પોતે કાવ્યમાર્ગમાં કંઈ પણ પ્રવૃત્તિ કરવા પ્રેરાયા.

આ સાહિત્યમિત્રોનો સંબંધ આપણે આગળ જોઇશું તેમ મણિભાઈ ક્રિશ્ચન ધર્મ સ્વીકારે છે તે પછીના મર્મવેધી મંથનમાં તૂટે છે, લુપ્ત થાય છે. એ ફરી નહિ જ સંધાય એમ લાગે છે. પ્રો. ઠાકોરના 'આરોહણ'ના

ત્રયી શર્મો જશે અભંગુર શું ક્ષીરસિન્ધુ વિશે?

---

૧. યુગધર્મ ૪, ૨૭૮.

એ અને 'સાથી ઓ મ્હારા' તથા 'વધો ખેડો ને સફર, મરદાની નાવો !' એ ઉદ્‌ગારો આ સ્થિતિને ઉદ્દેશીને થયા છે. પણ જ્ઞાનના પરોઢની મૈત્રી મંથનનો તાપ મોળો પડતાં જીવનસંધ્યામાં પરસ્પરને આશ્વાસન દેતી ફરી દેખા દે છે. મણિભાઈ પ્રો. ઠાકોરને પૂર્વાલાપનો 'ઉપહાર' કરે છે અને પ્રો. ઠાકોર તે જ રીતે 'ઉગતી જુવાની' નાટક મણિભાઈને અર્પણ કરે છે અને મણિભાઈના કરુણ અવસાન બાદ તેમની પાછળ કાન્તમાલાનું સ્મારક કરે છે. 'ઉ અ. સૌ. નર્મદા ભટ્ટ' અને 'કોકિલ વિલાપ' એ પ્રો. ઠાકોરે કરેલો એ મિત્રદંપતીને કાવ્યાર્ઘ્ય છે. એમના જેવી, સાહિત્યના સર્જન અને ઉપભોગની, સાત્ત્વિક અહમહમિકા-રહિત મૈત્રી આપણા સાહિત્યના ઇતિહાસમાં વિરલ મળશે.

૧૮૮૮ માં, ફિલસૂફીના ઐચ્છિક વિષય સાથે મણિભાઈ પાસ થયા. ૧૮૮૯ માં થોડો સમય સુરત હાઇસ્કૂલમાં કામચલાઉ શિક્ષક તરીકે કામ કર્યું. 'વસન્તવિજય' કાવ્ય અહીં લખેલું. ૧૮૯૦માં, સ્વ. પ્રોફેસર ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરના અધ્યક્ષપણા નીચે વડોદરા રાજ્યે સ્થાપેલા કલાભવનમાં મણિભાઈ વાઇસ પ્રિન્સિપાલ નીમાયા અને તેના અંગની ટ્રેનિંગ સ્કૂલના મુખ્ય અધ્યાપક થયા. પ્રો. ગજ્જર જો કે ખાસ કરીને રસાયન-શાસ્ત્રના પ્રોફેસર હતા છતાં તે પોતાના જમાનાના એક ઘણા જ આગળ પડતા વિચારક હતા અને સમકાલીન અગ્રેસર સાહિત્ય-કારોની મૈત્રીના મધ્યબિન્દુ રૂપ હતા. ગુજરાતે એ મહાન વ્યક્તિને ઓળખીને પૂરતું માન આપ્યું નથી. તેમની સાથે મણિભાઈને અહીં પરિચય શરૂ થયો અને તે અંત સુધી જેવો ને તેવો રહ્યો.

વડોદરામાં ૧૮૯૮ સુધી મણિભાઈ રહ્યા. તેમનો રા. બ. રમણભાઈ તથા પ્રો. ઠાકોર સાથેનો અંગત પરિચય પણ આ

દરમિયાન વધ્યા કર્યો છે. મણિભાઈની સાહિત્યપ્રવૃત્તિ પણ એવી જ વેગવન્ત રહેલી છે. 'પ્રજાઓના ઈતિહાસ' એ માલામાંની 'ઇજિપ્ત' એ ચોપડીનો અનુવાદ પ્રગટ કર્યો, ૧૮૯૩. બે વરસ પછી મણિભાઈનો મહાન ગ્રન્થ 'શિક્ષણનો ઈતિહાસ' 'સયાજી જ્ઞાનમંજૂષા' ની માલામાં પ્રગટ થયો. આનાથી તથા શિક્ષણકાર્યથી તેમને ગુજરાતી સાહિત્યમાં એક વિદ્વાન તરીકે ઉત્તમ પ્રતિષ્ઠા મળી. ૧૮૯૬માં પ્રો. ઠાકોર વડોદરામાં પ્રોફેસર તરીકે થોડા માસ રહ્યા હતા. તે સમયની મણિભાઈની કાવ્યપ્રવૃત્તિ વિશે તેઓ આનગી પત્રમાં લખે છેઃ—

કામાઠી બાગમાં રહવારે, સાંઝે, બપોરે, મધરાતે-ઘૂન આવવી જોઇએ કે બસ ડંડો લેતાકને ચાલ્યા જાય, અને પાછા ફરતાં જ જે કાંઇ રચાયું હોય તે કાગળ ઉપર ઉતારી લે.

૧૮૯૮ માં તેમને વડોદરા છોડવું પડયું. પ્રો. ગજ્જર નીકળી ગયા તે પછી કલાભવનનું સ્વરૂપ બદલાયું. મણિભાઈને ઇન્સ્પેક્ટરના ગ્રેડમાં મૂકતા હતા; તે ગ્રેડ હલકો હોવાથી તેમણે વડોદરાની નોકરી છોડી અને ભાવનગર સ્ટેટમાં કેળવણી ખાતામાં નોકરી લીધી, ૧૮૯૮ નવેમ્બર.

તેમના વડોદરાના જીવન વિશે શ્રી લાભશંકર ભટ્ટ લખે છેઃ "એ જીવનની ઘણી વાતો મુ. ભાભી પાસેથી તેમ જ બીજાઓ પાસેથી જાણી છે ત્યારે મને લાગ્યું છે કે મણિભાઈએ જો જીવનમાં સુખ ભોગવ્યું હોય તો તે વડોદરાના જ જીવનમાં. બુદ્ધિવિષયક આનંદને પણ તેમણે ત્યાં જ ભોગવ્યો. ભાવનગર આવ્યા પછીથી એમનાથી નથી એ શિક્ષણશાસ્ત્રની આલોચના થઈ શકી કે નથી એ બુદ્ધિવિષયક આનંદો ભોગવાયા."[૧]

૧. કાન્તામાલા પૃ. ૩૦૨.

આ માનસિક ફેરફાર થવાનાં અનેક કારણો છે. તેમાં મણિભાઈની ધાર્મિક માન્યતામાં થયેલા ફેરફારો અને તેથી નિકટમાં નિકટનાં સ્વજનોમાં થયેલો ક્ષોભ એ મુખ્ય છે.

મણિભાઈનું જીવન સમજવાને એ સમજવું જોઈએ કે તેમનું હૃદય વેગીલું, આવેશમય, કોમલ, વિશાળ, સમસ્ત જનતા સાથે સમભાવ રાખનારું, ગંભીર, દુનિયાના ઉપર ઉપર દેખાતા ચળકાટથી મોહ ન પામતાં ઊંડાં ઊતરી તલસ્પર્શ કરનારું અને તેથી સત્યાન્વેષણમાં મચી રહેલું હતું. આવા હૃદયને જગતનો અન્યાય, અવ્યવસ્થા, જગતની યોજનાની વિષમતા અસહ્ય લાગે એ સ્વાભાવિક છે. આવાં હૃદયો ખોજનો સતત અંતસ્તાપ તપ્યા કરે છે. સાધારણ માણસને તો આ તાપનો અનુભવ જ હોતો નથી, અને હોય તો તે સહી પણ ન શકે. પણ મણિભાઈને આ સર્વ તાપમાં એક ઊંડું સાંત્વન હતું—તેમનાં પત્નીનો પ્રેમ અને પ્રભાવ. 'મણિભાઈનું પહેલું લગ્ન નહાની ઉંમરે થયું હતું અને સાથે સાથે મોટાં થતાં પતિ-પત્નીમાં કેટલીકવાર અવર્ણનીય સુંદર મેળ જામે છે તેમ મણિશંકર નર્મદાના જોડાને બન્યું હતું. નર્મદા સુંદર, હસમુખી, લહેરી, ઘરકામમાં કુશળ, ચકોર, તેજસ્વી, સાહસિક, હઠીલી માનિની હતી. ઢીંગલા ઢીંગલી ગંઠાય એવી રીતના લગ્નમાંથી આવી લાયક પ્રતાપી સહચરી મળી ગઈ એ મણિભાઇનું મોટું સદ્‌ભાગ્ય હતું."[૧] તેમણે મણિભાઈના જીવન ઉપર વિરલ અધિકાર અને તેથી તેમનાં કાવ્યોમાં ઉચ્ચ સ્થાન મેળવ્યું હતું. 'કલ્પના અને કસ્તૂરીમૃગ'માં

મુજ નયનનીં સાથે યોગ્ય જોડું રચાય,
ખબર નહિ પડે ને ફીકીઓથી નચાય!

૧. યુગધર્મ ૪, ૨૭૯

હૈયાના હોજમાંથી આ શું પાણી છલકાય છે ?
પ્રેમ છે એ નહીં બીજું, પ્રતીતિ એમ થાય છે.

—વગેરે વર્ણન છે તે નર્મદાનું જ અપ્સરા રૂપે વર્ણન છે. સુંદર પાસા પડેલા હીરા જેવું 'ઉદ્‌ગાર' કાવ્ય પણ આ નર્મદાને માટે લખાયેલું અને ૩'રતિને પ્રાર્થના'માં રતિનું કરેલું વર્ણન—

મૃદુ મદ ભર્યાં ગાત્રો તારાં તજી ન શકું કદા,
વિરલ કચથી આચ્છાદીને પ્રસન્ન રહું સદા;
નયન નમણાં, ગ્રીવા ઘોળી, લલાટ સુહામણું,
અવિરત ફરી ચુંબી ચુંબી કૃતાર્થ નહીં ગણું.

પણ એમનું જ છે.

પણ આવાં પત્ની હોવાનું મણિભાઈનું જેમ સદ્‌ભાગ્ય મોટું તેમ વડોદરે નોકરી થઈ તે પછી થોડા વખતમાં જ (૧૮૯૧માં) એ ગુજરી ગયાં એ એમનું દુર્ભાગ્ય પણ એવડું જ મોટું. જીવનભર એ 'અન્તર્ગૂઢ ધનવ્યથા' શમવા પામી નથી.

આ દર્દમાંથી ઘણાં કાવ્યો ઉદ્‌ભવ્યાં છે. 'પ્રમાદી નાવિક'માં કવિ પ્રિયાની પાછળ દરિયામાં પડી આપઘાત કરે છે, તેવી આપઘાત કરવાની અને સંન્યાસી થવાની વૃત્તિ તેમને વારંવાર થઈ આવતી. આ તીવ્ર ઉદ્‌વેગ 'વિધુર કુરંગ'માં પણ પ્રતીત થાય છે.

કદી સ્મરણ આવતાં રુધિરનીર નેત્રે ઝરે,
દયા સ્વજનને થતાં વદન પાસ પાણી ધરે;
નહીં સ્વજન તે: સખી ! સ્વજન એકલી તું હતી,
સહસ્રશત શલ્યમાં હૃદયની પથારી થતી.

૬ 'વિપ્રયોગ'માં કહ્યું છે

અંત સુધી મ્હારે રોવાની
દારા એની એ.
(ટિપ્પણ પૃ. ૨૦૯ જુઓ)

તેમ અંત સુધી આ નર્મદા માટેના કાવ્યમાં રુદન હતું અને રુદનમાં કાવ્ય હતું. 'ગાન વિમાન' પણ એમને જ ઉદ્દેશીને લખાયેલું. એ 'ગાન વિમાન'નો કલહંસ તે આ પ્રથમ નર્મદાનો પુત્ર ચિ. પ્રાણુલાલ જે થોડાં વરસ રહી ૧૮૯૯માં મૃત્યુ પામ્યો. 'વિધુર કુરંગ' માં એનો જ શાવરૂપે ઉલ્લેખ છે.

આવી સ્થિતિમાં, પ્રો. બળવંતરાય ઠાકોર માત્ર તેમના સાહિત્ય-મિત્ર નહોતા. ઉપર અવતરણ કરેલી 'વિધુર કુરંગ' ની પંક્તિ-ઓના સ્વજન પણ હતા. 'પરંતુ' પ્રો. ઠાકોર કહે છે—

પરંતુ ખરાં સ્વજન તો મારી બા નીવડ્યાં. મણિભાઇએ રાજકોટ આવીને એક બે દિવસમાં આ કવિતા લખી. મ્હારાં બા જેટલી વાર એ વાંચે તેટલી વાર એમને રોવું આવે. મણિશંકર પણ રોજ એક બે વાર નર્મદાને સંભારીને રુવે. પછી એ જવા તૈયાર થયા ત્યારે મ્હારાં બાએ સમ દીધા. "જવું હોય તો અહીંથી સીધા એક ઠેકાણે જાઓ, બીજે કશે જાઓ તો મ્હારા સમ." થોડી હકીકત મ્હારાથી જાણે, એટલે એમણે મણિશંકરને પ્રથમ વચનથી બાંધી લીધા અને પછી તે ઠેકાણું એમને જણાવ્યું,—"જામ-નગર, શંકરલાલ માસ્તરને ત્યાં." મણિશંકર પણ એ જ ઝમાનાના માણસ, તે જમનાબાને વડીલ ગણીને એમનો બોલ પાળ્યો, અને બન્યું પણ એમ કે મણિશંકર નવો સંબંધ લગભગ બાંધીને જ પાછા ફર્યા.[1]

૧૮૯૨માં તેમનું બીજું લગ્ન થયું. તેમનાં બીજાં પત્નીનું નામ પણ નર્મદા હતું; તેમને ન્હાની પણ કહેતાં. 'મુગ્ધાને સંબોધન' આ 'ન્હાની' નામથી થયું છે. 'પ્રિયાને પ્રાર્થના' પણ તેમને ઉદ્દેશીને જ લખાયું છે. આ રીતે મણિભાઇનું સ્નેહાળ

૧. યુગધર્મ ૪, ૨૭૯.

અંતઃકરણ સરલતાથી નવી દિશાએ વળ્યું પણ જૂનો સ્નેહ ભૂલાય એવો છીછરો નહોતો, અને એ જખમ આખી જિંદગી કદી રૂઝાયો નથી. એ નર્મદાના મૃત્યુ પછી વીસ એકવીસ વરસે જૂની કવિતાઓ તપાસતાં 'નયન નમણાં, ગ્રીવા ઘોળી, લલાટ સુહામણું' એ પંક્તિઓ વાંચતાં "તેમની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને અમે જોઓ તેમની પાસે બેઠા હતા અને નર્મદાને કદી નહિ જોયેલાં, તેમને મોઢે તેમના સૌંદર્યનું અને તેમના સદ્‌ગુણોનું વર્ણન કરવા લાગ્યા; જાણે હજી તેમનો વિયોગ ગઈ કાલે જ થયો હોય!"[૧]

મણિભાઈના બચપણના ધર્મસંસ્કારો એક સંસ્કારી ઉચ્ચ બ્રાહ્મણજ્ઞાતિના કુટુંબના હતા. તેમ છતાં સ્વતંત્ર નિર્ણય કરવાની વયે આપણે પ્રથમ તેમને નાસ્તિક નહિ તો અજ્ઞેયવાદી જોઇએ છીએ. તેમનાં કાવ્યો અને પત્રો આ હકીકત સ્પષ્ટ દર્શાવે છે. શ્રીયુત નરસિંહરાવે મણિભાઈ વિશેના સ્મરણોદ્‌ગારમાં કંઈક આવી હકીકત નોંધી છે.[૨] આ અનાસ્થા જડ ઔદાસીન્યની નહોતી પણ સતત ખોજ કરનારની અતૃપ્તિની હતી. ફ્રિસ્સૂફીના અભ્યાસથી તેમની ખોજમાં ઊંડાણ, ચિંતન અને તર્કશીલતા આવ્યાં હશે. તેમની ધર્મજિજ્ઞાસા પહેલેથી જ તીવ્ર હતી પણ તેમની લાગણીવાળા સૌન્દર્યપરીક્ષક અને તલસ્પર્શી અંતઃકરણને કોઈ પણ ધર્મસંપ્રદાય ચાલુ સ્વરૂપમાં ગ્રાહ્ય ન લાગ્યો. પ્રથમ પત્ની નર્મદાના અવસાનના મર્મવેધી શોકથી એક તરફથી મનોબળ ક્ષીણ થતું ગયું અને બીજી તરફથી ધાર્મિક સાંત્વન મેળવવાની જિજ્ઞાસા વિહ્વલ થતી ગઈ. વળી શિક્ષણના

૧. કાન્તમાલા પૃ. ૩૦૦.

૨. સ્મરણમુકુર પૃ. ૧૫૩.

ઇતિહાસ જેવો મહાન ગ્રન્થ લખવાનો થાક પણ લાગેલો.[૧] અધૂરામાં પૂરું વડોદરાની નોકરીની ચિંતા ઉત્પન્ન થઈ. 'વડોદરા છોડવું પડશે એમ લાગે. એલ. એલ. બી. થઈને વકીલ તરીકે નવો આરંભ કરીશ એમ કહેતા તથાપિ હૃદયના ઊંડાણોમાં એમ પાર ઉતરવા વિશે પૂરેપૂરી અશ્રદ્ધા લાગે અને બીજું શું કરવું તે ન સૂઝે એવી દશા અને ગ્લાનિ તેમને ૧૮૯૩ થી થયા કરતી." આ ગ્લાનિ 'વત્સલનાં નયનો'માં પ્રગટ થઈ છે.[૨]

મણિભાઇને ઘણા લાંબા વખતથી બાઇબલનું વાંચન અને સેવન હતું. ૧૮૯૭ના અરસામાં સ્વીડનબૉર્ગના સંપ્રદાયનાં પુસ્તકો તેમના વાંચવામાં આવ્યાં અને એકદમ તેમનું સમસ્ત મન તે તરફ ઘણા વેગથી ધસ્યું. તેમનામાં સત્યાન્વેષક વૃત્તિ હતી પણ એ વૃત્તિને માટે જે વિવેક અને અંકુશ જોઇએ તે તાત્કાલિક રુચિના વેગમાં ઘણીવાર ધસડાઇ જતાં એવો તેમનો સ્વભાવ હતો. લાંબા અભ્યાસથી જેમનું સાંભળવાની તેમને ટેવ હતી તે નર્મદાને વિધિએ ખસેડી લીધાં હતાં. પ્રો. ઠાકોર અજમેર હતા અને તેમની હાજરી જે કંઈ અસર કરી શકે તે અલભ્ય હતી. બીજાં કોઈ સ્વજનોનું, જ્ઞાતિજનોનું, મિત્રોનું, હિતસ્વીઓનું, મણિભાઈ એ માન્યું નહિ તે નહિ જ. એ નહિ માનવામાં પણ આપણે તેમના મનની સત્યપ્રિયતા, ઉદાત્તતા, નિર્ભયતા જોઈ

૧. તે સમયના એક પત્રમાં લખે છે: "મારો ઇતિહાસ પૂરો થયો છે' પણ એણે મને ભોંય ભેગો કરી દીધો છે. કવિતા હું મુદ્દલ વાંચતો નથી. વાંચી શકતો જ નથી. માત્ર કેળવણીવિષયક થોથાં વાંચી શકું છું." પ્રો. ઠાકોર ઠીક કહે છે કે આ પ્રસંગે એમને છ માસની ફર્લો મળી હોત તો કદાચ એમના જીવનનો આખો એ ઇતિહાસ બદલાઇ જાત. કાન્તમાલા પૃ. ૩૩૨-૩૩૩.

૨. યુગધર્મ ૪, ૨૭૬.

શકીએ છીએ. પોતાને 'પરમ સત્ય મળ્યું છે,' 'સ્વીડનબોર્ગ કહે છે કે જીસસ ક્રાઇસ્ટ વગર સ્વર્ગનો બીજો કોઈ ઈશ્વર નથી,' એવી એમની દૃઢ પ્રતીતિ હતી. "હું કાંઇ અભિમાનથી આમ કહેતો નથી પણ મને જે મળ્યું છે તે જણાવું છું. એટલે બેધડક કહું છું કે મારે જે વાતો કહેવાની છે તે ઈશ્વરી છે. દેશના લોકો જો સાંભળશે તો તેમનું કલ્યાણ થશે." તેઓ જાણતા હતા કે આ તેમના કાર્યથી તેમને ઘણું સહન કરવું પડશે પણ તે તેઓ સત્યની ખાતર સહન કરવા તૈયાર હતા. અને સહન કરવામાં પણ "જ્ઞાતિનાં મનુષ્યો મને મૂર્ખ, દુષ્ટ, દીવાનો વગેરે ઉપનામો આપશે એ હું જાણું છું. તે પણ હું સહન કરીશ; પણ જેથી મને અતિશય ખેદ થાય છે તે તો એ છે કે મારા બધા સ્નેહીઓ અને મિત્રો પણ મારો ત્યાગ કરશે."[૧] મહાનુભાવ અંતઃકરણોનાં દુઃખો પણ અસાધારણ હોય છે. ચારુદત્તને અનેક વિપત્તિમાં દુઃખ એ જ લાગતું હતું,

यत् सौहृदादपि जनाः शिथिलीभवन्ति ।[૨]

મનનો આ વેગ કોઈથી અટકાવાયો નહિ. ૭-૪-૯૮ના પત્રમાં લખે છે કે "મેં ખ્રીસ્તી ધર્મ સ્વીકાર્યો છે."[૩] ૧૭-૬-૯૮ના પત્રમાં લખે છે કે "મેં બ્રાહ્મણનું ચિહ્ન ઉપનયન દૂર કીધું છે. અને થોડા વખત પછી હું જાહેર રીતે ક્રિશ્ચિયન મંડળમાં પ્રવેશ કરીશ."[૪] ૨-૩-૧૯૦૦ના પત્રમાં લખે છે કે "સૌ. નર્મદા મને "પવિત્ર ભોજન" ન લેવાને આગ્રહ કરે છે." ૨૬-૩-૧૯૦૦માં લખે છે કે "મેં ગઈ કાલે "સ્વામીના ભોજન"

૧. કાન્તમાલા પૃ. ૩૦૪, ૩૦૫.
૨. કે જનો મૈત્રીથી પણ શિથિલ થાય છે. મૃચ્છકટી.
૩. કાન્તમાલા પૃ. ૩૪૬. ૪. એજન પૃ. ૩૦૪.

માં ભાગ લીધો છે."[૧]

આ અને આ પછીનાં ઘણાં વરસો મણિભાઇને તીવ્ર ઉદ્વેગ અને મન્થનમાં ગયાં. એક તરફથી સ્વીડનબોર્ગનો શબ્દે શબ્દ ખરો છે માટે તેને અનુકૂળ જ સમસ્ત જીવન ઘડવું એમ થાય. એ એક જ આ સંસારમાં ખરું સત્ય છે અને સ્વર્ગના સ્નેહ-જીવનનો પન્થ છે માટે એ લાભ પોતાના સ્વજનોને પણ મળે એવી તીવ્ર અભિલાષા, તો બીજી તરફથી સ્વજનો તે સ્વીકારતાં નથી તેની નિરાશા, એટલું જ નહિ પણ પોતાના આચરણથી તેમને દુઃખ થાય છે એ દર્દ. જેમના સુખનો માત્ર પોતે જ આધાર છે, જેઓ પોતા પાસેથી સર્વ સુખની અપેક્ષા રાખે છે, તેમના દુઃખનું પોતે નિમિત્ત થાય છે એ પશ્ચાત્તાપ. જ્ઞાતિજનો મિત્રો વગેરેના સ્નેહનું વૈપરીત્ય. તેમના હિતસ્વીઓએ તેમના હિતને માટે જ લીધેલાં પગલાં પણ તે મણિભાઈ ઉપર તો જુલમનાં જ ગણાય એવાં. સૌથી વધારે અસહ્ય તો તેમને પોતાનાં પત્નીથી પોતાના કુટુંબથી અને વહાલાં પુસ્તકોથી પણ વિયોગમાં રહેવું પડ્યું એ. પ્રો. બલવંતરાય સાથેની જીવનમૈત્રી પણ તૂટી. સત્યનો માર્ગ જનતાને બતાવવો એ જ જીવનનો ખરો ઉદ્દેશ લાગે પણ જનતા નથી જ સાંભળવાની એવી ખાત્રી થતી જાય. સમસ્ત જીવનમાં પોતે એકલા, હેતુ વિનાના, સ્નેહ વિનાના, થઈ ગયા લાગે.

' કેટલાક માણસો સ્વભાવથી જ તત્ત્વચિંતનમાં નિરાશાવાદી અને હૃદપાર લાવણીવાળા હોય છે. પ્રેમ કરવો અને અન્યના પ્રેમપાત્ર થવું એ તેમના ઉત્સાહના નિર્વાહ માટે આવશ્યક હોય છે. આસપાસના માણસોનો તેમના પ્રત્યે જોઇએ તેટલો પ્રેમ નથી હોતો એ કારણથી તેમની ખિન્નતા ઉદ્‌ભવે છે.'

૧. કાન્તમાલા પત્રધારા.

મણિભાઈ, એક પત્રમાં[1] લખે છે તેમ, આવા પ્રકારના માણસ હતા. આ ધર્માન્તરના ક્ષોભથી તેમના સર્વ પ્રેમતન્તુઓ વિષમ ખેંચતાણોમાં છિન્ન ભિન્ન થઈ ગયા. આખું જીવન જાણે અંધકારમય ગ્લાનિના ગર્તમાં તેમણે ગાળ્યું. જે જીવનની આશા રાખેલી, તેનો અનુભવ ન થાય; નહિ ધારેલી એવી હૃદયમાં દુર્બલતાઓ જણાય; પહેલાંની અદ્દઢતા દોષોથી વધી છે, હૃદય વિકસિત થવાને બદલે સંકુચિત થયેલું છે એવું આત્મપરીક્ષણ ઊતરે; સ્વામીએ આપેલી સર્વ સામગ્રી લૂંટાઈ ગઈ, યૌવન ગયું નવું યૌવન મળ્યું નહિ, એમ થાય. હૃદય ઉત્સાહશૂન્ય અને શીત થતું લાગે; શક્તિઓના અનુપયોગની, અપ્રવૃત્તિની વેદના, નિરાશા, નિર્વેદ, કર્તવ્યમાં વ્યામોહ, બધાથી જીવન અસહ્ય થઈ પડે. કોઈ વાર વળી આવેશ કે ઉત્સાહનો જુવાળ આવે પણ તે એવો કે તેથી બુદ્ધિને ફેર ચડે, જૂના સંબંધતંતુઓ તણાય, તૂટે, એક પત્રમાં[2] પોતે લખે છે તેમ 'પ્રકૃતિ ઠામ ન' રહે, સ્નેહીઓ પ્રતિ અનુચિત, અઘટિત કહેવાઈ જાય અને પછી એ જુવાળના પ્રત્યાઘાત રૂપે જ ઓટ આવે, તેની નિર્બળતામાં પશ્ચાત્તાપ વધારો કરે. કાન્તમાલામાં છપાયેલા પત્રોમાં હૃદયનો આ ઇતિહાસ પારદર્શક રીતે લખાયો છે.

આ સ્થિતિમાં પહેલાં કરેલા અનેક નિશ્ચયો પણ ફેરવવા પડ્યા. ઉપનયન તોડેલું, બ્રાહ્મિસ્મા લીધેલું પણ પછી લાગ્યું કે કુટુંબજનોના સંબંધ વિના પોતે રહી શકે એમ નથી, જ્ઞાતિબંધન તોડનારાના સમવાયમાં પત્ની અને બાળકોને પરાણે દાખલ કરવાં એ પાપ જેવું છે, બ્રાહ્મિસ્મા લીધું એ ભૂલ છે, તે કરતાં આર્ય-

૧- કાન્તમાલા પૃ. ૨૮૮.

૨. કાન્તમાલા. પૃ. ૩૭૯.

મંડળમાં રહીને જ સત્યનો પ્રવેશ કરાવવો એ વધારે શક્ય અને ડહાપણ ભરેલું છે. પ્રાયશ્ચિત્ત કરી નાતમાં ગયા અને પત્નીની ઇચ્છાને અનુકૂળ થઈ પાછો જ્ઞાતિ સાથે સંબંધ શરૂ કર્યો. ધર્મ-જિજ્ઞાસાથી ઇસ્લામ અને શીખધર્મનો અભ્યાસ કર્યો, અને આર્યસમાજમાં તો ભળ્યા પણ ખરા. પણ આ સઘળા ફેરફારોમાં ખ્રિસ્તીધર્મ ઉપરની તેમની શ્રદ્ધા ચલિત થઈ નહોતી. સ્વીડનબોર્ગે કહેલું કે પ્રાચીન શબ્દ તાર્તરીમાં સચવાઈ રહ્યો છે તે ઉપરથી એ શબ્દ તે જ ઋગ્વેદ એવો તર્ક આવ્યો અને એ તર્ક ખરો સાબિત કરવા અથાગ પ્રયત્ન કર્યો. સ્વીડનબોર્ગના મતપ્રચાર માટે 'હાર્ટ ઑફ ઇન્ડિયા' શરૂ કર્યું. પણ છેવટ કબૂલ કર્યું કે ઋગ્વેદ વિશેનો તર્ક અનુપપન્ન હતો. પ્રો. ઠાકોર કહે છે કે ત્યારથી ખ્રિસ્તીધર્મ માટેની તેમની ઉષ્માની માત્રા ઘટી અથવા તેમનું વાર્ધક્ય શરૂ થયું ગણવું જોઇએ.[૧] એ હશે, પણ અન્ત સુધી તેમની શ્રદ્ધા ખ્રિસ્તીધર્મ ઉપરથી ખસી જણાતી નથી.

આ અરસામાં જ્યારે જૂના સ્નેહીઓનો સંબંધ અસ્તવ્યસ્ત થઈ ગયો ત્યારે પણ તેમનું સ્નેહાળ અંતઃકરણ બીજાં પાત્રો મેળવી શકેલું. તેમાં પ્રથમ રાજવી કવિ કલાપીને ગણવા જોઇએ. ખ્રિસ્તી સંપ્રદાય તરફ મણિશંકરનું ચિત્ત આકર્ષાયું ત્યારથી એટલે ૧૮૯૭થી બન્નેનો સંબંધ શરૂ થયો અને તે કલાપીના મરણ પર્યન્ત પહોંચ્યો. પહેલે જ પરિચયે બન્નેને જાણે ઘણો જૂનો સંબંધ હોય એમ લાગેલું. બન્ને વચ્ચે ધર્મ અને કાવ્ય સંબંધી ચર્ચાના પુષ્કળ પત્રો લખાયા છે. ૧૮૯૭ માં 'અજ્ઞાન સખા પ્રતિ' કલાપીના એક પત્રના ઉત્તરમાં લખાયું છે. પણ કલાપીની ખાસ અસર મણિભાઈના સાહિત્યજીવન ઉપર થઈ લાગતી નથી.

૧. કાન્તમાલા પૃ. ૩૫૧.

બન્નેની ઉંમર અને બન્નેનો સંબંધ જોતાં પણ વિશેષ અસર કાન્તની કલાપી ઉપર થયેલી જણાય છે. કલાપીના મૃત્યુ બાદ મણિભાઈએ 'કલાપીનો કેકારવ' અને 'હમીર કાવ્ય' પ્રકટ કરી મિત્ર તરફનું બન્ધુકૃત્ય કર્યું. કેકારવમાં કરેલું 'કલાપીને સંબોધન' તેમને માટેની મણિભાઇની લાગણીને વ્યક્ત કરે છે.

બીજો આવો સંબંધ કવિ નહાનાલાલ સાથેનો. બન્ને એક બીજાનાં કાવ્યોથી પ્રથમ એક બીજાનું ઓળખાણ કરવા ઉત્સુક થયેલા, પત્રવ્યવહાર પણ શરૂ થયેલો પણ મેળાપ સૌથી પ્રથમ પ્રો. ગજ્જરને ત્યાં મુંબઇમાં થયો. તે પછી બન્નેની વચ્ચે મૈત્રી જોત જોતામાં ગાઢ થઈ ગઈ. બન્ને વચ્ચે થોડાં વરસો અવિચ્છિન્ન પત્રવ્યવહાર ચાલ્યો. કવિ પોતાનાં કાવ્યોની નકલો વખતો વખત મણિભાઈને મોકલતા રહે, મણિભાઈ તે પર ટીકા કરે, કવિ સુધારાવધારા કરે, વળી ચર્ચા થાય એમ ચાલ્યા કરે. કૌટુમ્બિક આપત્તિમાં પણ એક બીજાએ એક બીજાને મદદ કરેલી અને 'મૂહેમાનોને સંબોધન' સૌથી પ્રથમ કવિના કુટુંબને થયું હતું. બન્નેને પછીથી કંઇક ઊંચિક મન થયેલું, પત્રવ્યવહાર બંધ પડેલો, પણ કદી ખાસ વિખવાદ થયો જાણમાં નથી.

૧ આ ઠેઠ સુધી એવો ને એવો સંબંધ રહેલો તે હાલ માસ્તર
૨ તરીકે સુપ્રસિદ્ધ શ્રી કરુણાશંકર અને તેમના મિત્ર શિવાભાઈ સાથે.
૩ આ સંબંધ શરૂ થયેલો વડોદરામાં. બન્ને મણિભાઈના પ્રિય શિષ્યો હતા અને પછીથી એ જ ભાવે રહેલા. શ્રી શિવાભાઈ તો તેમના નવા સંપ્રદાયમાં પણ જોડાયા હતા. આ સંબંધને મણિભાઈના સાહિત્યજીવન સાથે બહુ સંબંધ ન કહી શકાય પણ એટલું કહેવું જોઇએ કે મણિભાઈના પ્રેમભૂખ્યા હૃદયને આ બન્નેનાં શ્રદ્ધા આદર પ્રેમથી અનન્ય સાંત્વન અને આશ્વાસન મળતું.

આ લાંબા અરસામાં સાહિત્ય કાંઇ છેક બંધ પડયું નથી. ખ્રિસ્તી ધર્મની અસર શરૂ થઈ તે ૧૮૯૬-૯૭નાં બે વરસોમાં ટૂંકાં ટૂંકાં ગેય ઊર્મિકાવ્યો અનેક ઉદ્ભવ્યાં છે. પણ પછી અવ્યવસ્થા અને દૃઢ્ના સમયમાં કાવ્યસ્રોત ઓસરી ગયું છે. કાવ્યના 'મસ્ત ધોધવા' ને બદલે 'શાન્ત સદાશિવ નીર' વહેવા માંડે છે. આ સમયનાં ઘણાંખરાં કાવ્યો ઈશ્વરપ્રાર્થનાનાં, પશ્ચાત્તાપનાં, ધર્મથી ઉદય પામતી આશાનાં છે. કેટલાંક અપવાદરૂપ લાલજી ના છે. આમાં તેમનાં પત્ની સૌ. નર્મદા (નહાની) ને ઉદ્દેશેલાં ત્રિશ્લો કાવ્યો મહત્ત્વનાં છે. 'પ્રિયાને પ્રાર્થના' અને 'મુગ્ધાને સંબોધન' એમને ઉદ્દેશેલાં હતાં તે આપણે જોઈ ગયા છીએ. તે પછી 'રજની માગણી' 'પુરાની પ્રીત' અને 'વત્સલનાં નયનો' માં પણ તેઓ જ કાવ્યનો વિષય છે. તેમના જીવન દરમિયાન તેમને છેલ્લું ઉદ્દેશેલું કાવ્ય 'મનોહર મૂર્તિ'. ૧૯૧૮માં એ ગુજરી ગયાં. મણિભાઈના હૃદય ઉપર ફરી વજ્રપાત ઊતર્યો. આ સમયના એક પત્રમાં તેઓ લખે છે: "ગમે તે કામ કરતો હોઉં ત્યાં દિલમાં વારંવાર ચરચરાટી થઈ આવે છે, અને ફટાકાની વાટ બળી જાય તેટલી ઝડપથી બળતરા થઈ જાય છે."[1] મહિના પછી લખે છે: "કવિતાનો પ્રવાહ શરૂ થાય તો સારી શાન્તિ મળે. હાલ તો તે માટે જોઇએ તે કરતાં વધારે ક્ષોભ છે."[2] છેવટે એ પ્રવાહ શરૂ થાય છે અને તેમાંથી 'આપણી રાત' જન્મે છે.

૧૮૯૮ થી ભાવનગર સ્ટેટમાં તેમણે નોકરી લીધી ત્યારથી ત્યાં જ રહ્યા. ૧૯૨૩માં તેઓ પેન્શન લઈ નિવૃત્ત થયા અને કાશ્મીરની યાત્રાએ નીકળ્યા. તેમને મુસાફરી કરવાનો અને

૧. કાન્તમાલા પૃ. ૩૭૫.

૨. કાન્તમાલા પૃ. ૩૭૬.

કુદરતમાં અને જનતામાં બંધનરહિત થઈ વિહરવાનો ઘણો શોખ હતો. આ પહેલાં પણ નર્મદાની ઉપરવાસ થઈ કાશી સુધી તેઓ યાત્રા કરી આવેલા,[1] બાવાઓને મળેલા, પ્રવચનો કરેલાં, અને ખૂબ ઉત્સાહથી ફરેલા; જે કે તેથી, શંકા સિવાય કશું નહિ સમજનાર સરકારને વહેમ આવેલો અને તેમની સ્ટેટની નોકરી જોખમમાં આવી પડેલી. આ યાત્રાથી પણ તેમનામાં ઉત્સાહ આવતો હતો. પણ ત્યાં માંદા પડયા અને પાછા ફરતાં, રાવળપિંડિથી લાહોર આવતી મેલટ્રેનમાં ૧૬ મી જુનના રોજ તેમનો દેહ પડયો. તે જ દિવસે અમદાવાદમાં પૂર્વાલાપની પહેલી આવૃત્તિ બહાર પડી—ક્ષર દેહ નાશ પામ્યો અને અક્ષરદેહે તેઓ અમર થયા.

આ પહેલાં ઘણીવાર પોતાનો કાવ્યસંગ્રહ છપાવવાની તેમને ઇચ્છા થયેલી પણ કોઇ ને કોઇ કારણથી કામ અટકી પડતું. ૨૧-૫-૦૯ ના પત્રમાં[2] લખે છેઃ 'મારાં કાવ્યો પ્રસિદ્ધિ માટે તૈયાર કરું છું. 'પૂર્વાલાપ' નામ આપવું ધાર્યું છે.' એ વરસમાં પૂર્વાલાપમાં શરૂઆતમાં મૂકવાની 'ઈશ્વર પ્રાર્થના' લખાઈ અને કાવ્યો ભેગાં કરવા માંડયાં. 'પૂર્વાલાપ'માં બહાર પડયું છે તે ઉપરાંત મણિભાઈએ કેટલુંક કાવ્યસાહિત્ય લખેલું હતું. પણ ડેન્ટી વાંચ્યો ત્યારે તેમને પોતાનાં કાવ્યો જોડકણાં જેવાં લાગ્યાં અને પાંચસો સાતસો લીટીનો નાશ કર્યો. આ નાશ કરેલી કવિતામાંથી 'રમા' પ્રો. હાકોર પાસેથી મળી તે પૂર્વાલાપમાં પ્રકટ થઈ છે. આમ કેટલુંક સાહિત્ય મળી શકયું. ઘણું ખરું તેમણે સ્મરણમાંથી જ ફરી લખ્યું,[3] તેમનું સ્મરણબળ ઘણું સારું હતું, તો પણ કેટલુંક ફરી ન આવી શકયું. તેમાંથી જે કાંઈ જૂના કાગળોમાંથી મળી આવ્યું તે પરિશિષ્ટ રૂપે અહીં મૂકેલ છે.

---

૧. કાન્તમાલા પૃ. ૩૬૬. ૨. એજન પૃ. ૩૬૫. ૩. પ્રસ્થાન પુ. ૪, ૧૩૫.

તે પછી ૧૯૧૯માં પાછો સંગ્રહ બહાર પાડવા વિચાર કરે છે તે વખતે 'કાન્તકાવ્યકલાપ' નામ રાખવાની યોજના જણાય છે અને તેમાં 'પૂર્વાલાપ' અને 'ઉત્તરાલાપ' એ પ્રમાણે બે ભાગ થવાનું જણાવે છે.[૧] એ વખતે પણ કશું પ્રગટ ન થયું.

આ સિવાય ૧૯૧૧માં મણિભાઈના શિષ્યોએ "પ્રાર્થનાઓ" જ સંગ્રહીને "શિષ્યોના ઉપયોગને માટે" છાપવાનો વિચાર કર્યો હતોઃ તેમાં કઈ પ્રાર્થના લેવી અને કઈ ન લેવી તે સંબંધી ચર્ચાના કાગળો છે પણ તેનું પણ કશું પરિણામ ન આવ્યું.

'પૂર્વાલાપ' નામ શાથી પડયું એ સંબધી એનેક તર્કો થયા છે. કર્ત્તાએ પોતે કશો ખુલાસો કર્યો નથી એટલે એ સંબંધી તર્કથી વિશેષ થઈ શકે તેમ નથી. એટલું તો ચોક્કસ કે કર્ત્તાએ પોતે પોતાનાં કાવ્યોને પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગમાં વહેંચવા ધારેલાં હતાં. આ રીતે એમના જીવન અને કાવ્યોને બે સમયમાં વહેંચી શકે એવું સીમાચિહ્ન ખ્રિસ્તી ધર્મનો અંગીકાર જ છે. કીટ્સના જીવન અને શબ્દના લાભથી જ તેઓ ડૅન્ટીને હોમર અને વર્જિલથી વધારે મહત્ત્વનો ગણે છે.[૨] તેમનાં કાવ્યો પત્રો સર્વમાં આ એક જ વસ્તુ પ્રતીત થાય છે. નવા ધર્મના અંગીકાર પછીનાં કાવ્યો ઘણાંખરાં એ ધર્મશ્રદ્ધાનાં જ છે. એટલું જ નહિ પણ એ શ્રદ્ધાથી અસંગત ભાવનાં જૂનાં કાવ્યો તેમણે ફેરફાર કરી નવી શ્રદ્ધાને અનુકૂળ કર્યાં છે ("ચક્રવાક મિથુન" અને "વિપ્રયોગ" ઉપરનું ટિપ્પણ). માટે પૂર્વાલાપ એટલે આ નવા જ્ઞાનના પ્રાદુર્ભાવ પહેલાંનાં કાવ્યો એટલું ચોક્કસ. અને તેથી ઉત્તરાલાપ એટલે એ નવા ધર્મનાં મંતવ્યો જેમાં પ્રગટ થયાં હોય

૧. કાન્તમાલા પૃ. ૩૭૯.

૨. કાન્તમાલા પૃ. ૩૫૬.

તે. ૧૮૯૭ પછીનાં પણ જે કાવ્યોને આ મંતવ્યો સાથે સંબંધ ન હોય તે પૂર્વાલાપમાં જ ગણાય. પણ પછીથી 'કાન્તકાવ્યકલાપ' ને પૂર્વાલાપ અને ઉત્તરાલાપના વિભાગોમાં પ્રગટ કરવાનો વિચાર બંધ કર્યો એટલે ઉત્તરાલાપનાં પણ જે કાવ્યો આપણા જનસમાજને દુર્ગ્રાહ્ય થાય એટલાં સાંપ્રદાયિક ન હોય તેનો પણ પૂર્વાલાપમાં સમાવેશ કર્યો છે એમ જણાય છે.

✓ આલાપ એટલે કાવ્ય એટલો સાદામાં સાદો અર્થ કરીએ તો પણ ચાલે. પણ પ્રો. ઠાકોર વધારે ઊંડા ઉતરીને કહે છે: "અને આ નામોમાં એ પણ ગર્ભિત ખરૂં કે બે ય આલાપ માત્ર છે: ગાન શી વસ્તુ છે તે કર્તા જાણે છે; અને આ તો તે માટેની તૈયારી માત્ર છે. આ માનવ દેહે આ મર્ત્યલોકની સ્થિતિમાં થઈ શકે એવી; ખરૂં ગાન તો સ્વામીનો બંદો કરશે સ્વામીનો હુકમ હશે તો સ્વામીના સાંનિધ્યમાં, સ્વામી જ્યારે તેને અહીંથી લઈને પોતાના સ્વર્ગમાં સ્થાપશે ત્યારે!" [૧]

કેટલાક સારા કવિઓની[૨] પેઠે મણિશંકરને જુવાન વયથી જ સમજાયેલું કે કાવ્ય એ જ પોતાના જીવનનો ખરો માર્ગ છે. તેમણે ઘણી નાની વયથી કાવ્ય લખવાં શરૂ કરેલાં છે. દરેક કલાકાર પોતાનો માર્ગ પોતે જ નક્કી કરે છે પણ પોતાની શક્તિનો ખરેખરો પરિચય ઘણાને મોડો થાય છે. પોતાની

૧. કાન્તમાલા પૃ. ૩૮૦.

૨. સરખાવો મિલ્ટનનું વાક્ય:—"...that by labour and intense study (which I take to be my portion in this life) joined with the strong propensity of nature, I might perhaps leave something to aftertimes as they should not willingly let die."

શક્તિને અનુકૂળ માર્ગ જડ્યા પહેલાં ઘણા અનુકરણો કરે છે, નિષ્ફળ પ્રયાસો કરે છે. મણિભાઈએ પણ દલપતરામની શૈલીના અનુકરણથી કાવ્યના શ્રીગણેશાય કરેલા પણ તેમને પોતાની શક્તિની શ્રદ્ધા અને તેના વિશિષ્ટ સ્વરૂપનું ભાન, બીજાની સરખામણીમાં બહુ વહેલું થયું હતું એમ જણાય છે. ૧૮૮૯ના એક પત્રમાં એટલે બાવીસ વરસની ઉંમરે તેઓ લખે છેઃ—

"ખરા આવેશથી લખનાર માણસ બીજાના મત ઉપર બહુ આધાર કદી નથી રાખતો. મને મારા હૃદય ઉપર આસ્થા છે, અને હું અવશ્ય માનું છું કે મારું નામ ગુજરાતી સાક્ષર મંડળના ઇતિહાસમાંથી જલદી ભુંસાઈ નહીં જાય. આ વૃત્તિ મને ઘણા દિવસની છે. "ઉભય મળી મને ખુશી કરો છો, પર પરવા શિદ અંતરે ધરો છો?" એ વાક્ય મેં ઘણા દિવસ પહેલાં લખેલું છે. આ વૃત્તિને હું Confidence [વિશ્વાસ] કહું છું. તે અભિમાનથી જુદી જ ચીજ છે. આત્મજ્ઞાનને કદાચ મળતી ગણી શકાય. મેં મારી ચોપડી ઉપર આ જ motto [સૂત્રવાક્ય] લખી રાખેલ છે કે

The field is universal and allows
Scope to all such as feel the inherent glow.
Lord Byron."[1]

અને આ આત્મશ્રદ્ધા અજ્ઞાનની નહોતી. ગુજરાતીમાં કવિતા લખવી કેટલી અઘરી છે,—અત્યારે છે તે કરતાં તે વખતે લખવી અનેક ગણી વધારે અઘરી હતી—તે તે સમજતા હતા. તેમણે

૧. ક્ષેત્ર સર્વ માટે ખુલ્લું છે અને છૂટ છે,
તેવા સૌને ય અંદર પેસવાની જેઓને પ્રત્યક્ષ અનુભવથી વિશ્વાસ હોય, કે પોતાનામાં સ્વયંભૂ તેજ વિલસે છે.
લૉર્ડ બાઇરન. કાન્તમાલા પૃ. ૩૨૨.

સંસ્કૃત કાવ્યસાહિત્ય સારી પેઠે વાંચેલું જણાય છે. ગુજરાતી સાહિત્ય શું શું વાંચ્યું હશે તે જાણવા સાધન નથી પણ પ્રેમાનન્દનાં ઉત્તમ કાવ્યો તો જરૂર વાંચ્યાં જણાય છે. તેમની સાહિત્યની જિજ્ઞાસા તીવ્ર હતી. પણ તેમની રસવૃત્તિ અને તેમના હૃદયના પ્રવર્તક સંસ્કારો અંગ્રેજી કાવ્યના છે. પ્રિન્સિપલ વર્ડ્ઝવર્થ જેવા ઉત્તમ અધ્યાપકના હાથ નીચે તેમણે અભ્યાસ કરેલો હતો. પાશ્ચાત્ય સંસ્કૃતિની નવીનતા, બલ, સજીવતાના પ્રબલ ધસારાનો એ સમય હતો. એ સંસ્કારો નીચે મણિભાઈની કાવ્યરસિકતા ઘડાઈ અને કેળવાઈ હતો. એ ઝીલેલા સંસ્કારોના નવા ભાવો તેઓ પોતાની ભાષામાં પહેલ વહેલા જ મૂર્ત્ત કરવા ઇચ્છતા હતા. અને તેમાં પણ તેમના કેટલાક ભાવો તો આપણા કાવ્યસાહિત્યમાં હજી પ્રથમ જ અવતરવા પ્રયત્ન કરતા હતા. આપણી ભાષા એ વખતે બિલકુલ કેળવાયેલી નહિ જ, આવા ભાવોને માટે તો નહિ જ, એમ કહીએ તો ચાલે. મણિભાઈ આ સર્વ મુશ્કેલીઓ બરાબર સમજતા હતા. ૧૮૯૧ના એક અંગ્રેજી પત્રમાં તેઓ લખે છે:—

આ આપણી હજી બાલ્યાવસ્થા ચાલે છે, તેમાં કવિતા લખવી કેટલી તો મુશ્કેલ છે તે હું જાણું છું. હું પોતે છેક આશાહીન છું. મ્હારું યત્કિંચિત્ લખાણ કશી આશા આપે એવું નથી. પણ અંગ્રેજી કવિતાનો અભ્યાસ જે આટઆટલો અવિશ્વાસ ઉપજાવે છે, તે કવિતાપરીક્ષણના કેટલાક અતિ કડક નિયમો પણ શીખવે છે, અને એ કસોટીએ તપાસી જોતાં ગુજરાતી કવિતાઓમાંથી બહુ જ થોડી મ્હને સારી લાગે છે. ખરેખર, સંસ્કૃત કવિતાના પણ મોટા ભાગને કચરો જ ગણતો થયો છું, અને હું ધારું છું કે પ્રેમાનન્દ કંઈ કવિ નહીં, માત્ર પદ્ય જોડનારો હતો એમ બહુ સહેલાઇથી સાબિત થઈ શકે."[૧]

૧. કાન્તમાલા પૃ. ૩૨૮.

ભાષાના વિકાસમાં તે સમયે આપણે કેવી સ્થિતિમાં હતા તે મણિભાઈ વિશેના જ બે દાખલાથી સમજાશે. તેમનું પ્રથમ પ્રસિદ્ધ થયેલું કાવ્ય 'મારી કિસ્તી'. કિસ્તી શબ્દ નહિ સમજાયેલો હોવાથી 'મારી કિરતી'ના મથાળાથી બુદ્ધિપ્રકાશમાં છપાયું હતું, અને નીચે ટીપ હતી કે નવીન લાગવાથી પ્રગટ કરી છે. 'કિસ્તી' ને બદલે 'કિરતી' કરીને કાવ્ય છાપે તેને એ પ્રગટ કરવાને નવીનતા સિવાય બીજું કંઈ ન દેખાય એ સ્વાભાવિક છે. બીજો દાખલો તેમના મિત્ર પ્રો. ઠાકોર આપે છેઃ

એક દિવસ અમે સૌ બેઠા હતા ત્યાંથી ઉઠીને મણિશંકર જોડેના ઓરડામાં ગયા, સાંકળ વાસી દીધી અને પાએક કલાકમાં 'ચક્રવાક મિથુન'ના બે શ્લોક, ૧૧ મો અને ૧૨ મો, નવા રચીને પાછા બહાર આવ્યા. અમે બીજાઓથી છૂટીને ફરવા ચાલ્યા ગયા, ત્યાં આ શ્લોક સંભળાવ્યા, અને કહે, હવે પછીના ચિત્રનો આરંભ મંદાક્રાન્તા વૃત્તમાં કરવાનો, અને તેમાં એક વાત નડે છે. હમણાં, હવે, now, next, એ અર્થનો ગુજરાતીમાં એક બે ગુરુના માપનો શબ્દ જ નથી. મેં કહ્યું કેમ નહીં, હમણાં, હવે, એનું કવિતાયોગ્ય રૂપ 'હાવાં'. એમણે એ શબ્દ ઉથલાવી ઉથલાવીને ઉચ્ચારી જોયો, મંદાક્રાન્તાના ચાર ગુરુના ચોસલામાં આરંભે મધ્યે અને અંતે ગોઠવી જોયો; પ્રથમ તો એમને એ શબ્દનો સ્વાદ એરંડિયાના જેવો જ લાગ્યો. બે ત્રણ દિવસ પછી એમણે શ્લોક ૧૩ થી ૧૬ સંભળાવ્યા, ત્યારે મેં પૂછ્યું, એરંડિયું ભાવ્યું કે શું-ઉપરાઉપર બે ચમચી લીધી? એ કહે, હું-- પુસ્તકાલયમાં જોઇ આવ્યો; સારા કવિઓએ વાપર્યો છે. ૧

અત્યારે ગમે તે શિખાઉ પણ કવિતામાં 'હાવાં' લખતાં જરા પણ અચકાશે નહિ. તેવા શબ્દો માટે તે દિવસોમાં પ્રમાણ શોધવાં પડતાં.

૧૪ મે વર્ષે આપણે મણિશંકરને દલપતશૈલીનાં અનુકરણો

૧, યુગધર્મ ૪. ૨૭૬.

કરતા જોઈએ છીએ. ૧૮૮૪માં રમણભાઈને આપેલી ગીતિમાં એની ગંધ પણ નથી. ૧૮૮૬ નું 'મારી ક્રિસ્તી' કાવ્ય નહિ સમજીને પણ નવીન તો ગણાયું. અને ૧૮૮૯માં 'વસન્ત વિજય' કાન્તની નવી જ શૈલીમાં પ્રગટ થયું. અને આ પહેલાંનાં 'મૃગજળ' 'રમા' આદિ એ જ નવી શૈલીમાં તેમણે લખેલાં; અર્થાત્ ૧૯-૨૦ વર્ષની વયે આપણા સાહિત્યની એવી બાલ્યાવસ્થામાં તેમણે નવું જ પ્રસ્થાન કર્યું.

ખંડકાવ્યમાં તેમણે સંસ્કૃત વૃત્તોનું વૈવિધ્ય દાખલ કર્યું. પ્રથમ તો કદાચ રચનાવૈચિત્ર્ય માટે જ એમ કર્યું હશે પણ એક એ અજમાયશ પછી કાવ્યમાં વારંવાર બદલાતા ભાવોને તેમાં અનુકૂળ રૂપ મળ્યું. આ રીતિ તરત જ સફળ થઈ, તે જ રીતિનું શ્રી. નરસિંહરાવે 'ઉત્તરા અને અભિમન્યુ' લખ્યું, સદ્‌ગત નર્મદાશંકર પ્રભુરામ ભટ્ટે 'શાપસંભ્રમ' લખ્યું, કલાપીએ અનેક કાવ્યો એ શૈલીમાં લખ્યાં અને અત્યારે તો એ શૈલી સર્વત્ર પ્રચલિત છે. પણ હજી આ શૈલીમાં એમનું 'વસન્ત વિજય' જ અપૂર્વ સ્થાન ભોગવે છે.

શૈલીની દૃષ્ટિએ કાન્તની વિશેષતાઓ અનેક છે. વ્યક્ત થવા મથતા નવા જમાનાના નવીન ભાવો નવા છંદો માગતા હતા અને તેને માફક આવે તેવાં પદ્યરચનાનાં સ્વરૂપો પણ યોજાતાં હતાં. કાન્તે આ વિષયમાં કરેલા બીજા પ્રયોગો પણ એટલા જ સફળ થયા છે. ખંડ શિખરિણી સૌથી પ્રથમ કાન્તે યોજ્યો. કોઈ સૌભાગ્યવતી લલનાને હૃદયે લટકતા પારદર્શક હીરા જેવું એ કાવ્ય છે. હીરાને હાથમાં લઈ આપણે ફેરવીને બધી બાજુ જોઈએ અને બધી બાજુ સુંદર પાસા પડેલા હોય, એક દોરાવા પણ કયાંઈ વધુ ઓછું ન હોય, તેવું એ કાવ્ય પણ, તેના ખંડોમાં, ખંડોના પ્રાસોમાં તેની પંક્તિ-

ઓમાં, કડીમાં, ચરણોની સંખ્યામાં, તેના ધ્વનિમાં અનવદ્ય છે. શબ્દો બધા જ પારદર્શક જેની સોંસરાં અર્થ બરાબર જોઈ શકાય તેવા છે. ખંડ શિખરિણીનું પણ અનુકરણ શ્રી. ન્હાનાલાલ કવિએ અને શ્રી. નરસિંહરાવે કરેલું છે અને અનુકરણો હોવાનો સ્વાભાવિક ગેરલાભ બાદ કરતાં પણ, હજી એકકેય 'ઉદ્ગાર'ની ઉપર મૂકાય તેવું તો નથી જ.

મરાઠી ભાષામાંથી જેમ સરલ-ગંભીર અભંગ ગુજરાતીમાં ઊર્મિની લાવવાનું માન સદ્‌ગત ભોળાનાથને છે તેમ સરલ-મધુર અંજની-ગીત લાવવાનું માન મણિભાઇને છે. 'વિપ્રયોગ' 'સ્થિતિભેદ' વગેરે ગીતોના સંગીત અને અર્થનો રણકાર જાણે ઘણીવાર સુધી મનમાંથી ખસતો નથી. એમનાં ગીતો ઉપરથી કલાપીએ અંજની ગીતો લખ્યાં છે તે સંબંધી તે કહે છેઃ—

'આકાશે એની એ તારા' એ એક દિવસ કોણ જાણે હું કેટલી વખત બોલ્યો હઇશ અને બીજે જ દિવસે એ રાગમાં લખવા જેવી જ કેટલીક લાગણીઓ આવતાં મેં એવા કેટલાક કટકા લખ્યા છે' ૧

અને કાન્તના અંજનીગીતોનો એવો પ્રભાવ છે, કે કલાપીનાં કેટલાંય ગીતોમાં કાન્તનાં જ ગીતોનો રણકાર, શબ્દોનું અનુકરણ અર્થની ઝાંય છાયા દેખાયા કરે છે. સળંગ વાકયરચનાવાળો પૃથ્વી અને તોટક લખવામાં પણ તેઓ સફળ થયા છે, જો કે એવાં બધ્યે કાવ્યો જ છેઃ પૃથ્વીમાં 'પ્રમાદી નાવિક' અને 'વિધુર કુરંગ' અને તોટકમાં 'મિત્રને નિવેદન' અને 'વત્સલનાં નયનો'. અલબત્ત તે સિવાય શિખરિણીમાં પણ સળંગ વાકયરચના આવે છે.

કાન્તની એક વિશેષતા તેના વાંચનારને સુપરિચિત છે— સંસ્કૃત શબ્દોમાં હ્રસ્વ દીર્ઘની છૂટ લેવાનો અસ્વીકાર. આપણી

૧. કલાપીના પત્રો. પત્ર ૧૨, પ.

ભાષામાં કાવ્યમાં હ્રસ્વ દીર્ઘની છૂટ લેવાની પ્રથા ઘણા લાંબા સમયની છે. મરાઠીમાં પણ પ્રથમ આમ હતું પણ ત્યાંના લેખકોએ એ છૂટ ઓછી કરતાં કરતાં લગભગ બંધ કરી દીધી છે. પણ આપણા લેખકો તો એ નિર્વાહ્ય છૂટને પણ કવિતાનો હક ગણવા લાગ્યા છે. હમણાં જ માત્ર શ્રી. કે. હ. ધ્રુવે આ છૂટ છોડી દેવાનો માર્ગ શરૂ કરેલો છે. આ સ્થિતિમાં પણ કાન્તે પ્રથમથી જ જાણે એ છૂટ ન લેવાનો સંકલ્પ કર્યો હોય એમ જણાય છે. તેમને એ છૂટનો જાણે તિરસ્કાર હોય એમ લાગે છે. અને આનું કારણ એ છે કે શબ્દના ઉચ્ચારનું માધુર્ય તેમનો કાન બરાબર પારખતો. જેમણે તેમને ભાષણ કરતા કે વાતચિત કરતા સાંભળ્યા હશે તેમણે જોયું હશે કે તેમના ઉચ્ચાર હમેશાં અણિશુદ્ધ સ્પષ્ટ હતા. તેમાં પણ સંસ્કૃત શબ્દોના ઉચ્ચારોમાં જરા પણ પ્રમાદ તેમને અસહ્ય લાગતો. આ ઉચ્ચારસૌષ્ઠવની પરીક્ષાને લીધે–અને કાવ્ય શ્રાવ્ય છે એટલે અંશે એ જ મહત્ત્વનું છે–સંસ્કૃત શબ્દોને તેમનાં કાવ્યોમાં પ્રકૃતિ વિરુદ્ધ હ્રસ્વ દીર્ઘ થવું પડતું નથી. શબ્દો—ગમે તેવા લાંબા સંસ્કૃત શબ્દો પણ, જાણે એમના કાવ્યમાં ત્યાં ત્યાં સ્થાન લેવા જન્મ્યા હોય એમ લાગે છે. જોડાક્ષરનો થડકારો પણ કયાંઈ વ્યર્થ જતો નથી, કયાંઈ છોડી દેવો પડતો નથી. કોઈ જગાએ છૂટ લેવી પડે છે ત્યાં પણ તે ભાષાને અનુકૂલ જ હોય છે અને જરા પણ કર્ણકટુ નથી લાગતી.

> ૨ પ્હેલાં ન હતી કદી અનુભવી આવી ઉદાસીનતા,
> દીઠી શું ન કઠોર! તેં કરુણ જે વ્યાપી મુખે દીનતા?
> × × ×
> વર્ષોના સહવાસથી પણ અરે જાણ્યો નહીં તેં મને,
> જાણે શા થકી યોગ્ય છે પ્રણયના શા તું ઉપાલંભને?
>
> ઉપાલંભ

× × ×

છે તારૂં જ તથાપિ નિર્મલ નહીં, તો યે ખરૂં: રાખતું
વાત્સલ્ય પ્રતિબિંબ આત્મગહને રે'શે હમેશાં છતું.

પડેલા સ્નેહીને પ્રત્યુત્તર

× × ×

ધંડો મીઠો કુમુદવનનો માતરિશ્વા વહે છે,
ક્રીડન્તો જ્યાં તરલ અલકશ્રેણિ સાથે રહે છે:

દેવયાની

× × ×

નિહાળું છું શું હું મનહર વસંતપ્રસરને!
અરેરે શેની શી અનુભવ કરૂં છું અસર એ!

વસન્ત વિજય

આટલા બધા મોટા અને ગુજરાતીમાં હજી રૂઢ નહિ થયેલા સંસ્કૃત શબ્દો કદાચ ભવિષ્યનું કાવ્ય નહિ સ્વીકારે પણ કાન્તનાં કાવ્યોમાં તો તેના ઉચ્ચારની મધુરતાને લીધે તેની સામે ફરિયાદ કરવાની ઇચ્છા થતી નથી.

આજ 'વાગ્વિભવ' ને લીધે તેમનાં કાવ્યોમાં પ્રાસ પણ બહુ જ સ્વાભાવિક અને અપૂર્વ મનોહરતાવાળા આવે છે. આપણી ભાષામાં ક્રિયાપદે ક્રિયાપદના પ્રાસો સહેલા છે જો કે તે પણ ચમત્કારક થઈ શકે. જેમકે

વ્યોમથી જલની ધારા જોરમાં પડતી હતીઃ
ઢળી પલંગને પાયે સુંદરી રડતી હતી!

રમા

પણ આ ક્રિયાપદે ક્રિયાપદના પ્રાસો બાદ કરતાં પણ જે બીજા પ્રાસો આવે છે તે કર્તાનું અપૂર્વ કૌશલ બતાવે છે. જો તેમના પ્રાસો જ માત્ર લેગા કરીએ અને બીજા કવિઓના પ્રાસો સાથે

સરખાવીએ તો કેવળ નવીન પ્રાસો ફાન્તના ઘણા નીકળે.[1] પ્રથમનાં કાવ્યોમાં ફાન્તના પ્રાસો સાદા છે. કેટલાક નવીન છે પણ એટલા સુંદર નથી.

દેખી નહીં શકું ચંદર:
કેમ દેખું ત્યારે બંદર?
મોજાં તોફાનીની અંદર, ઝૂકાવી છે મેં ફીસ્તી!
મારી ફીસ્તી

આમાં પ્રાસો બધા નવીન છે પણ એટલા સંવાદી નથી, પણ હથોટી બેસતાં બધા પ્રાસો આશ્ચર્યકારક લાગે છે. અર્થ જાણે પોતાની નૈસર્ગિક લીલામાં રમતો રમતો પોતાને સ્થાને પ્રાસ લઈ લે છે. 'ઉદ્‌ગાર' કાવ્યની સુંદરતા તેના પ્રાસ ઉપર પણ ઓછો આધાર રાખતી નથી. 'મત્ત મયૂર' પણ તેવું જ કાવ્ય છે. શ્રી. નરસિંહરાવનું 'રાત્રિયે ક્રોયલ' એ જ રાહનું છે પણ તેના પ્રાસો એટલા હૃદયંગમ નથી. વાક્યાર્થ એક ચરણમાંથી ઊભરાઈને બીજા ચરણમાં રેલે છે ત્યાં આ પ્રાસ વધારે ચમત્કારક લાગે છે. 'પડેલા સ્નેહીને પ્રત્યુત્તર' 'વિધુર કુરંગ' 'મિત્રને નિવેદન' 'વત્સલનાં નયનો'ની છેલ્લી પંક્તિઓમાં આવો અર્થ-પ્રવાહ અને પ્રાસ છે. પછીનાં ગાયનોમાં આ પ્રાસની રચના જ પ્રધાન બને છે લંબાણના ભયે દાખલા અહીં ટાંકતો નથી.

પ્રાસમાં પણ એમણે કોઈ કોઈ જગાએ વૈચિત્ર્ય દાખલ કર્યું છે:

હરિત નીલ સુંદર વનસ્થલી--
પર મળી સુકુમાર મૃગો રમે;

---

૧ કાવ્યના અભ્યાસમાં પણ અમુક અમુક દૃષ્ટિએ જો ગણિત કરીએ તો તેથી ઘણા નિયમો અને પ્રશ્નો ઉપર નવો જ પ્રકાશ પડે, જો કે આપણે કોઇ તે કરતા નથી.

ઉપવનો તણી સંવૃત આવલી--
મહિં જવા પ્રણયી તરુણો ભમે.

ચક્રવાક મિથુન

આમાં વાક્યાર્થ બબ્બે લીટીઓમાં પ્રસરે છે અને પ્રાસ જુદી રીતે મેળવ્યા છે. કોઈ કોઈ જગાએ પંક્તિઓમાં બબ્બે જગાએ પ્રાસ મળે છે.

મારી હોડી ખરાબામાં તૂટી ગઈ;
મારી જોડી હા ! માયા તે લૂંટી ગઈ;

અંતિમ પ્રાર્થના

ભાષાના આ જ પ્રભુત્વથી તેમનાં કાવ્યોમાં વર્ણસગાઈ અને અનુપ્રાસોનો એવો જ બહોળો પ્રયોગ થયો છે. 'કાર્ડિનલ ન્યૂમેનની પ્રાર્થના' 'સાગર અને શશી' 'પરિષત્સત્કાર' 'મત્ત મયૂર' 'સખીને આમન્ત્રણ'માંથી આના પુષ્કળ દાખલા મળશે. તે આપી અહીં લંબાણ કરતો નથી. માત્ર 'કલાપીને સંબોધન'માંથી એક જ પંક્તિ ઉતારું છું. એ પંક્તિ કવિ નહાનાલાલની

હૈયાનાં હેત વહેતી વાંસળી વાગી,

એ પંક્તિ ઉપરથી લીધેલી છે. પણ બન્નેને સરખાવોઃ—

હેત હયાનાં વહતી વાગે વાંસળી,

કેવી સરલ અને ગૂઢ રીતે 'હ'ની વર્ણસગાઈમાંથી 'વ'ની વર્ણસગાઈ સરી આવે છે !

ઉપરના દાખલા બધા વ્યંજનના જ છે. પણ સ્વરોનું પણ એવું જ સંગીત, કંઈક વધારે નિગૂઢ, હોય છે.

અમે ચેલા બધા ઘેલાઃ પ્રભુની પાઠશાલાના !
અમે ઘેલા અને મેલાઃ પ્રભુની પાઠશાલાના !
અમારામાં કશો ના માલ !
અમે તો મૂર્ખ ને કંગાલ

છતાં એ બાલકો છઇએ: પ્રભુની પાઠશાલાના !

એમાં 'આ' સ્વર આખી કડીને સંવાદી કરે છે.

અહા ! શા આજ વર્ષાવે સ્વરો આત્મા પરે, આશા !
બળેલો આર્ત્ત એ શો એ સ્વરસ્નાને ઠરે, આશા !

× × ×

મને મીઠી રહી આસ્થા સદા તવ ગાનમાં, દેવી !
સ્વરો એ દિવ્ય જીવનને ભરે ને સાંભરે, આશા !

આશા

આ કાવ્યમાં તો જાણે 'આશા' શબ્દના જ સ્વરો લઈને આખું ગીત રચેલું હોય એમ જણાય છે.

વર્ણસગાઇનું ભયસ્થાન એ છે કે તેનાથી અર્થ ઘણીવાર ક્લિષ્ટ થઈ જાય છે, પંક્તિનો શ્લેષ–પદ્યબંધ–શિથિલ થઈ જાય છે, અને રસને ક્ષતિ પહોંચે છે. કાન્તમાં એવું કયાંઈ થતું નથી. ઉપરના કોઈ પણ દાખલામાં અર્થને હાનિ પહોંચતી નથી. અને કાન્તનો પદ્યબન્ધ તો બહુ જ દૃઢ અને મનોહર હોય છે. કાન્તે પોતે એકવાર કાવ્યચર્ચામાં કહેલું કે સુંદર પદ્યબન્ધવાળી પંક્તિ ઊઠીને સ્મૃતિને બાઝે છે. એવી અર્થાનુરૂપ પદ્યબન્ધથી સુંદર થયેલી અનેક પંક્તિઓ કાન્તમાંથી મળશે. થોડા જ દાખલા લઇએ.

અને કુંજે કુંજે શ્રવણ કરતો ઘાસ પરના
મયૂરોની કેકા ધ્વનિત ધસતી જ્યાં ગગનમાં.

× × ×

અને ત્યાં પાસેનાં તરુવર રહ્યાં ઉત્સુક બની.

એ આખું 'ઉપહાર' કાવ્ય જ શ્લેષનો સુંદર દાખલો છે.

તમારી પાસે તો કુસુમ સરખો કાન્ત ગણજો.

સ્નેહશંકા.

પડયું જે સંગીત શ્રુતિપર નક્ષોમંડળ તણું
પ્રણયમાં કાલક્ષેપ
સહસ્રશતશલ્યમાં હૃદયની પથારી થતી.
વિધુર કુરંગ

વગેરે અનેક દાખલા આપી શકાય.

કાન્તની મનોહરતા ઘણે અંશે તેમના શબ્દોની અર્થઘનતામાંથી પ્રસરે છે. કાવ્યની અનેક કસોટીઓ અપાય છે તેમાં એક એવી પણ અપાય કે થોડામાં થોડા શબ્દોમાંથી જેમ વધારેમાં વધારે અર્થ નીકળે તેમ કાવ્ય વધારે સુંદર. ટિપ્પણમાં પૃષ્ટ ૧૭૪ની અને પૃષ્ટ ૧૯૦ની નીચેની ટીપમાં આ દૃષ્ટિબિન્દુ આવી જાય છે માટે તેના દાખલા અહીં આપતો નથી. આ અર્થઘનતા શબ્દોની પસંદગી ઉપર નિર્ભર છે. તેમની કલમ જાણે યોગ્ય શબ્દને બરાબર ચુની લેતી હોય એમ લાગે છે.

આને જ મળતી તેમની વસ્તુની પસંદગી પણ છે. તેમનાં વર્ણનો લાંબાં હોતાં નથી. બીજા કવિઓ જ્યાં કડીઓ ને કડીઓ લખી નાંખે ત્યાં કાન્ત એકાદ શ્લોકથી જ પૂરું કરે છે અને તેમ છતાં તાદશ વર્ણન થાય છે. તેનું કારણ વર્ણનની વસ્તુની પસંદગી છે. 'મૃગતૃષ્ણા' અને 'રમા'માં એક એક શ્લોકથી જ લેખિનીચિત્ર દોરેલું છે.

ન્હાના સાદા શયનગૃહમાં સ્વચ્છ દીવો બળે છે,
વિદ્યુદ્વલ્લિ પ્રબલ ચમકી જ્યોતિ સાથે મળે છે;
સાહિત્યો કૈં બહુ નહિ દિસે, એક પર્યંક માત્ર,
થોડાં ઝીણાં રજનીવસનો, પાસમાં વારિ પાત્ર.
રમા.

હિન્દુ દંપતીના શયનગૃહનું આખું દૃશ્ય, સ્વચ્છ દીવો, એક

પર્યંક, વસ્ત્રો અને વારિપાત્ર, એટલી જ વસ્તુઓથી આખેયૂણ ખડું કર્યું છે. આ જ કૌશલ અને છટા તેમનાં લાંબાં વર્ણનોમાં અને હૃદયના ભાવના આલેખનમાં પણ આવે છે તે આપણે પછી જોઇશું.

કાવ્યમાં વર્ણન કરવામાં અમુક પ્રકારની કલ્પના, જે ઉપમાદિ અલંકારની જનની છે, તેની પણ જરૂર પડે છે. કાન્તની રસવૃત્તિ પશ્ચિમનાં ઉત્તમ કાવ્યોથી ઘડાઈ છે એટલે આપણાં સંસ્કૃત કાવ્યોમાં જેટલા અલંકાર આવશ્યક મનાય છે તેટલા તેમાં નથી આવતા. કાવ્યની પડતી દશામાં સંસ્કૃત કાવ્ય ઘણી જગાએ તો માત્ર અલંકારના થોકડાનું જ, કોટિ ઉપર કોટિનું જ બનેલું છે, વિશાલ અર્થનું કાવ્ય રહ્યું જ નથી. કાન્તની કલા—હાલની રમણીની પેઠે—થોડા અલંકારો જ પહેરે છે, પણ પહેરે છે તે અનુપમ અને અનુત્તમ હોય છે. 'ઉપહાર'માં આવા અનેક મનોહર કલ્પનાતરંગો છે. 'મારી કીરતી' અને 'માનસસર' એ બે તો આખાં રૂપકો જ છે. 'રાજહંસને સંબોધન' 'વિધુર કુરંગ' અને 'પ્રમાદી નાવિક' એ અન્યોક્તિઓને મળતાં કાવ્યો છે. તે સિવાય 'રજની માગણી'માં હંસનું અને 'સખીને આમંત્રણ' કાવ્યમાં 'પ્રભુનો ગિરિ' અને તેમાંથી અવતરતા 'શાંત સદાશિવ નીર'ની આખી કલ્પના એવી જ મનોહર છે. પણ આ બધી કલ્પનાઓને જે અર્થમાં સંસ્કૃત કાવ્યોમાં અલંકાર કહીએ છીએ તે અર્થમાં અલંકાર ન કહી શકાય. સંસ્કૃતમાં પ્રસ્તુતમાં જ્યારે કલ્પના કંઈ અપ્રસ્તુત મૂકી દે ત્યારે જ અલંકાર ગણાય. ઉપલાં કાવ્યોમાં તો કલ્પના જ કાવ્યની સમસ્ત વસ્તુને એ રૂપમાં મૂકે છે, સમગ્ર કાવ્યની પાછળ રહી છે, કાવ્યની વચમાં અપ્રસ્તુત રૂપે આવતી નથી. પણ સંસ્કૃતમાં અલંકાર ગણાય એવા પણ છે ત્યાં સુંદર છે. 'વત્સલનાં નયનો'

પણ નિર્મલ નેહ સરોવર સારસ—
યુગ્મ સમાં પરિપૂર્ણ દ્વયારસ;
એ જખમી દિલનાં રાયનો.

તરીકે નિરૂપેલાં છે તે અને 'સાગર અને શશી' માં શશીને

નવલ રસધવલ તવ નેત્ર

કહેલો છે અને ઉદધિલહરીઓને 'જલધિજલદલ' કહેલી છે તે અત્યંત મનોહર અલંકારો છે. અને 'મનોહર મૂર્તિ'માં

સ્મિત જોઈને તારક મોહી રહ્યા!

એ તો કોઈ અપૂર્વ કલ્પના છે.

કવિની વર્ણનશક્તિની ખરી કસોટી ભાવના નિરૂપણમાં છે. કાન્તે નાનામાં નાના ચાર પંક્તિના આત્મલક્ષી મુક્તકથી ૨૦૦ પંક્તિ ઉપરના પરલક્ષી ખંડકાવ્ય સુધીનાં અનેક કાવ્યો લખ્યાં છે. તે દરેકમાં ભાવનિરૂપણ સર્વથા ઉચિત રીતે થયું છે. તેમાં ભાવને ઉચિત વર્ણનનો વિસ્તાર છે, ભાવને ઉચિત કાવ્યની રીતિ છે, ભાવને ઉચિત કાવ્યના શબ્દો વર્ણો છંદો વગેરે છે. અમુક ભાવનો કયાં ઉદય કરવો, કયાં તેની સ્થિતિ કરવી, કયાં તેને પરાકોટિએ પહોંચાડવો, કયાં તેને શાન્ત કરી નવા ભાવની તેની સાથે સન્ધિ કરવી વગેરે સર્વ અદ્‌ભુત કલાથી ચાલ્યું આવે છે. જે વર્ણન જયાં ઉચિત હોય ત્યાં જ આવે છે. એટલું જ નહિ પણ તેમનામાં એક વિરલ શક્તિ એ છે કે લાંબા સમય સુધી તે એક જ ભાવમાં મગ્ન રહી શકે છે, અને અધૈર્યનું વર્ણન કરવું હોય ત્યાં પણ પોતે અધીર ન થતાં, ભાવ ઉપરના વિરલ પ્રભુત્વથી ધીમે ધીમે તેનું વર્ણન આગળ ચલાવે છે. આ સર્વ ગુણો તેમનાં ખંડકાવ્યોમાં પ્રતીત થાય છે. લંબાણ ભયે લાંબાં ન લેતાં ઉદાહરણ તરીકે એક નહાનું, ૧૯ શ્લોકનું 'અતિજ્ઞાન' લઇએ.

પ્રથમ જે ભાવને નિરૂપવો છે તેને અનુકૂલ પ્રકૃતિવર્ણન કરે છે. શૂન્ય નભ અને ઝાંખી દિશાઓ કોઈ પાસેના અનિષ્ટનું સૂચન કરે છે (૧). ઇંદ્રપ્રસ્થના લોકો આજે એક બાબતની શંકા કરતા હતા (૨)—આજે એમણે દુર્યોધને મોકલેલો એક દુષ્ટ દૂત રાજગૃહ તરફ જતો જોયો હતો તે સંબંધી (૩). અને એ શંકા ખરી હતી (૪). ધર્મરાજને દ્યૂત રમાડવાનું આમંત્રણ આપવા તે જતો હતો (૫). જ્યેષ્ઠ ધર્મરાજે ત્રણ બંધુઓને સલાહ માટે બોલાવ્યા (૬). એક કેમ રહી ગયો તેની જિજ્ઞાસા ઉત્પન્ન કરી કવિ કહે છે કે સહદેવને સૌથી નાનો ગણીને બોલાવ્યો નહોતો (૭). પણ તે નાનો કયારનો સર્વ જાણી ગયો હતો. તેના મોં પર વિષાદની છાયા દ્રૌપદી કયારની કળી ગઈ હતી (૮). કારણકે કુમારને ત્રિકાળનું જ્ઞાન હતું, દ્રૌપદીને થવાનું અપમાન તે નજરે જોતો હતો (૯). છતાં તેને તે કહેવાની રજા ન હતી (૧૦). આ જ એની કરુણ દશાનું કારણ હતું. અહીં સુધી ધીરે ધીરે કવિએ કાવ્યમાં જે કરુણ નિષ્પન્ન કરવો છે તેનાં કારણો જ, તેના વિભાવો જ કહ્યા. તેમાં પણ એક ક્રમ છે. કલામાં ઉપાદાનમાં શક્ય હોય તેટલે સુધી ભાવને વિશિષ્ટ કરવાનો હોય છે. ભાવનું અત્યંત વિશિષ્ટ સ્વરૂપ તે કલા એમ પણ કહી શકાય. અહીં ભાવને વિશિષ્ટ કરવામાં કવિ ધીમે ધીમે ઉત્તરોત્તર સામાન્યમાંથી વિશિષ્ટ તરફ પ્રયાસ કરતો જાય છે. સૌથી પ્રથમ માત્ર પ્રકૃતિનું વર્ણન આપ્યું. પ્રકૃતિ માણસના ભાવથી દૂરતમ વસ્તુ છે. પછી સામાન્ય જનોનું વર્ણન આપ્યું જે પ્રકૃતિ કરતાં કંઈક વધારે નિકટ સંબંધ પાંડવો સાથે ધરાવે છે. પછી પાંડવોનું સામાન્ય વર્ણન આપ્યું અને સાંથી આપણું ધ્યાન કાવ્યના નાયક સહદેવ તરફ એકાગ્ર કર્યું. પછી વસ્તુસ્થિતિના જે પરસ્પર વિરોધી અંશોથી કરુણ નિષ્પન્ન

કરવાનો છે તે અંશો દર્શાવ્યા—ત્રિકાલજ્ઞાન અને છતાં નિરુપયોગી જ્ઞાન, કાર્યમાં ન મૂકી શકાય, કોઇને ઉપયોગી ન થઈ શકે તેવું જ્ઞાન. તે પછી હજી શું થવાનું છે તે કહ્યા વિના જ કવિ સહદેવની લાચારી સહદેવના જ હૃદયગત શબ્દોમાં મૂકે છે (૧૧). તે પછી એ જ ભાવ સહદેવની સ્ફુટ વિચારવાણીમાં મૂકી તેને વધારે વિશિષ્ટ કરે છે (૧૨). સહદેવથી દ્રૌપદીનું અસહ્ય અપમાન જીભથી તો કહી શકાવાનું નથી. વાંચનાર આ પુરાણ પ્રસિદ્ધ હકીકત જાણે છે તેનો લાભ લઈ કવિ ૯ મી કડીમાં માત્ર તેનો ઇસારો કરે છે. અને અહીં એ વિચારથી તેની જે કરુણ દશા થાય છે, નેત્રમાં જલ ભરાય છે તે દર્શાવે છે. દ્રૌપદી પર આવતી વિપત્તિથી તે દ્રૌપદી તરફ વધારે આર્દ્ર બને છે. અહીં આ નવીન ભાવ ઉદય પામે છે. તે ભાવમાં તે દ્રૌપદીને આલિંગન આપે છે અને ચુંબન કરવા જાય છે (૧૩). પણ વિચાર કરતાં જણાય છે કે જેને તે બચાવી શકવાનો નથી તેના સૌંદર્યના ઉપભોગનો તેને શો હક? (૧૪). અહીં સ્નેહાર્દ્રતાનો ભાવ શાન્ત થઈ વળી કરુણ દ્વિગુણ થાય છે. એ કરુણમાં તે પોતાની અસહ્ય દશા દ્રૌપદીને જણાવે છે. "આ નિષ્ફલ જ્ઞાનને શું કરવું? થનાર ચીજો તેથી અન્યથા થઈ શકતી નથી. અને તે સર્વની ચિંતા હું એકલો જ સહ્યા કરું છું (૧૫). પણ આજ સુધી દરેક ચિંતામાં જે એક સાન્ત્વન દ્રૌપદીના સૌંદર્યનું પાન, તે પણ આજે તો અલભ્ય છે, તેના ઉપરનો અધિકાર ગયો છે (૧૬) અહીં કરુણ પરાકોટિએ પહોંચે છે. ભવિષ્યનું જ્ઞાન નિષ્ફલ તો ખરું પણ એટલે સુધી નિષ્ફલ કે પોતાનાં આત્મીય જનોને પણ ભાવી દુઃખથી ચેતાવી ન શકાય!" આ દુઃખની અસહ્યતામાં સહદેવને માથામાં શૂળ ચાલ્યું (૧૭). અને તેણે એ જ્ઞાનને મૂર્ચ્છામાં લુપ્ત કરવા કોઈ જલદ ઘેનની ઔષધી પીધી (૧૮). એટલી જલદ કે

સતી તેની ગન્ધથી જ બેભાન થઇને પડી, અને જ્યોતિષીને છાતીથી પ્યાલી ખસેડવા જેટલું પણ ભાન ન રહ્યું ! (૧૯). લગભગ દરેક ખંડકાવ્યમાં આ રીતે કવિ ધૈર્યથી ભાવોપચય કરે છે. દરેકમાં ભાવ ધીમે ધીમે આગળ વધે છે. દરેકમાં કાવ્ય અર્ધ ઉપર ગયા પછી તેની પરાકાષ્ઠા આવે છે. ૫૫ શ્લોકના 'વસંત વિજય'માં ભાવની બાહ્ય સામગ્રી કવિ 'ધીમે ધીમે છટાથી' ૩૭ મા શ્લોકમાં પરાકોટિએ પહોંચાડે છે—એ અનેકવાર અવતીર્ણ થયેલા શ્લોકમાં:—

ધીમે ધીમે છટાથી કુસુમરજ લઇ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે કચહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાંખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય.

પછી તેનાથી પાંડુની વૃત્તિ દાબ બહાર જાય છે તે વર્ણન પડમા શ્લોક સુધી ધીમે ધીમે કવિ કરે છે. પાંડુ અધીરો થાય છે, પણ કવિ કયાંઈ અધીર નથી થતો, પોતાના ભાવમાં એવો જ એકાગ્ર લીલામગ્ન રહે છે. ૨૯ શ્લોકના 'ચક્રવાક મિથુન'માં કરુણની પરાકાષ્ઠા ૨૬ મા શ્લોકમાં થાય છે. લગભગ દરેક કાવ્યમાં કરુણની સામગ્રી ભેગી થતી હોય ત્યાં વાંચનારને એ કરુણમાંથી બચવાનો કોઈ આશાતન્તુ દેખાય છે, અને એ તન્તુ તૂટતાં કરુણ વધારે ઘેરો અને નિરાશામય બને છે. તૃષાતુર મૃગબાલાને થોડીવાર વાદળાની છાયા મળે છે, પણ તે વાદળાની જ છાયા છે—ક્ષણિક છે. અતિજ્ઞાનમાં આંતર કરુણ વ્યથાને સાન્ત્વન આપવા સહદેવ દ્રૌપદીને આલિંગવા જાય છે. 'વસન્ત વિજય'માં પાંડુ અસહાય થાય છે તે પહેલાં સ્નાનથી તેની વૃત્તિ વિમલ ને સાત્ત્વિક થાય છે. પણ એ વૃત્તિને લીધે જ તે નિર્ભય બની માદ્રી પાસે જાય છે, એ વૃત્તિને લીધે જ માદ્રી પણ મોડી સાવ-

ચેત બને છે, અને સાવચેત બને છે ત્યારે માત્ર પાંડુની કરુણ દશામાં વધારો કરે છે. વળી દરેક કાવ્યમાં ભાવની પારાકાષ્ઠા થયા પછી તેનાં પરિણામો – તેના અનુભાવો એકાએક વેગથી વહી કોઈ વજ્રપાતથી કાવ્ય પૂરું થાય છે.

ભાવનિરૂપણની રીતિની ચર્ચા અહીં પૂરી થાય છે, તો રસનું પ્રકરણ હાથ લેતાં એક પ્રશ્નને અહીં સ્પર્શ કરવો પડશે. અંગ્રેજી સાહિત્યમાં કાવ્યની બે રીતિઓ સ્વીકારાય છેઃ ક્લાસિકલ (classical) અને રોમેન્ટિક (romantic). હજી આ અંગ્રેજી શબ્દોના સમાનાર્થ ગુજરાતી શબ્દો યોજાયા નથી. કોઈ બન્નેનો રૂપરંગથી નિર્દેશ કરે છે, કોઈ શિષ્ટ અને જીવનના ઉલ્લાસવાળી એમ કહે છે અને કોઈ શિષ્ટ અને આનંદલક્ષી કે એવા શબ્દો યોજે છે. હું સમજું છું ત્યાં સુધી અંગ્રેજ ટીકાકારોમાં પણ આના લક્ષણ સંબંધી સ્પષ્ટ વિચારો નથી. કયા કયા કવિઓ કઈ રીતિના છે તે સંબંધી પણ મતભેદ છે.[૧] એક પ્રસિદ્ધ અને બલવાન ટીકાકાર તો, આ, વસ્તુથી દૂર અપસરતી શબ્દાનુપાતી વિવરણ-પદ્ધતિનો પુષ્કળ ઉપહાસ કરે છે.[૨] એવી સ્થિતિમાં પશ્ચિમના શબ્દો વાપરવા મને યોગ્ય લાગતા નથી. હું માત્ર એટલું કહી શકું કે ક્લાસિકલ એટલે જો કાવ્યના આકાર–બાહ્યરૂપ માટેનો આદર, એવો અર્થ કરીએ તો તે કાન્તમાં છે. પણ આકારને લીધે કયાંઈ નીરસતા નથી આવી અને તેમણે જૂનાં રૂપોમાં ફેરફાર કરી નવાં સંવાદી રૂપોનો સફળ ઉપયોગ પણ કર્યો છે.

૧. The Nation and Atheneum, September 4th 1926. P. 644.

૨. Sir Arthur Quiller-Couch. On the terms 'Classical' and 'Romantic.' Studies in Literature.

જો રોમૅન્ટિકનો અર્થ રંગ, રંગનું તેજ એમ કરતા હોઇએ —અને આ શબ્દ અહીંથી જ અસ્પુટાર્થ લાગે છે—તો કાન્તમાં રંગ છે અને તે તેજસ્વી છે, પણ રૂપ વિનાનો નથી. વળી ક્લા-સિકલનો અર્થ એવો કરતા હોઈએ કે શબ્દે શબ્દનો બરાબર અર્થ થઈ રહે, તો કાન્તની શૈલી ક્લાસિકલ છે. રોમૅન્ટિકનો જો એવો અર્થ કરતા હોઇએ કે અર્થ, બધાનો એક સમગ્ર-રૂપે, બરાબર સ્ફુટ ન થાય, પણ તેમાંથી અસ્ફુટ મધુર વ્યંજના નીકળે તો કાન્તનાં 'ઉપહાર' 'કલાપીને સંબોધન' વગેરે થોડાંક જ કાવ્યો એવાં નીકળે. બાકી કાન્તનું વિશિષ્ટત્વ એ છે કે તેમાં દરેક શબ્દનો પદનો વાક્યનો અર્થ થાય છે અને તે સમગ્ર કાવ્યના વ્યંગ્યને પુષ્ટ કરે છે. પણ રોમૅન્ટિકનો માત્ર એટલો જ અર્થ કરીએ કે આપણે સાધારણ રીતે કરી ન શકીએ એવા ઊછળતા કલ્પનાતરંગો, તો કાન્તમાંથી એવું ઘણું મળી શકે:—

ઊંડાણોમાં પડી સુઈ જતો નિષ્ઠુરપ્રાણ કાલ
ચક્રવાક મિથુન

× × ×

નહાનાં નહાનાં વપુ ધરી શકે શોધતા એ દિશામાં,

× × ×

કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ ભ્રમણે જ્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો.

× × ×

વિશુદ્ધ સ્નેહનું જોડું વિશ્વ સૌંદર્યમાં વહે:
વિલાસી વિધુ ને તારા નભથી નિરખી રહે.
દેવયાની

× × ×

કૃતી માનું, દેવી ક્ષણ સકલ ને જીવન તણી;
પ્રમત્તાવસ્થામાં નજર પણ નાખું જગ ક્ષણી.

ઉદ્‌ગાર

અને તવ નેત્રમાં તે નેત્રનું પ્રતિબિંબ જોવાને
વખત હું ખોઉં તેવો શું, કહે તે એ ખુએ છે કે?

ચંદાને સંબોધન

'માનસસર' અને કદાચ 'મારી કીરતી' પણ એ વર્ગમાં જાય.

આથી વિશેષ હું આની ચર્ચા કરવા માગતો નથી. એમ કરવામાં કદાચ આધુનિક વાચકોની જિજ્ઞાસા પૂરી નહિ પાડતો હોઉં પણ કાન્તના પોતાના અભિપ્રાયની તો વધારે અનુકૂળ થાઉં છું જ. આ શબ્દોની એકવાર ચર્ચા થતાં તેમનાં કાવ્યો કઇ રીતિમાં ગણાય એ પ્રશ્નના સંબંધમાં તેમણે એમ કહેલું સ્મરણમાં છે કે આપણાં કાવ્યો પશ્ચિમનાં બધાં વર્ગીકરણમાં નાખવાં બિલકુલ આવશ્યક નથી.

કવિએ અનેક ભાવોનાં કાવ્યો લખ્યાં છે. મૈત્રીનાં અનેક સ્વરૂપોના ભાવોનાં કાવ્યો ઘણાં છે, કદાચ બીજા કવિઓ સાથે સરખાવતાં પ્રમાણમાં સૌથી વધારે છે. તે સિવાય પણ 'મારી કીરતી' અને 'માનસ સર' જેવાં કાવ્યોમાં હૃદયનો અદમ્ય ઊભરો ઉત્સાહ અને વેગ પ્રતીત થાય છે. 'અગતિગમન'માં હૃદયની નિગૂઢ વૃત્તિઓ અને વ્યાપારો સ્ફુટ થાય છે. સામાન્ય રીતે કહી શકાય કે આ બધા ભાવો પહેલાં કદી આપણા કાવ્યમાં પ્રગટ નહિ થયેલા એવા જ છે. પશ્ચિમના સાહિત્યના પરિચયથી જ કવિને આવા ભાવો વ્યક્ત કરવાની પ્રેરણા થઈ છે. તેમનાં કાવ્યોમાં કેવળ પ્રકૃતિવર્ણનનાં કાવ્યો નથી. તેમનાં કાવ્યોમાં પ્રકૃતિનું અચ્છું વર્ણન વારંવાર આવે છે પણ તે દરેક જગાએ

માનવ ભાવને વધારે વ્યક્ત કરવા અથવા માનવ ભાવ અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ બતાવવા. 'ચંદ્રાને સંબોધન' છે પણ ત્યાં વિષય દૂરસ્થ સ્વજન, જેનું ચંદ્રાથી સ્મરણ થયું છે, તે છે. 'સાગર અને શશી' પિતાની ભવ્યતાનાં જ ગાન ગાય છે. કલાને માટે કાન્ત કેવળ પ્રકૃતિ કરતાં માનવ સ્વભાવને વધારે ઉચિત ગણતા જણાય છે અને માનવસ્વભાવ સાથે વિશાલ સમભાવવાળા હૃદયમાં એમ જ બને એ સ્વાભાવિક છે *

બીજા ભાવો વિષે અહીં વિશેષ નહિ લખીએ. માત્ર કાન્તના પ્રેમ ઉપરના વિચારો જોઇશું. મૈત્રીભાવ પણ એક પ્રેમનું જ સ્વરૂપ છે. પણ અહીં દંપતીપ્રેમ તરફ જ લક્ષ આપીશું.

જગતના જીવનમાં છે તેમ, કાન્તની પ્રેમભાવનામાં સૂક્ષ્મ ઉપભોગ, મસ્તી અને વિલાસ એ સર્વને સ્થાન છે. તેના અનુક્રમે થોડા દાખલા લઇએ.

સૂક્ષ્મ ઉપભોગઃ

સદા સંભારશે એ માનસે પણ સ્નેહીને
તૃષા રહેશે સમાગમની તને જેવી તેવી ?
બધું તો રાખજે જૂનું નવું કંઈ સંભારી,
મળી નિજ વાસમાં વાતો સખી પડશે કહેવી.

રજની માગણી

" રજનિ મહિં સખી ઘણીક વેળા.
નયન મળે નહિ ઊંઘ જાય ચાલી;

---

*સરખાવો કીટસ (Keats)નું વાકય " Scenery is fine, but human nature is finer." Oxford Lectures on Poetry, p. 232. આ કવિની સાથે અમને કાન્ત ઘણી બાબતમાં મળતા આવતા લાગ્યા છે.

કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદન સુધાકરને રહું નિહાળી!"

અતિજ્ઞાન

મસ્તીઃ—

પ્રમત્તાવસ્થામાં નઝર પણ નાખું જગઋણી,

ઉદ્ગાર

વિલાસઃ—

પ્રાણો આપણાનો ત્યારે યોગ થયો,
અંગે અંગનો ઉત્તમ ભોગ થયો;
અને આખર આમ વિયોગ થયો!
મને સાંભરે આપણી રાત, સખી!

આપણી રાત.

પણ એ વિલાસ પણ અતૃપ્તિની લોલુપતાનો નથી, ખરા પ્રેમના ઉભરાનો છે. તેમાં માતા તરફનો આદર છે જે કેવલ સ્થૂલ સ્વાર્થી કામમાં ભાગ્યે જ એવો ઉન્નત હોય છેઃ—

શિરકેશ સુકોમલ સોહી રહ્યા,
સ્મિત જોઇને તારક મોહી રહ્યા;
કામધેનુ શી બાલક દોહી રહ્યા
તને મૂર્તિ મનોહર માશુકની!

મનોહર મૂર્તિ.

અને તેમાં સંયમ અને અતિ કોમલ માનવૃત્તિ પણ છેઃ

રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી;
"પ્રિયે સ્પર્શ કરું શું હું? અધિકાર જરા નથી!

અતિજ્ઞાન

અને

પ્રણયની પણ તૃપ્તિ થતી નથી;
પ્રણયની અભિલાષ જતી નથી;

ચક્રવાક મિથુન

એ શ્લોકમાં પ્રેમનો ગહનમાં ગહન અનુભવ આવે છે.

અત્યાર સુધી જે કાવ્યો જોયાં તે સુંદર છે રુચિકર છે. પણ કાન્તનું દર્શન તો તેમનાં કરુણ કાવ્યોમાં જ છે. દરેક કવિને પોતાનું દર્શન હોય છે. દર્શન વિના કવન સંભવે નહિ. સાધારણ મનુષ્યને જે રુચિકર સુંદર આહ્લાદક લાગે એને વાઙ્મય રૂપ આપે તે પણ કવિતા તો ખરી જ પણ કવિ કાન્તદર્શી પણ કહેવાય છે. સાધારણ માણસો જે જુએ છે તેની પાર જઈ, પોતાના વિશાલ સમભાવથી કવિ નવું જ અનુભવે છે. કાન્તમાં એ વિશાલ સમભાવ હતો અને તેથી તેમનો અનુભવ પણ અસાધારણ વિશાલ અને ગહન હતો. આ વિશાલ અનુભવને કવિ પોતાની કલ્પનાથી એક, સમગ્ર, કરી જોવા મથે છે. માત્ર બુદ્ધિથી તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી નહિ, પણ કલ્પનાથી એક કરી હૃદયમાં એક તરીકે તેને અંકિત કરવા મથે છે. સામાન્ય મનુષ્યમાં અને કવિમાં કલ્પના તો એક જ પ્રકારની હોય છે, કવિની કલ્પના વિસ્તારમાં મોટી હોય છે એ જ મુખ્ય ફરક છે. માણસ માત્રના અનુભવો એની કલ્પનાની વિશાલતા ઉપર આધાર રાખે છે. મહાવનમાં જે માત્ર એક એક ઝાડ જ જોઈ શકે તે ઝાડ જ જુએ છે તે વનની ગહનતા સમજતો નથી. જે ટૂંકી નજરે પર્વત જુએ છે તે પથરા જ જુએ છે પર્વતની ભવ્યતા અનુભવતો નથી. જે ટૂંકી નજરે દરિયો જુએ છે તે માત્ર પાણી જ જુએ છે, તે સાગરની વિશાલતા, ગહનતા, ભવ્યતા, નિરવધિ બલ સમજવાનો નથી. અને જે સમજતો નથી તે કવી શકવાનો નથી. આવા કાન્તદર્શી કવિઓ જ, જેઓ પોતાની પાર, પોતાની જાતિની પાર, પોતાના જમાનાની પાર જઇને જોઈ શકે છે, અને જોયેલું અનુભવેલું કવી શકે છે, તેઓ જ સાહિત્યમાં અમર પદ પામે છે.

કાન્તનું દર્શન કાવ્યમાં કરુણ રૂપે વ્યક્ત થાય છે. વિશાલ કલ્પનાથી જગતને જોતાં તેમને જગતની યોજનામાં કોઈ અસહ્ય વિષમતા પ્રતીત થાય છે, એ યોજનાની નીચે કોઈ ક્રૂર અસહ્ય અન્યાય તેમને જણાય છે. કવિનું હૃદય એ અન્યાય સામે લડત ચલાવે છે, એ વિષમતાનું સમાધાન કરવા મંથનમાં પડે છે અને સમાધાન ન થતાં જગતના અન્યાય માટે કરુણમાં દ્રવે છે.

તેમનાં કરુણ કાવ્યો લગભગ બધાં જ ખંડકાવ્યો છે. સૌથી નાની વયમાં લખેલું કદાચ 'મૃગતૃષ્ણા' છે. મધ્યાહ્નના ઉગ્ર તાપમાં એક મૃગબાલા બિચારી તૃષાથી વિહ્વલ થઈ પાણી માટે દોડાદોડ કરે છે. અને વિધિની વિષમતા તો જુઓ! આ બાલાને પીવાનું પાણી નથી મળતું ત્યારે માણસો ધારાગૃહોમાં જલક્રીડા કરે છે. વિધિ કેટલો કદરહીન! નિર્દોષને બચાવવાને પાણી પણ ન આપે! જગતમાં આવી વ્યવસ્થા ચાલતી હોય તો જગત્કર્તાને દીન-દયાલ શી રીતે કહી શકાય?

દિસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં!
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ લે નહીં?

કેટલાંક શાસ્ત્રો કહે છે કે દુઃખ એ પાપની સજા છે. પણ

અરે! આ કોમલાંગીએ કેવાં પાપ કર્યાં હશે!

આ નિર્દોષ બાલા કયાં પાપ કરવા ગઈ હતી? અને કર્યાં હોય તો પણ—

કર્યાં હોય, તથાપિ આ ક્રૂર શિક્ષાથી શું થશે?

શિક્ષા તો પાપીને સુધારવાને માટે હોય ના! આ તો પાપીને બસ મારી જ નાખવાની વાત! અને તે પણ પાણી ન પાવા જેવી ક્રૂર રીતે! કવિને આ કશું સમજાતું નથી. બધાં માણસો

પરમ દયાળુ પરમ ન્યાયી ઈશ્વરમાં જે સાંત્વન લે છે તે કવિને અલભ્ય થઈ પડે છે અને તેની નિરાશામાં કવિ ઉદ્‌ગારો કાઢે છેઃ—

નથી ઈશ્વર દુઃખીનો : થયું જે જે હતું થવું.
દુનિયામાં હવે શાને, અરેરે! હાય જીવવું.

'રમા' માં પણ કરુણ જ છે અને તે જુદી જાતનો છે; જો કે અંત, કરુણ નથી અને આખું કાવ્ય કરુણ ભાવને યોગ્ય ઉઠાવમાં મૂકી શકતું નથી.

વ્યોમથી જલની ધારા જોરમાં પડતી હતી;
ઢળી પલંગને પાયે સુંદરી રડતી હતી;

શા માટે?

આષાઢી કૃષ્ણ રાત્રિના બાર વાગી ગયા હતા;
પતિની રાહ જોવામાં બે કલાક થયા હતા!

પતિ બે કલાક મોડા આવે એ અહીં કરુણનું કારણ નથી. એમ હોત તો ઉપહસનીય કરુણાભાસ થાત. પણ કરુણનું કારણ માનવી લગ્નજીવનમાં રહેલી એક ગૂઢમાં ગૂઢ વિષમતા છે.

" લગ્નના દિવસમાં નવી હતી,
ઠીક તેથી રમણીય લાગતી;
આપ તો પણ હતા જ તે રહ્યા.
માહરા ગુણ બધા ગયા વહ્યા!

સ્ત્રીની નવીનતાનો મોહ ઊતરતાં પુરુષનો સ્નેહ મંદ થાય છે; સ્ત્રી બિચારી એના એ જ સ્નેહથી ચાહ્યા કરે છે,—તેનો સ્નેહ વધતો જાય છે. સ્ત્રીપુરુષના સ્વભાવમાં રહેલી આ વિષમતા લગ્નજીવન, જે ઉપર સમસ્ત વ્યવહારનો આધાર છે, તેને રોમરોમ વિષમય કરી નાંખે એવી નથી? એ જ અહીં કરુણનું કારણ છે.

સામાન્ય રીતે માણસ માને છે કે દુનિયામાં દુઃખ હોય પણ કલ્પનાવિહારમાં તો માત્ર સુખ જ હોય! ત્યાં તો બધું સુંદર સુંદર જ હોય! ક્રાન્તદર્શી કલ્પનાથી કવિને ઊલટો અનુભવ થાય છે. કવિની હૃદયરાજ્ઞી કવિતાની દાસી કલ્પના કવિને દુનિયાંની રચના જોવા લઈ જાય છે. કવિ એક સુંદર ગિરિપ્રદેશ જુએ છે. ત્યાં દૂરથી એક દોડતો આવતો કસ્તૂરીમૃગ જુએ છે જે

વૃત્તિની કૈં ખબર ન પડે, એ પ્રમાણે હસે છે!

એ મૃગ કોઈ સંગીત તરફ આકર્ષાઈ ઘસ્યો જતો હતો. કોઈ ગારૂડી, પારધી અસામાન્ય છટાથી બીન બજાવતો હતો. મૃગને જોઈ તેનું ચિત્ત કસ્તૂરીમાં લુબ્ધ થતાં બીનનો નાદ મંદ પડે છે. એ નાદ સાંભળવા બિચારો મૃગ દરેક નાડીને ફૂલાવીને તંગ કરે છે. તે પ્રાણુદાન દેવા તૈયાર છે, માત્ર મરતાં સુધી સંગીત સાંભળવાની તેની એક યાચના છે. પણ પારધી તો શર મારવાની તૈયારીમાં જ પડ્યો છે. કવિને આ અસહ્ય લાગે છે. તેને શિક્ષા કરવાની ઇચ્છા થતાં કલ્પના શસ્ત્ર આપે છે. કવિ તેને તરવાર મારે છે. પણ તેથી શું? બીન તો ન જ બચ્યું અને તે પડતાં મૃગ મૂર્ચ્છિત થયો. હવે કવિ પાસે ઉપાય ન રહ્યો. આ નિર્દોષ રાગબદ્ધ મૃગ, તેને સંગીતથી ખેંચવાની શક્તિ નિષ્ઠુર પારધીમાં, અને સૌથી ખરાબ તો એ કે પાપીને સજા કરતાં પણ નિર્દોષને તેની પૂર્વની સ્થિતિમાં મૂકી ન્યાય આપી શકાતો નથી. જગતની રચનામાં સજા શક્ય છે, ન્યાય શક્ય નથી! કલ્પના આ વિષમતા બતાવી આપે છે, તેનો ઉપાય બતાવતી નથી. આટલે લાવ્યા પછી

કલ્પના જાય છે ઊડી, એકલો રહી જાઉં હું!

તૃષાકુલ મૃગી અને રાગબદ્ધ મૃગની કરુણાવસ્થા થઈ

તેનું કારણ તો કદાચ એમનામાં માનવ જેવું જ્ઞાન નથી એ હોય. એ મૃગ અને મૃગી પણ વાસ્તવિક રીતે તો માનવ નિર્દોષતા અને માનવ રાગષ્વતાનાં પ્રતીકો જ છે. પણ તેમનામાં માનવજ્ઞાનનો આરોપ કવિએ નથી કર્યો એ ખરું. તો હવે માનવજ્ઞાન જોઇએ—માત્ર જ્ઞાન શા માટે અતિજ્ઞાન જોઇએ, એને માટે કવિએ કરેલી વસ્તુ અને નાયકની પસંદગી અતિ ઉચિત છે. સહદેવનું અતિજ્ઞાન, ત્રિકાલજ્ઞાન સુપ્રસિદ્ધ છે. તેને જ્ઞાન છે પણ તે જ્ઞાનનો ઉપયોગ કરવાની મના છે. તેનું જ્ઞાન જગતને ઉપયોગી થઈ શકતું નથી, અરે! તેનાં સ્વજનોને, તેને પોતાને ઉપયોગી થઈ શકતું નથી. આ જ્ઞાનથી બીજાં માણસો જે વિપત્તિ પતન પછી જ અનુભવે છે તેને તે પતન પહેલાં પણ અસહ્ય ચિંતારૂપે ભોગવે છે. અને એ ચિંતા કોઇને કહેવાય નહિ ને સહેવાય નહિ! આવી ચિંતામાં તેને એક સાન્ત્વન હતું, જે રમણીના પ્રેમના સદ્‌ભાગી પુરુષને હોય છે—સૌંદર્યનો સાત્ત્વિક ઉપભોગ. પણ અહીં તો દ્રૌપદીનું જ ભયંકર અમાનુષ અપમાન થવાનું છે અને પોતે તેનું રક્ષણ કરી શકનાર નથી, ત્યાં તેનાથી એ ઉપભોગ શી રીતે થાય!

પ્રિયે! સ્પર્શ કરું શું હું, અધિકાર જરા નથી.

નિરાશાનો ઉપાય માત્ર એક રહ્યો છે. એ જ્ઞાનને જ બેશુદ્ધિમાં ડુબાવી દેવું. અંતે આ ત્રિકાલજ્ઞાની જ્યોતિષી કોઈ જલદ ઘેન લઈ પી જાય છે, જેની ગંધથી જ સતી તો બેભાન થઈ જાય છે. આ અતિજ્ઞાનની દશા!

આ અપૂર્ણતા માત્ર અતિજ્ઞાનની નથી. માણસના જ્ઞાન માત્રમાં કંઈક એવી અપૂર્ણતા છે કે તે બરાબર જીવનવિગ્રહમાં પડ્યો હોય ત્યાં, કર્ણનાં અસ્ત્રોની પેઠે, તે તેને કામ આપી શકતું

નથી; દુનિયાંમાં એવું કૈંક છે જે માણસ જેટલું જ્ઞાનવાન નથી, છતાં જ્ઞાનવાન માણસને યુદ્ધમાં હરાવે છે. આ સત્ય 'વસંતવિજય'માં પ્રતીત થાય છે. તેનું પણ વસ્તુ મહાભારતમાંથી લીધું છે. પાંડુ રસિક છે, પત્ની તરફ તેને ઘણો પ્રેમ છે છતાં એ પ્રેમનો રસાસ્વાદ એ જ એનું મૃત્યુ છે. આ ઘટનાનું કારણ જે શાપ હતો તે વસ્તુ કવિ આપણને કહેતો નથી કારણ કે કાવ્ય-નિષ્પાદ્ય કરુણમાં તે બાધક છે. તેણે એવો રસાસ્વાદ લેતા મૃગયુગલને માર્યું હતું એમ જો વાંચનારના મનમાં સ્ફુટ વિચાર આવે તો તેને પાંડુનું મરણ પણ કરુણ છતાં ન્યાયી લાગે. અને તેથી કવિને વિષમતામાંથી જે કરુણ ધ્વનિ કરવો છે તે ન થાય. માટે એ શાપની હકીકત બહુ જ દૂર રાખી પાંડુ અને કુન્તા તથા માદ્રી વનમાં રહેતાં હતાં ત્યાંથી કાવ્ય શરૂ થાય છે. ત્યાં કામીઓને ઉન્માદક વસન્ત ઋતુ બેસે છે. સવારથી જ સ્વપ્ન અને ઉજાગરાથી તેનું ચિત્ત આજે અસ્વસ્થ હતું. તેમાં પાછું 'માદ્રીવિલાસ' સરોવર, માદ્રીના નામથી તેના મનને વધારે સંક્ષુબ્ધ કરે છે. રાજા સ્નાન કરી નિત્યકર્મમાં જોડાઈ સ્વસ્થ થાય છે. કુંતાજી કોઈ કારણથી આજે હાજર નથી. માદ્રી એકલી શું કરતી હશે એવા સામાન્ય વિચારથી રાજા માદ્રીની પર્ણકુટીમાં જાય છે. અજ્ઞાત રીતે તે વસન્તના પ્રભાવ નીચે આવે છે, તાપસ મટી ભર્તા, સ્વામી થાય છે, સ્ત્રીની સાથે વનમાં વિહાર કરે છે. કોકિલકૂજન સાંભળીને તેને પ્રિયાની પંચમદૃષ્ટિમાં નાહવાની ઇચ્છા થાય છે. શંકાનું કારણ ન જાણવાથી માદ્રી સંગીત શરૂ કરે છે. એ દિવ્ય રાગથી સ્થાવરજંગમાત્મક લોક માત્ર સ્નેહરસથી આકર્ષાઈ વિહરે છે. રાજાને ભાન થાય છે કે પોતે પણ ખેંચાવા લાગ્યો છે. મનને અંકુશમાં રાખવા પ્રયત્ન કરે છે. રાણી પણ રાજાની વિકૃતિ જોઈ સંગીત બંધ કરે છે. રાજાની ક્ષુબ્ધતા તેથી ઊલટી વધે

છે. રાણી ધણીએ શાન્તિ રાખવા વીનવે છે, શાપની યાદ આપે છે પણ રાજા વધારે વિહ્વલ થતો જાય છે. એ વિહ્વલતા અસહ્ય બનતાં અતિદીન સ્વરે સ્પર્શસુખની યાચના કરે છે. રાજાએ કચારનો વૃત્તિઓ પરનો અધિકાર ખોયો હતો અને હવે રાણી પણ વિચાર કરી શકતી નથી, રાજાની ઇચ્છાને અધીન થાય છે. ત્યાં જ દંપતીજીવન એકાએક પૂરું થાય છે, એમ બતાવતું કાવ્યનું વર્ણન પણ ત્યાં જ સ્તબ્ધ થઈ જાય છે.

નૈતિક મંથનમાં માણસ પોતાની અધમ વૃત્તિ સાથે લડતાં હારજીત મેળવતો જેમ કોઇવાર છેવટે હારી જાય છે તેમ અહીં પણ પાંડુ પોતાની વૃત્તિ સાથેના યુદ્ધમાં હારી જાય છે અને એ વૃત્તિ જ એને ઉથલાવી પાડે છે. પણ નૈતિક યુદ્ધનો ચિતાર આપવો એટલું જ આ કાવ્યનું રહસ્ય નથી. તેમ જ માણસનું જ્ઞાન એકલું માણસનું રક્ષણ કરવા સમર્થ નથી એટલું જ અહીં ઉદ્દિષ્ટ નથી. કવિને એ બતાવવું છે કે હારજીત કોની કોની વચ્ચે થઈ તે જુઓ. એક બાજુ રસિક પ્રણયી ચેતનવાળો પાંડુ છે અને બીજી બાજુ વસન્ત છે, જેને નથી ચેતન, નથી રસ, નથી પ્રેમ કે દ્વેષ. સૃષ્ટિની રચનામાં કયાંક એવું કોઇ ગૂઢ અચેતન બલ રહેલું છે જે માણસને, જ્ઞાનવાન પ્રણયી ચેતનવન્તા માણસને હરાવી દે છે. જગતની યોજનાની જ આ વિચિત્રતા છે.

'ચક્રવાક મિથુન'નું વસ્તુ 'મૃગતૃષ્ણા' અને 'કલ્પના અને કસ્તૂરીમૃગ'ની પેઠે કવિસમયમાંથી લીધું છે. ચક્રવાક અને ચક્રવાકીને અત્યન્ત પ્રેમ છે પણ રાત્રિએ બન્નેને વિયોગમાં રહેવું પડે છે એવો કવિઓનો સમય છે. કાન્ત આ જ સમયમાંથી એક જોડું કલ્પે છે. તેમની વચ્ચે પહેલેથી પ્રેમ શરૂ થાય છે, અને વખત જતાં તે ગાઢ થતો જાય છે.

પણ પ્રેમ શરૂ થયો ત્યારથી જ રાત્રિવિયોગ પણ શરૂ થયો હોવો જોઇએ. ત્યારે કાલ જતાં એ વિયોગ સહન કરવાની ટેવ ન પડી જાય! કવિ કહે છે ના, પ્રેમ વધતો જાય તેમતેમ એ વિયોગ વધારે અસહ્ય લાગતો જાય. પ્રેમ અનંતકાલમાં વિહરનાર ભાવ છે.

સમયનું લવ ભાન રહે નહીં:
અવધિ અંકુશ સ્નેહ સહે નહીં:

આ ચક્રવાકમિથુન પ્રેમની આવી પરાકાષ્ઠાએ પહોંચેલું છે. તેમનાથી વિયોગ સહન થતો નથી. સૂર્ય પશ્ચિમ તરફ નમતો જાય છે તેમતેમ સૂર્યના તેજમાં રહેવા દંપતી ઊંચે ઊંચે ચડતાં જાય છે. આ નિત્યપાતી વિરહમાંથી બચવા ચક્રવાકી પતિને સૂચના કરે છે:—

ચાલો એવા સ્થલ મહિં, વસે સૂર્ય જેમાં સદૈવ;
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ.

પણ આ સ્થિતિમાંથી બચાય તેમ નથી. ચાલુ જમાનાની શોધખોળો પણ તેમને બચાવી શકે તેમ નથી. ધીટ ચક્રવાક, ઉત્તર ધ્રુવપ્રદેશને અનુલક્ષીને, જવાબ આપે છે:—

લાંબા છે જ્યાં દિન પ્રિય સખી! રાત્રિએ દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની, હાય! આશા જ કેવી!

જ્ઞાનમાં ભલે ગમે તેટલી પ્રગતિ કરો પણ જગત ઉપર જ્યાં સુધી આવું કોઈ નિષ્ઠુર 'ઐશ્વર્ય' ચાલે છે ત્યાં સુધી પ્રણયસુખની આશા જ કેવી?

આશાનો નહિ પણ નિરાશાનો એક ઉપાય ચક્રવાક બતાવે છે. નીચે પડી આ વિરહ અને આ વિરહદગ્ધ જીવન બન્નેનો ત્યાગ કરવો. દ્વિજયુગલ રવિતેજ જોવા ઊંચે ચઢાય તેટલે ચઢેલું

હતું ત્યાંથી આંખો મીંચી પડતું મૂકે છે. ફરીને આંખો ઉઘાડે છે તો તેમને કંઈ પ્રકાશ જેવું દેખાય છે. પણ તે પ્રકાશ માત્ર આભાસ છે. તેમણે પડીને પ્રેમની ખાતર જીવનનો ભોગ આપ્યો પણ તેથી કશું વળ્યું નહિ. એ પ્રકાશને દેખીને તે પ્રકાશની આશાએ વધારે વેગથી પડ્યાં—પડવાની ગતિના નિયમે પણ પડવાનો વેગ વધતો જ જાય—પણ તેથી આ ખરી દુનિયાંમાં તેની કશી અસર થઈ નહિ, તેમના જવાથી એ શૂન્ય અવકાશ એનો એ રહ્યો, માત્ર એ દંપતીમાં હતું તેટલું ચેતન હોલવાયું:—

અમિત એ અવકાશ તણી મહીં,
ક્યહિં ય ચેતન એક દીસે નહીં.+

કરુણરસ નિષ્પન્ન કરવાની કાન્તની રીતિ અભ્યાસ કરવા યોગ્ય છે. તેમના કરુણમાં માત્ર ઇષ્ટ વસ્તુનો નાશ એ જ વિભાવ, રસનું કારણ નથી. કવિ જગતમાં રહેલી કોઈ ગૂઢ પણ વ્યાપક

+ આ જૂનો પાઠ છે. નવા પાઠમાં

ક્યહિં અચેતન એક દીસે નહીં.

એમ કર્યું છે તેથી અર્થ ઉપર આપ્યો તેથી વિપરીત જ થાય છે, એ દંપતીના આત્મભોગથી સર્વત્ર ચેતનમય થઈ ગયું, એવો થાય છે. જુઓ ટિપ્પણ. પૃ. ૧૯૫ થી ૧૯૭ની ટીપ.

શ્રી. નરસિંહરાવભાઈ એમની વિવર્તલીલામાં જૂના પાઠનો પણ એ જ અર્થ કરે છે (જુઓ ટિપ્પણ પરિશિષ્ટ), પણ ઉપર બતાવી તે ટીપમાં આપેલ કાન્તમાલાના પત્રના અવતરણથી પ્રથમના પાઠનો અર્થ ચૈતન્યના નાસ્તિપક્ષે હતો તેમાં સંશય રહેતો નથી. શ્રી. નરસિંહભાઇએ, **द्वा सुपर्णा सयुजा सखाया**ની સુંદર કલ્પનાથી આકર્ષાઈ 'ચક્રવાક મિથુન'માં પણ એ અર્થ આરોપ્યો છે. પણ એ કલ્પિત અર્થ પણ કવિએ સુધારેલા પાઠને ઇષ્ટ છે, માટે વિચારી જોવા જેવો છે.

વિષમતાનું આપણને ભાન કરાવે છે. ધ્વનાશ પણ વિષમ તો છે. 'વિષમ'જ તેનું તદ્‌ભવ 'વસમું' લાગે છે. કોઈ વસમી આપત્તિથી હૃદય ઘાયલ થાય ત્યારે મૃદુ થઈ દ્રવે. પણ કાન્તનાં કાવ્યોમાં માત્ર આમ થતું નથી. તેમનાં કાવ્યમાં માત્ર અસહ્ય વિષમતા એ વિભાવ નથી પણ એ વિષમતામાં અન્યાય છે, તેમાં જગતની યોજનાની અપૂર્ણતા છે એ સામે કવિમાનસની ફરિયાદ છે, પોકાર છે, અને એ અન્યાય સામે કવિમાનસ લડતું લડતું કરુણ નિષ્પન્ન કરે છે. તેનો નાયક એ વિષમતા સામે યુદ્ધ કરતો સહૃદયમાં સમભાવ, આદર, બલ અને આશ્ચર્ય ઉત્પન્ન કરતો વિપત્તિ પામે છે. કરુણમાં વીર અને અદ્‌ભુતના મિશ્રણથી ભવ્યતા આવે છે. ચક્રવાક અને ચક્રવાકી રાત્રિવિરહમાં દીન થઈ જો માત્ર કલ્પાન્ત કરતાં ચીતર્યાં હોત તો તેથી પણ કરુણ નિષ્પન્ન થાત પણ આ યુગલ એમ ન કરતાં વિષમતા—અન્યાયની સામે સર્વાત્મથી લડે છે અને એમાં પોતાના ઐહિક જીવનનો ભોગ આપે છે. 'વસન્તવિજય'માં પાંડુના મરણથી માદ્રીને કલ્પાન્ત કરતી ચીતરી હોત તો મૃદુ કરુણ નિષ્પન્ન થાત પણ કાવ્યમાં એ અંધ ચેતનહીન અર્થહીન વસન્તબલ સામે થતો, તરફડિયાં મારતો અને અંતે માનવ મર્યાદાને વશ થઈ મૃત્યુને ભેટતો આપણે પાંડુને જોઈએ છીએ. 'અતિજ્ઞાન'માં સહદેવ એ જ રીતે પોતાના જ્ઞાનની વિષમ મર્યાદા સામે લડતો અને વ્યર્થ પ્રયત્નો કરતો કરુણ અવસ્થામાં ડૂબે છે. 'મૃગતૃષ્ણા'માં મૃગી અને 'કલ્પના અને કસ્તુરીમૃગ'માં મૃગ વસ્તુસ્થિતિની સામે થઈ શકે તેમ નથી પણ એ સ્થિતિના અન્યાય સામે કવિમાનસ એવો જ ક્ષોભ અને તડફડાટ અનુભવે છે. આ રીતિ આપણાં કાવ્યશાસ્ત્રમાં સ્પુટરૂપે સ્વીકારાઈ જણાતી નથી. આ કરુણ, વીર અને અદ્‌ભુતના મિશ્રણથી સામાન્ય રીતે 'કરુણ' ગણાતા કરુણથી ભિન્ન

રસાસ્વાદ આપે છે અને પશ્ચિમમાં ટ્રેજિક (tragic) ગણાતા રસને વધારે મળતો આવે છે. પણ આ પ્રકારનો ક્ષોભ આપણાં કાવ્યોમાં કોઈ રીતે અસંગત નથી. સ્ફુટ સ્વીકારાયા વિના પણ તેની ઝાંખી ઘણી જગાએ થાય છે. બીજા દાખલા ન શોધતાં કહી શકીએ કે ક્રૌંચમિથુનમાંના એકના વધથી આદ્યકવિ વાલ્મીકિનો "શોક શ્લોકત્વને" પામ્યો તેમાં આવો જ ક્ષોભ અને પુણ્યપ્રકોપ હતો. ઉ૨૧,૧૨.

કરુણનો શામક શાન્ત છે. શોકથી ક્ષુબ્ધ થયેલું હૃદય કોઈ મહા સત્યમાં સાન્ત્વન શોધે છે. જગતની વિષમતાથી ક્ષુબ્ધ થયેલું હૃદય વધારે ઊંચે ચડે છે અથવા આત્માના ગહનમાં વધારે ઊંડે ઊતરે છે અને એવું કોઈ વિશાલ સત્ય શોધી કાઢે છે જેમાં વિષમતાના બન્ને વિરોધી અંશોનું સમાધાન થઈ જાય.

કાન્તમાં પણ એ જ રીતે શાન્ત પ્રગટે છે. તેમને વિરોધનું સમાધાન થાય છે. જગત પરની અપૂર્ણતાઓ સ્વામીના ધામમાં પૂર્ણ થવાની છે એવી એમને અચલ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. આ શ્રદ્ધામાંથી કાવ્યનાં 'સૃષ્ટિકવિશદ' 'શાન્ત સદાશિવ નીર' અવતરે છે. પણ હવે એ નીર ઓસરી ગયાં છે. મંથનના તાપમાં તેનાં બલ વિપુલતા સોસાઇ ગયાં છે. કાવ્યની મધુરતા એની એ જ છે પણ સંગીતનું પ્રાધાન્ય, વિસ્તારની અલ્પતા, પંક્તિઓનાં પુનરાવર્તનો વગેરે સ્રોતની ક્ષીણતાનાં ચિહ્નો જણાવા લાગે છે. વળી ક્રિશ્ચન સંપ્રદાયના વિચારો અને ભાવનાઓને બને ત્યાં સુધી મૂળ રૂપમાં જ રાખવાના આગ્રહથી અને ક્રિશ્ચન ધર્મશાસ્ત્રની કથાના અંતર્ગત ઉલ્લેખથી કેટલાંક કાવ્યો સામાન્ય ગુજરાતી વાચકને રસોદ્બોધક થઈ શકે એવાં

નથી. 'કાર્ડિનલ ન્યુમેનની પ્રાર્થના' કે 'સખીને આમંત્રણ' જેવાં કેટલાંક સંગીત કાવ્યોમાં અદ્‌ભુત સફળતા મળી છે, પણ રસનું અધિકરણ અનેક સૈકાથી સિદ્ધ થયેલું વાચકનું હૃદય છે અને ગુજરાતમાં ક્રિશ્ચન સંપ્રદાયના વિચારો અને ભાવનાઓ એના એ સ્વરૂપમાં હજી રસોદ્‌બોધક થયાં નથી.

કાન્તની એ ગહન સરસ્વતી એકાએક કેમ લુપ્ત થઈ ગઈ! —ગહન શબ્દ એમનાં કાવ્યોને બરાબર યોગ્ય છે. એમના અનુભવો ગહન છે, એમનાં મન્થનદુઃખો ગહન છે, એમનાં કાવ્યોમાં ભાવો ગહન છે અને એમનાં કાવ્યોમાં એ શબ્દ જ વારંવાર આવે છે.—એ ગહન જલો એકાએક કેમ અટકી પડ્યાં! 'એ માગ્યા વગર સ્તોત્રો ઉપર સ્તોત્રો વરસાવતો' મેઘ કેમ અદૃશ્ય થયો! કાન્તના કાવ્યરસનું વિશેષ પાન કરવાની ઇચ્છાના જ આ ઉદ્‌ગારો હોય તો તેને માટે કંઈ કહેવાનું નથી. એટલું જ કે એ ઉદ્‌ગારો સ્વાભાવિક છે. પણ જો એના ગર્ભમાં કાન્ત ઉપર જરા પણ આક્ષેપ હોય તો તેનો ઉત્તર આપવો જોઈએ.*

* આવો પ્રશ્ન અંગ્રેજ કવિ કોલરિજ વિશે પૂછાયો છે. તેથી તેને વિશે જરા વિશેષ લખવું અપ્રસ્તુત નહિ ગણાય. તેણે The Ancient Mariner કરીને એક અદ્વિતીય કાવ્ય લખ્યું જેનો જોડ શેકસપિયરથી પણ વધારે ચમત્કારી ગણાય છે. તે પછી Christabel અને Kubla Khan બે કાવ્યો આરંભ્યાં પણ કદી તે પૂરાં કરી શક્યો નહિ. કેટલાક વાચકો તેના કાવ્યની સ્તુતિ કરી પછી તરત જ પ્રશ્ન પૂછે છે: 'પણ તેણે વધારે કેમ ન લખ્યું? જો તેણે વરસોવરસ એવું એકાદ કાવ્ય જ આપ્યું હોત તો અંગ્રેજી સાહિત્ય કેટલું સમૃદ્ધ થાત?' આ અણસમજના પ્રશ્નને અણસમજનો ઉત્તર મળી રહે છે. કોલરિજે પછીની વયમાં અફીણસેવન આરંભ્યું, તેની કર્તવ્યબુદ્ધિ નિર્બળ થઇ ગઇ, તેની કલ્પનાની પાંખ નબળી પડી ગઈ, અને કાવ્યના પ્રયત્નો

મણિભાઇના જીવનના બનાવો ટાંકીને એમ કહેવું સહેલું છે કે તેમણે ફિલસૂફી અને ધર્મની શોધમાં ન પડતાં કાવ્યમાર્ગે જ પ્રગતિ કરી હોત તો વધારે સારું. પણ આપણે જાણવું જોઇએ

બધા નિષ્ફળ ગયા. કોલરિજનો મિત્ર વર્ડઝવર્થ મહાન કવિ થઇ ગયો અને કોલરિજે પોતે કાવ્ય છોડી તત્ત્વજ્ઞાન હાથમાં લીધું. પછી તેની લાંબી જીવનસંધ્યામાં અફીણનું સેવન, મિત્રો સાથે ઝઘડા અને વળી પુનઃસંબંધ, દેશાન્તરમાં રખડપટ્ટી અને પાછું સ્વદેશગમન, વ્રતો અને વ્રતભંગો, થોડી સ્વસ્થતા અને પાછા ઊથલા નિરાશા સિવાય કશું રહ્યું નથી.

પણ કવિમાનસને સમજનાર ટીકાકારે તેને ન્યાય આપ્યો છે. તે કહે છે કે એક નવું કાવ્ય લખવામાં જ કોલરિજને શ્રમ પડયો તે એટલો બધો હતો કે તેની બધી શક્તિ તેમાં જ ખપી ગઈ. અને માણસની શક્તિને મર્યાદા ન હોય એવું કહી બન્યું છે ?

આ આખો પારિગ્રાફ ઉતારવો ઉચિત ધારું છું:--

" All this is true enough, or at least can be made convincing by any one who sets forth the story of Coleridge's subsequent aberrations. But before we blame his weakness let us ask ourselves if it be conceivably within one man's measure to produce a succession of poems on the plane of The Ancient Mariner; and, next, if—the magic granted, as it must be granted—it would not almost necessarily exhaust a man. In other words, let us enquire if, in a man who performed that miracle, his failure to perform others may not be more charitably set down to a divine exhaustion than charged upon his frailities.....In his

કે એ કાવ્યો પણ, જે સત્યની ખોજ તેઓ કરતા હતા તેમાંથી જ ઉદ્‌ભવતાં હતાં. અને એ સત્યની ખોજે જ ધર્મમંથનનું રૂપ પકડયું. મણિભાઈના પત્રોમાંથી સાબિત કરી આપવું સહેલું છે કે કેવળ આવેશમય ન બની જતાં તટસ્થ રહી વસ્તુઓની પરીક્ષા કરવાની તેમણે ટેવ પાડી હોત તો તેમને અને ગુજરાતી સાહિત્યને ઘણો લાભ થાત. પણ વસ્તુઓ સાથે સર્વાંતમથી સમભાવ કરવાની ટેવથી જ તેમનું હૃદય સમૃદ્ધ બનતું, જેનાથી તેમનાં કાવ્યો વિશાળ સમભાવવાળાં અને માત્ર પરલક્ષી જ નહિ પણ જગલ્લક્ષી થયાં છે+

struggles to finish it (Christabel) he was fighting against stronger adversaries than opium; against fate and a providence under which things being what they are, their consequences will be what they will be." Sir Arthur Quiller-Couch. Studies in Literature. p. 222, 223.

+ કાન્ત પોતે જ એક પત્રમાં લખે છે:—

"I have told you in self-disparagement that I was very impressible. Many and various things attract me and sometimes I might be admiring contradictory things. But this I think is a gain that I can sympathetically view more things than some of my friends can. And besides it gives richness to one's feelings when he hears agreeable responses in various quarters."

(કાન્તમાળા પૃ. ૨૯૩. ભાષાન્તર માટે જુઓ પૃ. ૨૯૪) આની

તેમનો કાવ્યસંગ્રહ ઘણો નાનો છે તેનું કારણ તેમના જીવનમાંથી ગમે તે શોધીને બતાવી શકાય. પણ આપણે જાણવું જોઇએ કે કવિની સર્જકશક્તિને પણ સીમા હોય છે. હરકોઈ ઉત્તમ સર્જનમાં તેની શક્તિનો કેટલો વ્યય થતો હશે તે આપણે શું જાણીએ? તેમાં પણ કાન્તને તો બધી બાબતમાં નવું જ પ્રસ્થાન કરવાનું હતું. તેમને જે ભાવો વ્યક્ત કરવાના હતા તે નવા જ હતા—હજી સુધી ગુજરાતી સાહિત્યમાં નહિ પ્રગટ થયેલા હતા. ભાષા વગેરે હજી તેને અનુકૂલ કરવાનાં હતાં. અને એ સર્વ જોતાં કાન્તે જે કર્યું છે તે કાંઈ ઓછું નથી. દલપતશૈલીના પ્રયત્નો જતા કરતાં, તેમણે પ્રથમ સ્વતંત્ર કાવ્ય 'મારી કીરતી' ૧૮૮૬ માં લખ્યું. તે પછી ૧૮૮૯ માં બાવીસ વરસની ઉંમરે તો સાહિત્યમાં નવો ચીલો પાડનારું 'વસન્ત વિજય' સર્વાંગસુંદર બહાર પડ્યું. તે પછી ૧૮૯૦માં 'ચક્રવાક મિથુન' એવું જ ભવ્ય. તે જ વરસમાં 'ઉદ્‌ગાર' —નવો જ ભાવ નવી જ શૈલી. 'દેવયાની' એ જ અરસામાં આરંભાયું. ૧૮૯૧માં પ્રથમ પત્ની સૌ. નર્મદાનું અવસાન અને એ વરસે શ્રી. નરસિંહરાવ સાથેની વાતચીતમાં મણિભાઈ

પ્રસાર્થે સરખાવો અંગ્રેજ કવિ કીટ્સ વિશે મિ. બ્રેડલીનો અભિપ્રાય:—

'Keats had the impulse to interest himself in everything he saw or heard of, to be curious about a thing, accept it, identify himself with it, without first asking whether it is better or worse than another, or how far it is from the ideal principle" Oxford Lectures on Poetry. p. 237.

કહે છેઃ "કોણ જાણે એ કાવ્ય હું પૂરું કરીશ કે નહિ?" બસ અહીંજ કવિને સર્જનનો થાક લાગ્યો. કોઈ કોઈ કવિ અત્યન્ત મંથન, સંવેગ, દુઃખના અનુભવથી જ કાવ્ય લખી શકે છે.* જગતની વિષમતાના ચિંતનનાં મહામંથનો સિવાય, સહદેવનું અને પાંડુનું દુઃખ સમભાવથી ભોગવ્યા સિવાય, એ કાવ્યો એટલાં ભવ્ય બન્યાં હોત? અને એ દુઃખો, એ મંથનો, ભોગવવાની શક્તિને સીમા હોય તો તેમાં કોનો દોષ કાઢવો? એટલાં ગહન સુંદર કાવ્યો એટલાં ગહન દર્દો સિવાય નથી ઉદ્ભવતાં. અને એ દર્દોનો થાક લાગે છે એ પણ, કાન્તે કરુણ કાવ્યોમાં નિરૂપેલી વિષમતા જેવી એક કરુણ વિષમતા છે. અને જેમ કાવ્યમાં તેમ જીવનમાં એ વિષમતા સામે પણ કાન્તે ભવ્ય પ્રયત્નો કર્યા છે એ તેમના જીવનમાં સ્પષ્ટ જણાય છે.

એમના મંથનોનું ફળ સર્વગ્રાહ્ય થયું નથી એ ખરું. પણ મનુષ્યની મહત્તા તેના મંથનના પુરુષાર્થથી માપવાની છે, તેના

* ફરી સરખાવો કીટસ વિશેનાં મિ. બ્રેડલીનાં વાક્યોઃ—

"But the other kind [of Beauty] is won through thought and also through pain. And this second and more beautiful kind is also the higher, the fuller, the nearer to the Principle [of Beauty]. That it is won through pain is doubly true. First, because the poet cannot reach it unless he consents to suffer painful sympathies... and, in the second place, it has pain in itself, or at least appears in objects that are painful." Oxford Lectures on Poetry. pp. 230–31.

ફળથી નહિ. અને એમણે સ્વીકારેલો ધર્મસંપ્રદાય આપણને ગ્રાહ્ય થયો નથી એટલું જ, બાકી એમણે સ્વીકારેલાં મંતવ્યો તો ઘણાં ખરાં સનાતન સત્યનાં જ છે અને એ જ એમણે પોતાની અમર વાણીમાં ગાયાં છે.

અને આવાં મંથનો એ કંઈક આ યુગનું લક્ષણ નથી? પશ્ચિમમાં પણ મહામન્થનમાં પડેલા કવિઓનું આમ જ નથી બન્યું? ઈબ્સેને તપ અને આનંદનો સમન્વય કરવા કેટલા પ્રયત્નો કર્યા, તેમાં તેનું બળ ઘટતું જ ચાલ્યું, તેણે જેને સમન્વય માન્યો તે કોઇએ સ્વીકાર્યો નથી, અને તે પોતે અંતે કેટલાંક વરસો ગાંડો રહી મૃત્યુ પામ્યો. ગેાગેાલે ઘણું જ આશાજનક હાસ્યનું મહાકાવ્ય આરંભ્યું, ધીમે ધીમે તે કલા તરફ બેદરકાર બનતો ગયો, છેવટે તેની પ્રતિભા પ્રેતાવાહનના અગમ્યવાદમાં ગુમ થઈ ગઈ. નિત્શે પણ આવા જ મહામન્થનમાં પડી શુદ્ધિ ખોઈ બેઠો. આપણા જમાનાની એવી મહામન્થન નિમગ્ન બે વ્યક્તિઓઃ પ્રથમ **નર્મદાશંકર** કવિ અને પછી **મણિશંકર રત્નજી ભટ્ટ**. નર્મદાશંકરની બુદ્ધિએ પણ ઊથલા ખાધેલા. સદ્‌ગત ગેાવર્ધનરામ ત્રિપાઠીનું પણ એક પ્રકારનું સમન્વયનું મંથન ગણીએ–જો કે એ મંથન સરસ્વતીચંદ્રનું હતું અને કર્તા તટસ્થ વધારે હતા, અને મંથન હૃદય કરતાં બુદ્ધિનું વધારે હતું. એમનો સમન્વય પણ ક્યાં સર્વસ્વીકાર્ય થયો છે? આ યુગ જ કાંઇ એવો છે. હજી વધારે ભોગ માગતો હશે.

સર્વ જોતાં પૂર્વાલાપ વિપુલ ગ્રન્થ નથી છતાં તેનું સ્થાન આપણા સાહિત્યમાં અપૂર્વ છે અને ગુજરાતી સાહિત્ય જ્યાં સુધી વંચાશે ત્યાં સુધી તે ટકી રહેશે તેમાં સંશય નથી. તેનું માધુર્ય, તેના ઉન્નત અને ગહન ભાવો, તેની લક્ષ્યવેધી તરંગમય શૈલી,

તેનું સંગીત સર્વ અનુપમ અને અનુત્તર છે.

અને એ કાવ્ય જે કવિજીવનમાંથી પ્રસર્યું છે તે જીવન પણ તે કાવ્યમાં એવું જ સુરેખ પ્રતિબિંબિત થાય છે. વ્યક્તિની પરિસીમા તજી કાન્તે વિશાલ કલ્પના અને સમભાવથી જગતમાં ગૂઢ રહેલી વિષમતા જોઈ તે તેમનું કાન્તદર્શિત્વ છે. એ જગતની વિષમતા માટે તેઓ અંતરતાપનું તપ તપ્યા તેથી તે આપણા પૂજ્ય છે. એ અનુભવને સુંદર સર્વગ્રાહ્ય વાઙ્મયમાં તેમણે મૂક્યો તે તેમની કલાશક્તિ છે. અને તેઓ સંસારનાં મહા-મંથનોની યાતનાથી મુક્ત થઈ પોતાના ઇષ્ટ જીવનમાં ગયા છે એમ વિચારીએ છીએ ત્યારે

આજે અન્ય પ્રકારે આ માથું નમે
નમતો સાથે આત્માનો એ તંત્ર લે!

તા. ૨૮-૯-૨૬
ગુજરાત મહાવિદ્યાલય
અમદાવાદ

રામનારાયણ વિ. પાઠક

કાવ્યાના આનુપૂર્વી*

મારી કીર્તી. ૧૮૮૬. શ્રી કરુણાશંકરની પ્રત.[1] પ્રસિદ્ધ, બુદ્ધિપ્રકાશ ૧૮૮૯ ઑગસ્ટ	પ્રો. ઠાકોર
સૃષ્ટિસૌંદર્યથી મન ઉપર થતી અસર	
રમા. ૧૮૮૭. કાન્તમાલા પત્ર ૯૦, પત્ર ૬.	,,
કલ્પના અને કસ્તૂરી મૃગ.	
સ્વર્ગગંગાને તીર.	,,
પ્રિયા કવિતાને આશ્વાસન. કાન્તમાલા[2] પત્ર ૬.	
મૃગતૃષ્ણા	,,
અંતિજ્ઞાન. વસંત વિજય ઉપરની મકરન્દની ટીકા. પૂર્વાલાપ પૃ. ૧૬૬.	
વસંત વિજય. એપ્રિલ ૧૮૮૯. કાન્તમાલા—પૃ. ૩૦૧.	
મિત્રને આમન્ત્રણ. પત્રો ૩, ૪, ૫.	પ્રો. ઠાકોર

---

* બને ત્યાં સુધી રચાયાના સમયથી ક્રમ નક્કી કર્યો છે અને તે ન મળ્યો ત્યાં પ્રસિદ્ધિના સમયનો આધાર લીધો છે. તારીખ, મહિનો, સાલ, બધાંમાંથી જેટલું નક્કી થઈ શકયું તેટલું આપ્યું છે અને જ્યાં એ નક્કી ન થઈ શકયું ત્યાં અમુક અરસાનાં કાવ્યો કૌંસ કરી ભેગાં મૂકયાં છે. દરેક પ્રસંગે સમયનિર્ણયનું પ્રમાણ ટાંકયું છે.

૧. કાન્તનાં લગભગ બધાં કાવ્યોની નકલોની એક ચોપડી શ્રી કરુણાશંકર પાસે છે અને તેમાંનાં ઘણાંખરાંની નીચે રચ્યા સાલ કે તારીખ આંપી છે. આ ચોપડી પ્રો. ઠાકોરે જોઈ છે. એક બે ઠેકાણે એમાંની તારીખ વિસ્મૃતિને લીધે ખોટી જણાઈ ત્યાં પ્રો. ઠાકોરે તે સમયના કાગળોને આધારે સુધારી છે.

૨. કાન્તમાલામાં 'કાન્તની પત્રધારા'નો વિભાગ છે તેમાંના પત્રોનો અહીં નિર્દેશ છે.

રાજહંસને સંબોધન. જાન્યુઆરી ૧૮૯૦, યુગધર્મ ૪, ૨૭૭.

મત્ત મયૂર. પ્રસિદ્ધ, ઓક્ટોબર ૧૮૯૦ બુદ્ધિપ્રકાશ. પણ લખાયેલું તે પહેલાં પ્રો. હાકોર–૧૬-૬-૯૦

અશ્રુને આવાહન
સ્નેહશંકા (મૂળ 'કોમલ ઉપાલંભ')
ઉદ્‌ગાર. ઑગસ્ટ ૧૮૯૦ બુદ્ધિપ્રકાશ.
} ૨૮–૫–૯૦ પહેલાં. કાન્તમાલા પત્ર ૯ ઉપરની ટીપ.

ચક્રવાક મિથુન. ૧૮૯૦ ની પહેલી ટર્મ. યુગધર્મ ૪, ૨૭૬.

દ્વૈયાની. ૧૬–૧૦–૯૦ પહેલાં. કાન્તમાલા પત્ર ૧૨.

રતિને પ્રાર્થના. ૨૨–૧૦–૯૦. યુગધર્મ ૪, ૨૭૭.

ઉપહાર. ૧૮૯૧. યુગધર્મ ૪, ૨૭૬.

વિધુર કુરંગ. ૧૨–૧૧–૧૮૯૧ ના અરસામાં. કાન્તમાલા પત્ર ૧૬, ટીપ. પ્રસિદ્ધ આષાઢ ૧૯૬૫ વસંત.૧

પ્રમાદી નાવિક. પ્રસિદ્ધ, જ્યેષ્ઠ સંવત ૧૯૬૫, વસંત.૨ લખેલું ઇ. સ. ૧૮૯૧. કાન્ત* →

માનસસર. સંવત ૧૯૪૯મા કાર્તિકના જ્ઞાન દર્શનના અંકમાં પ્રસિદ્ધ થયું. ઇ. સ. ૧૮૯૨. પ્રો. હાકોરનો ખાનગી પત્ર. → ૨૧ ઑક્ટો – ૯૨ = પહલો.

પ્રણયની ખાતર જ પ્રણય. ૧૮૯૩. યુગધર્મ ૪, ૨૭૬. પ્રસિદ્ધ, સં. ૧૯૪૯ના પોષના જ્ઞાનદર્શનમાં.

અગતિગમન. પ્રસિદ્ધ, સં. ૧૯૪૯ના ભાદ્રપદના જ્ઞાનદર્શનમાં.

પ્રણયવચન માટે પ્રાર્થના

સ્નેહ માટે સ્વર્ગત્યાગ

} પોષ ૧૯૪૯ = ૧૦-૧-૯૩ ની પ્રો. હાકોરનો ખાનગી પત્ર કાન્તમાલા પૃ. 332

* મૂળ 'નિરાશ નાવિક.' લખેલું ૧૮૯૩ એમ પ્રો. હાકોર કહે છે. જુઓ પ્રસ્થાન પુ. ૩ અંક ૧ પૃ. ૪૧. પણ વસન્તમાં કાવ્ય છપાયું તેમાં કાન્તે પોતે ઉપર પ્રમાણે સાલ આપેલી છે.

મ પ્રણયમાં કાલક્ષેપ. ૧૮૯૫-૯૬. પ્રો. ઠાકોરનો આનગી પત્ર.
ન મુગ્ધાને સંબોધન. ૨૪-૮-૯૬. શ્રી. કરુણાશંકરની પ્રત.
વત્સલનાં નયનો. ૬-૧-૯૭ કાન્તમાલા પત્ર ૩૩. પૃ. ૩૪૧-૪૨.
ન આશા ગીત. ૧૦-૩-૯૭. કાન્તમાલા, પત્ર ૩૬ની ટીપ. શ્રી. કરુણા-
શંકરની પ્રતમાં ૧૦-૪-૯૭ છે.
અજ્ઞાન સખા પ્રતિ. ૨૭-૩-૧૮૯૭ પહેલાં. કલાપીના પત્રો
પત્ર ૧૨-૫ પૃ. ૧૬. કાન્તમાલા, પત્ર ૩૯, ટીપ.
ન રજની માગણી. ૨૧ કે ૨૨ માર્ચ ૧૮૯૭. કાન્તમાલા,
પત્ર ૩૬, ટીપ. શ્રી. કરુણાશંકરની પ્રતમાં ૨૨-૪-૯૩.
મ પડેલા સ્નેહીનો પ્રત્યુત્તર. ૨૩-૩-૯૭ ના પોસ્ટકાર્ડમાં. કાન્તમાલા,
પત્ર ૩૫, ટીપ.
વિપ્રયોગ. ૨૭-૩-૯૭ પહેલાં. કલાપીના પત્રો, ૧૨-૫.
મ પ્રિયાને પ્રાર્થના. ૧-૪-૯૭. શ્રી કરુણાશંકરની પ્રત. જુઓ
કાન્તમાલા પત્ર ૩૬ની ટીપ.
અનામી નામ. ૧૦-૪-૯૭. શ્રી કરુણાશંકરની પ્રત. કાન્તમાલા,
પત્ર ૩૭, ટીપ.
પુરાની પ્રીત. ૧૬-૪-૯૭. શ્રી કરુણાશંકરની પ્રત.
વહાલાંઓને પ્રાર્થના. ૨૫-૪-૯૭. શ્રી. કરુણાશંકરની પ્રત.
ગાનવિમાન
મિત્રને નિવેદન
પ્રાણલાલના અવસાન (૧૮૯૮) સમયની.
પ્રો. ઠાકોરનો આનગી પત્ર.
સ્વર્ગગીત. ૧૩-૪-૯૮ પહેલાં. કલાપીના પત્રો. ૩૯-૩૨.
પવિત્ર ભોજન. ૨૫ કે ૨૬ માર્ચ ૧૯૦૦. શ્રી કરુણાશંકરની
પ્રતમાં પ્રો. ઠાકોરની ટીપ. — જુઓ ટી છે.
વહાલાંઓને ઉપદેશ. મણાર, ૨૪-૫-૦૧નો શ્રી. કરુણાશંકર ઉપરનો
કાન્તનો પત્ર. —
બિરાદરોને પ્રાર્થના. ૨૫-૫-૦૧, કાન્તમાલા પૃ. ૨૮૫.

હિન્દી વીરોને સંબોધન
વહાલાંઓને ઉપદેશ
પ્રાર્થના અને પ્રતિધ્વનિ
} ૧૯૦૬–૦૭. શ્રી મુનિકુમ પત્ર.

સખીને આમન્ત્રણ. [મૂળ ' પ્રિયાને આમન્ત્રણ '] ૧૯૦૭.
શ્રી. કરુણાશંકરની પ્રત. — લિખિત ૫૨ પત્ર —

પ્રભુની પાઠશાલા. ૧૯૦૭–૮માં સાંભળેલું.

હૃદયગીતા, પ્રસિદ્ધ કાર્તિક ૧૯૬૪ વસંત. ૧૯૦૭–૦૮. ૧૧

અપાવરણ પ્રાર્થના. ૧૯૦૮. પ્રસિદ્ધ માર્ગશીર્ષ ૧૯૬૪ વ

કાન્તની સ્મરદશા અને સલીમશાહ નાટકનાં બીજાં સંગીત કા
૧૯૦૮–૦૯ શ્રી મુનિકુમાર.

રાસ
ધર્મવિજય
} ૧૯૦૮–૦૯. શ્રી. મુનિકુમાર.

ઈશ્વરસ્તુતિ ૧૯૦૯ શ્રી કરુણાશંકરની પ્રત.

છેલ્લું આલિંગન. ૩૦–૪–૦૯ના કાન્તના પત્ર સાથે. શ્રી કરુણ
કરતું દફતર.

૭૨ સામ. ૩૦–૫–૦૯ અને ૧૩–૬–૦૯. કાન્તમાલા પૃ. ૨૮૩.

અનન્ત સહચારની પ્રાર્થના. ૧૨–૬–૦૯. કાન્તમાલા પૃ. ૨

૭૪ નવલ નિવેદન. ૨૭–૭–૦૯. શ્રી કરુણાશંકરની પ્રત.

૭૫ અનન્ત વાત્સલ્ય. પ્રસિદ્ધ આશ્વિન ૧૯૬૬ વસન્ત. ૧૯૧૦

૭૬ નયન પ્રાર્થના. ૧–૧૧–૧૦. શ્રી કરુણાશંકરની પ્રત.

૭૭ હિંદપર આશીર્વાદ. પ્રસિદ્ધ કાર્તિક ૧૯૬૯ વસંત. ૧૯૧૨.

૭૮ પતિપત્ની સંવાદ
૭૯ કાન્તાની પ્રાર્થના
૮૦ સ્મરદશા
} ૧૯૧૩ શ્રી મુનિકુમાર.

૮૧ લણા પરિષત્સત્કાર. ૧૯૧૬. શ્રી. મુનિકુમાર.

૮૨ તારક સ્તોત્ર. શ્રી મુનિકુમારનો પત્ર.

૮૩ મનોહર મૂર્તિ. પ્રસિદ્ધ નવેંબર ૧૯૧૭. બીજી સદી

૮૪ હિંદ માતાને સંબોધન. ૧૯૧૮. શ્રી મુનિકુમાર.

૮૫ અંતિમ પ્રાર્થના. ૧૯૨૩.

પાઠચર્ચા

'ચક્રવાક મિથુન' કાવ્યમાં પૃ. ૩૪ પંક્તિ ૭-૮

ચપલ આખરની ક્ષણ એ છતાં
ઉભય જીવન એક થતાં દિસે!

તે પ્રમાણે છે. પૂર્વાલાપ પ્રથમ આવૃત્તિમાં જ નહિ પણ 'કાવ્ય માધુર્ય'માં પણ એ જ પાઠ હોવાથી પૂર્વાલાપની આ આવૃત્તિમાં પણ એ જ પાઠ આપેલો છે. પણ સાતમી પંક્તિના અંત્ય છતાં' સાથે આઠમીનો 'દિસે થતાં' પ્રાસ એટલો બધો પ્રકટ છે, કે આખા કાવ્યમાં ક્યાંઈ નહિ ને અહીં જ, આટલા સારુ એકે પ્રાસ જતો કર્યો હોય તે જરા વિચારવા જેવું લાગે છે.

'દેવયાની' કાવ્યમાં પૃ. ૩૮, ૧૫ મી પંક્તિમાં પંક્તિનો લેલો શબ્દ 'શોભિતા' છે. પૂર્વાલાપ પ્રથમ આવૃત્તિમાં, અને વ્ય માધુર્યમાં, આ જ પાઠ છે. પણ ખરી જોડણી 'શોભીતા' , અને છન્દને પણ એ જ જોડણી ઇષ્ટ છે, માટે ત્યાં એ પાઠ ને ઇષ્ટ લાગે છે.

'મેનાવતીનું મૃત્યુ' કાવ્યમાં બીજી પંક્તિમાં 'વિન્ધ્યા ેખર' પાઠ પૂર્વાલાપ પ્રથમ આવૃત્તિમાં તેમ જ શ્રી કરુણા-કરનો પ્રતમાં પણ છે. પણ ખરો શબ્દ 'વિન્ધ્ય' છે, અહીં ક્તિના સંગીતને માટે પણ તે જ આવશ્યક છે, અને કાન્ત ાવા સુપ્રસિદ્ધ શબ્દમાં ભૂલ કરે નહિ એમ માનું છું. એટલે હીં પણ 'વિન્ધ્ય' પાઠ રાખવો જોઇએ એવો મારો મત છે.

ર. વિ. પાઠક

પ્રાણાયામ

પ્રભુ પ્રાર્થના (નમું નમું		લુ. વસંત વિજય ...	૨૦ ૮
ॐ જગત્પિતા) ...	૮૮	લુ. વિધુર કુરંગ ...	૫૩ ૭૯
પ્રભુ પ્રાર્થના (સાગર મોટા		૫. વિપ્રયોગ ...	૫૫ ૮૦
તાત દયાના) ...	૭૭	ન. વિરહાનલ ...	૧૧૫ ૮૧
પ્રમાદી નાવિક ...	૫૧	લુ. વ્હાલાંઓને ઉપદેશ ...	૭૯ ૮૨
પ્રાર્થના અને પ્રતિધ્વનિ...	૯૧	લુ. વ્હાલાંઓને પ્રાર્થના ..	૬૯ ૮૩
પ્રિયા કવિતાને આશ્વાસન	૧૩૦	સં. વ્હાલાંને આરામ ...	૮૭ ૮૪
પ્રિયાને પ્રાર્થનો ...	૫૭	શાંતિ પ્રાર્થના ...	૧૩૫ ૮૫
ફકીરી ...	૧૧૪	સં. શાસ્ત્રોપદેશ ...	૧૪૮ ૮૬
બાલ રુદન ...	૮૪	લુ. સખીને આમંત્રણ ...	૬૦ ૮૭
બિરાદરોને પ્રાર્થના ...	૧૩૮	ન. સાગર અને શશી ...	૮૩ ૮૮
મત્ત મયૂર ...	૫૬	સામ (Psalm) ...	૧૩૪ ૮૯
મનોહર મૂર્તિ ...	૯૯	સૃષ્ટિસૌંદર્યથી મન ઉપર થતી અસર ...	૧૨૨ ૯૦
મહેમાનોને સંબોધન ...	૮૧	ન. સ્થિતિભેદ ...	૭૫ ૯૧
માનસ સર ફા. ...	૪૩	સં. સાસુનેહગીત ...	૧૪૦ ૯૨
મારી ક્રીસ્તી ...	૪	સ્નેહ માટે સ્વર્ગત્યાગ ...	૬૭ ૯૩
મિત્રને આમંત્રણ ...	૬૪	લુ. સ્નેહશંકા ...	૧૮ ૯૪
મિત્રને નિવેદન ...	૭૧	સ્મરદશા ...	૧૧૩ ૯૫
મુગ્ધાને સંબોધન ...	૫૮	સ્મિતપ્રભાને ...	૧૨૧ ૯૬
મૃગતૃષ્ણા ...	૫	સ્વર્ગગંગાને તીર ...	૧૨૬ ૯૭
મેનાવતીનું મૃત્યુ ...	૭૮	સ્વર્ગગીત ...	૭૩ ૯૮
રત્નની માગણી ...	૬૩	લુ. સ્વર્ગસ્થ દેવીને પ્રાર્થના...	૧૪૩ ૯૯
રતિને પ્રાર્થના ફા.સ. ...	૪૯	ન. હિંદ પર આશીર્વાદ ...	૧૦૬ ૧૦૦
રમા ...	૮	લુ. હિન્દ માતાને સંબોધન ...	૧૦૮ ૧૦૧
રાજહંસને સંબોધન ...	૧૯	હિન્દી વીરોને સંબોધન ...	૧૫૪ ૧૦૨
રાસ ...	૧૧૬	ન. હૃદયગીતા ...	૧૧૧ ૧૦૩
વત્સલનાં નયનો (વિલાપ)..	૭૨	ટિપ્પણ ...	૧૫૭
વસંત પ્રાર્થના ...	૮૨	શુદ્ધિપત્ર ...	૨૪૩

જન્મ : ૧૦-૧૧-૧૮૬૭ અવસાન : ૧૬-૬-૧૯૨૩

,માર પ્રિન્ટરી : અમદાવાદ

ઉપહાર

કુંદની વહારી ગાથે, ઝિંદગીમયને, સૌંદર્યપથનાં
ચઢવારોને લૈતો વિકસિતપથનાં શૌલશિખરે;
અનેકુંજેકુંજે સવણ કરતો ધારત ધરના
મધૂરોની કેફ ઝિંદગીની જ્યાં ગગનમાં,
તરંગોનાં રુકાસ્મિત સવિતમાંજ્યાંવિલસતાં
વિલોકીને વેર્યો વિમલકુસુમો તોગણ અને
રચ્યો આલ્યો તેતો રસિક રમણીના ઉરપરે,
અનેત્યાં પાસેના તરુવર રસાકિત્રુક ઝની
ભરી સ્થાને સ્થાને કુદરત બધીને સ્નુતલની
કર્યા ઉદ્ગારો: તે બહુ બહુ લવાં વહિમમાં;
અમે થોડા ખીલ્યા ગહન મહિં તોયે રહિ ગઇ
કલાપી કીરામાં ઝુદિત વનરેખાતે સ્મહિંતનું,
અને લેને આલ્યે તરલ ધક તારા અરણ્યનું
ગમેતો રચી કારે ગત સમય કે રહસ્યરણમાં.

कान्त.

ઉપહાર

ફર્યો તારી સાથે, પ્રિયતમ સખે*! સૌમ્ય વયનાં
સ્હવારોને જોતો વિકસિત થતાં શૈલશિખરે;
અને કુંજે કુંજે શ્રવણ કરતો ઘાસ પરના
મયૂરોની કેકા ધ્વનિત ધસતી જ્યાં ગગનમાં!

તરંગોનાં સ્વપ્નસ્મિત સરિતમાં જ્યાં વિલસતાં
વિલોકીને વેર્યો વિમલ કુસુમોનો ગણ, અને
સરી ચાલ્યો તે તો રસિક રમણીના ઉર પરે,
અને ત્યાં પાસેનાં તરુવર રહ્યાં ઉત્સુક બની!

ઠરી સ્થાને સ્થાને, કુદરત બધીને અનુભવી,
કર્યા ઉદ્ગારો, તે બહુ બહુ હવામાં વહી ગયા;
સખે! થોડા ઝીણો ગહન મહિં તોયે રહી ગયા,
કલાથી વીણામાં ત્રુટિત સરખા તે અહિં ભરું.

અને તેને આજે તરલ ધરું તારા ચરણમાં,
ગમે તો સ્વીકારે ગત સમય કેરા સ્મરણમાં!

---

* આ સંબોધન પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરને છે.

ઈશ્વરસ્તુતિ

ઉત્પત્તિ, સ્થિતિ, વિશ્વ આ સકલની છે સર્જ જે તાતથી,
ઉદ્ધારાર્થ મનુષ્યના અવતરે જે માનવી માતથી,
જે ધાતા જગનો, પવિત્ર, પ્રભુ, જે ત્રાતા સ્વયં નન્દન,
તે શ્રી સાંબ દયાલુ શંકર પિતા! સ્વીકારજો વંદન!

મારી કીસ્તી

નવ સુઝે ઉપાય કૈં : ડોલાય મારી કીસ્તી !
આવા તોફાનમાં જરૂર, ડુબશે મારી કીસ્તી !

ભવસમુદ્ર છે સખત :
બચે જો હોય લખ્યું લખત :
સહસા તોયે આ વખત, ઝૂકાવી છે મેં કીસ્તી !

અજાણ્યો છું જો કે, અગર
નથી દીઠું બીજું નગર :
વિચાર કૈં કર્યા વગર, ઝૂકાવી છે મેં કીસ્તી !

અન્ય દશા જોઈ રહત : કરત
ધીમે ધીમે ગતિ કરત :
પણ અરે ! આ તો તરત, ઝૂકાવી છે મેં કીસ્તી !

દેખી નહીં શકું ચંદર :
કેમ દેખું ત્યારે બંદર :
મોજાં તોફાનીની અંદર, ઝૂકાવી છે મેં કીસ્તી !

સફરનો હતો ચરસ :
ગણતો'તો ઘણી સરસ :
દિસે ઘણાં થયાં વરસ ! ઝૂકાવી છે મેં કીસ્તી !

નવ સુઝે ઉપાય કૈં : ડોલાય મારી કીસ્તી !
આવા તોફાનમાં જરૂર, ડુબશે મારી કીસ્તી !

tragic vein of Kant

મૃગતૃષ્ણા

Scene

જાણી મધ્યાહ્નની વેળા સ્વસ્થાને સહુ જાય છે :
અરેરે ! કોણ બાલા આ દોડી શ્રમિત થાય છે ?

આકાશમાં રવિ અતિશય ઉગ્ર થાય,
વાયુ પ્રચંડ અતિ આકર આમ વાય;
એવે સમે અરર ! આ હરિણી બિચારી,
દોડે તૃષા થકી જણાય ગયેલ હારી !

કરે વ્યાકુલ દોડીને, સુકુમાર શરીરને;
પ્રયાસ કરીને શોધે, અરેરે ! હાય ! નીરને !

ન્હાની હજી, નથી અનુભવ કાંઈ એને :
પૂછે, કહો, જલ હશે કયહિં, એમ કેને ?
આભાસ જોઈ સઘળા સ્થળમાં ભમે છે,
અત્યંત ઉષ્ણ રવિ આતપને ખમે છે !

ધારાગૃહ વિષે બેસી મનુષ્યો હાલ ન્હાય છે
એ સમે, હાય ! નિર્દોષ બાલા આ આમ ધાય છે

આંખો અતિશય પ્રયાસથી લાલ થાય,
ને સ્વેદબિંદુ વપુનાં જલદી સુકાય;
ચાલે નહીં ચરણ, ઠોકર ખૂબ ખાય,
શુદ્ધિ રહે નહિ જ, મૂર્ચ્છિત થાય, હાય !

હાશ ! આ ગમથી આવ્યું, સૂર્ય આગળ વાદળું;
છાંયો થયો જરા તેથી, અને શાંત થયું ગળું !

નીચે પડી નયન તોય જરા ઊઘાડે,
દેખી જલાશય વળી વપુને ઉપાડે;
અત્યંત દુઃખ પણ એ તનમાં સહે છે,
સંકલ્પ ત્યાં ગમનનો મનમાં લહે છે.

અરે ! એ મૃગતૃષ્ણા છે : બાલે ! કાં ભૂલ ખાય છે ?
અનુભવ વિના તારો શ્રમ સૌ વ્યર્થ જાય છે.

✓ રે શું વિધિ કદરહીન હશે બહુ જ,
નિર્દોષતા તણી નહીં કંઇ હોય બૂજ ?
આકાશમાં કચમ ચડી નહિ મેઘ આવે,
આ નિષ્કલંક પશુને દુઃખથી મુકાવે ?

દિસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં !
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ લે નહીં ?

રે ! આ સમે જલ મહીં રમતો કરે છે,
સાથે રહી રસિક દંપતીઓ તરે છે;
વાળા તણી અતિ મનોહર ગંધ વ્યાપે,
ઉદ્વિગ્ન કેમ નરનારી જણાય તાપે ?

અરે ! આ કોમલાંગીએ કેવાં પાપ કર્યાં હશે !?
કર્યાં હોય, તથાપિ આ ક્રૂર શિક્ષાથી શું થશે ?
The Intellectual Test.

થોડો રહ્યો વખત જિંદગીનો, અરે રે!
માતાપિતા સ્મરણ આર્ત્ત હિલે કરે રે!
હા દૈવ! આંખ પણ બંધ જરાક થાય,
ને પ્રાણ છેવટ તમામ વિદાય થાય!

નથી ઈશ્વર દુઃખીનો : થયું જે જે હતું થવું :
દુનિયામાં હવે શાને, અરેરે! હાય! ~~હાય!~~ જીવવું?

અરે, અરેરે, અરર, હાય, રે, હા દૈવ, વગેરે શબ્દો
ખૂબખૂબ આવે છે તે લક્ષમાં રાખવું ઘટે.
કવિનાં કોમળ હૃદયની મૃદુ લાગણીઓ ~~અનુભવ~~
મૃગજાગાને બાદ થયેલ છે, અને આવા અનુ
વિલાપ શબ્દોદ્વારા એમની કરુણા વ્યક્ત થવા મથે
છે. અલબત્ત આવા શબ્દોનું બાહુલ્ય એમની
ઘડાતી કલાની અપરિપક્વતા તરફ આંગળી ચીંધે છે-
તો ખરીજ.
આ Sentimentalism આગળ જતાં ઘેરા
ગાઢ કરુણમાં પરિણમે છે.

રમા

ન્યેામથી જલની ધારા જોરમાં પડતી હતી ;
ઢળી પલંગને પાયે સુંદરી રડતી હતી !

નહાના સાદા શયનગૃહમાં સ્વચ્છ દીવેા બળે છે,
વિદ્યુદ્વલ્લિ પ્રબલ ચમકી જ્યેાતિ સાથે મળે છે;
સાહિત્યેા કૈં બહુ નહિ દિસે, એક પર્યંક માત્ર,
થેાડાં ઝીણાં રજનીવસનેા, પાસમાં વારિપાત્ર.

અષાઢી કૃષ્ણ રાત્રિના બાર વાગી ગયા હતા ;
પતિની રાહ જેવામાં બે કલાક થયા હતા !

વારે વારે પ્રથમ દિવસેા લગ્નના યાદ લાવે,
સાથે સાથે અનુભવ તણું ધ્યાનમાં ચિત્ર આવે;
બાલાથી એ સહન ન થયું, આર્દ્ર હૈયું ભરાયું,
મૂંઝાવાથી કરુણ સ્વરમાં ગીત એકાદ ગાયું.

પતિનું ભવભૂતિનું ત્યાં ભાષાંતર સાંભર્યું ;
પેાતાને યેાગ્ય શેાધીને અશ્રુ સાથે શરૂ કર્યું:—

"છત્ર જેવા બેઠા હતા પિતાજી,
"લગ્નગ્રંથિ અભિનવ રસાલ તાજી ;
"જનેતાએા રૂહેતાં સચિત જ્યારે,
"તે અમારા દિવસેા વહી ગયા રે !"

જીવલ્લુ તાતપાદેષુ નવે ઇવમવિસ્મૃતિઃ /
માતૃમિશ્રિતવે બાલાં તે હિ નો દિવસા ગતાઃ //

ફેરવી, પલટાવીને વનિતા રડતી હતી;
બારીએ જલની ધારા જોરમાં પડતી હતી!

થોડી વારે ત્વરાથી પરિચિત ચરણો સીડીએ સંભળાય,
"આવ્યા છે, હાશ!" એવાં વચન ઉચ્ચરતી દાદરા પાસ ધાય;
ભાની, પ્રેમી, પ્રમાદી, અનિયમિત પતિ વાંકને કેમ જાણે?
પોતાની ન્યૂનતા છે પ્રણય મહિં, કદી એમ ચિત્તે ન આણે!

"બહુ વાર થઇ!" એવું કહી માત્ર રહી ગયો;
રમાહૃદયનો બંધ, હાય! તેથી વહી ગયો!

વદનકમલ મ્લાનતા ધરે છે,
ઝળઝળિયાં નયનો જરા ભરે છે;
પતિ પણ નિરખી હવે રહે છે,
હૃદય દબાવી પછી પ્રિયા કહે છેઃ-

"નજર નાથ! તમે કરતા નથી,
પ્રણય એટ્ટ થતો હરતા નથી;
નહિ જરા દરકાર દિસે, અહો!
અરર! વાંક થયો મુજ! શું, કહો!

"આષાઢી કૃષ્ણ રાત્રિના બાર સુદ્ધાં થઇ ગયા;
ન આવી આપને તોયે આવવા જેટલી દયા!"

નીચું જોયું તરત પતિએ, ભૂલને સ્પષ્ટ જોઇ,
હૈયું ભીનું સદય બનતાં માનિતા સર્વ ખોઇ;
ચાલી લે છે કર મહિં પ્રિયા, હાથમાં હાથ જોય,
"દેવી! મારી થઇ કઠિનતા: છું ક્ષમાપાત્ર તોય!"

રમા

ગોખમથી જલની ધારા જોરમાં પડતી હતી ;
ઢળી પલંગને પાયે સુંદરી રડતી હતી !

નહાના સાદા શયનગૃહમાં સ્વચ્છ દીવો બળે છે,
વિદ્યુદ્વલ્લિ પ્રબલ ચમકી જ્યોતિ સાથે મળે છે;
સાહિત્યો કૈં બહુ નહિ દિસે, એક પર્યંક માત્ર,
થોડાં ઝીણાં રજનીવસનો, પાસમાં વારિપાત્ર.

આષાઢી કૃષ્ણ રાત્રિના બાર વાગી ગયા હતા ;
પતિની રાહ જોવામાં બે કલાક થયા હતા !

વારે વારે પ્રથમ દિવસો લગ્નના યાદ લાવે,
સાથે સાથે અનુભવ તણું ધ્યાનમાં ચિત્ર આવે;
બાલાથી એ સહન ન થયું, આર્દ્ર હૈયું ભરાયું,
મૂંઝાવાથી કરુણ સ્વરમાં ગીત એકાદ ગાયું.

પતિનું ભવભૂતિનું ત્યાં ભાષાંતર સાંભર્યું ;
પોતાને યોગ્ય શોધીને અશ્રુ સાથે શરૂ કર્યું:—

"છત્ર જેવા જેઠા હતા પિતાજી,
"લગ્નગ્રંથિ અભિનવ રસાલ તાજી ;
"જનેતાઓ રહેતાં સચિંત જ્યારે,
"તે અમારા દિવસો વહી ગયા રે !"

જીવદ્ભર્તુ તાતપાદેષુ નવે દારપરિગ્રહે !
માતૃભિશ્ચિન્ત્યમાનાનાં કે હિ નો દિવસા ગતાઃ ॥

ફેરવી, પલટાવીને વનિતા રડતી હતી;
બારીએ જલની ધારા જોરમાં પડતી હતી!

થોડી વારે ત્વરાથી પરિચિત ચરણો સીડીએ સંભળાય,
"આવ્યા છે, હાશ!" એવાં વચન ઉચ્ચરતી દાદરા પાસ ધાય;
ભાની, પ્રેમી, પ્રમાદી, અનિયમિત પતિ વાંકને કેમ જાણે?
પોતાની ન્યૂનતા છે પ્રણય મહિં, કદી એમ ચિત્તે ન આણે!

"બહુ વાર થઇ!" એવું કહી માત્ર રહી ગયો;
રમાહૃદયનો બંધ, હાય! તેથી વહી ગયો!

વદનકમલ મ્લાનતા ધરે છે,
ઝળઝળિયાં નયનો જરા ભરે છે;
પતિ પણ નિરખી હવે રહે છે,
હૃદય દબાવી પછી પ્રિયા કહે છેઃ-

"નજર નાથ! તમે કરતા નથી,
પ્રણય ખેદ થતો હરતા નથી;
નહિ જરા દરકાર દિસે, અહો!
અરર! વાંક થયો મુજ! શું, કહો!

"આષાઢી કૃષ્ણ રાત્રિના બાર સુદ્ધાં થઇ ગયા;
ન આવી આપને તોયે આવવા જેટલી દયા!"

નીચું જોયું તરત પતિએ, ભૂલને સ્પષ્ટ જોઇ,
હૈયું ભીનું સદય બનતાં માનિતા સર્વ ખોઇ;
ચાલી લે છે કર મહિં પ્રિયા, હાથમાં હાથ જોય,
"દેવી! મારી થઇ કઠિનતા: છું ક્ષમાયાત્ર તોય!"

"નથી, નાથ! તમારો કૈં, વાંક મારો જ છે સહુ;
ક્ષમા હુકમથી આગે, દીનતા ન કરો બહુ!

"મારા મહીં જ નથી માલ ખરૂં કહું છું,
મિથ્યાભિમાની મન નાહક હું રહું છું;
રે! આપને સુખ જરાય કરી શકું જો,
શાને રહો અવર પાસ કદી તમે તો?

રક્ષાદ્વના: "લગ્નના દિવસમાં નવી હતી,
ઠીક તેથી રમણીય લાગતી;
આય તોયણ હતા જ તે રહ્યા; ||
મારૂં ગુણ બધા ગયા વહ્યા!

"પ્રેમ છે, એટલા માટે પ્રેમ માગી શકું નહીં;
ક્ષમા, નાથ! નહીં એ મેં જાણેલું મનની મહીં!"

* સમસ્ત દૃશ્ય પર પ્રતિચિત્રજી પડદો પાડી દે છે.

ત્યાં તો શાથી કંઇ થઇ ગઈ બોલતી બંધ જાયા,
શબ્દો બોલ્યો પતિ પણ, અરે! તે નહીં સંભળાયા;
કાંકે જોતાં ઝટ થઇ ગયું મેઘનું ખૂબ જોર,
વ્યાપ્યું આખા નગરની મહીં તુર્ત અંધારૂં ઘોર!

રહી જરા જરા વ્યોમે ચમકારી થતી હતી;
સુવાડી સર્વને રાત્રિ એ પ્રમાણે જતી હતી!'

સમાપનની
પદ્ધતિ કા.

કલ્પના અને કસ્તૂરીમૃગ

" સુરસદન તણી જે વાડીઓમાં રમે છે,
હૃદય થકી નિહાળી આપને જે નમે છે,
પ્રમદવન તણો એ અપ્સરાનોજ સાથ,
નમન સહ મને આ મોકલે, પ્રાણનાથ !"

આવ્યો હતો પરમ યોગ થકી પ્રસંગ,
જાગ્યો હતો સકલ વૃત્તિનો માંહિ રંગ;
શબ્દો પડયા ઉપર અમૃતધાર જેવા,
તાજા થયા હૃદય સાથ તરંગ તેવા !

માથું ઊંચું કરી નયનને સ્વલ્પ ઊંચું કરું છું,
જોવા જેવું નિરખી મનને હું સુધાથી ભરું છું;
અંગે અંગે ખૂબી નિરખીને આંખ તો જાય ચોટી,
સાચું માને નહિ હૃદયની વાત દેખાય ખોટી !

એક અદ્‌ભુત વસ્ત્રોમાં અપ્સરા નઝરે પડે;
વૃત્તિઓ થાય છે મૂઢ મુગ્ધાની મોહની વડે.

અધર મધુર તેનો જોઉં પામે વિકાસ,
વિવિધ કુસુમની ત્યાં નીકળે છે સુવાસ;
મુજ નયનની સાથે યોગ્ય જોડું રચાય,
ખબર નહિ પડે, ને કીકીઓથી નચાય !

હૈયાંના હોજમાંથી આ શું પાણી છલકાય છે ?
પ્રેમ છે, એ નહીં બીજું, પ્રતીતિ એમ થાય છે.

બોલે પછી પ્રણયથી નહવરાવતી એ :
વાણી સુધારસ બધે છવરાવતી એ :
" જાણ્યું હશે, હૃદય એમ મને કહે છે :
કે આપની ઇતર લોક વિષે રહે છે ?

" કવિતા દેવીની તેથી અમે દાસી જ આપની :
દેખીએ દિવ્ય ચક્ષુથી બિના આપ પ્રતાપની.

" આવો નહીં વિપદ આપ સમી જરાય :
રાજી રહો અમર એ કવિતા સહાય :
જેની કૃપા થકી થયો સુરલોક વાસ :
સાહિત્ય જ્યાં સુખદ કોટિ જણાય પાસ !

હું કુદી કાલની પ્રગતાવતા વર્ધાઈ રચના દુનિયાની હું દેખાડું સરદારને :
ચડતી કાંગરા ગણ્યાંખ્યાંય ઉપર બેસીને જુઓ દેશ હજારને ! "

આહા ! એવું વચન વદતાં અન્ય દેખાવ થાય : Picturesque
પાસે ઊંચો ગિરિવર બને, શ્વેત શોભા જણાય :
ધોળાં ધોળાં ઝરણ ટપકે, વાદળાંઓ ઘસાય :
આજુબાજુ ગહન વન આ એક ઊભું જ થાય.

રહો, એ કંઈ જોવાનું દિસે છે આ દિશા મહીં :
આવે છે કોઈ પ્રાણી એ : મને સંશય છે નહીં !

છે મંદ મંદ ગતિ આજ પ્રદેશ સામી :
આંખો થકી કહી શકાય અપૂર્વ કામી : રાગી: ઉતાવડ ઉતાવળો
કસ્તૂરિકા મૃગ સમાન વપુ જણાય :
દેખાવને નિરખતાં મન ત્યાં તણાય.

જાણે કોઇ શર શિર વિષે તીક્ષ્ણ વાગેલ હોય,
ટોળું છોડી પરમ દુઃખથી જેમ ભાગેલ હોય,
તેવી રીતે ઘડી ઘડી પછી એ અગાડી ધસે છે,
વૃત્તિની કૈ ખબર ન પડે, એ પ્રમાણે હસે છે !

અચાનક મને એનું અનુમાન થઇ ગયું :
વાદ્ય અદ્‌ભુત અસ્પષ્ટ સંભળાય અહીં કયું ?

ઊંચે બધાં શિખર શ્વેત થયાં જણાય,
નીચે નદી ગહનમાં તરુઓ તણાય;
વચ્ચે જગા વિકટ ઉપર એક ચાલે,
ગારૂડી કોઇ નજરેથી ગુપ્ત નિહાલે.

અસામાન્ય છટાથી એ બજાવે હાય બીનને !
ચાલે છે ચિત્તના તંતુ જ્ઞાન કયાં રસહીનને ?
દેખે છે કાલને સામે તોય પાછો નહીં વળે :
જવાની તો કહો, કેમ આજ્ઞા સંગીતની મળે ?

અશ્રુ પડે નયનથી, બહુ ખિન્ન લાગે :
છે મૃત્યુની ખબર, તોપણ બદ્ધ રાગે :
કેદી સમાન હળવે ડગલાં ભરે છે,
અત્યંત હર્ષ સહ ચિહ્ન બધાં કરે છે.

આવે ચાંડાલની પાસે, સુણે એકાગ્ર ચિત્તથી;
લુબ્ધ લુબ્ધકનું ચિત્ત થાય કસ્તૂરિવિત્તથી !

ધીમો તેથી કંઇ પડી ગયો બીનનો એહ નાદ:
રે ! રે ! કેવો શબરપતિ આ થાય તારો પ્રમાદ !

આંખુ તેથી મુખ થઇ ગયું એમ જોતાં જણાય,
ધીમા તોયે સ્વર સમઝવા નાડીઓ ફુલ્લ થાય!

કહે કરુણ ચીસોમાં: "અરે રે! આમ શું કરે?
પ્રાણ દાન કરું તોયે તૃષ્ણા અત્યંત શું ધરે?"

અરે! ખૂની સામે મૃગવર બિચારો ટળવળે,
તથાપિ પારાધિ હૃદય તણી પીડા કયમ કળે?
કરે તૈયારી એ શર તણી, ફરે ચિત્ત મુજનું,
અરે! પાપી પ્રાણી! નિધન કરું હું દુષ્ટ તુજનું!

આપે છે શસ્ત્ર તેજસ્વી સખી એ અપ્સરા મને
દોડું ચાંડાલની સામે રાખીને ખડ્ગને કને.

મારું જઈ શિર પરે તરવાર એને: મરતા વાર?
નીચે પડે, અરર બીન! બચાવું કેને: બચાય ન તે.
તે જોઈને જ મૃગ મૂર્ચ્છિત થાય, હાય! જગતની રચના
આવું થતું નિરખતાં જ મિજાઝ જાય! ગ્રહણ વૈષમ્ય.

"અપ્સરા, અહીં કયાંથી લાવી?" કહી હું ક્રુદ્ધ થાઉં છું:
કલ્પના જાય છે ઊડી, એકલો રહી જાઉં છું!

કવિ કલ્પના કરે છે ત્યાંપણ જગતની ક્રૂર પ્રકૃતિનાં
વિષમતાનું જ તેને પ્રતીતિ દાય છે. કવિની mood
જ tragic mood જાગે છે. કવિની પીળાનો
રસ કરુણના પ્રલંબ દર્દીલયમાં સૂર રેલાવી
રહે છે.

અતિ જ્ઞાન

ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે,
ઝાંખી દિશા પણ જણાય, અનિષ્ટ પાસે;
જામી ગઈ તરત ઘોર, કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુર માંહિ વાત.

ઇંદ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા;
એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા.

દુર્યોધન પ્રેષિત દૂત એક,
દેખાવમાં ઘાતક દુષ્ટ છેક,
જતો હતો અંધ થતી નિશામાં,
સુગુપ્ત રાજગૃહની દિશામાં!

શાને આવ્યો હશે, તેની કલ્પનાઓ ચલાવતા;
ભય સંદેહ દર્શાવી, શિર કોઇ હલાવતા!

નિગૂઢ શંકા પુરવાસીઓની આ,
જરાય નિષ્કારણ તો નહોતી હા!
કરેલ આમંત્રણ ધર્મરાજને,
રમાડવા દ્યૂત અનિષ્ટભાજને.

હા કહીને રજા આપી યશસ્વી જ્યેષ્ઠ પાંડવે;
બોલાવ્યા ત્રણ બંધુને મળવાને પછી હવે.

શિશુ સમાન ગણી સહદેવને,
અબર આ કંઇએ ન કર્યા હતા;
અવર સર્વ ગયા નૃપની કને,
પરમ દુઃખિત અંતરમાં થતા!

કનિષ્ઠ દ્રૌપદી સાથે પોતાનાં વાસમાં હતો:
સતી બેઠ હતી જોતી વદને વધતો જતો!

ત્રિકાલનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નિરખે થનારને:
સ્વપક્ષનો દ્યૂત વિષે પરાજય,
વળી દિસે દ્રૌપદીમાનનો ક્ષય!

જાણે બધું, તથાપિ કૈં કહેવાની રજા નહીં;
શમાવી ન શકે તેથી મૂંઝાય મનની મહીં:—

નહીં શકું હાય! બચાવી કોઇને,
અશક્ત જેવો રહું બેસી રોઇને;
બરે! દિસે દુઃખદ શાપ આ મને,
નિહાળું છું ભૂત ભવિષ્ય જે કને!

"હા ધિક્! હા ધિક્! કૃતઘ્ની હું આમ મૌન ધરી રહું:
આવતું વાદળું દેખી મુખથી ન કશું કહું!"

વિચારતાં નેત્ર જલે ભરાય છે,
શરીરનું ચેતન ત્યાં હરાય છે;
લઇ જઇને પ્રિય વક્ષની સમી,
ગ્રહી કરે મસ્તકથી રહ્યો નમી!

રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી :
"પ્રિયે! સ્પર્શ કરૂં શું હું ? અધિકાર જરા નથી!

"કરાય શું નિષ્ફલ જ્ઞાન સર્વ આ,
થનાર ચીજો નવ થાય અન્યથા :
સદૈવ ચિંતા દિલમાં વહ્યા કરૂં,
અનેક હું એકલડો સહ્યા કરૂં !

"રજની મહિં, સખી, ઘણીક વેળા,
નયન મળે નહિ ઊંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદન સુધાકરને રહું નિહાલી !"

આવું કહ્યું, ત્યાં શિર શૂળ ચાલ્યું,
રહ્યું નહીં મસ્તક મત્ત ઝાલ્યું;
મારી કુમારે અતિ આર્ત્ત હાય,
કહ્યું, "હવે એક જ છે ઉપાય !"

ચાલી જરા ને ગ્રહી એક સીસી,
પ્યાલી ભરી દંતથી ઓષ્ઠ પીસી:
બાલી કરી કંઠ વિષે ત્વરાથી;
ગયો બધો એ બદલાઈ આથી !

સતી ભોળાનાથ શય્યામાં ગંધથી જ પડી ગઈ;
મૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ !

સ્નેહશંકા

વનેાનાં વૃક્ષેાને તરુણ વયમાં છેદ કરતાં,
જશે તે રૂઝાઇ, ત્વચ નવ ફરી વાર ધરતાં;
જનેામાંએ તેવા જડ હૃદયમાં તેમ બનતું,
થતાં થેાડી વેળા, ક્ષતરહિત પાછું થઈ જતું !

મને બીજાઓનાં નથી વચનની લેશ પરવા,
સદા ચિંતા જેવી અભિમુખ રહું વૃત્તિ હરવા;
વહું સ્વેચ્છાચારે જગત ભણી દૃષ્ટિ જ ન લહું,
બધે એવેા તેયે પ્રિયજન સમીપે શિશુ રહું !

નહીં તેના શબ્દેા કઠિન કદિયે થાય સહન,
જરા તેને શંકા મન મહિં કરે દુઃખ ગહન;
વિપત્તિમાં કયારે પણ નયન જે કૈં ન ડરતાં,
કહે થેાડું તે, ત્યાં તરત જલ એ પૂર્ણ ભરતાં.

જનેતા ! ને ભ્રાતા ! પ્રિયતમ સખા ! ને પ્રિયતમા !
જણાવું છું, મારે તમ વગર કેાની નથી તમા;
નહીં લેખું કાંઈ સકરુણ રહેા સ્વલ્પ પણ જો,
તમારી પાસે તેા કુસુમ સરખેા કાંત ગણજો !

રાજહંસને સંબોધન

ઉ.ક.

બહુ દિવસથી સ્વેચ્છાએ તેં પ્રવાસ શરૂ કર્યો,
સર સરિતમાં કૈં જોતાં જોતાં અનેક જગે ફર્યો;
હજી પણ, સખે! પાસે આવ્યું ન માનસ તો દિસે,
વિરતિ કરી લે માટે આજે હવે સ્થલ આ વિષે!

વિકટ વનથી થાકી દૃષ્ટિ જરા અહિંયાં ઠરે,
અનિલ લહરો આવી પાસે તનુશ્રમને હરે;
મૃદુ રવ વળી ધીમે ધીમે વહી ઝરણાં કરે,
સકલ રચના મેળે મેળે પ્રસન્ન તને કરે!

અનુભવ નથી રસ્તાનો કૈં હવે પછીના તણો,
શ્રમ પણ, સખે! આગે જાતાં કદાચ પડે ઘણો;
ત્વરિત ન થતાં માટે આંહીં જરા ઠરવું ઘટે,
મધુર જલમાં ચિંતા છોડી જરા તરવું ઘટે!

કમલવન છે ક્રીડા માટે સમીપ મનોહર,
કુસુમિત લતાઓમાં પેસી પરાગ બધે ભર;
ક્ષણ સુખ તણી આવી પાછી કદાચ મળે નહીં,
અવર વિસરી એકત્વે થા તું સાંપ્રતની મહીં!

વસંત વિજય

"નહીં નાથ ! નહીં નાથ ! ન જાણે કે સહવાર છે !
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે."

હજારો વર્ષો એ વચન નિકળ્યાને વહી ગયાં,
ખરે ! વક્તા શ્રોતા નથી તદપિ એ વિસ્મૃત થયાં;
સહુ માદ્રી પાંડુ તરત જ પિછાને ઉચરતાં,
વટી જોકે વેળા નિરવધિ શતશૃંગ ફરતાં.

ગિરિના પ્રાંતમાં કોઇ બાંધી પર્ણકુટી દ્વય,
બંને રાજી તથા રાજા કરતાં કાલ ત્યાં ક્ષય.

નિદ્રા પ્રશાંત જરિયે ન હતી થયેલી,
(૧) દુઃસ્વપ્ન દર્શન મહીં જ નિશા ગયેલી;
"ખુલ્લા પ્રદેશ પર જૈ ફરૂં થોડી વાર,"
ઊઠયો નરેંદ્ર મનમાં કરી એ વિચાર.

ધીમે શયનને છોડી જરા એ બ્હાર જાય જ્યાં,
"નહીં નાથ ! નહીં નાથ !" શબ્દો એ સંભળાય ત્યાં.

"પ્રિયે માદ્રી ! શું છે ? નથી નથી જતો સ્નાન કરવા,
વહી નિદ્રા, માટે અહિં તહિં જરા જાઉં ફરવા;
મટયું આ અંધારું તરત, નથી રાત્રિ પણ બહુ,
હંમેશાંને સ્થાને પછી કરીશ હું આહ્નિક સહુ."

ન જવાનું કહી દેવી નિદ્રાવશ થઇ હતી;
જાગર્તિ ક્ષણ રોકાઇ ફરી પાછી ગઈ હતી !

" સારૂં થયું પ્રિય સખી થઈ છે પ્રસુપ્ત,
સાચી બિના નહિ જ રાખી શકાત ગુપ્ત; "
સંતોષથી નૃપતિ થાય હવે વિદાય,
છે અંધકાર, પણ ભૂલ જરા ન ખાય.

કંસારી તમરાંઓના અવાજે આવતા હતા :
સ્થલ કાલ છતાં શાંત બનેને ભાવતા હતા !

વહે થંડો વાયું કરી દઈ બધે શાંતિ વનમાં,
ઘણા થોડા આજે ઉડુગણ પ્રકાશે ગગનમાં;
હજી એકે પ્રાણી ગિરિ મહિં નહીં જાગ્રત હિસે,
વધે અંધારામાં નરવર અગાડી વન વિષે.

ત્યાં જવું હતું તે આવ્યું સર સુંદર પાસનું;
આવ્યું હતું પુરા જેને નામ " માદ્રી વિલાસ "નું.

આંખી ભરેલ જલની સ્થિરતા જણાય,
જોતાં જ તર્ક નૃપના કયહિંએ તણાય;
બેસે શિલા ઉપર ચાલી સચિંત રાય,
ઊંડા વિચાર મહિં છેવટ મગ્ન થાય.

૧ અનિદ્રા શ્રમથી તેનો ધૈર્યભ્રંશ થયો હતો;
૨ પૂર્વનાં સ્મરણો માંહીં ઘણો કાલ ગયો હતો.

થવા માંડ્યાં ત્યાં તો રવિઉદયનાં ચિહ્ન સઘળે,
ઉઠેલી સૃષ્ટિના વિષમ સ્વર સાથે સહુ ભળે;
જવા માંડ્યું સર્વે સ્થલમહિંથી અંધારૂં ઝટ જ્યાં,
પુરાયો પ્રાચીમાં નવલ સરખો રંગ પણ ત્યાં !

કોલાહલ થવા લાગ્યો અરુણોદયથી બધે;
પૂર્વની રક્તિમા સાથે સહુ આક્ષોભ એ વધે !

વૃક્ષો અદૃશ્ય સઘળાં નઝરે પડે છે:
ધોળાં અનેક ગમથી ઝરણાં દડે છે:
એ દેશ ચક્ષુ તજી ઉપર જ્યાં ચડે છે,
ઊંચાં પ્રચંડ શિખરો નભને અડે છે.

"અરે ! શું આટલો કાલ નિષ્કારણ વહી ગયો !'
સદ્ય એવું કહી રાજા સ્વસ્થાનેથી ઉભો થયો.

ઉઠી જોતાં શોભા બહુજ બદલાયેલ નિરખી :
✓ ડગ્યું પાછું ધૈર્ય, સ્મરણ મહિં આવી પ્રિયસખી :
"નિહાળું છું શું હું મનહર વસંતપ્રસરને !
અરેરે શેની શી અનુભવ કરૂં છું અસર એ !"

(3)
સૃષ્ટિસૌંદર્યને જોતાં કૈં રોમાંચ થયું હતું;
ઘણા દિવસનું પેલું યોગાંધત્વ ગયું હતું;

ઉડે, દોડે, એવી જલચર કરે ગમ્મત ઘણી,
નિહાળી તે, જોયું વળી પછી જરા પર્વત ભણી :

ગમી ના એ વૃત્તિ, હૃદયરસથી સંયમ ચહ્યો,
" થઈ ન્હાવાવેળા, " નૃપતિ કહી એવું મહિં પડ્યો.

સ્નાનથી થઈને શાંત પડ્યો એ નિત્યકર્મમાં ;
જતાં રાગ બની વૃત્તિ પાછી તદ્રૂપ ધર્મમાં.

પૂરું કરી તરત તે સ્થલને તજે છે,
ઈચ્છા વિરુદ્ધ દૃઢ આગ્રહને સજે છે :
" શાને થવું પતિત આશ્રમધર્મનાથી
સૌંદર્ય શું ? જગત શું ? તપ એજ સાથી. "
થઈ આશ્રમમાં લે છે નિત્ય માફક ભોજન;
ઇચ્છે પછી જરા નિદ્રા પૂર્ણ વીસરવા વન.

ઉઠ્યો થોડી વારે નૃપતિ જ્યમ નિદ્રા કંઈ લઈ,
મનોવૃત્તિ તેવી સ્થિર, વિમલ ને સાત્ત્વિક થઈ;
જઈ થોડે છેટે પછી અનુભવે શીતલ હવા,
પડે દૃષ્ટિ માટે વન તરફ લાગે નિરખવા !

અક્ષુબ્ધ હૃદયે જોઈ રચના એ ઋતુ તણી :
મળવાને પછી ચાલ્યો બીજી પર્ણકુટી ભણી.

માદ્રી જ માત્ર હતી હાજર એહ વાર,
કુંતા ગયેલ કંઈ કારણથી બહાર;
માતા સતી નકુલ ને સહદેવની એ,
હા ! તાપસી નૃપની સાથ હતી બની એ.

ઝીણા વલ્કલને આજે એણે અંગે ધર્યું હતું;
નહીં લાવણ્યને ઓછું વનવાસે કર્યું હતું.

"નથી શું કુંતાજી ? નહિ અરર આંહીં રહી શકે
પ્રિયે તું એકાકી ? સ્વજન વિણ વૃત્તિ કયમ ટકે:
અરે ત્યારે આનો અનુભવ જરા આજ કરીએ,
જરા આ પાસેના ઉપવન વિષે કાંઈ ફરીએ"

પ્રસંગ બદલાતાં એ સિદ્ધાંત વિસરી ગયો:
મૂઢી તાપસ એ પાછો ભર્તા-સ્વામી-અરે! થયો!

શાંતિ મહીં નહિ થયો કંઈ ફેરફાર,
તેથી જ હાલ નૃપતિ વિસર્યો સહવાર:
માદ્રી નહીં કરી શકી કંઈએ નકાર:
જાણેલ હોય કદિ શું વિધિના પ્રકાર?

પૂર્વાશ્રમ તણી બુદ્ધિ પાછી આવી ગઈ હતી:
ફરે સાંપ્રતને ભૂલી વનમાં સાથ દંપતી.

વહી જતાં ઝરણાં શ્રમને હરે,
નિરખતાં રચના નયનો ઠરે:
મધુર શબ્દ વિહંગ બધાં કરે,
રસિકનાં હૃદયો રસથી ભરે!

વસંતે સ્થાપેલું પ્રબલ નિજ સામ્રાજ્ય સઘળે,
નવાં રૂડાં વસ્ત્રો તરુવર ધરે છે સહુ સ્થળે;

બધી સામગ્રી એ મદનરસથી સૃષ્ટિ ભરતી,
જનોના જુસ્સાને અતિ ચપલ ઉદ્દીપ્ત કરતી.

ઉછળ્યું લોહી તેથી એ સાવધાન થયો નહીં:
સ્ત્રીસંગે નર્મગોષ્ઠીમાં વધે છે વનની મહીં.

ઉત્તુંગ નમ્ર સહકાર દ્રિસે ઘણાય,
લાખો વળી અગુરુ ચંદન ત્યાં જણાય;
વૃક્ષો, લતા, સકલ કૈંક અપૂર્વ રંગ,
કોને ન કાં પ્રબલ મિત્ર વડે અનંગ?

ફરતાં ફરતાં આવ્યો એક માલતિમંડપ;
પ્રવેશ સતીની સાથે કરે છે તે મહીં નૃપ.

ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ :
બેસીને કોણ જાણે કયહિં પરભૃતિકા ગાન સ્વર્ગીય :
ગાળી નાંખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી કાય

"સાંભળ્યું મોહ પામીને હવે કોકિલકૂજન :
પ્રિયા પંચમ વૃષ્ટિથી નહાવાનું થાય છે મન."

જરા શંકા પામી, તદપિ નહિ કાંઇ કહી શકી,
વળી એવી ભીતિ નૃપવદન જોતાં નહિ ટકી;
નહીં રાજાજીનો હુકમ પણ પાછો કદિ ફરે,
વિચારી એ માદ્રી તરત જ જરા કૈં શરૂ કરે,

દિવ્ય રાગ શરૂ થતાં બન્યું શાંત બધું વન;
લોહચુંબકથી જાણે ખેંચાયાં સર્વનાં મન.

માધુર્ય એ ઉછળતું કયહિં ના સમાય,
હા ! કેમ આ હલક અંતરથી બમાય;
સાથે મળ્યાં તરત દંપતી સર્વ દોડી,
લેટી રહ્યાં સ્વર વિષે દઇ વૃત્તિ જોડી !

ઘેલી બની બધી સૃષ્ટિ રસમાં હાલ નહાય છેઃ
હાય ! એક જ પાંડુના હૈયામાં કૈંક થાય છે !

સંગીતામૃત વર્ષતાં પ્રથમ તો આનંદ વ્યાપી ગયો;
સાથે એક કરૂં પ્રિયાહૃદયને આવેશ એવો થયો;
બંચાયો પણ વેગ પૂર્ણ કરતાં, આવી સ્થિતિની સ્મૃતિ,
રાખે અંકુશ, તોય સ્પષ્ટ વપુમાં દેખાય છે વિકૃતિ.

નિહાળી નૃપને રાજ્ઞી જરા ગાતાં રહી ગઇ;
હાય રે ! ઉલટી તેથી તેની શાંતિ વહી ગઇ !

" પ્રિયે ! માદ્રી ! આહા ! સહન મુજથી આ નથી થતું,
નહીં મારે જોઇયે તપફલ, ભલે એ સહુ જતું;
ચલાવી દે પાછી મધુર સ્વરની રમ્ય સરિતા,
છટાથી છોડી દે ! અરર ! કયમ રાખે નિયમિતા ! "

વૃત્તિઓ પરથી તેનો અધિકાર ગયો હતો;
અપૂર્વ ધ્વનિથી પૂરો મદોન્મત્ત થયો હતોઃ

"સખી! દેવી! વ્હાલી! સ્વરૂપ તુજ આજે બહુ દિસે,
અરે! રંભા જેવી રસમય અહીં નંદન વિષે:"
નિહાળે વર્ષાવી પ્રણયરસ બંને નયનથી,
જરા ધાસ્તી પામે સતી પણ હવે હાય! મનથી.

ગીત પૂર્ણ થતાં રાજા જાય છે પાસ કૈં મિષે;
"ક્ષમા-પ્રાણ નહીં," બોલી; લે છે એને ભુજ વિષે!

"રે હાય! હાય! નહિ નાથ નહીં," કહીને,
છૂટી જઇ ભુજ થકી અળગી રહી તે;
હા! દીન દૃષ્ટિ કરી એ નિરખી રહે છે,
દુઃખે ભર્યાં નયનથી નૃપને કહે છે:—

"ડરું છું, ભય પામું છું, જોઈને આજ આપને:
અરે! કેમ વિસારો છો ઋષિના ઉગ્ર શાપને?"

બહુ બ્હીતી બ્હીતી થરથર થતી એ કરગરે,
નથી ઓછી થાતી વિકૃતિ નૃપની તોપણ, અરે!
"ઘટે છે શું દેવી! હૃદય પર આ નિર્દય થવું?
અરેરે! આ આવું પ્રબલ દુખ! મારે કયહિ જવું?

"પ્રિયા! પ્રિયા! પ્રિયા! તારા હાથમાં સર્વ હાય રે!
ત્વરાથી દેહ જોડી દે: આ તો નહિ અમાય રે!

"જાણું બધું, પણ દિસે સ્થિતિ આ નવીન
મારું નથી બલ, બન્યો જલ બ્હાર મીન:

દેવી! વિચાર કરવા સઘળા તજી દે:
રે હાય! સ્પર્શસુખ, આણસખી! હજી દે!"

વિચાર કરવા જેવો હવે વખત રહ્યો નહીં;
સ્ત્રીત્વ ઊંપલાવી પડી માદ્રી નરેંદ્ર ભુજની મહીં.
* * *
જરા, ઉત્તરાળાનો ઘેરો પડ્યો ઓળા કદિ એ દુઃખાર્ત હૃદય રાખીને છે-

નહીં ચાલે આથી ગત સમયમાં દૂર હૃદય:
પડ્યા શબ્દો છેલ્લા શ્રુતિ પર બહુ મંદ સદય.
જરા તૂટ્યાં વાકયો કંઈ કંઈ થઈને રહી ગયાં:
હજારો વર્ષો એ પછી પણ હવે તો વહી ગયાં!

ઉપાલંભ

જોયું મેં ન મળ્યું મને નયનમાં, શબ્દો મહીંએ નહીં,
હુંહર્ષોન્મત્ત સદૈવ છેક બનતો તે કૈંક આજે કયહીં;
રે પહેલાં ન હતી કદી અનુભવી આવી ઉદાસીનતા,
દીઠી શું ન કઠોર! તેં કરુણ જે વ્યાપી મુખે દીનતા?

હૈયાનું ઝરણું રસાલ સહસા ખૂટી પડ્યું શું સખે?
પૃથ્વી કર્કશ જોઈ કાયર થતાં બીજે વળ્યું શું રખે?
સ્વાર્થી તું ન ગણી શકાય મનથી, તો યે રહું રોષમાં,
મર્માઘાત ન શાન્ત થાય નિજને માનું બધા દોષમાં.

વર્ષોના સહવાસથી પણ અરે જાણ્યો નહીં તેં મને,
જાણે શા થકી યોગ્ય છે પ્રણયના શા તું ઉપાલંભને?
સ્નેહી, સ્નેહ તણો અનાદર કહે શી રીતથી હું સહું?
આલંબી ઉછરેલ કેવલ રહું શાથી નિરાધાર હું?

જો કૈં હોય વિકાર વૃત્તિ મહીં તો છે વ્યર્થ આ બોલવું,
શાને નિર્દયની કને હૃદયને મર્માંતમાં બોલવું?
પ્રેમી છું નહિ, પ્રેમથી અવશ છું, સ્વાતંત્ર્ય તો કૈં નથી,
રાખી તોય શકીશ વૃત્તિ મનમાં તાટસ્થ્ય સામે મથી.

પડેલા સ્નેહીનો પ્રત્યુત્તર

મોહ્યો હું દૃગથી, દૃગે નમન ના કીધું પછી કોઇને,
"ગાંભીર્ય, દૃઢતા, અને સરલતા" તારાં, સખે! જોઇને;
ગર્વોન્મત્ત થયો, અરી ફરજ કૈં ભૂલ્યો, પડ્યો ગહ્વરે,
સ્નેહી માનવ! સાથ તું પણ પડ્યો એવો જ! શું તું કરે?

હાવાં કૈં સ્મૃતિસાગરે લહરમાં આંસુ મિલાવી, અને
હૈયાને ન્હવરાવતો, પણ સખે! ના એ પુરાણું બને:
છે તારૂં જ તથાપિ: નિર્મલ નહીં, તોયે અરૂં? રાખતું
વાત્સલ્ય પ્રતિબિંબ આત્મગહને રે'શે હમેશાં છતું!

ચક્રવાક મિથુન

પ્રસરી રહી ચોપાસ શાખાઓ શૈલરાજની :
ન જણાય, જશે કેવી સંધ્યા એ મધ્ય આજની !

સરિતનાં જલ કૃષ્ણ જરા થયાં, રંધ્રાંત
કિરણ સૂર્ય તણાં શિખરે ગયાં;
સભય નાથ પ્રિયા હૃદયે ધરે,
વિરહ સંભવ આકુલતા કરે !

આંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ;
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ !
પાસે સામે તમ પ્રસરતાં એક ઉદ્ગ્રીવ જોય,
ભીરુ શ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લ્હોય.

વિહગયુગ્મ કિશોર રસજ્ઞ એ,
રસ મહીં જ પરસ્પર મગ્ન એ,
નિભૃત અત્ર અહર્નિશ આવતું,
રમણ આચરવા મન ભાવતું !

ઊંચે જેસી રવિઉદયને જેહ સાથે વિલોકે,
ઘેલાં જેવાં ક્ષણ સ્મૃતિ થતાં જે દિસે હર્ષશોકે;
ઘાટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ,
માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ.

નવીન અનુપ્રાસ

હરિત નીલ સુદ્રઢ વનસ્થલી— ૯
પર મણી સુકુમાર મૃગો રમે; ૮
ઉપવનો તણી સંવૃત આવલી— ૯
મહિં જવા પ્રણયી તરુણો ભમે ! ૮

માત્રા વર્ણ.

નહાનાં નહાનાં કયહિં શુચિ સરો, કચ્છ ઉત્તાન રમ્ય,
સ્નેહે જોવા થકી ઉપજતી ભાવના કૈં અગમ્ય !
આધું આધું મુદિત રવનું ચિત્ર સંગીત થાય
શાનો કયાંથી કંઈ નિસરતો મિષ્ટ આમોદ વાય !

પરિમલ.

અસર સુંદર અદ્ભુત રંગની,
સકલ સૃષ્ટિ નવીન અરે બની;
રવિમરીચિ બધે હિમને હરે,
ગહનમાં તદનંતર ઊતરે.

શાખાઓમાં તરુવર તણી ચક્રવાકી છુપાતી,
શોધી કાઢે દયિત નયનો, જોઇને હૃષ્ટ થાતી;
ચંચૂ ચંચૂ મહિં લઇ પછી પક્ષને પક્ષમાં લે,
ક્રીડા એવી કંઇ કંઇ કરે ભોગ્યમાં દંપતી તે.

સુયુત બે ચરણો થકી ઊડતાં,
પવનથી પડતાં કંઇ બૂડતાં;
વિમુખ એકલી નહાતી પ્રિયા શિરે,
પતિ જઇ અભિષેક કદી કરે !

કાંઠે બેસી નઝર કરતાં આત્મછાયા જણાય,
બીજાંની ત્યાં પ્રતિકૃતિ ભણી એક દૃષ્ટિ તણાય.

ત્યાં કિલ્લોરવનું બાકુ દર્શન છે - સંસ્કૃતિમાં લખવાનું
ગુ. માં કિલ્લા-કિલ્લા.

પૂરાં અંગો નહિ કંઇ દિસે, પ્રેમ તો તોય વાધે,
જોતાં જોતાં સુખ અવરનું ગાઢ આશ્લેષ સાધે !

પ્રણયની પણ તૃપ્તિ થતી નથી : તૃપ્તિ દેખ તો
પ્રણયની અભિલાષ જતી નથી : રક્ત પ્રકાર જ
✓ સમયનું લવ ભાન રહે નહીં : અવિદિતગતયા
અવધિ અંકુશ સ્નેહ સહે નહીં !

હાવાં રક્ત દ્યુતિ ઉડી જતાં થાય વૃક્ષો સરોષ, રાત્રિના-
હાવાં થંડી મૃદુ વહનથી સૂચવે છે પ્રદોષ ;
આકાશે જ્યાં હતી વિચરતી દેવતાઓ ત્યહીંથી,
જાગ્યાં પ્રેમી વિરલ સુખની મોહનિદ્રા મહીંથી.

વિરહ સંભવને વિસર્યાં હતાં,
બની નિરંકુશ ગેય ર્ફર્યાં હતાં ;
જવનિકા ત્રુટતાં સ્મૃતિનાશની,
નિકટ મૂર્તિ ઉભી વિધિપાશની !

અનુભવે, ન છતાં, ક્ષણ એક તે,
વિવશ, મૂઢ, નિરાશ જ છેક તે ;
સહુ થનાર કમે નઝરે વહ્યું,
રુદન અંતરમાં ઉછળી રહ્યું !

અંધારાનાં પ્રલયજલથી યામિની પૂર્ણ ઘોર,
સ્વેચ્છાના વા કુટિલ કૃતિના મંદ્ર અવ્યક્ત શોર,
ઊંડાણોમાં પડી સુઇ જતો નિષ્ઠુરપ્રાણ કાલ :
આભાસોથી થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ !

થઈ તથાપિ વિમુક્ત પ્રયાસથી,
લઇ વિદાય નદીતટ પાસથી;
મિથુન એહ ચડે અવકાશમાં,
સ્થિતિ કરે દ્વિનતેજ સકાશમાં.

અવર કાંઇ હવે નથી દેખતાં :
અવર કાંઇ હવે નથી લેખતાં :
ચપલ, આખરની, ક્ષણ એ છતાં,
ઉભય જીવન એક થતાં દિસે !

ધીમે ધીમે ગતિ કરી જતો પશ્ચિમે સૂર્ય જેમ,
ઊડી બંને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ;
દૃષ્ટિ પ્રેરે વિતત ગગને, કાંતિ કૈં ના જણાય,
આછી આછી રસ રુહિત ત્યાં વાદળીઓ તણાય.

ઉદધિને રવિબિંબ હવે અડે,
બંને અતિ સમુચ્છ્રિત તેય હવે ચડે,
ક્ષણ લગી પરિરંભ કરી રહે,
હૃદય કંપિત સાથ ધરી રહે !

રોમે રોમે વિરહભયની વેદનાથી બળે છે,
છૂટી છૂટી, સહન ન થતાં, મત્ત પાછાં મળે છે;
વેળા થાતાં વિષિદ્રમનની ગાત્ર ખેંચાય સામાં,
પ્રેમી બંને ધૃતિ અતિ છતાં થાય સંમૂઢ આમાં.

ટળવળે નિરખી રચના વને,
તરફડે સમજી રચનારને :
શ્વસન દુઃખિત છેવટ સારતી,
પ્રિયતમા વચ આમ ઉચારતી :—

"પાષાણોમાં નહિ નહિ હવે આપણે, નાથ! રહેવું :
શાને આવું, નહિ નહિ જ, રે! આપણે, નાથ! રહેવું!
ચાલો એવા સ્થલ મહિં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ?"

પ્રવદતાં અટકી ગઇ એ અહીં,
અધિક ધીરજ ધારી શકી નહીં;
થઈ નિરાશ હવે લલના રુવે,
મૃદુલ પિચ્છ થકી પ્રિય તે લ્હુવે!

પણ હજી દિન શેષ રહ્યો જરા,
નજર ફેરવી જોઈ બધી ધરા;
પ્રણયવીર લહી સ્થિરતા કહે,
અગર જો રુજ અંતરમાં સહે:—

હા! શબ્દો આ સરલ સરખા મર્મને તીવ્ર ભેદે,
ગર્ભાત્માને સ્ફુરિત કરતા ધૈર્યને છેક છેદે;
"લાંબા છે જ્યાં દિન, પ્રિય સખી! રાત્રિએ દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની, હાય! આશા જ કેવી!

"અવર કાંઇ ઉપાય હવે નથી :
વિરહ, જીવન, સંહરીએ મથી :
ગહનમાં પડીએ દિન દેખતાં :
નયન મીચી કરી દઇ એકતા !"

* * * *

પાછું જોતાં દ્વિજયુગલને અન્યથા થાય ભાસ,
ઊંડું ઊંડું દિનકર સમું કૈંક દેખાય હાસ;
"આહા ! આહા ! અવર દુનિયા ! ધન્ય" એ બોલતામાં,
નીચે નીચે ઉતરી પડતું વેગથી દંપતી ત્યાં !

અધિક એહ પ્રકાશ થતો જતો,
જવ જનાર તણો વધતો જતો;
અમિત એ અવકાશ તણી મહીં,
કયહિ અચેતન એક દિસે નહીં ! ✗

પ્ર. રોડા.

(૧) મનુષ્યપ્રકૃતિની મૂર્તિ = આ દંપતી. મનુષ્યચિત્ત વિ. મનુષ્ય.
સૃષ્ટિકમ ~~કુ~~ પ્રકૃતિ ઊંડાની રીડા. (ન.ક.દા.)

(૨) જીવને જાહ્નવી : રજની: માયા. (નરસિંહરાવ)
નર-મા-ણ-કોવાદ- (છઠ્ઠો અંક).

✗ ઉપર આઠ પુરાણ
કહ્યાં ચૌદ લોક દિસે નહીં !

દેવયાની

"રજનીથી ડરું, તોયે આજે એ લેખતી નથી;
કયાં છો ? કચ ! સખે ! કયાં છો ? કેમ હું દેખતી નથી ? "

લંબાવેલા સ્વર મધુર આ વ્યોમ માંહે ફરે છે,
પુષ્પે પુષ્પે વિટપ વિટપે નૂતન શ્રી ભરે છે;
ઉદ્રેક્ષા નહાનાં નહાનાં વપુ ધરી શકે શોધતા એ દિશામાં,
રેલંતા એ રતિ વિવિધથી કૈં શશીની નિશામાં !

દિવ્ય પ્રભા નિરખી ઉત્સુક જે થયેલી,
દેખાડવા સુહૃદને પ્રણયાર્દ્ર ઘેલી;
તે આ સ્વભાવ સરલા કરી દોડ નહાની, આંદનન ઉંબરે પગ
બોલાવતી ધસતી બાલક દેવયાની. ઝાંડની —
તરુણિમાં ફુટ.

તરે જે શોભાથી વન વન વિષે બાલ હરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્નાભ્રમણ, ભ્રમણે જ્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો !

તરુઓ અભિનંદે આ અંગો લલિતને નમી;
સમગ્ર નભ વર્ષે છે, આહા ! ઊપરથી અમી !

થંડો મીઠો કુમુદવનનો માતરિશ્વા વહે છે,
ક્રીડંતો જ્યાં તરલ અલકશ્રેણિ સાથે રહે છે;
બાલાને એ વ્યજન કરતો દાખવે આભિજાત્ય,
પ્રેરે નૃત્યે પદ, રસિકનો અગ્રણી, દાક્ષિણાત્ય!

જેવી તરંગ શિખરે જલદેવી નાચે;
વક્ષઃસ્થલે શિશુ સમી ગણી સિંધુ રાચે;
અજ્ઞાત, તેવું રમણીય નિહાલી લાસ્ય,
પામે પ્રમોદ વસુધા; ઉભરાય હાસ્ય!

હવે તો મેદાને વરતનુ દિસે છે વિચરતી,
વિલોકે સામે, ત્યાં ત્વરિત ચરણોની ગતિ થતી;
રહ્યાં બંને બાજુ તરુવર, નહીં કાંઇ વચમાં,
વસેલું આવીને પણ સકલ સૌંદર્ય કચમાં!

રોહિણીપતિના ભાલે રશ્મિઓ રમતા હતા:
તુહિનાચલના જાણે શૃંગમાં ભમતા હતા!

શોભિતા શા સહુ અવયવો, સ્નિગ્ધ, ગોરા, ભરેલા,
યોગાભ્યાસ પ્રબલ થકી શા યોગ્યતામાં ઠરેલા:
ગાલે, નેત્રે, સકલ વદને, દીપ્તિ સર્વત્ર ભાસે,
જ્યોત્સ્નાનેએ વિશદ કરતો સ્વચ્છ આત્મીય હાસે!

આકાશ મંડલ ભણી દગ એ નથી જ,
વિશ્રામ આજ નથી ભૌતિક કોઈ ચીજ;
નેત્રો નિમીલિત થતાં હૃદયે તણાય,
અધ્યાત્મ ચિંતન નિમગ્ન થયો જણાય!

હવે તો આ આવી નિકટ ગુરુકન્યા કચ તણી,
અવસ્થાને જાણી નહિ, અગર જાણી નહિ ગણી;
" નિહાલે શું ? હા ! તો સફળ સમજું આગમનને !
નહીં : નીચી દૃષ્ટિ : અરર ! અવમાને ગગનને ! "

કર સાહી કહે મીઠું : " વ્યોમસાગરને તટે,
મુખ તો વિધુલક્ષ્મીનું જો, સખે ! આમ ના ઘટે ! "

પાડી નાંખે તનુ પર પડ્યું બિંદુ જે હૈમ આવી,
ઝાડીમાંથી મૃગપતિ જરા યાળ જેવો હલાવી;
કીધો નીચે સુતનુ કરને એ પ્રમાણે કચે જ્યાં,
ઝાંખા જેવો વિધુ પણ થયો દૈન્ય દેખી નલે ત્યાં !

સાશંક ભીરુ નિરખી રહી આસપાસ,
ન્હાનું દીસે મુખ અનાદરથી ઉદાસ;
ધીમે હવે કચ ભણી જયમ એ વળે છે,
તેવું જ હા ! ઉતરતી દૃગને મળે છે !

જરા જોયું, ત્યાં તો અતિશય દિસે છે પ્રસરતી,
કુમારીને લજ્જા, નયન પણ નીચાં જ ધરતી;
રહી વેળા થોડી, કચ પણ હવે આમ ઉચરે,
હતું ધીમું તોયે, પરિચિત છતાં એ પણ ડરે !

" અવસ્થાભેદનું, દેવી ! તને ભાન દિસે નહીં :
મુગ્ધ ! શું સમજે છે તું બાલભાવ બધા મહીં ? "

રે રે! એને શ્રવણ ન કદી વાકય એવું પડેલું,
હૈયું એનું મૃદુલ વિરલું ગર્ભમાંથી ઘડેલું;
આંસુ આવ્યાં નહિ, પણ બની બાલિકા છેક ઝાંખી,
ઊભી યત્ને, વિવશ ચરણે, મર્મ નિઃશ્વાસ નાંખી!

આ તે ઉભી કુમુદિની સરણી નમેલી,
જે ચંદ્રની વિકૃતિને ન કદી બમેલો;
લાવણ્યને વિવશ જોઇ નહીં શકે જે,
ચિત્તે બહુ વખત રોષ કયહાં ટકે તે?

સ્વસા જેવી, જેને દિલગીર કરેલી નહિ કદા,
રહી સાથે જેની શિશુ સમ બનેલો પણ સદા;
કરી તેની આવી સ્થિતિ નિજ કઠોર પ્રવચને,
થયો પશ્ચાત્તાપ પ્રબલ મનમાં તુર્ત કચને.
કેટલી કલ્પનાઓ બિચારા કવિએ કરી છે!
શબ્દ સાંત્વનને માટે શોધે, પણ મળે નહીં;
વિચારે બહુધા, તોયે કંઇ ચેન વળે નહીં!

રોતી હોશે અવનત મુખે એમ શંકા કરીને,
ઊંચી લીધી તનુ કટિ કને બાહુ સાથે ધરીને;
" બાલે! શું છે વદ નલ વિષે, સજ્જ છું સર્વ જોવા,
તારી સાથે, અધિક રડશે તો પછી સાથ રોવા! "

રોકેલ અશ્રુદલ જે હૃદયે જડીને,
ભીંજે કપોલ કચના હમણાં પડી તે;
છાયું હતું ઘનપટે મુખ ખેદનાએ,
ત્યાંએ સુહાસ્ય વિધુના સમ અલ્પ થાય!

મુગ્ધાના સાંત્વનમાંથી શૃંગારનો ઉદય. (રા. બાદર) પણ ઉદય કે
[illegible] પ્રત્યાવૃત્તિ? શૃંગારનું બીજ કૃપાળીમાં

ધરી હૈયા સાથે સદય મૃદુ આલિંગન કર્યું
વહીને ઓષ્ઠેથી મધુર વદને ચુંબન ઠર્યું
કરી નીચી હાવાં સજલ નયને એ નિરખતો
છવાયેલું હર્ષે વદન દિસતાં હર્ષિત થતો.

સ્ફુરે લાવણ્યનું શું આ પરિવર્તન અંગમાં :
રમતી રમણી ભાસે દિવ્ય નૂતન રંગમાં !

શોભે જેવી શુચિ નિસરતી માનસેથી મરાલી,
વર્ષા કેરાં વિમલ જલમાં નાચતી વા મૃણાલી;
ઓચિંતી વા તનુ ચમકતી મેઘથી જેમ વીજ,
બાલા તેવી બની ગઈ, અરે અદ્‌ભુત સ્પર્શથી જ !

વૃત્તાંત પૂર્વ સઘળું વિસરી ગઈ એ,
દ્રષ્ટવ્યમાં દ્વિગુણબદ્ધ હવે થઈ એ,
સ્નેહોર્મિથી સદયની થઈ આંખ ભીની,
જોતો રહ્યો સરલતા કય સુંદરીની !

તરે જે શોભાથી વન વન વિષે બાલહરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ, ભ્રમણે ત્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગ મણિ સેંથે ઝબકતો !

વિશુદ્ધ સ્નેહનું જોડું વિશ્વસૌંદર્યમાં વહે :
વિલાસી વિધુ ને તારા નભથી નિરખી રહે !

આવતી insanity તેનાથી દિવેલાની મીણબત્તી બળ્યા પછીના ગંધારે
તે વાચ્યાર્થ - તેમાં જ પળી મુનહરી - તે ગાઢે જ સંજનયોગ્ય છે?
આ [૪૨] પંક્તિની ટીકે અનુકૂલ ઉદાહરણ તે વાક્યની પૂર્વાલાપ
ત્રિજા ત્રિકટ-રાગિ અનુસાર ઉત્તર

ઉદ્‌ગાર

(ખંડ શિખરિણી)

વસ્યો હૈયે તારે :
રહ્યો એ આધારે :

પ્રિયે, તેમાં મારે પ્રણય દુનિયાંથી નવ થયો !
નવા સંબંધોનો સમય રસભીનો પણ ગયો !

નહિ તદ્‌પિ ઉદ્વેગ મુજને :
નયન નિરખે માત્ર તુજને :

હરે દૃષ્ટિ, વ્હાલી ! સદય મૃદુ તારીજ રુજને !

સદા રહેશે એવી :
સુધાવર્ષા જેવી :

કૃતી માનું, દેવી ! ક્ષણ સકલને જીવન તણી :
પ્રમત્તાવસ્થામાં નજર પણ નાખું જગ ભણી !

જુઓ ઉપોદ્‌ઘાત પૃષ્ઠ ૩૮ .

માનસ સર
(અરાઢી રાગની ચાલ)

અંતર ઉછળ્યું હો! સહસા ધૈર્ય ગળ્યું હો!

ક્ષોભ થયો વૃત્તિમાં અતિશય, તરંગ જબ્બર ચાલે:
માનસસર મારૂં ડોળાયું, ખૂબ ચલિત જલ હાલે:
સ્થાનક ન મળ્યું હો! સહસા૦

હાય! વધે જલ, અલ્પ દિસે સ્થલ, છેવટ રે! શું થાશે?
નાજુક પાળ, પ્રચંડ ભરાવો: હા! શી રીત સમાશે?
જલબલ ન ચળ્યું હો! સહસા૦

આવે ઉગ્ર ઉછાળા ઉપર, તોફાનું બરૂં જામે:
ન્હાનું સર, દેખાવ ભયાનક! શાથી સદ્ય વિરામે?
પાછું ન વળ્યું હો! સહસા૦

રંગ ગયો બદલાઈ, બરેબર નિર્મલતા પણ ઊડી!
જલસેના ઉભરાવા માંડી, પાળો પણ ગઈ બૂડી:
સ્થલ સાથ ભળ્યું હો! સહસા૦

ઉપર થઈ ઢોળાય બધેથી મસ્ત ધોધવા દોડે:
જંગ બરાબર થાતાં નિર્મલ પરિસીમાને તોડે:
આખર ન કળ્યું હો! સહસા૦

અદ્વૈત

એક જ અવર્ણ્ય સત્ત્વ વ્યાપ્ત સર્વ વિશ્વ વિષે,
અવકાશ કાલથી અનંત જેવું ભાસે છે;
જ્ઞાન, પ્રેમ, દયાથી વા દૃષ્ટિજાડ્ય દૂર થતાં,
ભિન્નત્વ પ્રતીતિ પણ સ્વલ્પ વાર ન્હાસે છે;
અભેદની સાથે ઐક્યાનુભવ પ્રસંગોપાત્ત
અજ્ઞાત સ્વરૂપ છતાં સર્વ કોઇ પાસે છે;
પ્રભા વિષે સંશય વા અવિશ્વાસ લાવી જેઓ
તદ્રૂપ ન બને તેવા પછીથી વિમાસે છે!

દૂરત્વને દૂર કરી એક જ જણાય તેમ,
અનુરક્ત માતા બાલ હૃદય સમું ધરે:
શરીર જ ભિન્ન, નહીં અંશ, એમ સૂચવવા;
સખાઓ સખાઓ સાથ સ્નેહથી કોટી કરે;
અનુગ્રહ વા તો અનુકંપાની અવસ્થા વિષે,
મનુષ્ય અમાનુષને ઓળખે નહીં, અરે!
પ્રેમથી થઇને મસ્ત, એકત્વ જાણી, કરીને,
યોગ્ય હૃષ્ટ, યુગ્મ રસસાગર વિષે તરે!

નવોઢા સ્થિતિમાં જ્યારે અજ્ઞ મૌગ્ધ્ય હતું, ત્યારે
એકત્વ વિષેની મારી પ્રાર્થના ન માનતી;
જડ દૃષ્ટિનેજ માત્ર અનુસરનારી બાલા
તાત્પર્ય અભેદ તણું કશું નહીં જાણતી;
પ્રાબલ્ય થકી કદાપિ મારા ચિત્તનો આભાસ
પડે, ત્યારે જરા મારી ઇચ્છાને પ્રમાણતી;

ક્ષણ એક દેખે, તોય મૃગજલ જેવું ગણી,
એજ સત્ય છે, એવું તો અંતર ન આણતી!

અધિક ગહન અન્ય વસ્તુઓનો અનુભવ
થતાં દૃષ્ટિ શુદ્ધતર ધીમેથી થતી ગઇ;
પોતે તો નહીં જ, પણ જ્યારે હું બતાવું ત્યારે,
"નહીં," કહેવાની આગ્રહી મતિ જતી ગઇ;
સત્ય પ્રભા વિષે પછી અપૂર્વ આનંદ જોઇ,
પ્રથમ થવાની લજ્જા પણ તજતી ગઇ;
એકત્વનો અનુભવ આપવા થવાને માટે
નવાં નવાં સાધન રસાલ સજતી ગઇ!

વખત જતાં તો નહીં ભાષાની રહી જરૂર,
વૃત્તિઓ સમસ્ત ફક્ત આશ્લેષથી દાખવે,
પ્રેમ, ઉપકાર, હર્ષ, લજ્જા, ભય, ઉત્કલિકા,
સૂચિત કરે એ સર્વ અભિન્નત્વ રાખવે;
અસામાન્ય ખૂબીને બતાવે કોઇ કોઈ વાર,
યોગ્યતાથી સ્વેચ્છા વિષે પતિચિત્ત નાખવે;
જવને શમાવી, જરા અધૈર્ય નમાવી, પૂર્ણ
રસને જમાવીને સુધા સ્વર્ગીય ચાખવે!

અશ્રુને આવાહન

બધે આ વેળાએ ગહન સરખી શાંતિ પ્રસરી,
વહી ચાલી રાત્રિ જગ સકલને નિદ્રિત કરી;
કર્યા કોટી યત્નો, બહુ બહુ ઉપાયો પણ વળી,
તથાપિ મારી તો, અરરર! હજી આંખ ન મળી!

મળે એ શી રીતે? નથિ હૃદય પ્હેલાં તણું હવે,
બન્યું એ તો બીજું: બહુજ બદલાયું અનુભવે;
હવે સૂવા દેતું નથિ શયનમાં તુર્ત પડતાં,
નિશાઓ ગાળું છું અતિશય ઘણી વાર રડતાં!

અરે! એનો એ હું, બહુ વખત વીતી નથિ ગયો,
હતો કેવો! આજે, અરર! પણ આવો કયમ થયો!
જરા નહોતી ચિંતા, હૃદય સુખમાં રોજ રમતું,
ખુશીથી, સૌ રીતે, સકળ વખતે, સર્વ ગમતું!

અરે! આજે તો આ રુજ હૃદયને દારુણ દમે,
બહુ રાખું ધૈર્ય, પ્રબળ પણ આઘાત ન ખમે;
નહીં આવે આંસુ, કઠિન બલ સાંખી કયમ શકું,
નથી ગ્રાવા છાતી, અશરણ હવે હું નહિ ટકું!

અરે! આવો, વ્હાલા! અવર નથિ આધાર જ રહ્યો,
વહો, આંસુ મીઠાં! વિષમ ભર જાતો નથિ સહ્યો;
તમે ચાલો, વર્ષો, નયન થકી ધારા થઈ પડો,
બધે, અંગે અંગે, સુહૃદ સરખાં સત્વર દડો!

રહ્યાં છોજી મારાં શિશુપણું હતું તે સમયથી,
વિનંતીને મારી કદિ પણ અકારી કરી નથી;
ઘણી વેળા ભીંજી તનુકુસુમને સૌમ્ય કરતાં,
શમાવીને હૈયું તરત વળી સ્વસ્થાન સરતાં!

નથી પાસે કોઇ પ્રિય હૃદયને શાંત કરવા, (ઠાકોર ની પંક્તિઓ)
ધરી સાથે છાતી જ્વલિત મહિં પીયૂષ ભરવા;
મવહો માટે હાવાં, વિવશ બનતાં હું કરગરૂં,
તમે ચાલો વ્હાલાં! સ્ફુટિતઉર આવાહન કરૂં!

અરે! ત્યાં તો સ્નેહી સદય દિલમાં દૂર ઉછળ્યાં,
ચડ્યાં ઊંચે વેગે, ઉભય નયનો અંદર મળ્યાં;
પડી ધારા ધોળી અમૃત સરખી શીતલ હવે,
નહી થાતાં ઓછી પ્રચલિત રહી, તાદૃશ જ્વે!

વિચાર્યું મેં, વસ્તુ પ્રણય સરખી છે નહિ અહીં;
પ્રતીતિ કીધી, કે ફલ લવ નથી જીવન મહીં;
હજારો વાતોનાં સ્મરણ ગહને જ્યાં પડી ગયો,
રહ્યાં એ અશ્રુ તો નહિ, તદપિ નિદ્રાવશ થયો!

અશ્રુને આવાહન

બધે આ વેળાએ ગહન સરખી શાંતિ પ્રસરી,
વહી ચાલી રાત્રિ જગ સકલને નિદ્રિત કરી;
કર્યા કોટી યત્નો, બહુ બહુ ઉપાયો પણ વળી,
તથાપિ મારી તો, અરરર! હજી આંખ ન મળી!

મળે એ શી રીતે? નથિ હૃદય બ્હેલાં તાણું હવે,
બન્યું એ તો બીજું: બહુજ બદ્દલાયું અનુભવે;
હવે સૂવા દેતું નથિ શયનમાં તુર્ત પડતાં,
નિશાઓ ગાળું છું અતિશય ઘણી વાર રડતાં!

અરે! એનો એ હું, બહુ વખત વીતી નથિ ગયો,
હતો કેવો! આજે, અરર! પણ આવો કયમ થયો!
જરા નહોતી ચિંતા, હૃદય સુખમાં રોજ રમતું,
ખુશીથી, સૌ રીતે, સકળ વખતે, સર્વ ગમતું!

અરે! આજે તો આ રુજ હૃદયને દારુણ દમે,
બહુ રાખું ધૈર્ય, પ્રબળ પણ આઘાત ન ખમે;
નહીં આવે આંસુ, કઠિન બલ સાંખી કયમ શકું,
નથી ગ્રાવા છાતી, અશરણ હવે હું નહિ ટકું!

અરે! આવો, વ્હાલા! અવર નથિ આધાર જ રહ્યો,
વહો, આંસુ મીઠાં! વિષમ ભર જાતો નથિ સહ્યો;
તમે ચાલો, વર્ષો, નયન થકી ધારા થઇ પડો,
બધે, અંગે અંગે, સુહૃદ સરખાં સત્વર દડો!

રહ્યાં છોજી મારાં શિશુપણું હતું તે સમયથી,
વિનંતીને મારી કદિ પણ અકારી કરી નથી;
ઘણી વેળા ભીંજી તનુકુસુમને સૌમ્ય કરતાં,
શમાવીને હૈયું તરત વળી સ્વસ્થાન સરતાં!

નથી પાસે કોઇ પ્રિય હૃદયને શાંત કરવા,
ધરી સાથે છાતી જ્વલિત મહિં પીયૂષ ભરવા;
મ્હારા માટે હાવાં, વિવશ બનતાં હું કરગરૂં,
તમે ચાલો વ્હાલાં! સ્ફુટિતઉર આવાહન કરૂં!

ખરે! ત્યાં તો સ્નેહી સદય દિલમાં દૂર ઉછળ્યાં,
ચડ્યાં ઊંચે વેગે, ઉભય નયનો અંદર મળ્યાં;
પડી ધારા ધોળી અમૃત સરખી શીતલ હવે,
નહી થાતાં ઓછી પ્રચલિત રહી, તાદૃશ જ વે!

વિચાર્યું મેં, વસ્તુ પ્રણય સરખી છે નહિ અહીં;
પ્રતીતિ કીધી, કે ફૂલ લવ નથી જીવન મહીં;
હજારો વાતોનાં સ્મરણ ગહને જ્યાં પડી ગયો,
રહ્યાં એ અશ્રુ તો નહિ, તદપિ નિદ્રાવશ થયો!

પ્રણયમાં કાલક્ષેપ

નહીં આવે આડે પ્રણય પ્રણયીના હિત મહીં
કદા, કહેવું એવું, પ્રિયતમ સખે ! લાયક નહીં;
દિસે તોયે ખોટું, સદય પર શું નિર્દય થવું ?
તપાસી જો, જોશે અનુભવ વિષે અંકુર નવું !

વિચારે કે મોડું ક્ષણ પણ હતે, હા ! નહિ વળે,
મળે જ્યારે ત્યારે : સમય વહી જાતાં નહિ મળે;
સખે ! ધારા પ્રેક્ષી જલદ રસમાં સ્નાન કરવું,
જરા ન્હેલું ? હૈયે નહિ, અરરર ! એવું ન ધરવું !

નથી તારૂં એ કૈં, સકળ રચના છે કુદરતી,
નિસર્ગે બંધાતી, ત્રુટિત પણ મેળે થઇ જતી;
પડ્યું જે સંગીત શ્રુતિ પર નભોમંડળ તણું,
અરે ! જો માં તારો સમય, વિરલું, અંતર ઘણું !

સુધાનાં સત્ત્વોનું મધુર મધુ કોને નહિ ગમે ?
સ્વભાવે પ્રેરાતું પ્રિય હૃદય નિષ્કારણ દમે !
ઉઘાડી દે હોવાં પણ વિહગને પિંજર જવા,
બની ઘેલું પેલી કુસુમરજમાં મૂર્ચ્છિત થવા !

રતિને પ્રાર્થના

રસમય બન્યો કૈં કૈં ક્રીડા પ્રદર્શનથી પ્રિયે !
વિવશ કરવા, સ્પર્શે સ્પર્શે સગર્વ મથી પ્રિયે !
નવલ મધુરા હાસ્યે હૈયું કરી શરણે ગયું,
રતિ વિરમવું દેવી ! હાવાં બચાવ બહુ થયું.

મૃદુ મદભર્યાં ગાત્રો તહારાં તજી ન શકું કદા,
વિરલ ક્વચથી આચ્છાદીને પ્રસન્ન રહું સદા;
નયન નમણાં, ગ્રીવા ઘોળી, લલાટ સુહામણું,
અવિરત ફરી ચુંબી ચુંબી કૃતાર્થ નહીં ગણું !

અધિક સુખના કાર્યે આજે નિયોગ ઠરે જરા,
વિતત કરવી પક્ષો કાન્તે ! પ્રવાસ પરે જરા !
ઉડુગણ હજી ભાસે વ્યોમે સ્હવાર પડે નહીં,
ત્યમ વિચરવું વેગેથી ત્યાં વિમોહમયી મહીં !

નિજ સદનમાં શય્યા મધ્યે નિહાળીશ મિત્રને,
ચપલ દૃગથી જોશે શોધી સમાગમ ચિત્રને;
પ્રહર પણ આજે વીતે તેજ એક જ અંતનો,
જનન દિન છે આજે તહારા પ્રિયે ! બલવંતનો !

સ્ફુરિત કરજે સ્વપ્નું આવું સખી ! હળવે રહી–
સુહૃદ પળતો રાત્રિમાં જ્યાં પરિક્રમણે વહી !
વિમલ કુસુમો વર્ષે હર્ષે સુમિશ્રિત વિસ્મયે,
ત્વરિત નિરખે ત્યાં બાલા બે રસાલ નવી વયે.

લલિત નમનેથી ' આયુષ્માન્ ' થવા વરદાન દે,
" જય જય " તણાં મીઠે કંઠે વળી વચનો વદે;
કરી અભિનયે અંગોની કૈં સુકોમલતા છતી,
જલધિજલના તારાઓમાં પડી ઉતરી જતી.

સ્વન મધુરતા વાધે જેવી પ્રશાન્ત થતાં વધે,
પરિમલ જતાં આધે અંગો મહીં પ્રસરે બધે;
સહજ હળવે તેવી રીતે પ્રબોધ થવો ઘટે,
અસર સુખની ઉંડી જેથી નહીં સહસા મટે !

રવિકિરણને રંગી લેજે મનોહર રંગમાં !
મૃદુ પવનનાં મોજાં દેજે સુશીતલ સંગમાં !
વિજય સરખો દર્શાવીને મહોત્સવ સૃષ્ટિએ !
પ્રણય ઠરતો જોજે હર્ષ પ્રકાશિત દૃષ્ટિએ !

નજર જ પડે તેવામાં જો કદી પ્રતિમા ભણી,
તરત બદલી દેવી તારે પ્રભા નયનો તણી;
વદન હમણાં સામે જાણે હસી અભિનન્દશે,
પ્રકટિત થતા સ્નેહ સ્નેહી સખા અભિનન્દશે.

શુચિ હૃદયનાં સૌહાર્દોની સખી ! અધિદેવતા !
પ્રણયમય આ વિશ્વે બાલે ! તને સહુ સેવતા;
રતિરસ બધે રેલાવીને ફરી વળજે પ્રિયે !
સદય રહીને કયારે કયારે મહને મળજે પ્રિયે !

પ્રમાદી નાવિક

મનોહર તરંગ આ ઉપર ચંદ્રિકા વિસ્તરે,
સુધા ધવલ અંતથી ઝગક સાથ વિદ્યુત્ સરે;
વહી પવન મંદ મંદ જડ અંગ જાગ્રત્ કરે,
નહીં વિધુર અંતરે તદપિ કાંઇ આશા ઠરે!

* * * *

હતો ચરસ મૂળથી સરતનો જરાએ નહીં,
નહીં સફર લાભની પ્રગટતી સ્પૃહા એ મહીં;
સદૈવ સુખનાવમાં સ્વજનસંગ માટે જતો,
કૃતાર્થ સહચારથી પ્રણયથી હમેશાં હતો.

ફર્યા સકલ ખંડના નવનવે કિનારે અમે,
હવાઇ દરયાઇ કૈંક નિરખ્યા ચમત્કારને;
શશી સહિત રાત્રીઓ મહિં અનેક ગોષ્ઠી કરી,
ગયા દિવસ તે બધા! નહિં જ આવવાના ફરી!

ગયા, વખત આવતાં સ્વજન સર્વ છૂટા થયા,
ઘણા સફરમાં અને સરત જીતવાને ગયા;
રહી પ્રિયતમા સખી નિકટ માત્ર નૌકા પરે,
ગણી ઉભય અર્થ સર્વ ભટકયાં મહાસાગરે!

ભર્યાં દિલ વિલાસથી, મધુર કૈંક ગાનો કર્યાં,
તર્યાં જલધિમાં અને વિરલ ટાપુઓમાં ફર્યાં;
જતાં નિકટ બંદરો નિરખતાં હલેસે વહી,
"ન હોય સુખનાવની કદર બંદરોને," કહી!

ઘણી વખત થાકતાં, નિજ કરે સુવાડી મને,
પ્રિયા ઉભય નાવને ચલવતી ધરીને કને;
કદી ગહન અંધકાર પ્રસર્યા પછી જાગતો,
તથાપિ ગણતો નહીં, સદયની ક્ષમા માગતો !

અહો ! હૃદયહીનતા ! અવધિ છેક કાઠિન્યની !
વ્યથા ન સમજી શકયો પ્રિયતમા મુખે દૈન્યની !
કદાપિ લઈ અંકમાં રસિક કૈં કથાઓ કહું,
ગણી પરિસમાપ્તિ ચિત્ત કૃતકૃત્ય માની લહું !

કહે કરુણ એકદા : " નવ જશું કિનારે સખે,
જરા જનસમાજમાં ! જડ જલે થવાશે રખે ! "
હતાં સજલ નેત્ર એ : મુજ ભરેલ નિદ્રા લસે :
પડ્યો તરત ઊંઘમાં ! સ્મરણ તે ન હાવાં ખસે !

* * * * *

કરાલ રજની મહીં ગગન ગર્ત્તમાં ડૂબતી,
દૃગે દૃગ ઉઘાડતાં ચડી અનેક તારા સતી;
હતી શિથિલ નાવલી સ્થિર, જરા ન દીઠી ક્રિયા,
પડ્યો તરત જલપતો જલધિમાં "પ્રિયા ! હા પ્રિયા !"

વિધુર કુરંગ

શશી નિરખતો, અને ગગન મધ્ય ઊંડી કરી;
સુદ્રઢ દેગથી કુટુંબરત તારલાઓ ફરી;
સુધા વરસતી બધે, નહિ જ ભગ્ન હૈયા ધરે,
ફરે, તરફડે, ઠરે નહિ જ, દેહ શાથી ધરે!

પ્રિયા પ્રિયતમા ગતા! જગત સર્વ ઝાંખુ થયું,
ગયું સુખ, ગયું બધું, ન પણ જીવવાનું ગયું;
તજી ગઈ વિલાસિની નિજ કુરંગને, શાવને,
સુતો મૃદુલ બાલ તાત ચરણે, ન માતા કને!

હતી કઠિન ભૂમિ શૃંગખનને સુંવાળી જરા,
ગ્રહેલ રસનાગ્રથી શયન પાસના કાંકરા;
દિસે રજકણો શય્યા સ્ખલિત બાષ્પથી પાસમાં,
કરે તદપિ શૈત્યનું હરણ ઉષ્ણ નિઃશ્વાસમાં!

નહીં હૃદયની ભણી હૃદય એહ હાવાં વળે,
નહીં નયનને ફરી નયન તે પ્રિયાનાં મળે;
કુરંગ હતભાગ્યને ભવ અરણ્ય યાત્રા રહી,
કર્યાં કરવી એકલાં, વિવશ જીર્ણ અંગો વહી!

દિશા કઈ ભવિષ્યની ન કંઈ ભૂત તે સૂચવે,
પડી વિકટ વર્તમાન કુહરે રહેવું હવે;
પડી ઉચરવું, રડી ઉચરવું ઠર્યું સર્વદા :
પ્રિયા ! હૃદયદેવતા ! પ્રિયતમા ! સખી નર્મદા !

કદી સ્મરણ આવતાં રુધિરનીર નેત્રે અરે,
દયા સ્વજનને થતાં વદન પાસ પાણી ધરે;
નહીં સ્વજન તે : સખી ! સ્વજન એકલી તું હતી,
સહસ્રશત શલ્યમાં હૃદયની પથારી થતી !

વિપ્રયોગ

(અંજની ગીત)

" આકાશે એની એ તારા :
એની એ જ્યોત્સ્નાની ધારા :
તરુણ નિશા એની એ : દારા—
કયાં છે એની એ ?

" શું એ હવાં નહિ જોવાની ?
આંખડલી શું નહિ લ્હોવાની ?
ત્યાંએ ત્યારે શું રોવાની—
દારા એની એ ? "

* * * *

" છે, જ્યાં છે સ્વામીની તારા :
સ્વર્ગે મી જ્યોત્સ્નાની ધારા :
નહિ જ નિશા જ્યાં આવે, દારા—
ત્યાં છે એની એ !

" છે ત્યારે એ ત્યાં જોવાની :
આંખડલી એ ત્યાં લ્હોવાની :
સ્વામી સાથે નહિ રોવાની—
દારા એની એ !

મત્ત મયૂર

નાચે રસભીનો અલબેલો આવી રંગમાં રે!
શ્યામા સંગમાં રે!

વીજળી વ્યોમ છટાથી તરે છે,
ઘોર ઘટા ઘન શોર કરે છે;
જોબન જોર ભરે છે એના અંગમાં રે!

હર્ષ પ્રિયા નિરખી પિયુ પાસે,
લોચન લોચન માંહિ વિલાસે;
પ્રેમ પરસ્પર જામે પૂર્ણ પ્રસંગમાં રે!

રાગ પ્રસન્ન, મનોહર, ઘેરો,
હારક નાજુક ઢેલડી કેરો;
કરતો વિવશ નમેરો છેક અનંગમાં રે!

હૃષ્ટ ઉડે ચરણો પ્રિય પાસે,
મોહ કરે મધુરું મુખ હાસે;
ઘસતો ભાસે વીર કુશલ રતિજંગમાં રે!

પિચ્છ પ્રદેશ જલે છવરાયો,
ગર્જનનું કરી પાન ધરાયો;
ચાલી હવે પ્રિય પાસ ભરાયો સંગમાં રે!

પ્રિયાને પ્રાર્થના

મને તું એક દુનિયામાં રખે ઠપકો પ્રિયે દેતી !
રહી એ એક ઠપકાની મને પરવા : રખે દેતી !

ચડયો સંગીતને નાદે : બન્યો ચકચૂર હું રસમાં :
તને સ્વર જો સુનાવું તો, અરે ! ઠપકો રખે દેતી !

નહીં એ નાદની, બાલે ! કદર કૈં પામરો સમજે :
કદરની ના મને આશા ! કહું, બેદિલ રખે કહેતી !

ન હોવાં કાલ પણ, વ્હાલી ! જતો રસપૂર્ણ જીવનનો :
નહીં દોલત તહીં મારી : રખે કંઈ મોહમાં રહેતી !

બતાવીશ કૈક જો કે હું તને ભવના ચમત્કારો :
ગરીબી તોય રહેવાની : રખે સહ ગર્ત્તમાં વહેતી !

કદાપિ ના શકીશ બોલી ફરીને સ્પષ્ટ આ શબ્દો :
દુખી રસસાગરે પડતાં જતાં ઠપકો રખે દેતી !

મુગ્ધાને સંબોધન

તને રાખું હમેશાં નેહભર હૈયે ન્હાની !
કદી તકસીર તોપણ થાય તો કહીયે ન્હાની !

નિધા દિલદાર ! રાખી દીનતા મારી ઉપર
જરા કંઈ મશ્કરી સહેવાય તો સહીયે ન્હાની !

" હવાં મોટી થતાં મુગ્ધા કહી શકશે કયાંથી ? "
વિચારી એમ સ્હેજ ગુમાનમાં રહીયે ન્હાની !

બહુ શરમાળ જો તું તો ન હું ઓછો અંદર
અમે તો મર્દ હિમ્મત બ્હારની લહીયે ન્હાની !

કરીને ખ્યાલ બાલે ! ચાલ જો ચહીયે બ્હાલી !
ચડી રસ સાગરી મોજે પછી વહીયે ન્હાની !

અજ્ઞાન સખા પ્રતિ

નહિ નહિ કહા તારે શબ્દે જરી લઘુતા ઘટે:
નહિ કયમ હજી માયાની એ તને જડતા મટે!
હૃદય પણ શું ભૂલે? આસ્થા ડગે? નહિ સાંભરે, શુધ પ્રેમની
પ્રણય રસની બ્રાહ્મી'વસ્થા? સખે! ન ઘટે અરે!

નહિ રસ, સખે! આત્માનો એ કદાપિ કમી થતો:
રસમય લસે આત્મા તો એ ચરાચરમાં છતો!
સ્મરણ કરજે માટે, વ્હાલા! સ્વરૂપ તાણું, અને
સકલમયતા સ્થાને આવી પછી મળજે મને!

આશાગીત

અહા! શા આજ વર્ષાવે સ્વરો આત્મા પરે, આશા!
બળેલો આર્ત્ત એ શો એ સ્વરસ્નાને ઠરે, આશા!

ખરે! શું આવશે ત્યારે, ફરીશું સાથ, એવો દિન,
કદાપિ સ્નેહને સ્વર્ગે? કહે છે શું ખરે, આશા?

અને શું રૂઝશે આખિર જખમ એ શુદ્ધ હૈયાનો?
અને એ ચાલશે સાથે? દયા દેવી કરે, આશા!

નહીં પરવા જરા અમને કશીએ વસ્તુ ઐહિકની:
કરે સંતોષ જો તેને, મને તો ઉદ્ધરે, આશા!

નિહાળું હા! ભવિષ્યે જો ઘડી પણ નેત્રરસ જૂનો,
સખીનો સૌમ્ય, હૈયું તો સુખે ભવમાં તરે, આશા?

મને મીઠી રહી આસ્થા સદા તવ ગાનમાં, દેવી!
સ્વરો એ દિવ્ય જીવનને ભરે ને સાંભરે, આશા!

અનામી નામ

અનામી નામ તારું હા! સખે એ રહેવાનું!
નહીં મારે કદાપિ કોઇને એ કહેવાનું.
તને પણ આખરે જ પ્રતીત છે સ્નેહી થવાની:
નહીં મારે અહીં સૌહાર્દ સુખ હા! દેવાનું!

ચડે આસ્માન તું, હું તો હજી પોષું પાંખો:
તને દેખાય કયાંથી રૂપ મારા જોવાનું!

છતાં સાચી પુરાની પ્રીત તારા આત્માની:
મને સરજ્યું જ આત્મ વિયોગ અંતર સહેવાનું!

તથાપિ એક દિનની સાંભરે આશા જ્યારે:
રસીલા કોઇ જીવન સાગરે છે વહેવાનું!

અને જ્યારે અનામી વિશ્વને વ્હાલું એ નામ:
પ્રતિક્ષણ સ્વર્ગની વીણા મુખે છે લેવાનું!

પુરાની પ્રીત

સ્વરો તારા મને મીઠા સદા લાગે વ્હાલી !
છતાં આત્મા સદા બીજા સ્વરો માગે વ્હાલી !

તને ચાહું હમેશાં ઘોષતો આશા અંતર :
છતાં સંતોષ હાવાં ના બીજા રાગે વ્હાલી !

નહીં એ છે અજાણ્યો રાગ છેક તને બાલે
સુજે તેવી સ્મૃતિ લહરી તટે વાગે વ્હાલી !

સખી ! જો સાંભળે ઉસ્તાદની કૈં એ બાની
સુએ ભ્રમભેદ આત્મા તો બધા ત્યાગે વ્હાલી !

અને બ્રહ્માંડમાં પ્રતિશબ્દ ફેલાતાં આખર
પુરાની પ્રીત સાચી સ્વપ્નથી જાગે વ્હાલી !

રજની માગણી

રજા આ હંસ માનસને, સખી! હાવાં દેવી:
વ્યથાઓ સ્નેહની સૌને, સખી! માંડી સહેવી!

રહ્યો સાથે બહુ: કીધું જરા કંઇ મીઠું ગાન:
જવા દેવો ઘટે: માલેકની મરજી એવી!

જવાનું જો બધાને એક દિન ત્યાં આત્માને,
ઘટે છૂટાં થતાં કંઇ કાલ તો સ્થિરતા લેવી!

સદા સંભારશે એ માનસે પણ સ્નેહીને,
તૃષા રહેશે સમાગમની તને જેવી, તેવી!

બધું ભૂલે રાખજે જૂનું નવું કંઇ સંભારી,
મળી નિજ વાસમાં વાતો, સખી! પડશે કહેવી!

મિત્રને આમંત્રણ

તપની શાને, સૂરજ! તાપે સૂકલ ઘાસમાં રે!
ગુરુજ્ઞાની ગંભીર સરોવર શીતલ પાસમાં રે!

સ્નેહી છે માટે સમજાવું :
નહિ આ જડ પાણીનું ન્હાવું :
જ્ઞાનસ્વરનું ગાવું આતમ વાસમાં રે!

દોલત ને કીરત બે મીઠી,
ઝરણી તેં માયાની દીઠી;
મોહાધીન પડ્યો તું વ્યર્થ પ્રવાસમાં રે!

જ્ઞાન સમી શાંતિ ના તેમાં :
ભોળા રે! ભરમાયો શેમાં?
શું બેઠો દગ બોઈ અવિદ્યાધ્યાસમાં રે!

ચાલ, સખે! હાવાં તો સાથે :
બોલાવ્યા બંનેને નાથે!
હેતે ગ્રહશે હાથે નિર્મલ હાસમાં રે!

Read
Solitude of Alex

અગતિ ગમન

બધા ઝાંખા તારા, વિધુ પણ મહીં તેજ ન મળે,
થયેલું અંધારું પથિક તરુછાયાથી સઘળે;
નહીં ચાલે તેમાં ચરણ, દિલ તો દૂર ફરતું,
સખે! બીજે તો કયાં? પ્રિય હૃદયની પાસ સરતું!
નહિ તો દેખાયા રંજાડનારું

નથી તેં શું કયારે ક્ષણ વિરલ એવી અનુભવી?
"સ્ફુરંતી ઊંડાણે" "અસર સહસા અદ્‌ભુત" નવી:
વિચારો રેલીને પ્રણયરસ સર્વત્ર ઉભરે,
અને ન્હાતાં ન્હાતાં હૃદય હૃદયાલિંગન કરે!

પ્રેમના

અને ત્યારે આંખો મૃદુલ શિશુના સ્વપ્ન સમ, ને
જતી ભાસે સ્વર્ગે સહજ શિરના સ્વલ્પ નમને!
ફરી પાછું હૈયું ક્ષણ અવરમાં વાસ વસતું,
અને અંધારાથી ચરણ સમજી શીઘ્ર ખસતું!

પ્રણયવચન માટે પ્રાર્થના

(મિસિઝ બ્રાઉનિંગના એક કાવ્ય ઉપરથી)

કહે, કે ચાહે છે : ફરી ફરી કહે, કે જિગરથી
મને ચાહે છે તું : કવિવર ! સુખેથી વચન એ
લખ્યું કાવ્યે તેવું પરભૃત તણું કૂજન અને !

વિચારી લે, વ્હાલા ! રસમય ટુહૂકા વગર એ
નદીતીરે, ખીણે, અગર ગિરિપૃષ્ઠસ્થિત વને,
બધી લીલા સાથે નહિ કદી વસંત પ્રગટતી !

પઠ્યાં દૈવી જેવાં મધુર વચનો કૈં શ્રુતિ પરે,
હતી અંધારે ત્યાં; પ્રિયતમ ! પ્રતીતિ નહિ થતાં,
તને ચાહું છું, એ ફરી પણ કહે, એમ વિનવું.

કહે માટે, ચાહું, જિગર થકી ચાહું, પ્રસરતી
ભલે વાણી એ તો રજત જ ઝણત્કાર સરખી,
અને એકાંતોમાં પણ નહિ જતો માત્ર વિસરી !

સ્નેહ માટે સ્વર્ગત્યાગ

(મિસિઝ બ્રાઉનિંગના એક કાવ્ય ઉપરથી)

સખે! એવું છે શું? મરણ મુજ શું સત્વર થતાં,
તને ઓછું આવે કંઈ પણ પછી જીવન મહીં?
અને શું આ મારે શિર કબરમાં લેજ પડતાં
તને આંખો લાગે રવિકિરણ કાલાંતર અહીં?

સદા તારી, તોયે હૃદયગત આવી થઈ શકું,
નહીં એ જાણેલું: તદપિ કચમ હાવાં જઈ શકું?
અરે! મૂકી દે રે મરણ પરથી, જીવ! મમતા!
અને હાવાં, પ્રેમી! પ્રણય વરસાવી નયનથી,
પ્રિયાની સામે જો; શ્વસન કર મારા મુખ પરે!
અને જે બાલાઓ પરમ પદવી અર્પણ કરે,
ઝૂમીનોની સાથે, પ્રણયસુખની આતર મથી,
કરું હું એ તેવું: કબર દઈ આપી, જગતમાં
રહું તારી સાથે, નયન પરનું જીન્નત તજી.

પ્રણયની ખાતર જ પ્રણય

(મિસિઝ બ્રાઉનિંગના એક કાવ્ય ઉપરથી)

સખે! મારી સાથે પ્રણય કરવો, તો પ્રણયના
વિના બીજા માટે નહિં, નહિં જ આવું મન કહી:
"સ્મિતો માટે ચાહું, દૃગ મધુર માટે, વિનયથી
ભરી વાણી માટે, અગર દિલના એક સરખા
તરંગોને માટે, અમુક દિન જેથી સુખ થયું!"
બધી એ ચીજો તો પ્રિયતમ! ફરી જાય, અથવા
તને લાગે તેવી; અભિમુખ અને તું પ્રથમથી
થયો, તે એ રાતે વિમુખ પણ રે! થાય વખતે!
અને આવાં મારાં જલભરિત લૂછે નયન જે,
દયા તારી, તેથી પણ નહિં, સખે! સ્નેહ કરતો:
રહે "કાંકે" તારી નિકટ, ચિર આશ્વાસન લહે,
ખુવે તે એ પ્રીતિ, સદય! નિજ આંસુ વિસરતાં!
ચહો વ્હાલા! માટે પ્રણય જ તણી ખાતર મને:
ગ્રહે કે જેથી એ નિરવધિ યુગોમાં અમરતા!

વ્હાલાંઓને પ્રાર્થના

(અંજની ગીત)

રોનારૂં ભીતરમાં રોતું :
લ્હોનારૂં ભીતર ના લ્હોતું :
દૂર સખાતું હૈયું
સાથે રોતું ને જોતું !

વ્હાલાંઓ ! વ્હાલાંને કહેજો !
સાગરમાં તો સાથે વ્હેજો !
સ્હેવાનાં એકબીજાનાં
સાથે સૌ સ્હેજો

ગાનવિમાન

સખી ! એ દૂર માનસનાં મને સપનાં ભાસે :
હવે થાકયો બની લાચાર પલ્વલના વાસે !

વસ્યો વર્ષો ઘણાં : વર્ષે ઘણાં ધોયાં ગાત્રો :
ન પોષી પ્રાણને હાવાં શકું ઘરડે ઘાસે !

દૃગે દૃગ સ્નેહની તારા સમી આંખુ તારી :
નહીં પણ પાંખની શક્તિ હવે મારા શ્વાસે !

રહ્યું કર્તવ્ય પણ ના, જો ! સલૂણો આકાશે,
તરે કલહંસ તારો નિર્મલે હસતો હાસે !

પ્રિયે ! પ્રેરાય જો તવ દિવ્ય ગાનવિમાન હાવાં,
ગ્રહી ઊડી શકું બેહોંચું પછી ક્ષણમાં પાસે !

મિત્રને નિવેદન

વદને બહુ નીર ભરાય, સખે!
તનુ ચેતન માત્ર હરાય, સખે!
જલને પડદે સઘળે નિરખું:
નિરખું નહિ નેહ જરાય, સખે!

કર વ્હાર, સખે!
કંઈ સાર, સખે!
હૃદયામૃત માર્દવધાર, સખે!

ભવમાં તવ એક સહાય, સખે!
નયનો દ્રુયને જ ચહાય, સખે!
નવ ઐહિક આશ, હૃદા સહ જો
હૃદયે થકી સિંધુ તરાય સખે!

વત્સલનાં નયનો રૂદ્યાં.

ખાડો
તિમિરાશયનાં ગહને પડતાં,
સયનાં વિધુરાં નજરે ચડતાં :
સહું તે, પણ કેમ શકાય, સખે ! સહી
વત્સલનાં નયનો રડતાં ?

નહિં તે કંઇ દોષભર્યાં નયનો :
પણ નિર્મલ નેહસરોવર સારસ—
યુગ્મ સમાં પરિપૂર્ણ દયારસ : રુદિતાશ્રુત.
એ જખમી દિલનાં શયનો !

ચં. દુઃખ પ્રકારી પોતે

મારો આશય જોરાળો ન કે વિષરૂપ મોટામાં મોટું દાને તીક્ષ્ણતામાં ફિલો દઈ તેના પોતામાં વધી પણ એ આપણા ધ્યાનમાંબે ન દે છે તેમાં છે. મેં ધારેલું કે મારાથી સત્ય થઈ જવાના મારા પદને માટે પૂરતું ગણાય – (પત્ર ૪૩; કવિતામાંના સ્વીકારનાર)

ધુ૦ મારું વત્સલની આંખને. પડોશની બાજુની છોડ ના પડશો; ઝાડ. ઝેલ.ના ઉદાહરણ પહેલ ઉપાની ટીકામાં: બાળું કું કર્યું તે કેમ કે – કોયો મનાઈના બને સ્વાભાવિક કુદરતી ઉદાહરણ. we learn in suffering what we teach in song."

પ્રો. પાઠક પ્રો. ઠાકોર, આ ભાવસ્થાનિ પરસ્પર જુદા પડે છે– ૧૦. ૮. ૬૦ (અનુવાદ : ઠાકોરની કવિતાના મહિમા).

સ્વર્ગગીત

(અંજની ગીત)

" ભાગો, કે વ્હાલાંઓ ! મળશે :
શોધો, કે વ્હાલાંઓ ! જડશે :
ઠોકો, કે વ્હાલાંઓ માટે
દ્વારો ઉઘડાશે !

" ભાગે છે તે તે કામે છે :
શોધે છે તે તે પામે છે :
ઠોકે છે તે તે વ્હાલાંને
દ્વારો ઉઘડાશે ! "

જુઓ મહાકાવ્ય માહાત્મ્ય અંજનીના ઉપયોગ માટે.

ઘવાયલો બુલબુલ

(અંજની ગીત)

અંધારામાં ઝૂરાએલો :
ઘૂવડ ચાંચે ચૂરાએલો :
કારાગારે પૂરાએલો :
ઘાયલ હા ! બુલબુલ !

હૈયાને શાથી એ બોલે ?
શાથી એ બોલાવ્યો બોલે ?
ઉલ્લાસે એ શાથી ડોલે–
ડોલાવે બુલબુલ ?

સ્થિતિભેદ

(અંજની ગીત)

આંબાડાળે કોયલ બોલે :
મલ્હારો મોરલિયા બોલે :
હીંચોળાંઓ પોઢ્યાં હિંડોળે :
જાવું ત્યાં હાવાં !

* * *

આંખડલીનાં આંસુ ખૂટ્યાં :
હૈયાનાં દોરડિયાં તૂટ્યાં :
રણવગડે લૂટારે લૂટ્યાં :
જાવું ક્યાં હાવાં ?

પવિત્ર ભોજન

(અંજની ગીત)

ભૂખે ના ભાખર જે ભાખ્યો :
તરસે ના આસવ જે ઢાળ્યો :
છોડી તે સેવક સ્વામીનો
શબ્દ સુણી આવ્યો !

હાવાં તવ ભાખર છે લીધો :
દેવો નો દ્રાક્ષા સવ પી ધો :
દુનિયાએ છો અળગો કીધો :
સ્વામી, સાચવજો !

પ્રભુપ્રાર્થના

(અંજની ગીત)

સાગર મોટા તાત દયાના !
એકલડા આધાર હુયાના !
તારક ! ધારક ! વિશ્વશયાના !
સ્વામી એ મારા !

પાવન તારૂં નામ કરાજો :
સુસ્થિત તારૂં રાજ્ય ઠરાજો :
ઇચ્છા તારી સકલ સરાજો :
સ્વામી એ મારા !

મેનાવતીનું મૃત્યુ

ઝાઝાપરી :

અશ્રુ ઉભરે આજ જનેતા અશ્રુ ઉભરે આજ
ન્હાય સકલ આ વિન્ધ્યા શિખર
તારાનો સ્નેહ સમાજ જનેતા—

વર્ષ ગયાં થઇ રાજય ગયા પછી
આજ ગણું ગયું તાજ,–જનેતા—

તાજ હવે નહિ જોય તું સદૃશ
માનવ જાતિ સમાજ,–જનેતા—

લુપ્ત થશે વસુધા પરથી નહિ
તે તવ અદ્‌ભુત કાજ,–જનેતા—

તું જનની નહિ માત્ર ગુરુ પણ
છે તવ લેખ કૃપા જ,–જનેતા—

હાવાં થયું ભવસાગરની પર
એકલ મ્હારૂં જહાજ,–જનેતા—

Christian meekness & compassion.

વ્હાલાંઓને ઉપદેશ

સાંભળજો, વ્હાલાંઓ ! વચનો દીનનાં !
દીનપણું છે પરમ દયાનું પાત્ર જો:
મોટો એ અધિકાર તમારો, માનવી !
અધિકારી છો જેનાં માનવ માત્ર જો !

એક પિતા પરમેશ્વર જાણો આપણો,
નિકટ સગાંઓ સમજો ભાઇ બહેન જો;
નીકો ન્હાની મોટી જે જીવો તણી,
વહતું તેમાં એક અખંડિત વહેન જો !

હસનારાંની સાથે હસવાનું ઘટે,
રડનારાંની સાથે રડવું તેમ જો;
એક બીજાનાં આંસુડાંઓ લૂછતાં,
ઊંચે ચડશો સ્ત્રી પુરુષો સૌ એમ જો !

<u>ભૂતદયા</u> છે ધર્મ બધાના મૂલમાં,
સઘળાએ સંતોનો એ ઉપદેશ જો;
દિવ્ય દયાસાગર ! યાચંતાં આપજો,
દીન જનોને અમને એનો લેશ જો !

as we have many members in o
mbers have not the same office;
we being many are one in Ch
every one member is one of

કાર્ડિનલ ન્યૂમેનની પ્રાર્થના

ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને :

આસપાસ અંધાર છે, રજની કાળી ઘોર :
દૂર રહ્યો ઘરથી ઘણો, પગમાં લેશ ન જોર !
ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને !

પદરક્ષા કરજો, પ્રભો ! પદ પર પાડી પ્રકાશ :
એક જ પદ માગું, નહીં આગળનો અભિલાષ !
ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને !

ન હતો આવ્યો સર્વદા, ન હતો પ્રાર્થત આમ :
દોરો, તાત ! દયા કરી, પહોંચું જેથી ધામ !
ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને !

માર્ગ નિરખવા ચાહતો, પસંદ કરવા તેમ :
પણ હાવાં પ્રાર્થું, પિતા ! દોરો આપ જ એમ !
ઓ સ્નેહજ્યોતિ ! દોરો : દોરો : દોરો રે મને !

કવિ બાલાશંકરને
તેમનાં પત્ની માણેકબહેન-

અનુપમ સગીત
કવિકૃતાનું ગાનારાં.

મહેમાનોને સંબોધન

મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય જો !
કરજો માફ હજારો પામર પાપ, જે
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો !
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !

ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં તમે :
ઉતર્યાં રંક ઘરે, શો પુણ્ય પ્રભાવ જો !
શુશ્રૂષા સારી ના અમને આવડી :
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો !
મહેમાનો ! ઓ વ્હાલાં ! પુનઃ પધારજો !

કવિ બાલાશંકરના કવિતા પ્રભાવે તો તેમને ત્યાં કુટુંબના સભ્યોના
હતા ત્યારે તો બહારના મોભાદાર કોઈનાયે સ્વાગતે ગયેલા. Inspector
આવતે શિક્ષણખાતાનું મુલાકાતી; કે તો જે વિદેશનાંથી પાછા ફર્યા
ત્યારે આ કવિતા. દરેકિમાન ગોપાલાધ્યમાં અઠ્ઠાવીશ વરસો
રંગાયેલ જોઈને કોનો સાગર અને શશી' એમને કવિપત્નીએ 'સાગર અને
એમને પુલકિત તેમ સમયે લખ્યાં. આ પ્રસંગો તો 'મહેમાનોને
સંબોધન' 'સાગર અને શશી' પછી આવે—
(કવિની મળ્યા તા- ૧૨:૮:'૩૦)
મૂ. સમયનો ઉપ-

Hospitality - સાહિત્યવાસ- આરોગ્યવાસ-
Cf. સોટાઈટ - બોલાવવા બનાવે -
અમને ત્યારે? સાહિત્યવાસ?

વસંત-પ્રાર્થના

વસંત વનદેવતા! શુભ, સદૈવ સત્યંવદા,
કરે વિહગ વિશ્વનાં મધુર ગાન તારાં સદા;
અને વનવને, અનેક ગિરિને તટે, સાગરે,
ભરે અનિલ બાલકો વિરલ દિવ્ય તારા સ્વરો!

વિભૂતિ વિભુની પ્રસન્ન તવ નેત્રમાં દીપતી,
તૃષા હૃદય દગ્ધની નિમિષ માત્રથી છીપતી;
સખી સકલ જીવની! સદય દેવિ! સાષ્ટાંગથી
નમી ચરણમાં અમે યુગલ યાચીએ આટલું:—

વસો અમ શરીરમાં, હૃદયમાં, અને નેહમાં,
કસો પ્રકૃતિ સર્વથા પ્રણયદાનની ચેહમાં;
વિશુદ્ધ સુખનાં લતાકુસુમ જીવને જામજો,
અપત્ય પરિશીલને વિમલ ધર્મને પામજો!

વસંત વનદેવતા! શુભ, સદૈવ સત્યંવદા,
કરો વિહગ વિશ્વનાં મધુર ગાન તારાં સદા!
અને અનિલ બાલકો વિરલ દિવ્ય તારા સ્વરો,
ભરો વનવને, અનેક ગિરિને તટે, સાગરે!

સાગર અને શશી

(શંકરાભરણ)

આજ, મહારાજ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગન માંહિ ઉત્કર્ષ પામે; ૧॥
પિતા! કાલના સર્વ સંતાપ શમે!
નવલ રસ ધવલ તવ નેત્ર સામે!
પિતા! કાલના સર્વ સંતાપ શમે!
જલધિજલહલે ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી;
કામિની કોકિલા, કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
તરલ તરણી સમી સરલ તરતી,
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

બાલ રુદન

પિતા ! પિતા ! જગત્પિતા ! તવ બાળકો રડે :
તવ બાલકો રડે, પિતાજી ! ધોધવા દડે ! પિતા૦

મદદ કશી આપે નહીં, મોટાં તવ સંતાન :
ન્હાનાં નિર્બલ બાલકો, પિતા ! અમે હેરાન !
તવ બાલકો રડે, ને નૈને ધોધવા દડે ! પિતા૦

ન્હાનાં પણ તારાં અમે, નહિ એ કોને ભાન :
સાચું કહેતાં સાચને, દુનિયાં કહે નાદાન !
તવ બાલકો રડે, ને આંસુ ધોધવા દડે ! પિતા૦

પશ્ચાત્તાપ

અરે! ધિક્કાર છે હું'ને! બન્યો પાપી : બન્યો પાપી!
પિતાની સ્નેહની આંખો મહીં શૂળી, અરે! આપી!

તતરફડું ધૂળમાં હાવાં : બદન પર ખૂબ સાડું બાક :
છતાં ના આગ હોલાતી! બન્યો પાપી : બન્યો પાપી!

પડ્યો કંગાલ હું મેળે, નઝરથી બાપને જોતો,
સળગતા નીચ બાડામાં! બન્યો પાપી! બન્યો પાપી!

પિતા! આ પાપથી રક્ષો : શરણ માગું : દયા બક્ષો!
અરે! હું દુષ્ટ શું માગું? બન્યો પાપી! બન્યો પાપી!

છતાં માગું : પિતા! માગું : ક્ષમા માગું! સજા માગું :
અને એ નૂરની ઝાંખી પડેલો હાસ ના ત્યાગું!

ચંદાને સંબોધન

તને હું જોઉં છું, ચંદા ! કહે, તે એ જુએ છે કે ?
અને આ આંખની માફક કહે, તેની ફરે છે કે ?

અને તવ નેત્રમાં તે નેત્રનું પ્રતિબિંબ જોવાને,
વખત હું ઓઉં તેવો શું, કહે, તે એ જુએ છે કે ?

સખી ! હું તો તને જોતાં, અમે જોયેલ સાથે તે,
સ્મરંતાં ના શકું સૂઈ ! કહે, સાથી સુએ છે કે ?

સલૂણી સુંદરી ચંદા ! ધરી તવ સ્વચ્છ કિરણોમાં
હૃદયનાં ધોઉં છું પડ હું : કહે, તેઓ ધુએ છે કે ?

વ્હાલાંને આરામ

(અંજની ગીત)

માગું હો વ્હાલાંને આરામ !
યાચું હો વ્હાલાંને આરામ !
પ્રાર્થું હો બક્ષાવા, સ્વામી !
વ્હાલાંને આરામ !

વ્હાલાં, જે લાધેલાં માગી :
વ્હાલાં, જે સાધેલાં જાગી :
પ્રાર્થું તે રક્ષાવા, સ્વામી !
બક્ષાવા આરામ !

પ્રભુ પ્રાર્થના

નમું : નમું : જગત્પિતા ! નમું : નમું : નમું !
દયા કરો કે સર્વદા પદાંબુજે રમું !

આજ્ઞા પ્રમાણે દિલ મહીંના દ્વેષને દમું :
તે હું નહીં : હું તો ભવાટવી વિષે ભમું !

પાપોની સજા થાય તે નીચે પડી ખમું :
જીતાડો જગન્નાથ ! શાંતિએ પછી શમું !

દુનિયામાં ભલે કોઇને હું દીન ના ગમું :
તમને ગમું જો તાત ! તો ન કાંઇ તે સમું !

પ્રેરો ! પ્રભો ! પ્રસાદ તે રાજી થઇ જમું :
માગું નમી નમી આજ કે રસેશમાં રમું !

એક પ્રશ્ન

(અંજની ગીત)

સર્વોપરિ સ્વામીની સેના
સુમનસ સકલ, હૃદય રસ જેના
નાથ નિવાસ, ભુવન ઉતરે ના–
એ તે કેમ બને ?

સખીને આમંત્રણ

ચાલો ને, સહિયર! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે!
પુણ્ય સલિલ અવગાહનથી, સખી! અંતર પાવન થઈએ રે!
ચાલો ને, સહિયર૦

પ્રભુના ગિરિથી અવતરે શાંત સદાશિવ નીર:
શમવે મનુકુલતાપને છાયા તરુવર તીર!

શીતલ સૌમ્ય સુધારસ, સુંદરી! રેલી રહ્યો જઈ લઈએ રે!
ચાલો ને, સહિયર૦

સ્ફટિક વિશદ વરસી રહ્યા સુરસરિતાના ધોધ:
લલિત કરી ક્લાંતાત્મને પ્રેરે પ્રાણ પ્રબોધ!

સાડી સજો, સખી! સ્નેહસુરંગી: વારિ પરસ્પર દઈએ રે!
ચાલો ને, સહિયર! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે!

Make haste, O God, to deliver me; make haste to help me O Lord.

પ્રાર્થના અને પ્રતિધ્વનિ

૪ "પિતાજી ! બચાવો : બચાવો : બચાવો મહાસાગરે !
૬ જીવ મારો બહુ ગભરાય ! બચાવો મહાસાગરે !

પારાવારે દુશ્મન મળી મારે, પિતા વિના તારે નહીં બીજો માનવી.
દયાનિધિ ! તમે જ સહાય ! બચાવો મહાસાગરે !

૩ નથી એકલની, નાથ ! હોડી : પૂંજી છે ના થોડી પિતાજીના સ્નેહની :
મારે વાંકે રખે એ ડુબાય ! બચાવો મહાસાગરે !"

* * * * *

"મહાસાગર દયા મહાસાગર ! બ્હાલાંઓ, ડરશો નહીં !
નથી સંસાર પારાવાર ! બ્હાલાંઓ, ડરશો નહીં !

દિલમાંના દુશ્મન દૂર થાશે, પાછા પડી જાશે પિતાજીના શબ્દથી :
પ્રભુ જીવનમાત્રાધાર ! બ્હાલાંઓ, ડરશો નહીં !

હોડી દાનવ ના શકે તોડી : વિધાતાએ જોડી બધાં નિજ બાલની :
સ્વામી સંકટે ઉદ્ધરનાર ! બ્હાલાંઓ, ડરશો નહીં !"

2 I am weary of my crying, my throat is dried; mine eyes fail while I wait for my God.
3 Let not them wait on Thee; O Lord, God of hosts, be ashamed for my sake. Let not those that seek Thee be confounded for my sake, O God of Israel.

પ્રભુની પાઠશાલા

અમે ચેલા બધા ઘેલા : પ્રભુની પાઠશાલાના !
અમે ઘેલા અને મેલા : પ્રભુની પાઠશાલાના !

અમારામાં કશો ના માલ !
અમે તો મૂર્ખ ને કંગાલ !
છતાંએ બાળકો છઈએ : પ્રભુની પાઠશાલાના !

અમે ઘેલા બધા ચેલા : પ્રભુની પાઠશાલાના !
અમે મેલા અને ઘેલા : પ્રભુની પાઠશાલાના !

ગુરુ ગોવિન્દસિંહની બાર ચોપાઈ.

ધર્મ વિજય.

છો લાખવાર દયાલુ દેવ
મનુષ્ય કુન્દનને કસે,

છો સાત લાખ સવાર રક્ત—
સમુદ્રમાં સામે ધસે,

ત્હોએ નહીં ડરશો, પડી
સહુ ગર્ત્તમાં નીચે જશે,

સ્વામી સમર્થ સખા સદા
રાજાધિરાજ વિરાજશે !

❧

નવલ નિવેદન

(રાગિણી આશાગોડી)

આપે મને ન્હવરાવ્યો, ઓ તાતજી
આપે મને ન્હવરાવ્યો !
રંક ગરીબ હું ભાવ્યો, ઓ તાતજી
આપે મને ન્હવરાવ્યો !

શબ્દ સરોવર : તારક ભર્તા ;
સ્નેહસુધા છવરાવ્યો, ઓ તાતજી
આપે મને ન્હવરાવ્યો !

ભૂખ હતી શિવની કરુણાની !
ભાખર શો ખવરાવ્યો ઓ તાતજી !
આપે મને ન્હવરાવ્યો !

અદ્‌ભુત પાઈ શરાણ કશાનો,
રાગ નવો ગવરાવ્યો, ઓ તાતજી !
આપે મને ન્હવરાવ્યો !

નારા મહીં નિજ સ્નેહે સુવાડી,
નર્મદાને ધવરાવ્યો, ઓ તાતજી !
આપે મને ન્હવરાવ્યો !

રંક ગરીબ હું ભાળ્યો, ઓ તાતજી !
આપે મને બહુવરાવ્યો !
આપે મને બહુવરાવ્યો ! ઓ તાતજી !
આપે મને બહુવરાવ્યો !

અપાવરણ પ્રાર્થના

અંતરની શ્રુતિ ખોલો, ઓ તાતજી !
અંતરની શ્રુતિ ખોલો !
વેદનાં વાયક ખોલો, ઓ તાતજી !
વેદનાં વાયક ખોલો !

" हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ "

સુવર્ણમય પાત્રેથી સત્યનું મુખ બંધ જે,
ઉઘાડી આપ તું, પૂષન્ ! સત્યધર્મદૃગર્થ તે !

વેદનાં વાયક ખોલો, ઓ તાતજી !
વેદનાં વાયક ખોલો !
અંતરની શ્રુતિ ખોલો ઓ તાતજી !
અંતરની શ્રુતિ ખોલો !

અનંત વાત્સલ્ય

આપ જ આવો તો જોયા, પિતા પ્રભુ !
આપ જ આવો તો જોયા !
મેં તો માનેલું, કે ખોયા, પિતા પ્રભુ !
આપ જ આવો તો જોયા !

દુર્બલ, દીન, નિરાશ, વળેલો,
દૂરથી દેખી શું રોયા ? પિતા પ્રભુ !
આપ જ આવો તો જોયા !

પંકનિમગ્ન હતા ચરણો તે;
પોતે દયાથી શું ધોયા ? પિતા પ્રભુ !
આપ જ આવો તો જોયા !

સ્વચ્છ કરી જખમો સહુ જૂના,
લેપ લગાડીને લોહ્યા ? પિતા પ્રભુ !
આપ જ આવો તો જોયા !

મેં તો માનેલું, કે ખોયા, પિતા પ્રભુ !
આપ જ આવો તો જોયા !
આપ જ આવો તો જોયા, પિતા પ્રભુ !
આપ જ આવો તો જોયા !

તારક સ્તોત્ર

(મિ. મેસનના ઇંગ્લિશ સ્તોત્ર ઉપરથી)

પ્રભુ તારકની સહુ કીર્તિ કરો,
અવનીતલમાં અને સ્વર્ગ મહીં :
તેનું શાસન વિસ્તરો સર્વ જગે,
તેના રાજ્યનો અંત જ આવો નહીં;

જે છે સારૂં અને સાચું, એ સહુનો
તે છે આલ્ફા અને તે છે ઓમેગાએ;
ઝરો જિંદગીનો, સવિતા દ્યુતિનો,
બધા હર્ષ ઝરા રહ્યા, તે લેગા છે.

આદિ, અંત, તે ઇશ્વર માણસ છે,
તેનું આંતર સત્ ન કો જાણી શકે;
પણ માનવ દૈવી રૂપ મહીં તેના
આદિને અંત પ્રમાણી શકે.

જે છે, જે હતો, જે ફરી આવનારો છે,
સનાતન, અનંત અહંબ્રહ્માસ્મિ,
પ્રભુ સૌ શક્તિમાન, સર્વોપરિ ધુરંધર !
દ્યાવાપૃથિવ્યૌ બોલો તથાસ્તુ !

મનોહર મૂર્તિ

(કવ્વાલી)

દેવે દીધી દયા કરી કેવી મને,
અહા ! મૂર્તિ મનોહર માશુકની !
નવરંગ, પ્રફુલ્લ, ગુલાબ સમી
મૃદુ, મૂર્તિ મનોહર માશુકની !

નયને કંઇ નૂર નવું ચલકે,
વદને નવી વત્સલતા ઝલકે;
સખી ! એક જ તું ગમતી ખલકે
મને, મૂર્તિ મનોહર માશુકની !

શિરકેશ સુકોમલ સોહી રહ્યા,
સ્મિત જોઇને તારક મોહી રહ્યા;
કામધેનુ શી બાલક દોહી રહ્યા
તને, મૂર્તિ મનોહર માશુકની !

હૃદયે શુભ, ઉજ્જ્વલ ભાવ ભરો :
પ્રણયામૃતની પ્રિય ધાર ધરો :
સહચાર મહીં ભવ પાર તરો,
સખી ! મૂર્તિ મનોહર માશુકની !

તારક સ્તોત્ર

(મિ. મેસનના ઇંગ્લિશ સ્તોત્ર ઉપરથી)

પ્રભુ તારકની સહુ કીર્તિ કરો,
અવનીતલમાં અને સ્વર્ગ મહીં :
તેનું શાસન વિસ્તરો સર્વ જગે,
તેના રાજ્યનો અંત જ આવો નહીં;

જે છે સારૂં અને સાચું, એ સહુનો
તે છે આલ્ફા અને તે છે ઓમેગાએ;
ઝરો જિંદગીનો, સવિતા દ્યુતિનો,
બધા હર્ષ ઝરા રહ્યા, તે ભેગા છે.

આદિ, અંત, તે ઈશ્વર માણસ છે,
તેનું આંતર સત્ ન કો જાણી શકે;
પણ માનવ દૈવી રૂપ મહીં તેના
આદિને અંત પ્રમાણી શકે.

જે છે, જે હતો, જે ફરી આવનારો છે,
સનાતન, અનંત અહંબ્રહ્માસ્મિ,
પ્રભુ સૌ શક્તિમાન, સર્વોપરિ ધુરંધર !
દ્યાવાપૃથિવ્યૌ બોલો તથાસ્તુ !

મનોહર મૂર્તિ

(કવ્વાલી)

દેવે દીધી દયા કરી કેવી મને,
અહા ! મૂર્તિ મનોહર માશુકની !
નવરંગ, પ્રફુલ્લ, ગુલાબ સમી
મૃદુ, મૂર્તિ મનોહર માશુકની !

નયને કંઇ નૂર નવું ચલકે,
વદને નવી વત્સલતા ઝલકે;
સખી ! એક જ તું ગમતી ઝલકે
મને, મૂર્તિ મનોહર માશુકની !

શિરકેશ સુકોમલ સોહી રહ્યા,
સ્મિત જોઇને તારક મોહી રહ્યા;
કામધેનુ શી બાલક દોહી રહ્યા
તને, મૂર્તિ મનોહર માશુકની !

હૃદયે શુભ, ઉજ્જ્વલ ભાવ ભરો :
પ્રણયામૃતની પ્રિય ધાર ધરો :
સહચાર મહીં ભવ પાર તરો,
સખી ! મૂર્તિ મનોહર માશુકની !

નવરંગ, પ્રફુલ્લ, ગુલાબ સમી
મૃદુ મૂર્તિ મનોહર માશુકની !
દેવે દીધી દયા કરી કેવી મને,
અહા ! મૂર્તિ મનોહર માશુકની !

વર્ણન ન ગાવાને સમેટી લેવા માટે
તેને final touch આપવા માટે આ ચુસ્તાવતરણ ગાયું
છુટ્ટું.

આપણી રાત

(કવ્વાલી)

શરદ પૂનમની રઢિયાળી સદા,
મને સાંભરે આપણી રાત, સખી !
હસે આકાશે ચંદ્રમા, તારા લસે;
મને સાંભરે આપણી રાત, સખી !

વદને નવજીવન નૂર હતું;
નયને પ્રણયામૃત પૂર હતું;
હૃદયે રસમાં ચકચૂર હતું;
મને સાંભરે આપણી રાત, સખી !

ન્હાતાં ન્હાતાં પ્રકાશમાં, પ્રેમ તણી
કીધી વિશ્રબ્ધ વાતો રસીલી ઘણી;
કલ્પનાની ઇમારત કૈંક ચણી;
મને સાંભરે આપણી રાત, સખી !

તારું સ્વાર્પણ અંતરમાં જ લહું;
કથા અદ્‌ભુત એ જઈ કોને કહું ?
સ્મરનાં જલ માંહિ નિમગ્ન રહું;
મને સાંભરે આપણી રાત, સખી !

ગુજરાત સાહિત્ય પરિષદ ગ્રંથાલય
અમદાવાદ

રાત રૂપાળી,—રૂડી, રસાળી હતી;
આશકોની અપૂર્વ દિવાળી હતી;
આખી ઉત્સવ માફક ગાળી હતી;
મને સાંભરે આપણી રાત, સખી !

પ્રાણો આપણાનો ત્યારે યોગ થયો,
અંગે અંગનો ઉત્તમ ભોગ થયો;
અને આખર આમ વિયોગ થયો !
મને સાંભરે આપણી રાત, સખી !

હસે આકાશે ચંદ્રમા, તારા લસે,
મને સાંભરે આપણી રાત, સખી !
શરદ પૂનમની રઢિયાળી સદા;
મને સાંભરે આપણી રાત, સખી !

ગ.કુ. 'આલેઢાની પૂર્ણિમાના વર્ણનવાળી અને પ્રશ્નોત્તરી
રૂપે આ કાવ્યો લખવા તે જાણે રાત, આલેઢાદીની
ત્યાગેલી રાત, સ્વામીના ક્રોધના તેજથી ઝગઝગાટ
પરભાતે જેને અને દિવસ— 'નહિં જ જિવાય આવે
જીવ" (વિપ્રયોગ) એ દાર્શનિક તત્ત્વ અને કાવ્યમય
શાન્તિની ગંભીર સ્થિતિ, વિયોગ અને સંયોગ, શૃંગાર
અને મૈત્રી અને ભક્તિ, દૃઢ અને શાન્ત, ભૂત
અને ભાવિ, એક માનવહૃદયના બે ભાગો એકાગ્ર
ઉત્સાહ ... ...

માર્ગદર્શિકા

'સુરતાની વાડી' = The Garden of all That Constitutes Simplehood
સુરતા - દૃઢત્વ : simplehood

કલાપીને સંબોધન

1903 કલાપીનું મિત્રકે 'ડિડાસ્કલ' પ્રગટાવ્યો

સુરતાની વાડીના મીઠા મોરલા! [ટ્રા માટા મા
ઊછળતા શા ઉરસાગર ઉલ્લાસ જો! [ડિ. ગિલુભ
નિર્ઝરતી સૌભાગ્ય સુહાગન જ્યોત્સ્નિકા :
નયને ઝળકે નમણું નિર્મલ હાસ જો!
સુરતાની વાડીના મીઠા મોરલા!

આંજે ને અંજવાળે આંખડલી સખી,
અંતર ઉપર ઉઘડે આલમનૂર જો! ૦
'હેત હ્યાનાં વહતી વાજે વાંસળી,'
ઊડે સ્વર આકાશે અંદર દૂર જો!
સુરતાની વાડીના મોંઘા મોરલા!

નંદનવનના પ્રાસાદોની ટોચથી,
મધુરી ક્રિકા આજે શી ઉભરાય જો!
સુરભીઓની સાથે સંસારે સરી,
અંતર્દ્વારે ગીતા શી અથડાય જો!
સુરતાની વાડીના મીઠા મોરલા!

તત્સવિતુર્વરેણ્યં ભર્ગ ધીમહિ!"
ગાયત્રીનો જૂનો ભેદક મંત્ર જો!
આજે અન્ય પ્રકારે આ માથું નમે,
નમતો સાથે આત્માનોએ તંત્ર જો!
સુરતાની વાડીના મોંઘા મોરલા!

હિંદ પર આશીર્વાદ

(રાગ વાગેશ્વરી)

ઉતારો જી અમ દેશે ઈશ્વર આશીર્વાદ.
બાંધવ દેશ થયા જાગ્રત સૌ :
એક રહી અમ દાદ !
ઉતારો જી અમ દેશે ઈશ્વર આશિર્વાદ. ૧

શતકો વીત્યાં ભર નિદ્રામાં,
કીધો પૂર્ણ પ્રમાદ;
પૂર્વજની ઉજ્જ્વલ કીર્તિની
ન કરી સાચી યાદ ! ઉતારો૦

જીવન વિગ્રહને નવ સમજ્યા,
કરતાં નિષ્ફલ વાદ :
આજ કરી કરુણા નવ યુગનો
નવલ સુણાવો નાદ ! ઉતારો૦

પરિષત્સત્કાર

(ઝૂલણા ગીત)

નવલ યુગનો દિસે સૂર્ય આજે ઉદિત,
હિંદ સંતાન ઉલ્લસિત ફરતાં :
બાલ વીરો અને પ્રૌઢ વીરો સહિત,
વીર માતા તણાં વૃંદ સરતાં !
આદરો સંઘનું કાર્ય ઉછરંગમાં,
આર્ય સંસારનું સુખ વધારો :
પૂજીએ પરિષદે પુનિત પગલાં અમે,
બંધુઓ ને બહેનો પધારો !

પરિષદો છે પુરાણી પ્રથા આપણી,
નવલ આનંદ શો આજ રેલે !
સર્વનાં નયનમણિ દીપ્તિમય ભાસતાં,
હૃદયના રંગ શા રાસ ખેલે !
કેળવો દેશમાં દિવ્ય શિશુવાટિકા,
સજ્જનો ! પ્રથમ નિજ ઘર સુધારો !
પૂજીએ પરિષદે પુનિત પગલાં અમે,
બંધુઓ ને બહેનો, પધારો !

હિંદ માતાને સંબોધન

ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !

હિંદુ અને મુસલમિન : વિશ્વાસી, પારસી, જિન:
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !

પોષો તમે સહુને, શુભ ધાનપાન બક્ષી :
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં !

રોગી અને નિરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષર : સંતાન સૌ તમારાં !

વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં કબીર, તુલસી !
અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં !

સૌની સમાન માતા, સૌએ સમાન તેથી :
ના ઉચ્ચ નીચ કોઈ, સંતાન સૌ તમારાં :

ચાહો બધાં પરસ્પર, સાહો બધાં પરસ્પર :
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં !

હૃદયગીતા

(બિભાસ અને પરજના સ્વરોમાં)

ધીરજ ધરને, હૈયા તુ મારા !
આત્મા શાશ્વત અમર છે !
દૂર થવાનું, અંધ નિશાનું, અંધ નિશાનું, અંધ નિશાનું હા !
સ્વર્ગોમાં સ્નેહે ભેટવું !
સ્વામીનો શબ્દ તો સાંભળી માનજે :
દેહી શાશ્વત અમર છે :

નવ કુસુમ નવ મરતું !
પ્રભુ નિકટ ઝટ સરતું :
અયિ હૃદય ! ધૃતિ ધર
દિલ નજર કર :
વિરલ તરુવર,
વિમલ સરવર,
સમીપ સુરજનુભવન ઝળહળતાં !

કાંતાની પ્રાર્થના

(રાગ ગૌડ મલ્હાર : તાલ ત્રિતાલ)

વિભુ જે વિલસે, ચરાચરે હસે,
બધે વ્યાપ્ત વસે, રસે તે ભજું !
પૂરે ઇચ્છાને !

પતિ કાંત વર વિના નહિ અવર,
સકલ જગત સુખ સરવર, નરવર,
પરમ કારુણિક પિતા !

ઉપાધિ શમાવો,
કમાણી કમાવો,
જનોમાં જમાવો,
ન મારું ગજું ! નૂરે ભીંજવો.

સ્મરદશા

(કલાઇડાની ધૂન : તાલ લાવણી)

રટ, રસના ! રટ રસના !
પ્રિયતમનું નામ રટ, રસના !

લવ ઇતર ઉપર અબ વસ ના !
પ્રિયતમનું નામ રટ, રસના !

દિવસ રાત બસ એ જ વાત,
જપ કર પ્રિય નરવર જસના !

જપ કર પ્રિય નરવર જસના,
પ્રિયતમનું નામ રટ, રસના !

મનોહર રૂપ સ્મરૂં !
ધ્યાન તે ધરૂં, કશાથી ન ડરૂં;
સાગરો તરૂં, બિયાબાં ફરૂં;
સર્વ પરહરૂં, કાંતને વરૂં !

અયિ રસિક રમણી ! જરી હસ ના !
પ્રિયતમનું નામ રટ, રસના !

ફકીરી

(રાગ ભૈરવ : તાલ દાદરા)

હવે શરણે પ્રભુ ચરણે દયાઝરણે !
અફસોસ, અફસોસ, અફસોસ ના કશો !

સંસારના બંધ તમામ તૂટયા,
સંબંધીઓના પણ દોર છૂટયા;
હવે રહ્યું શાશ્વત જીવવાનું,
પ્રેમે પ્રભુના પદમાં જવાનું !

પ્રિય પિયૂ પરમ મુજ દિલને :
જલમાં, સ્થલમાં, સઘળી પલમાં :

શું કરું ? દયિત ! શું કરું ?
ખમવું, ભમવું : દિલને દમવું : શિવમાં શમવું !

વિરહાનલ

(રાગ હિંડોલ : તાલ દાદરા)

નહિ કંઇ ચેન પડે કયાંય રે, સજની ઓ !
ઘડી ઘડી પલ સ્મૃતિ ગભરાવે,
આંખ ન મિચાય નહીં જાય રે રજનીઓ !

ચિંતનથી પણ ઠારવા, કશો મળે ન ઉપાય,
સમજી ન હતી આવડી, વિરહાનલની લ્હાય !

બહુ બહુ યત્ન કરું, દિલને દિલાસા ધરું,
તદપિ ન શાંતિ મળે કયાંય રે, સજની ઓ !

રાસ

(રાગ બરવા જિલ્લા : તાલ હીંચ)

ફ્રાંતા

સખી ! રમીએ, લો રાસ રંગમાં !
હો મારી સાહેલી રે ! મારી સાહેલી રે !
રમીએ, રમીએ લો રાસ રંગમાં !

રંગમાં ને અંગના ઉમંગમાં રે !
સખી ! રમીએ, રમીએ લો રાસ રંગમાં !

ભરી ભરતી હૈયાની ગહન ગંગમાં હો !
સખી ! રમીએ, રમીએ લો રાસ રંગમાં !

સહુ સાથે, હો ! સહુ સાથે,
પદ પાડી ફરો કૂદડી !
ઉભય હાથે, હો ! ઉભય હાથે,
દઈ તાલ સરો, સુંદરી !
તરો સ્વર્ગ નવલ ભર્ગ ભરી નેત્રમાં !
હરો નિસ્સાર સંસારનો ભાર આ વાર
આ દ્વાર ક્ષેત્રમાં !

૧ લી સખી

લસે ઉલ્લાસપૂર, હસે હૈયામાં હૂર;
વસે દેવો ના દૂર, સખી સંગમાં, !

૨ જી સખી

સખી ! શું તારૂં રૂપ રચ્યું તાતે અનૂપ !
જીવન જંગમાં !

૧ લી સખી

અહો ! શોભે શો આજ સુંદરીનો સમાજ, / ૫.૭૮
બને અંતરનો પાજ, સરે સ્વર્ગે અવાજ;
સખી કાંતા શિરતાજ સમી દીપન્તી !

કાંતા

ફરંતાં, સરંતાં, તરંગે તરંતાં,
કલાઓ કરંતાં, સુભગે ભરંતાં !
ભરી ભરતી હૈયાની ગહન ગંગમાં હો સખી ! રમીએ

છેલ્લું આલિંગન

(રાગ જૌનપુરી ટોડી : તાલ ગઝલ)

ભેટી લે પ્રાણ મારા !
સ્વર્ગોમાં ફરી તો છે ભેટવું !

પ્રીતિને ના પરહરો : તાવો !
પ્રભુને ઉછંગે, પ્યારા ! ભેટવું !

ભવમાં તવ આ મૈત્રી
હમેશાં ગવાશે, જનો નહીં ભૂલે !
મરજીવા બનીને,
સંસારે તો, પ્રિય ! તરો, તારો !
પ્રિયોને પ્રભુ પંથે છે જવું !

परिशिष्ट

સ્મિતપ્રભાને

કયારે મળું, કયારે મળું, એની એ જ ઝંખનામાં
સ્વપ્ન વિશે એકવાર ભેટ પ્રિયાની થઈ;
ઝટ દોડી ઝાલ્યો હાથ એટલે તો પાછી ચાલી
પરમ પ્રયાસ વતી હાથ છોડાવી દઈ;
પિયુ ઝંખવાણો પડ્યો, પરિતાપ તેનો જોઈ
ભીતિ બધી દૂર કરી સસ્મિત પાસે ગઈ;
સ્મિતપ્રભા જોવા આડે બીજું કૈં કરી ન શકયો
એટલામાં અરે, હાય ! આંખ ઉઘડી ગઈ.

એ જ સ્મિતે હર્યું હશે કૃષ્ણનું રાધાએ ચિત્ત,
સુભદ્રાએ કુંતીપુત્ર મોહિત કર્યો હશે;
એ જ સ્મિતે દુષ્યન્તની ફેરવેલી હશે વૃત્તિ,
એ જ સ્મિતે નળરાય સતીથી ઠર્યો હશે;
એ જ સ્મિતે પુરૂરવ લુબ્ધ થયો ઉર્વશીમાં,
એ જ સ્મિતે વિશ્વામિત્ર દર્પને હર્યો હશે;
નહીં જોઉં એવું સ્મિત ફરી ફરી એમ જાણી,
પ્રીતમ મદાલસાનો ઘેલો થઈ ફર્યો હશે.

સૃષ્ટિસૌંદર્યથી મન ઉપર થતી અસર

(માલિની)

મધુર મધુર થંડો વાય છે વાયુ આજે,
પરમ વિમલ શોભા ચન્દ્રિકાની વિરાજે;
અનુકુળ સઘળી છે હર્ષની આજ ચીજો,
અવસર નહિ આવે આ(સમો કોઇ બીજો.

(અનુષ્ટુપ)

વધતું કહીને શાને વ્યર્થ મારે વધારવું ?
ફરવા ને જવા ચાહું પ્રિયે ! આપે પધારવું.

(મંદાક્રાંતા)

વ્યાપ્યો આખા વપુ મહીં સુણી હર્ષ અત્યંત એને,
આવી સારી ઋતુમહિં નહીં થાય આનંદ કેને !
"થંડી વાશે પ્રિય પતિ, કદી તો પછી કેમ થાશે"
બાંધ્યો એવું કહિ-હસિ-મને પ્રેમથી હસ્તપાશે.

(રથોદ્ધતા)

સજ્જ એ ઝડપથી થઇ રહી, નીકળ્યાં સુખદતા મને વહી,
મંદ મંદ પ્રિય સાથ જાઉ છું, વાટમાં સરસ કાંઈ ગાઉછું.

(પુષ્પિતાગ્રા)

રસિક સમજીને પ્રમોદ પામી, નયનથી જોઈ રહીજ મારી સામી;
કર મહિં કરને નખાવી ચાલે, પ્રણય થકી પતિને પ્રિયા નિહાલે.

(વસંતતિલકા)

દેખાવ તો બહુ જ સુંદર આસપાસ,
શી ચંદ્રિકા ! કુસુમદામનિ શી સુવાસ !
આનંદ એ પ્રિયતણો વધતો જ ચાલ્યો
ને છૂટથી પ્રસરિને મન માંહિ માલ્યો.

(અનુષ્ટુપ)

થવા લાગી મને ચિંતા, કેમ આનું હવે કરું ?
હદથી વધતાં હર્ષ, પરિણામ થશે બુરું !

(મંદાક્રાંતા)

આવી ત્યાં તો વિકટ તરુની એક વિસ્તીર્ણ ઝાડી,
રે'તા જેમાં દિવસ સમયે નીચ લોકો અનાડી;
તેમાં શાથી કંઇ પડી ગયો વાતમાંહી વિરોધ,
આવ્યો તેના પર મન થકી તુર્ત અત્યંત ક્રોધ.

(અનુષ્ટુપ)

વિનોદ સઘળો એ કયાં કોણ જાણે શમી ગયો;
વાતચીત પડી બન્ધ સ્વર છેક નમી ગયો.

(સ્વાગતા)

વાર તો બહુ ગઈ ન હતી જ્યાં એ પ્રદેશ થકી મુક્ત થયાં ત્યાં.
અંધકાર ટળતાં અજવાળું, એ સુશોભિત બહૂજ નિહાળું.

(સોરઠો)

મન્દ સ્વરથી એક નાણું ત્યાં વહેતું હતું;
તે દેખીને છેક સર્વે તર્ક ફરી ગયા.

(સ્વાગતા)

ત્યાં સુધી " કદરહીન બહુ છે " વાકય એ ઉચરતો દુઃખમાં હું;
"એ જ એ જ જગ માંહિ સહુ છે" એમ શબ્દ નિકળ્યા મુખમાં ત્યાં.

(પુષ્પિતાગ્રા)

જગત બધું બહુજ શાંત લાગે, અતિશય દૂર પ્રસન્ન વીણ વાગે;
ગગન પણ ખુશી જણાય છે આ, પવન મનોહર રાગ ગાય છે હા !

(અનુષ્ટુપ)

મસ્તકે પડવા માંડ્યાં શીત અમૃતનાં કણો;
શાંત કોપ થયો મારો તથા હર્ષ વધ્યો ઘણો.

(વસંતતિલકા)

પ્રાણપ્રિયા મુજથકી હતી દૂર થોડી,
ત્યાં દૂત ગયો હૃદય સાથ જ દોડી;
દર્શાવિને નયનથી સહુ ફેરફાર,
છાતી સમો કરી રહ્યો ધરી થોડીવાર.

(દૂહા)

અશ્રુ આવ્યાં આંખમાં, થયો ગળગળો સાદ !
પૂરૂં બોલી નહિ શકયો–' પ્રાણુ–ક્ષમા–પ્રસાદ ! '

Cf પરાંતપનય૪-

(અનુષ્ટુપ)

લજ્જા તેણે તજી દીધી સ્વસ્થ તુર્ત મને કર્યો;
બાલાએ બાલચેષ્ટાથી ચિત્તના ખેદને હર્યો.

(ગીતિ)

શું શું ચેષ્ટા કીધી, તે વર્ણવવું નહીં ઉચિત ધારૂં;
અનુભવરસિકો સમજે, બીજાને શું જણાવવું વારૂ!

(સોરઠો)

મન્દ સ્વરથી એક નાણું ત્યાં વહેતું હતું;
તે દેખીને છેક સર્વે તર્ક ફરી ગયા.

(સ્વાગતા)

ત્યાં સુધી " કદરહીન બહુ છે " વાકય એ ઉચરતો દુઃખમાં હું;
"એ જ એ જ જગ માંહિ સહુ છે" એમ શબ્દ નિકળ્યા મુખમાં ત્યાં.

(પુષ્પિતાગ્રા)

જગત બધું બહુ જ શાંત લાગે, અતિશય દૂર પ્રસન્ન વીણ વાગે;
ગગન પણ ખુશી જણાય છે આ, પવન મનોહર રાગ ગાય છે હા !

(અનુષ્ટુપ)

મસ્તકે પડવા માંડ્યાં શીત અમૃતનાં કણો;
શાંત કોપ થયો મારો તથા હર્ષ વધ્યો ઘણો.

(વસંતતિલકા)

પ્રાણપ્રિયા મુજથકી હતી દૂર થોડી,
ત્યાં હું ગયો હૃદય સાથ જ તૂર્ત દોડી;
દર્શાવિને નયનથી સહુ ફેરફાર,
છાતી સમો કરી રહ્યો ધરી થોડીવાર.

(દૂહો)

અશ્રુ આવ્યાં આંખમાં, થયો ગળગળો સાદ !
પૂરૂં બોલી નહિ શકયો–' પ્રાણ–ક્ષમા–પ્રસાદ ! '

Cf પરંતપ પ્રબન્ધ

(અનુષ્ટુપ)

લજ્જા તેણે તજી દીધી સ્વસ્થ (તુર્ત) મને કર્યો;
બાલાએ બાલચેષ્ટાથી ચિત્તના ખેદને હર્યો.

(ગીતિ)

શું શું ચેષ્ટા કીધી, તે વર્ણવવું નહીં ઉચિત ધારૂં;
અનુભવરસિકો સમજે, બીજાને શું જણાવવું વારૂ!

સ્વર્ગગંગાને તીર

(અનુષ્ટુપ અને મંદાક્રાંતા)

સખે [સ્વપ્ન] થયું પૂરું ચાલી ગઇ [વિભાવરી;]
શું હવે સંભળાવું હું, નહિ જોઉં ફરી ફરી.

કાલે રાતે મુજ શયનમાં અપ્સરા એક આવી,
યંત્રો થોડા નવિન કરમાં રાખીને સાથ લાવી;
મારા સામું ક્ષણ નિરખિને પ્રત્યભિજ્ઞા લહે છે,
ધીમે ધીમે મધુર વચનો આ પ્રમાણે કહે છે.

'વિમાન લઇને સાથે, આવી છું આપની કને,
સ્વર્ગમાં ફરવા ચાલો, આજ્ઞા છે બાઇની મને.'

ઊભાં મારા તનુપર થયાં હર્ષથી સર્વ રોમ,
આવ્યું શબ્દો પ્રિયકર સુણી દેહમાં ખૂબ જોમ.
તેનાં યંત્રો ઉપર હળવે થાઉં છું હું સવાર,
ઊડું ઊંચે તદપિ નિરખું સૃષ્ટિસૌંદર્યસાર.

પર્વતો થાય છે નાના, રસા બાલક જેવડી; પૃથ્વી
સરિતા સર્વ મુક્તાની માલાઓ હોય તેવડી.

જોતામાં તો થઇ ગઈ સખે પૃથ્વી અત્યંત ન્હાની,
બીજા સર્વ ગ્રહગણ વિષે ઓળખું એહ શાની!
આવ્યો ત્યાં તો પરમ સુખને આપનારો પ્રદેશ,
સાહિત્યોની વિવિધ સુખનાં જ્યાં નહીં બાકી લેશ.

પૂર્ણ ચંદ્ર પ્રકાશે છે, વરસે છે સુધા સદા,
અંતરિક્ષ વિશે ગાય અપ્સરાઓ પ્રિયંવદા.

વૃક્ષોમાંથી પરિમલ લઈ વાયુ જે સંચરે છે,
સ્થાને સ્થાને હૃદયકમલો હર્ષથી તે ભરે છે,
મીઠા મીઠા રવ કરી કરે પક્ષિઓ સર્વ ગાન,
ક્રીડા કેરાં સદન નિરખી છેક ભૂલાય ભાન.

"બીજું જોવા નહીં દેવું આજ્ઞા છે એમ આકરી,
માટે આપ વળો આમ, કવિરાજ, કૃપા કરી."

લીધો રસ્તો પ્રિય સખિ તણું વાક્ય એ સાંભળીને,
છોડી દીધું અવર સઘળું અન્ય માર્ગે વળીને;
થોડી વારે પવનલહરી આવવા માંડી શીત,
ધીમું ધીમું શ્રુતિ પર પડ્યું દૂરથી કોઇ ગીત.

સાંભળી વિકૃતિ મારી આંખોમાં સહસા થઈ,
ઓળખ્યો સ્વર મેં એવું અપ્સરા સમજી ગઈ.

દેખાયો ત્યાં મધુર સ્વરના જન્મનો દેશ પાસે,
ઘાટાં વૃક્ષો મહિં પણ જહીં ચન્દ્રિકા સ્પષ્ટ ભાસે:
જોયો દૃષ્ટિ સ્તિમિત કરીને સ્વર્ગગંગાપ્રવાહ;
જેથી મારો ઝટ શમી ગયો ગૂઢ મર્ત્યત્વદાહ.

દર્શાવે છે કરી ક્રીડા શકુન્તો મનનો રસ,
સજોડ પુલિનો પાસે રમે છે હંસ સારસ.

આંખોમાંથી મુખપર પડે જેમનું બાષ્પપૂર,
તે પોતાની પ્રિય સહચરી પાસ નાચે મયૂર;
ધોળાયાં છે પ્રણયરસથી જેમનાં ચક્ષુપાદેગ,
રાત્રીમાંયે અનુભવ કરે હર્ષનો ત્યાં રથાદેગ.

પશુઓ પક્ષિઓ વૃક્ષો પવનો પ્રસ્તરો સહુ,
ખૂબીદાર અહીં લાગે, દીસે આનંદમાં બહુ.

ધોળાં ધોળાં શશિકિરણ જે તોય સાથે ગળે છે,
તેથી તેને સરસ વધતી શ્વેત શોભા મળે છે;
વચ્ચે વચ્ચે સ્મરણ કરવા યોગ્ય દ્વીપો જણાય,
પાણી સાથે રતિ સમયનાં ભૂષણો ત્યાં તણાય.

પરિવર્તન પામે છે ચીજો ત્યાં આસપાસની:—
જલમાં રચના જોશો તરુ-તારક-ઘાસની.

એ સૌ શોભા તજી દઇ હવે ધ્યાન બીજે જ જાય,
આહા! પાસે મધુર રવ એ વીણાનો સંભળાય;
જાદુ જેવા અજબ ગુણથી વૃત્તિઓ મૂઢ થાય,
આખું તો શું પણ અવયવી ચેતનાએ ભુલાય.

સૂરથી થઇને લુબ્ધ વાયુ એ મંદ વાય છે;
વીણા દ્વારે ખરે કોઇ મોહિનીમંત્ર ગાય છે.

થોડે થોડે પરવશ થયું, સર્વ મારું શરીર,
દૃષ્ટિ ઝાંખી, જડ બની જતાં દૂર દેખાય તીર;
પાસે આવ્યું સ્થલ તદપિ તે મેં નહીં કાંઈ જાણ્યું,
શુદ્ધિ માંહીં મુજ મન પછી અપ્સરાએ જ આણ્યું.

જ્યાં હું આંખો ઉઘાડીને ઊતરું છું વિમાનથી,
અરે રે, હાય! એમાંનું મારી સામે જરા નથી.

નીચે ઊંડો શ્રુતિપથ થકી ઉતરીને ફરે છે
ઝીણો મીઠો વિરલસ્વર, એ ચિત્તમાં શું કરે છે?
ક્યાં એ સર્વે અજબ રચના આંખથી જાય ઊડી?
એની કેમે ખબર ન પડે શોકમાં જાઉં બૂડી!

કેની પાસે હતું જાવું અપ્સરા કોણ એ હતી,
એ વિચાર વિશે મારી હજી મૂંઝાય છે મતિ.

જાણું છું કે સ્વર અજબ એ હું જરા ઓળખું છું,
તોયે શાંતિ નહિ હૃદયને થાય એવો જ હું છું;
ઝાઝાં વર્ષો પર શ્રુતિપથે જે પડયો હોય, હાય!
એનો એ છે–ઘટિત જ–સખે, એમ શાથી જણાય!

સ્વપ્ન અદ્‌ભુત એ મારૂં લંબાયું હોત જો કદા,
સર્વ નિશ્ચય થાતાં તો સંતોષી રે'ત સર્વદા.

રે! હૂં કયારે ફરી નયનથી સ્વર્ગંગા નિહાળું!
જ્યોત્સ્ના તો એ ટળી ગઈ–થયું પાસ અંધારૂં કાળું.
દુર્ભાગી હું શયન પરથી હાય! નીચે પડું છું;
પાછું આવે નહિ તદપિ તે સ્વપ્નને હું રડું છું.

જાણું છું નામ હું તોય જણાવું કેમ આપને,
અનુમાન જ હોવાથી બહુ સંદેહ રે' મને.

પ્રિયા કવિતાને આશ્વાસન

(પુષ્પિતાગ્રા અને દ્રુતવિલંબિત)

" અરર મુજ હશે નસીબ કેવું
નથી મળતું કયંહિ માન, હાય ! " એવું
કહીં પછી ચરણો વિશે પડે છે,
પ્રિય-કવિતા મુજ વેગથી રડે છે.

બહુ જ વિસ્મય ખેદ મને થયો,
તદ્દન સ્તબ્ધ જ મૂઢ બની ગયો;
પણ પછી ઝટ શાન્ત જરા કરી
નિજ પ્રિયા સરખી હૃદયે ધરી.

રહીં પણ ગઈ એ જરાક છાની
બહુ દિલગીર હું થાઉં એમ માની;
મુજ મુખ ભણીં નેત્રને લહે છે,
અતિશય આર્ત્તસ્વરે પછી કહે છેઃ—

" દિલ દયા ધરીં માફ કરો મને
દુખીં થઈ કરું છું દુખીં આપને;
અરર જીવિત આમ ભલે જતું,
સહન, નાથ, નથી મુજથી થતું.

ગુણ નથી મુજ માંહિ એક સારો,
નિજ મનમાં, પ્રિય પ્રાણ, એ વિચારો;
તદપિ પ્રણય શીદને કરો છો,
મુરખ પ્રિયાપર ચાહના ધરો છો.

વિષમ ટેવ પડી મુજને ખરે,
હૃદયને બહુ માન ગમે અરે!
ગુણવિના પણ કેમ જ એ મળે?
મફત નિર્બળતા થકી શું વળે!

નથી નથી નથી યોગ્ય હું તમારે
જીવતર આ નથી રાખવું જ મારે;
મનથી લઈ રજા હવે મરું છું,
પણ તમને પ્રિય મુક્ત હું કરું છું."

નયનથી બહુ નીર મને વહે,
હૃદય શબ્દ કહો કયમ આ સહે?
વચન તો મુખથી નવ નીસર્યું,
તદપિ ચુમ્બન મેં હળવે કર્યું.

ધડક ધડક થાય હાય છાતી,
ધીરજ રહી મુજનીય સાવ જાતી;
વદનકમલ જોઈને કહું છું,
નજર ઠરાવી ત્યહાંજ હું કહું છું:-

"કદર અવર શું જનો પિછાને?—
મન મહીં એ ધરીં, શોક કોણ આણે?
ઉભય મણી મને ખુશી કરો છો,
પર પરવા શૉંદ અન્તરે ધરો છો."

મધુર શબ્દ થકી ખુશ મેં કરી,
હિલગિરી મનની સઘળી હરી;
કરીં વીદાય કહી બહુધા અને,
વિરહથી બળતી વનિતા કને.

ચંદાનો સંદેશો

(૫૬)

આવો, અંદર આવો, વ્હાલાં, વાસમાં !
સંદેશો શો લાવો ચંદા ઋહેન જો ?
કોમલ શીતલ મધુર સુધા વરસાવતાં
સ્નેહ ભરેલાં નમ્ર તમારાં નેન જોઃ આવો૦ ×

"હૃદય સરોરુહ જીવન સમઝી પોષજોઃ
જનસેવાનો ધરજો શાશ્વત ધર્મ જોઃ
પ્રમેટ પિતાના પુણ્ય પુરાતન પંથમાં
સ્નિગ્ધ પરસ્પર કરજો કેવલ કર્મ જો !" આવો૦

સામ (Psalm)

(રાગિણી આશાગોડી)

માર્ગો બતાવ ઓ સ્વામી ! મને તવ પંથો શિખાવ દયાના !
દોર મને તવ સત્યની માંહીં, શીખવ વિશ્વશયાના !
મને તવ૦ માર્ગો૦

તું જ પ્રભુ મુજ તારણ કેરો દિનભર તુજ પર થાના !
મને તવ૦ માર્ગો૦

[સુધારેલો પાઠ]

માર્ગો બતાવ, ઓ સ્વામી ! મને તવ પંથો શિખાવ દયાના !
દોર મને તવ સત્યમાં, શિક્ષણ આપ દયાલ !
તું સ્વામી તારણતણો દિનભર તુજ હિ ખયાલ !
માર્ગો૦

શાંતિ પ્રાર્થના

(૫૬)

ઓમ્ શાંતિ સદા શિવ આપો, દયાઘન ! શાંતિ૦
સંહરો સંકટો શાપો, કૃપાઘન ! શાંતિ૦

શાંતિ, પિતા, શુભ નામ તમારું
પાપ પ્રણલ, પ્રભુ, કાપો ! દયાઘન૦

સેવક હોઇ નથી કરી સેવા
શુદ્ધ જપ્યા નથી જાપો ! કૃપાઘન૦

સ્થાન ભવાટવી, ગાન પશૂનું,
તપ્ત કરે, પ્રભુ, તાપો ! દયાઘન૦

આંતર સપ્તપદી

(૫૬)

આ પિતા, કર્યાં ક્રૂર કર્મોઃ
હણ્યાં મર્મોઃ પડ્યો; રડ્યોઃ પડ્યો ! પડ્યો !

મને ન હતી આશાઃ

અરે, પિતા ! મને ન હતી આશા !
તેમાં અચાનક ગંભીર ગહ્વરે
દિવ્ય સુવર્ણિત જ્યોતિ જ્વલન્ત !
સ્નેહવસ્તુ ! જ્ઞાનરૂપ ! અનન્ત !

નયન પ્રાર્થના

(૫૬)

આપ જ તાતજી દોરો હવે મને આપ૦
રોતો હું આપનો છોરો હવે૦

જંગલમાં ભટકયો બહુ ઘાટે, વાટે મળ્યા કારા ચોરો—
હવે૦ રોતો૦

ગર્ત્ત બધે પડતો ગરડાતો આવી શકું નહિ ઓરો—
હવે૦ રોતો૦

બિરાદરોને પ્રાર્થના

(રાગિણી આશાગોડી)

સ્નેહ કરો ન સતાવો, બિરાદર! સ્નેહ૦
અન્ય અહીં નહિ લહાવો, બિરા૦

એક પિતા પરમેશ્વર સૌનો એ નિજ કર્મે બતાવો.—
બિરાદર૦

પ્રાણુપદાર્થ કરી પુરુષાર્પણ કલેશ વિશેષ પતાવો.—
બિરાદર૦

(૫૬)

ઓહાલાંઓ, શા માટે સતાવો ?
વાંક કશો જો હોય બતાવો !
પરમેશ્વરમાં પાપ પતાવો
માગું એ હાવાં !

વિશ્વપિતાનાં આપણ બાલો:
સાંકડમાં તો સાથે ચાલો !
વસુધાની વાડીમાં મ્હાલો
માગું એ હાવાં !

સ્નેહગીત

(૫૬)

પોકારૂં બેસી બારણે, વ્હાલાં ! ઉઘાડો દ્વાર;
વ્હાલાં ઉઘાડો દ્વાર, ઓ વ્હાલાં, પોકા૦

હૈયું દેવાલય અરૂં દીન દયાનું દ્વાર,
યજમાનો માનવ બધા સારાનો એ સાર,
ઓ વ્હાલાં, શાને લગાડો છો વાર,
ખોલો દ્વાર, આવો બ્હાર, પ્રાણાધાર ! પોકા૦

અનંત સહચારની પ્રાર્થના

(૫૬)

અત્યારે અભઘડી મળીએ, ઓ પ્રિયતમે, અત્યારે૦
હૃદય પરસ્પર હળીએ, ઓ પ્રિયતમે, અત્યારે૦

લગ્ન થયાં તે આપણો પ્રભુ ઘરમાં સહબન્ધ,
સ્મરણ કરૂં, બોલી તહીં 'શિરને સોંપ્યું સ્કન્ધ'! અત્યારે૦

Ephesians Ch. 5 = Verse: 23-33
& Corinthians:

કવિતાદેવીને પ્રાર્થના

(૫૬)

ઓ દેવી ! દેવી ! દેવી ! બોલાવી એ ના શકું.
તારાં હૃદયનાં દ્વાર બોલાવી એ ના શકું.

મલિન કર્યું હૈયું હજી નહિ તવ આસન પાત્ર,
જ્વલતાં પશ્ચાત્તાપમાં શુદ્ધ હજી નહિ ગાત્ર.
ઓ દેવી૦

સ્વર્ગસ્થ દેવીને પ્રાર્થના

(૫૬)

આવો, આવો, આવો, આવો, દેવી !
આવો, આવો, આજ !

માગૂં આવો, આવો, આવો, દેવી !
આવો, આવો, આજ !

રજની ખીલે છે નવી નિર્મલ ધવલ પ્રકાશ,
સાગર ગાય સુહામણું હૃદયે પ્રકટે આશ;
સ્વામીનાં દયાળુ દેવી ! કરશો ના નિરાશ,
માગૂં કરશો ના નિરાશ.

દેવી ! આવો, આવો, આવો, આવો,
આવો, આવો, આજ !

(૫૬)

દીન ઉપર દયા કરજો, નાથ, દીન૦
વિશ્વદુરિત પરિહરજો, ઓ તારક, દીન૦

દીન છતાં અમે બચ્ચાં તમારાં કરુણા સુધારસ ઝરજો,
ઓ પિતા, કરુણા૦ દીન૦

ઓ સવિતા, પરમેશ, પિતાજી ! ભર્ગ નયન માંહી ભરજો,
ઓ પિતા, ભર્ગ૦ દીન૦

કુસુમની બિમારી

કુસુમ મારૂં કરમાય, અરર! હૈયું ભરમાય;
ઉંડું ઉંડું શરમાય: સખે, શું કરૂં હવે?

"દાવાનલમાં દેશનાં બહુ બહુ કુસુમ હણાય,
સહુ તે જીવન પામવા તાત સમીપ તણાય!"

શ્રુતિ સ્વર્ગેની તોય, ભુવન જેનાથી સ્હોય,
નયનધારા તે લ્હોય, સખે, શું કરૂં હવે?

સૌમ્ય સ્નેહોને ધામ: એકલાને આરામ;
કુસુમ નિરખું તે આમ! સખે શું કરૂં હવે?

પતિપત્ની સંવાદ

(રાગ : પહાડી ઝીંઝોટી : તાલ હીંચ)

સ્નેહ ઝરણી ! સખી ! સ્નેહ ઝરણી !
રૂપ વપુ શોભાય :
દેખી દિલ લોભાય !

આવ, વ્હાલમની પાસ આવ :
સુંદરતા ખાસ લાવ :
અંતરના હાવભાવ
લેશ, સખી ! ના છુપાવ :
સ્વર્ગોની સાચી સરણી !

કૃપાના છો નિધાન :
પ્રાણના છો જી પ્રાણ :
હું તો દાસી અજાણ :
મને આવું શું માન !
અહો સ્વામી સુજાણ !
કરો ચાહે તે પાન :
દેહીએ દીધેલું દાન !

કુલની કામિની !
દિલની દામિની !
યમની યામિની !
ગુણની વામિની !
સહુ સંતાપની શામિની !

પ્રીત કંઈ કરલો જી:
કીત કંઈ કરલો જી:
ઉલ્લાસે કરલો જી:
ભાગ્યોદય ભરલો જી:
સાગરિયે સરલોજી, રાજ !

શાસ્ત્રોપદેશ

(રાગ ખટ: તાલ ચતુસ્ર જાતિ ત્રિતાલ)

સદા વચન ઋત બોલોને !
અતિશય અહિત રહ્યું અસતમાં :
સાચું કહ્યા થકી હાનિ ભલે થાય,
તદપિ ન ઇતર ધર્મ મતમાં !

सत्यमेव जयते

ના ડરવાનું : ના ફરવાનું :
વિરલ ગહન વ્રત કઠિન વિષમ સત પરમ સાધુ તણું !
ફલ પણ તેમાં ઘણું :
શાસ્ત્રો બોધે એવું ફરી ફરી :
બરૂં હૃદય નિજ બોલોને !

કાંતની સ્મરદશા

(રાગ ભૈરવી : તાલ ત્રિતાલ)

હા ! અગન ઇશ્કની જાગે !
હા ! અનહદ લગની લાગે !
સંસારે મસ્ત છું !

તન, મન, ધન, સહુ જલસમ વિગલિતઃ
હા ! હા ! હો ! મસ્ત છું !

સુતનુ હૃદય સહ વળગી,
ક્ષણ પણ નવ કરું અળગી;
નયનસુમણિ શિર કલગી !
હા ! હા ! હો મસ્ત છું !

ઇશ્ક છે શી ચીજ તે કવિ મસ્તને પૂછ્યું ઘટે,
દિલ સુનેરી પાત્રને વૈરાગ્યથી લૂછ્યું ઘટે;
આતશે ઇશ્ક તે છે, જેમાં સમંદર બલ જાય !
કોરઆને વેદે કહ્યું : તેમાં અહંતા જલ જાય !

વિભૂતિ વિરલ પરમની,
વિમલ, સુખદ, શી રમણી !
નવલ કુસુમ શી નમણી !

કાંતાની સ્મરદશા

(રાગ કાફી: તાલ ત્રિતાલ)

હા! સમજું ન શું મને થયું!
દૃગથી ગયું બલ, ના રહ્યું!
કુમાર નિહાલી બિમાર છું:
મારું બાલાપણું એ વહ્યું!

ગઝલ. અનુભવ આ નવો હું ને,
હૃદયને પૂછવું કોને?
કશાથી થાય ના શાન્તિ,
અનેરી ઊછળે ભ્રાંતિ!

નજર ના ઠરે, ગિરિવરો પરે:
એ જ સૂરત! એ જ મૂરત! નૈન મૂરત દર્શને!
હાવાં શું નહિ મળશે? શું નહિ વળશે?
શું નહિ કળશે?
ભાસે પાસે, હાસે રાસે!

કાંતને સંબોધન

(રાગ ઝીંઝોટી : તાલ ત્રિતાલ)

શાં વ્હાલાં લાગે વેણ તમારાં કોડીલા કુંવરજી !

ઉછાળા મારે શૂર, તનમાં ધસે પૂર;
નૈનમાં હસે નૂર, ચિંતાઓ કરે ચૂર !

ઓ મારા પ્યારા ! મારા પ્યારા ! મારા પ્યારા !
રેલાવો રતિધારા ! ખેલાવો ખેલ સારા !
કોડીલા કુંવરજી !

અયિ સુવીર ! હૃદય ક્ષીર ! નિકટ નીર ! સુખદ તીર !
ધર ન ધીર કાં ? ધર ન ધીર કાં ? ધર ન ધીર કાં ?

અંતરમાંના ઊમળકા શા ઓલું ? જાણો છો મરજી !
જાણો છો જી મરજી !

હિંદીવીરોને સંબોધન

(રાગ પહાડીઃ તાલ તિસ્રજાતિ દાદરા, તિસ્રજાતિ દીપચંદી,
તથા ચતુસ્રજાતિ ત્રિતાલ)

પ્રમાદને છોડી,
કીર્તિ તરફ જોડી,
હૃદય સમરમાં ચડો,
આગ્રહથી દોડી;

પાછી પાની જરાએ ના ઘટેઃ

વીરો કશાથી ના ડરે લાખો શરો સામે!
દેશને બચાવવા કે લોકના ભલાને માટે,
જખમ કદી પડે, શ્રમ તનને ચડે,

છતાં અન્ય નહીં ધન્યઃ

નવ ડરો, નવ ફરો, શ્રમ હરો,
ઉર ધરો જય ખરો, નયન ત્યાં ચોડી!

અંતિમ પ્રાર્થના

(૫૬)

ઊંચાં પાણી મને આ સતાવે પિતા!
પ્રભુ તારક! સત્વર ઉદ્ધારી લ્યો!
કૈંક નારકી દૃશ્ય બતાવે, પિતા!
મને યાતકીને દયાથી તારી લ્યો!

મારી હોડી ખરાબામાં તૂટી ગઈ:
મારી જોડી હા! માયા તે લૂંટી ગઈ:
મારી હિંમત છેક જ ખૂટી ગઈ:
પ્રભુ તારક! સત્વર ઉદ્ધારી લ્યો!

મારાં પાપ તણો અરે પાર નથી:
મારા અન્તરમાં કશો સાર નથી:
ભવસાગરે અન્ય આધાર નથી:
પ્રભુ તારક! સત્વર ઉદ્ધારી લ્યો!

ಪರಿಚಯ

પૃ. ૨ ઉપર ખંડો પાડેલા છે તે મુજબ વાંચવું. અંગ્રેજીમાં સોનેટ (sonnet) નામનો કાવ્યપ્રકાર મશહૂર છે તેનો આ પ્રયોગ છે. તેમાં ૧૪ ચરણ આવે છે અને ચમત્કારવાળી પ્રાસ-રચનાઓ થઈ શકે છે.

જુવાનીના પરોઢમાં કવિએ પોતાના સુહૃદ સાથે જ્ઞાનના અનેક પ્રદેશોમાં વિહાર કરેલા તેને કુદરતની સુંદરતાવાળા કોઈ પ્રદેશમાં કરેલી આનંદયાત્રાના રૂપે વર્ણવે છે. એ વ્યંગ્યાર્થ વિના, કેવલ કુદરતના ચિત્ર તરીકે પણ વર્ણન હૃદયંગમ છે.

સૌમ્ય વયઃ દુનિયાંના અનુભવના તાપથી હજી તપ્ત નહિ થયેલી માટે સૌમ્ય. કેવળ બાલ્યજીવન નહિ પણ જ્ઞાનજીવનનું પરોઢ માટે રહવારો. બાલસૂર્ય ઉદય પામતાં જ જેમ પર્વતના શિખર ઉપર પ્રથમ કિરણો નાંખે છે તેમ જુવાનીમાં કલ્પના અને બુદ્ધિ ઊંચા આદર્શો બાંધે છે, માટે શૈલશિખરે.

અને કુંજે કુંજે : પ્રો. ઠાકોર કહે છે : "આ કુંજો કઈ? આ મયૂરો કોણ? સામાન્ય વાંચનાર આ શબ્દોને સામાન્ય અર્થમાં લઈને પણ કાવ્યાર્થ અને તેમાંનો રસ પામી શકે છે, તોપણ આ સોનેટ (sonnet) લખાઈ તે વખત અમારા મનમાં ખાસ કરીને કઈ કુંજો હતી તે જાણીને કેટલાકને એ કવિતા

વધારે આકર્ષક પણ બને. પહેલે દરજ્જે ઈંગ્રેજી સાહિત્યની કુંજ, બીજે દરજ્જે પ્રાચીન ગ્રીક સાહિત્યની કુંજ, ત્રીજે દરજ્જે યુરોપીય સાહિત્યની કુંજ; અને એ કુંજોમાંના મયૂરો તે એકલા કવિઓ અને નાટકકારો નહીં, કેમ જે મણિશંકરને લૅન્ડોર અને રસ્કિન, બેકન બાર્કલી અને માર્ટિનો, ગિબન અને હિરોડોટસ, પાસ્કાલ અને પ્લેટો, પ્લૂટાર્ક અને કાર્લાઈલ, ગ–અ–થ અને ટૉલસ્ટોઇ ઉપર કંઈ ઓછી પ્રીતિ ન હતી. હ્યૂમા અને લિટન, લેસિંગ, હ્યૂગો અને જ્યૉર્જ ઈલિયટ, મૅથ્યુ આર્નોલ્ડ અને સેન્ટ બ્વ પણ એમણે ઠીક વાંચ્યા હતા." જુઓ પ્રો. બલવંતરાયે સ્વ. કાન્તની પહેલી સંવત્સરી નિમિત્તે વાંચેલું તા. ૧૬–૬–૧૯૨૪નું "મણિભાઇની કવિતા વિશે કેટલીક અંગત માહિતી." એ વ્યાખ્યાન. યુગધર્મ પુ. ૪ પૃ. ૨૭૫.

તરંગોનાં સ્વપ્નસ્મિત—તાદાત્મ્યે છઠ્ઠી. તરંગો એ જ સ્વપ્નસ્મિતો. જાગ્રદવસ્થાનાં સ્મિતોમાં હર્ષેતર ભાવોનું મિશ્રણ હોવાનો સંભવ છે પણ સ્વપ્નનાં સ્મિત કેવળ સાત્ત્વિક હર્ષ જ વ્યક્ત કરે છે.

કવિ સૌંદર્ય તરફના સ્વાભાવિક આદરને લીધે તેને કુસુમો અર્પે છે તે, રમતી રમતી જતી એવી સરિતા પણ સ્વીકારતી હોય તેમ ઉર પર ધારણ કરે છે. આ ધન્ય દૃશ્ય જોવાને ભાગ્યશાલી થયેલાં તરુઓ પણ તેથી ઉત્સુક બની ગયાં! પ્રો. ઠાકોરે દર્શાવેલા વ્યંગ્યાર્થ પ્રમાણે એ સરિતાનો અર્થ સરસ્વતી કે કવિતાકલા કરી શકાય, જેને કવિ પુષ્પો ચડાવે છે અને તેથી આસપાસનાં તરુઓ, સહૃદયો ઉત્સુક બની જાય છે. પણ એ અર્થ ન લઈએ તો પણ આ વર્ણન સુંદર છે. તેમાં આવતાં સ્વપ્નસ્મિતોનો વિલાસ, કુસુમોનું અર્પણ, રસિક રમણીનું તે ઉરપર ધારણ કરવું અને પાસેનાં તરુઓનું ઉત્સુક બનવું એ અર્થોમાં કોઇ રમણી

તરફના કવિના સ્નેહનું અસ્પુટ મધુર વ્યંજન છે. એ અર્થ પણ અભિપ્રેત હોવાનો સંભવ છે. આગળ આવતા 'રતિને પ્રાર્થના' કાવ્યમાં તો મિત્રના સ્નેહને એક રમણીનું રૂપ આપેલું છે અને એ રમણીને પોતાની પ્રિયતમાનું જ સૌંદર્ય આરોપેલું છે. (જુઓ એ કાવ્યનું ટિપ્પણ) અહીં કાવ્યના દૂર રણકારમાં માત્ર એવું અસ્પુટ વ્યંજન રાખેલું છે. છેલ્લા ચરણની કલ્પના અતીવ મનોહર છે.

ઠરી સ્થાનેં : જગતની હવામાં ઘણા કાવ્યોદ્‌ગારો ઊડી ગયા. થોડા જ આત્માના અનુભવના કોઈ ગહન સ્થાને સચવાઇ રહ્યા.

અને તેને–તેને એટલે ઉદ્‌ગારોને. ત્રુટિત સરખા વીણામાં છે માટે તરલ.

પૃ. ૪. ઈશ્વર સ્તુતિ

સને ૧૯૦૯ માં પૂર્વાલાપ પ્રગટ કરવાની ઇચ્છા થયેલી ત્યારે તેના પ્રારંભમાં મૂકવા રચેલી.

કર્તાને હિન્દુઓના સર્વ દેવોમાં શંકર માટે અનન્ય ભાવ હતો, એમ સાંભળ્યું છે.

અવતરે જે માનવી માતથી—ઈશ્વરાવતારની પ્રાચીન હિન્દુ માન્યતાનો આ ઉલ્લેખ છે. જે માનવી થઇને માતાને ઉદરે અવતાર લે. અથવા જે માનવી માતાથી–મનુષ્યજાતિની માતાથી અવતાર લે. કદાચ, જીસસ ક્રાઇસ્ટ મનુષ્યમાતાથી અવતરેલ અને તેને માનવી પિતા નહોતા એ ક્રિશ્ચન માન્યતા પણ અહીં ધ્વનિત થતી હોય. અને એવો અર્થ કરીએ ત્યારે 'સામ્ય'નો અર્થ માતા–મેરી સહિત ક્રાઇસ્ટ એવો થાય. ૦

પૃ. ૪. મારી કીસ્તી

પ્રથમ પ્રસિદ્ધ થયું બુદ્ધિપ્રકાશના ૧૮૮૯ના ઓગસ્ટના અંકમાં. તેમાં 'કિસ્તી' શબ્દ અપરિચિત હોવાથી 'કિરતી' શબ્દ મૂકયો હતો અને નીચે ફુટનોટમાં લખ્યું હતું કે 'એક નવાઇ તરીકે' એ કાવ્ય પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અન્ય દશા° : મારી જગ્યાએ કોઈ અન્ય હોત તો આ તોફાની દશા જોઇને ડરી જાત અને ધીમે ધીમે સંભાળી સંભાળીને ગતિ કરત.

સફરનો હતો° : સફરનો શોખ હતો...છતાં આટલાં બધાં વરસ કેમ ઝુકાવ્યા વિના બેસી રહ્યો!

પૃ. ૫. મૃગતૃષ્ણા

આકાશમાં° : આકર=આકરો. ભાષાની છૂટ.

પૃ. ૭. માતાપિતા સ્મરણ આર્ત્ત દિલે કરે છે : આર્ત્ત દિલથી મૃગબાલા પોતાનાં માતાપિતાને સંભારે છે.

પૃ. ૮. રમા

છત્ર જેવા°—દિંડીને મળતો ઢાળ છે.

પૃ. ૧૧. કલ્પના અને કસ્તુરીમૃગ

પૃ. ૧૨. કે આપની° : આપની રાજ્ઞી, કવિતા દેવી : નીચેના સંબંધથી લેવું.

આહા! એવું°—ચિત્ર નજર આગળ ખડું થતું જાય છે તેમ તેમ વર્ણન ચાલે છે. 'ગહન વન આ એક ઊભું જ થાય' અર્થાત્ આંખ આગળ ખડું થાય.

પૃ. ૧૩. નીચે નદી ગહનમાં તરુઓ તણાય;

એ પંક્તિનો પાઠ કાવ્યમાધુર્યમાં આ પ્રમાણે હતો :

નીચે નદી વહનમાં તરુઓ તણાય

પૃ. ૧૪. માર્ગ જઈ° : કલ્પનાદૃશ્ય જોનાર કવિ મૃગને બચાવવા પારધીને મારે છે. પણ તેથી બીન પડી જાય છે અને સંગીતમાં ભંગાણ પડતાં મૃગ મૂર્ચ્છિત થઈ જાય છે.

પૃ. ૧૫. અતિજ્ઞાન

પ્રથમ પ્રસિદ્ધ થયું સૂરતના 'ગુજરાત દર્પણ' નામના વર્તમાન પત્રમાં–વસંતવિજય પહેલાં.

ઉદ્ગ્રીવ દૃષ્ટિ કરતાં : ઊંચી ડોક કરીને નજર કરતાં.

રાજગૃહ—ગૃ સંયુક્ત વ્યંજન નથી છતાં સંયુક્ત વ્યંજન હોય તેની પેઠે અહીં આગલા લઘુને થડકારો આપી ગુરુ કરે છે. કાન્ત તત્સમની જોડણીમાં અન્ત્ય સ્વર સિવાય હ્રસ્વનો દીર્ઘ કરવાની કોઈ જગાએ છૂટ નથી લેતા અને એ અન્ત્ય સ્વરની છૂટ કદી — કર્ણકટુ લાગતી નથી, છતાં અહીં, ઋકાર, સંયુક્ત વ્યંજન જેવો થડકારો આપે છે તેનું કારણ એ જણાય છે કે એનો ઉચ્ચાર રકારયુક્ત સંયુક્ત વ્યંજન જેવો જ ગુજરાતમાં થાય છે. 'અમૃત' નો ઉચ્ચાર 'અમ્રત' કે 'અમ્રુત' જેવો જ થાય છે, બહુ બહુ તો એ સ્વર છે એમ બતાવવા એ સંયોગ નિર્બલ હોય તેવો ઉચ્ચાર થાય છે. કવિનું ઉપાદાન બોલાતી અને સંભળાતી ભાષા છે એ જોતાં આ દોષ ન ગણાવો જોઈએ, અથવા કવિની સુક્ષમ્ય છૂટ ગણાવી જોઈએ. 'વિકૃતિ' 'શતશૃંગ' વગેરે શબ્દોમાં કવિએ આગળ પણ આવા પ્રયોગો કર્યા છે.

અનિષ્ટભાજનને=અનિષ્ટ પાત્ર, કુપાત્ર એવા દુર્યોધનને.

પૃ. ૧૬. ત્રિકાલનું જ્ઞાન : સહદેવને ત્રિકાલનું જ્ઞાન હતું પણ કોઈ બાબતનું ભવિષ્ય કોઈ પૂછે નહિ ત્યાં સુધી ન કહી શકાય એવું એને બંધન હતું.

લઈ જઇનેં : પ્રિય અર્થાત્ પ્રિયાને, વક્ષની સમી કહેતાં છાતી સરસી લઈ જઇને, તેને મસ્તકથી પોતાના હાથે ઝાલી રાખીને, તેના ઉપર પોતે (સહદેવ) નમી રહ્યો. ચિત્ર સુંદર છે.

પૃ. ૧૭. રહી જરાં : એ સ્થિતિમાં થોડીવાર રહીને, કંઈ વિચાર આવતાં છૂટો થાય છે.

વિચારતાં અને રહી જરાં એ બે શ્લોકમાં, સહદેવને દ્રૌપદીનું અનિષ્ટ ભાવિ પ્રત્યક્ષ થતાં કરુણજન્ય સ્નેહ થાય છે તેથી તે ભેટીને ચુંબન કરવા જાય છે, અને એટલામાં, પતિએ પત્નીનું કરવું જોઇએ એવું રક્ષણ તે કરી શકવાનો નથી માટે, ચુંબનનો તેને અધિકાર નથી એમ વિચાર આવતાં આશ્લેષ છોડી દે છે.

કરાય શું અને રજની મહિં : આ નિષ્ફળ અતિજ્ઞાનને લીધે તેને ઘણીવાર ચિંતાઓ થતી તેથી ઊંઘ ન આવતી. એવા અનેક પ્રસંગોમાં આજ સુધી દ્રૌપદીના સૌન્દર્યનો સાત્વિક ઉપભોગ તેની ચિંતાઓનો શામક હતો. પણ આ પ્રસંગે જ્યારે ચિંતા દુઃસહ છે ત્યારે એ ઉપભોગનો અધિકાર નથી!! નજા

પૃ. ૧૮. સ્નેહશંકા

ત્વચ નવ ફરીવાર ધરતાં : નવી છાલ ફરીવાર ધારણ કરે છે.

સદા ચિંતાં : બીજાઓ માટેની ચિંતા જેવી વૃત્તિને પરિહરવા સદા અભિમુખ, તત્પર રહું છું. બીજાંઓની મને પરવા નથી બીજાંઓની મને ચિંતા નથી.

પૃ. ૧૯ રાજહંસને સંબોધન

પ્રો. બલવંતરાય ઠાકોરે ૧૮૯૦માં બી. એ.ની ડીગ્રી લીધી તે પ્રસંગ ઉપર તેમને ઉદ્દેશીને આ કાવ્ય લખાયેલું. કૉનવોકેશનમાંથી નીકળતાં જ, "ગ-અ-થના ફા-ઉરટ (ઇંગ્રેજી તરજુમા)ની એક નકલ એમને માટે ખરીદીને જ કૉનવોકેશનમાં ગયો હતો, જે તેમાં કાગળ સાથે, એમણે આ કવિતાનું પાકિટ મારા હાથમાં મુકયું, ને મેં એ ચોપડી એમના હાથમાં મુકી દીધી." એ સંબંધી પ્રો. ઠાકોર લખે છે: "મારી પાસે આ સંબોધનની મૂળ પ્રત છે, તેમાં

સખે રાજહંસ

એમ મથાળું છે, અને અંતે

"ચાહી પ્રવાસ બાકીનો સુખરૂપ થજો તને"
અભિનન્દન આપું છું પ્રિય, ઉલ્લાસથી તને.
હું છું તારો,
સારસ.

એ પ્રમાણે અંત છે. પૂર્વાલાપમાં આ મથાળું અને આ અંત બંને છોડી દીધાં છે, તે યોગ્ય જ કર્યું છે.

ક્ષણ સુખતણી આવી પાછી કદાચ મળે નહીં;
અવર વિસરી એકત્વે થા તું સાંપ્રતની મહીં!

એ પંકિતઓ જ અંગત આશીર્વાદ કે સલાહ કે સામાન્ય ચિત્રની અંતિમ રેખા તરીકે ઉત્કૃષ્ટ છે."

પહેલી સંવત્સરી વ્યાખ્યાન. યુગધર્મ ૪,૨૭૭.

પૃ. ૨૦. વસંતવિજય

૧૮૯૦ના જાન્યુઆરીના બુદ્ધિપ્રકાશમાં મકરન્દની નીચેની

ટીકા સાથે પ્રથમ પ્રસિદ્ધ થયું.

આ કાવ્ય મારા એક મિત્ર–જે મુંબાઈની યુનિવર્સિટીના ગ્રાડ્યુએટ છે તેમનું રચેલું છે. એમનું **मारी किश्ती** નામે કાવ્ય આ ચોપાનીઆમાં અને **अतिज्ञान** બીજે ઠેકાણે પ્રસિદ્ધ થયેલાં છે. **वसंतविजय** વિરલ સર્વાનુભવરસિક કાવ્ય છે. આ કાવ્યના અર્થ અને મર્મના પ્રકાશન સારૂ જ્યાં જ્યાં જરૂર છે ત્યાં ત્યાં હું નીચે ટીકા આપું છું. સર્વ ટીકાની જવાબદારી મારે શિર છે. એક બે સ્થળ સિવાય તેમાં કવિનો કશો ભાગ નથી.

મકરંદ.

આ કાવ્યની કથા મહાભારતના આદિપર્વના સંભવ પર્વના પાંડુપરમ નામના ૧૨૫મા અધ્યાયમાંથી લીધેલી છે; એ અધ્યાયના પહેલા બાર શ્લોકમાં જ આ કાવ્યનું વસ્તુ આવી જાય છે. એક વખતે પાંડુ રાજા મહારણ્યમાં શિકાર કરતો હતો. ત્યાં કિંદમ નામે મુનિ અને તેની ભાર્યા મૃગમૃગીને રૂપે મનુષ્યોની લજ્જા મુકી રતિ કરતાં હતાં. મૃગ જાણી પાંડુએ તેમને બાણથી ભેદી નાખ્યાં. મરતાં મરતાં પોતાનું સ્વરૂપ ધારણ કરી તે તપસ્વી ઋષિપુત્રે પાંડુને શાપ દીધો કે સર્વ પ્રાણીઓના હિત અને ઈપ્સિત કાલમાં તેં મારી કામમોહિતની હિંસા કરી માટે હે મૂઢ! તારો પણ એવી જ અવસ્થામાં અન્ત આવશે. ઋષિના મરણ પછી શોક-દુઃખાર્ત્ત પાંડુએ વનમાં તપ કરી દેહ પાડવાનો વિચાર કર્યો. તેની બે સ્ત્રીઓ–કુન્તી તથા માદ્રી–એ કહ્યું કે હમે પણ કામસુખ તજી ઇન્દ્રિયોનો નિગ્રહ કરી તારી સાથે તપ કરીશું. પછી તેઓ વનમાં રહ્યાં અને શતશૃંગ વગેરે પર્વતોમાં ફર્યાં. (ત્યાં પાંડુથી ભિન્ન કારણથી કુન્તીને ત્રણ અને માદ્રીને બે પુત્ર–પાંચ પાંડવ–થયા.) અધ્યાય ૧૧૮–૧૨૪. હવે આપણા કાવ્યની કથા શરૂ

થાય છે. એક પ્રસંગે વસંત ઋતુમાં વનમાં ફરતાં વનની લીલા જોઇ પાંડુના હૃદયમાં કામ ઉત્પન્ન થયો. માદ્રીએ વાર્યો છતાં પાંડુ કામને દાબી શક્યો નહિ. શાપનો ભય છોડી બળથી માદ્રીને ગ્રહણ કરતાં પાંડુ કિન્દમ ઋષિની અવસ્થામાં મરણ પામ્યો. આટલા પ્રસંગને લઇ આ કાવ્ય રચ્યું છે. એમાં વસંતમાં તપ ઉપર વિજય વર્ણવ્યો છે. કેટલીક વાર કામ ઇન્દ્રિયનિગ્રહને જીતે છે અને અનિષ્ટના પૂર્વજ્ઞાનથી તેથી દૂર રહેવા કરેલો નિશ્ચય વિકારના પ્રાબલ્ય અગાડી જતો રહે છે તેનું કવિયે યથાસ્થિત વર્ણન કર્યું છે. સદ્ અને અસદ્ વૃત્તિનો વિરોધ થતાં મનમાં કેવી અકળામણ થાય છે, મનમાં કેવા જુદા જુદા ભાવ ઉત્પન્ન થાય છે, મન કેટલી વાર સત્કર્મનો (કે ઇષ્ટકર્મનો) નિશ્ચય કરે છે ને કેટલીવાર તે નિશ્ચય તોડી પાછું નિર્બળ થઈ પડે છે. અને અંતે કેવી રીતે અસદ્ (કે અનિષ્ટ) વૃત્તિનો જય થાય છે, મનુષ્ય સદ્ ઇષ્ટનું જ્ઞાન છતાં અસદ્ અનિષ્ટ કૃત્ય કરે છે તેનું રસમય ચિત્ર કવિએ અત્યુત્તમ કૌશલથી આપ્યું છે. નીતિશાસ્ત્રના એક ઉપયોગી તત્ત્વનું ઉદાહરણ આપતાં કવિયે પરોક્ષ રીતે પ્રશસ્ત ઉપદેશનું યોજન કર્યું છે. સર્વાનુભવરસિક કવિતાના ત્રણે વિષય–સૃષ્ટિરચના, પ્રસંગ અને જનસ્વભાવ–નો એમાં સમાવેશ થયો છે. વર્ણન, વૃત્તાંત અને મનોવૃત્તિના ચિત્રમાં છેલ્લાનું ચિત્ર વિશેષ મહત્ત્વનું છે અને તે આ કાવ્યમાં અદ્‌ભુત છે.

શ્લોક ૧. [નહીં નાથ°] કાવ્યની કથા ત્રીજા શ્લોકથી શરૂ થાય છે પણ પ્રસ્તાવના દાખલ વચમાંથી એક શ્લોક કહાડી કવિયે પહેલો મુક્યો છે. ચમત્કારની આ એક યુક્તિ છે. માદ્રીની આ પાંડુપ્રતિ ઉક્તિ છે.

શ્લોક ૨. [હજારો વર્ષો° ચોથું ચરણ પ્રથમ આ પ્રમાણે

હતું-વટી જો કે વેળા અસીમ શતશૃંગે વિચરતાં.] ચરણ ૧ અન્વયઃ એ (ઉપરનાં) વચન નિકળ્યાંને હજારો વર્ષો વહી ગયાં. ચરણ ૨. 'ખરે' આ શબ્દ નિરર્થક નથી. આટલાં વષ પછી ઉપલાં વચન વિસ્મૃત થયાં હશે એમ લાગે પણ કવિ કહે છે કે ખરે તેમ નથી. મારા મનમાં તો તે હજી આજ બોલાતાં હોય એમ રમી રહ્યાં છે અને તેના વક્તા શ્રોતા હજી મારી નજર અગાડી છે. સ્થિતિનો પૂર્ણ અનુભવ કરવા કવિ સર્વ ચિત્ર પ્રથમ કલ્પનાદ્વારા પોતાની સમક્ષ ઉભું કરેછે. ચરણ ૩. 'સહુ' અલબત્ત, સહુ સહૃદય, કવિના ભાવ અનુભવનારા. ચરણ ૪. 'અસીમ' ખરેખરી રીતે અસીમ નહીં પણ એટલી લાંબી કે સ્મૃતિ રહેવા માટે અસીમ લાગતી.

શ્લોક ૩. [ગિરિના°] પ્રાન્તમાં કોઇ=કોઈ પ્રાન્તમાં. પર્ણ-કુટી=પાંદડાંની બનાવેલી ઝુંપડી. બંને રાજ્ઞી=કુન્તી અને માદ્રી. કરતાં કાલ ત્યાં ક્ષય, (કાલનો ક્ષય કરતાં.) સાધારણ રીતે, કાલ સર્વનો ક્ષય કરતો કહેવાય છે પણ 'કાલનો ક્ષય કરવો' ઇંગ્રેજી 'To kill time' આવાં વાક્યોમાં એ કલ્પનાનો વિપર્યય થાય છે. કાલ એકમાં અવિભક્ત અને વિભાજક ને બીજામાં વિભક્ત અને વિભાજ્ય કલ્પાય છે.

શ્લોક ૪. [નિદ્રા°] 'દુઃસ્વપ્નદર્શન', આ અપશકુન ભવિષ્ય-માણ અનિષ્ટની સૂચના કરે છે. તેમ જ વળી મનની અવ્યવસ્થા થતાં તે અસ્વચ્છ થઈ પોતાના અહિતમાં પ્રવૃત્ત થાય છે. ચરણ ૩. 'જે' આ કવિ આવી જોડણી ગણસુલભતા માટે નહિ પણ પોતાની પદ્ધતિને અનુસરીને કરે છે. કવિની પ્રાન્તીય ભાષા ઘણે ઠેકાણે જણાઇ આવે છે.

શ્લોક ૫. [ધીમે શયનને°] શબ્દો એ-ઉપરનો પહેલો શ્લોક

આખો. પહેલો શ્લોક આ જગાનો છે પણ તે ઉપર આપ્યાથી અહીં તેનું પહેલું ચરણ જ મુકયું છે. એ શ્લોક પહેલો મુકયાથી પ્રસ્તુત વિષયના એકદમ અકૃત્રિમ આરંભ સાથે વાંચનારની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. કાવ્યનો યોગ્ય રીતે આરંભ કરવો એ કુશલતાનું કામ છે.

શ્લોક ૬. [પ્રિયે માદ્રી°] આહ્નિક=નિયમિત સમયે કરવાનાં સંધ્યાપૂજાદિ નિત્યકર્મ.

પૃ. ૨૧. શ્લોક ૭. [ન જવાનું°: જૂના પાઠમાં 'જાગૃતિ' શબ્દ છે.] ચરણ ૩, ૪. સાધારણ રીતે નિદ્રા આવી અને ગઇ એમ કહેવાય છે, અહિં કવિયે એથી ઉલટી કલ્પના કરીછે કે જાગૃતિ (જાગૃત અવસ્થા) આવી, ક્ષણવાર રોકાઈ અને પાછી ફરી ગઇ. આ કલ્પના પણ યુક્ત છે. જાગૃત અવસ્થામાં નિદ્રા આવે તેમ નિદ્રાવશતામાં જાગૃતિ આવે. 'હતી' અને 'હતી' ના અનુપ્રાસથી દોષ ભાસશે કે એના એ શબ્દથી અનુપ્રાસ મેળવ્યો છે, પણ, વાસ્તવિક રીતે 'થઇ હતી' ને 'ગઇ હતી'નો અનુપ્રાસ છે.

શ્લોક ૮. [સારૂં થયું°] 'સાચી બિના,' પોતાને દુઃસ્વપ્ન આવ્યાં છે, અને જીવ સ્વસ્થ નથી તે.

શ્લોક ૯. [કંસારી તમરાંઓના°] ચરણ ૩, ૪. સ્થલ અને કાલ (રાત્રિનો) શાંત છતાં તે બન્નેને એ અવાજો ભાવતા હતા, માફક આવતા હતા, શાંતિ અને નાદનો વિરોધ લાગતો નહોતો.*

* શાન્તિમાં ભંગાભાસ કરનાર અપ્રધાન શબ્દ શાન્તિમાં જ હુણી જઇ શાન્તિ પૂર વ્યાપી રહેતું દર્શાવવાની--શાન્ત સ્થળ તથા કાળને, શાંત છતાં એ શબ્દો ભાવતા હતા, અનુકૂળ થતા હતા, શાન્તિભિન્ન જણાતા જ નહોતા.--આ રીત અપૂર્વ તથા ખૂબીદાર છે. ત્રિ'વદા ૧૮૯૦ પૃ. ૧૩૨.

એકના એક સ્વર ચાલ્યા જવાથી સ્વરભેદના અભાવને લીધે સ્વર શાંતિમાં ભળી જતા હતા. બે જુદા ભાવ એકાકાર થઈ જતા હતા. સરખાવો

" એ નાદ વડે નિઃશબ્દ શાન્તિના રાજ્ય વિશે,
" નવ ભંગ થતો કંઈ લેશ,—શાન્તિ અદકી જ દિસે.

કુસુમમાળા (રા. નરસિંહરાવ કૃત) ×

શ્લોક ૧૦. [વહે થંડો°] ચરણ ૨. ' આજે ' ન હોય તો પ્રભાત થવા આવ્યું છે તે માટે ઘણા થોડા તારા છે એમ કહી શકાય.

શ્લોક ૧૨ [ઝાંખી ભરેલ°] ચરણ ૧. ' ઝાંખી ભરેલ ' એ ' જલનું ' વિશેષણ છે, ' સ્થિરતા 'નું નહિ. ચરણ ૨. ' કર્યા હિએ ' અર્થાત્ પહેલાં માદ્રી સાથે અહિં વિલાસ કર્યો હતો તે વગેરેમાં. રાજાની વિકૃતિની અહિંથી કંઈક શરૂઆત થાય છે, તેમાં ' માદ્રીવિલાસ ' સરને વિકૃતિનું પ્રથમ કારણ કરવામાં કવિયે બહુ કૌશલ વાપર્યું છે. ચમત્કારમય અને તે છતાં અકૃત્રિમ આકસ્મિકતાથી એક પછી એક વિકારોત્પાદક કારણો આવી મળે છે.

× આ કુસુમમાળાના ઉદાહરણને સર્વથા લાગૂ લાગ્યે પડશે. ત્યાં તો શાન્તિનું જોર પ્રધાન હોઇ, કોઈ વિરલ શબ્દ ઊઠી આવે તો તે બંધ પડતાં જ પડછાના બળે શાન્તિ અધિક જ જણાય,—જેમ અંધકારમાં જરાક ભડકો થઈ જતો રહેતાં અંધકાર વિશેષ વ્યાપે, તેમ—; એ કારણથી જ શાન્તિભંગ નથી થતો એમ આશય છે. આ સ્થળમાં, તમરાંના નાદમાં પણ આ કારણ અસંભવનીય નથી. પરંતુ મકરન્દનું કારણ વધારે સુઘટિત છે.

એજન. પૃ. ૧૩૨.

શ્લોક ૧૩ [અનિદ્રા શ્રમથી°] ચરણ ૨. ધૈર્યભ્રંશ–વિકારના પ્રાબલ્યને મદદ કરનારૂં આ એક બીજું કારણ છે. ચરણ ૩, પૂર્વના=ગૃહસ્થાશ્રમના. [જૂના પાઠમાં 'પૂર્વના' હતું] સ્મરણોમાંજ,–નિદ્રા ન આવે ત્યારે ઘણી વાર વિચારપરંપરા ઉત્પન્ન થઈ કાર્યથી કારણ કે ઉત્તરથી આદ્ય એ ક્રમમાં થઈ ગયેલી બિનાઓનું સ્મરણ થાય છે. સરખાવો " I've thought of all by turns, and still I lie sleepless. Wordsworth. રાજાને ક્રમનસીબે પૂર્વના સ્મરણમાંના વિલાસે વિકારને સહાયતા કરી.

પૃ. ૨૨. શ્લોક ૧૪ [થવા માંડ્યાં°] ચરણ ૨. અન્વય, ઉઠેલી સૃષ્ટિના સહુ વિષમ સ્વર સાથે ભળે (એમ થવા માંડ્યું). વિવિધ પ્રાણીઓના જુદા પડતા સ્વર સઘળા સાથે ભળી કાનપર આવવા લાગ્યા. ચરણ ૪. ' નવૉન સરખો '=કંઇક નવો અને કંઇક જુના સાથે ભળી જતો. [જૂના પાઠમાં ' નવલ ' ને બદલે ' નવૉન ' હતું]

શ્લોક ૧૫. [કોલાહલ થવા°] ચરણ ૩, ૪. સહોક્તિ અલંકાર. આક્ષોભનું વધવું ' વધે ' શબ્દથી કહેલું છે અને રક્તિમાનું વધવું ' સાથે 'ના અર્થના સામર્થ્યથી માલમ પડે છે. સરખાવો

सह मणिबलएहिं बाहधारा गलन्ति । काव्यप्रकाश.

(મણિવલયનિ સાથે આંસુધારા ગળે છે.)

ચરણ ૪ માં ' એ ' શબ્દથી અલંકાર કથળી જાય છે, ' વધે ' જાણે પ્રથમ રક્તિમા જોડે આવી ગયો હોય એમ આભાસ થાય છે, અને ' વધે ' પ્રધાનતાથી ' આક્ષોભ 'નો વિધેય છે એ પ્રતિપત્તિ બરાબર થતી નથી. ' એ ' ને બદલે ' ત્યાં ' હોય તો

દોષ ન આવે. *

શ્લોક ૧૬. [વૃક્ષો અદૃશ્ય°] ચરણ ૧. ' અદૃશ્ય ', પહેલાં અદૃશ્ય હતાં તે હવે પ્રકાશથી દેખાય છે. ચરણ ૨. દડે છે=ગબડે ! છે. આંસુ દડદડ પડે છે આ વાક્યમાં આ શબ્દ વપરાય છે. ચરણ ૩. ' તજી 'નું કર્મ ' દેશ ' છે અને ' ચડે છે 'નો કર્તા ' ચક્ષુ ' છે. આ શ્લોકમાં ' પડે છે ', ' દડે છે ', ' ચડે છે ', અને ' અડે છે ' આ અંત્ય શબ્દો વર્તમાનકાળનાં ક્રિયાપદ હોવા છતાં તેમના અર્થ કંઇ જુદી જુદી છાયામાં જાય છે. ' પડે છે, ' શુદ્ધ વર્તમાન, ' દડે છે '=દડતાં માલમ પડે છે, ' ચડે છે '=શુદ્ધ વર્તમાન, ' અડે છે '=અડતાં માલમ પડે છે. ચરણ ૪. ' નભને અડે છે ', ઘણી ઉંચાઈ માટે આ કલ્પના સાધારણ છે. સરખાવો

" નભ ચુંબતિ આ પેલિ માળ ગિરિરાજનિ ઊભી "

કુસુમમાળા.

" प्रासादमभ्रंकषमारुरोह " कालिदास.

શ્લો. ૧૮. [ઉઠી જોતાં°] ચરણ ૧. ' બહલાયેલ ', સૂર્યનો પ્રકાશ વધ્યો તેથી. ચરણ ૨. પ્રિય સખી=માદ્રી. ચરણ ૩. મનહર વસંતપ્રસર.

सुपुष्पितवने काले कदाचिन्मधुमाधवे।
भूतसंमोहने राजा सभार्यो व्यचरद्वनम् ॥ महाभारत

* ' એ '=' પણ ' એમ લઇએ તો આ ક્ષતિ થાય ખરી. પરંતુ ' એ '=' તે ' એમ કેમ ના લેવાય ? એ સહુ આક્ષોભ (ઉપર કહેલો અરુણોદયથી થયેલો બધો કોલાહલ) પૂર્વના રક્તિમા સાથે વધવા લાગ્યો- આમ અર્થ, સુઘટિત થાય છે.

(અર્થ--સારા પુષ્પવાળા વનમાં, પ્રાણીઓને મોહિત કરનારા ચૈત્ર વૈશાખના કાળમાં રાજા ભાર્યા સાથે એક સમે વનમાં ગયો.) માદ્રીને સાથે લીધા પહેલાં રાજા વનમાં ફરી વિકૃતિ અનુભવી સ્નાન કરી આવ્યો એ પ્રસંગ આપણા કવિયે ઉમેર્યો છે, મૂળમાં નથી. ચરણ ૪. ' શેની શી, ' શેની અને કેવી જાત. શી અસર થાય છે તે સમજાતું નથી. અને તે શાથી થાય છે તે પણ સમજાતું નથી. વિકાર ચોરની માફક મનમાં પ્રવેશ કરે છે. ' શેની શી ' ને બદલે ' શેની આ ' પદ મૂકયું હોત તો અર્થ આવો ચમત્કારી ન થાત.

શ્લોક ૧૯ [સૃષ્ટિ સૌંદર્યને°] ચરણ ૨. " રોમાંચ " સાત્ત્વિક (વિકાર કે સંક્ષોભનાં બહાર દેખાતાં ચિન્હ) આઠ છેઃ સ્વેદ, વૈવર્ણ્ય, વેપથુ, સ્તંભ, રોમાંચ, સ્વરવિકાર, અશ્રુ અને પ્રલય. ચરણ ૪. ' યોગાંધત્વ ' યોગથી રસપરાયણતા જતી રહે છે, માટે યોગનું પરિણામ રસિક કવિ આવા પરુષ શબ્દમાં જણાવે છે. સરખાવો

वेदाभ्यासजडः कथं नु विषयव्यावृत्तकौतूहलः ।
कालिदास

શ્લોક ૨૦. [ઉડે, દોડે°] ચરણ ૪. મદ્રિ=માદ્રીવિલાસ સરોવરમાં.

પૃ ૨૩. શ્લોક ૨૨ [પૂરૂં કરી°] ચરણ ૨. " ઇચ્છા વિરુદ્ધ ", આગ્રહ સજવો એ પણ ઇચ્છાથી જ થાય છે, પણ ' ઇચ્છાવિરુદ્ધ ' માં ' ઇચ્છા ' તે વિકારે ઉત્પન્ન કરેલી રસ અનુભવવાની ઇચ્છા. ચરણ ૩. આશ્રમ અર્થાત્ વાનપ્રસ્થ. ' આશ્રમ ધર્મનાથી ' ' આશ્રમના ધર્મથી ' માટે આવો પ્રયોગ ચાલે નહિ, માટે ' નાથી ' એ આખું પંચમીનો પ્રત્યય સમજવો.

* શ્લોક ૨૪. [ઉઠયો°] ચરણ ૨. સાત્ત્વિક=સત્ત્વગુણ-વાળી. ચરણ ૪. 'પડે દૃષ્ટિ માટે,' વનની શોભાથી આકર્ષાઈ કે તે જોવાની ઇચ્છાથી નહિ, પણ દૃષ્ટિ તે તરફ ગઈ માટે. (વિકૃતિ હવે રહી નથી તે જણાવવા આ પદની જરૂર છે.

શ્લોક ૨૬ [માદ્રી જ માત્ર° જૂના પાઠમાં 'માદ્રી જ ફક્ત' હતું.] ચરણ ૪. "હા!" માદ્રીને તાપસી થવું પડયું તે રસિક કવિને પસંદ નથી પડયું.

પૃ. ૨૪. શ્લોક ૨૭. [ઝીણા વલ્કલને°] ચરણ ૧. 'વલ્કલ' આ શબ્દ અહીં વસ્ત્રના જ અર્થમાં છે.*

શ્લોક ૨૮ [નથી શું°] ચરણ ૧. 'કુંતાજી', રજપૂત કુટુંબોમાં નામને છેડે 'જી', મૂકવામાં આવે છે. વર વહુના નામ

---

* "ઇચ્છે પછી જરા નિદ્રા પૂર્ણ વીસરવા વન"

'વન વીસરવા'—એટલે વનમાં દીઠેલા પદાર્થ; વનમાંની રચના જોઇ થયેલા વિકારક્ષોભનું મર્દન કરી નાંખવા, એ વિકારજનક વનલીલાને વીસરવાને.

આ કવિ આ રીતે એકજ શબ્દમાં (જેમકે અહિં 'વન' એ શબ્દમાં) ભરપૂર અર્થભાર ભરવાનું કૌશલ સારૂં ધારણ કરે છે.

એથીજ હાલ નૃપતિ વિસર્યો સવાર (શ્લોક ૩૦)

હેમાં પણ, સહવારે બનેલો બનાવ, [વિકારક્ષોભ, હેતું શમન, અને તે દાબવાનો નિશ્ચય]એ બતાવવા 'સહવાર' શબ્દ અર્થગર્ભ રાખ્યો છે;- તે સરખાવો. આ કવિની સર્વ કાવ્યભાષા જ અર્થભારથી ભરેલા શબ્દો-વાળી છે: ઘન, સંક્ષિપ્ત છે; નિરર્થક, દ્રાવિડી પ્રાણાયામ કરનારાં વચનો-વાળી નથી. આ ગુણ સંપાદન કરવો ઘણો કઠણ તથા વિરલ છે.

એજન. પૃ. ૧૩૪.૩

* વનવાસ હતો માટે વલ્કલ અર્થ લેવો જ ઉચિત છે. વલ્કલ પણ ઝીણું હોઈ શકે, છેવટ કવિની કલ્પના ગણીએ. સંપાદક.

પછાડી "જી" પદ મુકે એવો પણ રીવાજ છે. ચરણ ૩. રાજા વિલાસની ઇચ્છાથી માદ્રીને વનમાં આવવાનું કહેતો નથી, પણ, તે એકલી છે ત્યારે કાલ નિર્ગમન કરવા તેને સાથે ચાલવાનું કહે છે.

શ્લોક. ૨૯. [પ્રસંગ બદલાતાં°] ચરણ ૧. 'પ્રસંગ,' સવારનો પ્રસંગ. 'સિદ્ધાન્ત,' દૃઢ આગ્રહ 'શાને થવું' ઇત્યાદિ. શ્લોક ૨૨ મો જુવો. ચરણ ૨. 'વિસરી ગયો,' સિદ્ધાન્તની જાણી જોઈ અવગણના કરી કે તેથી ઉલટું આચરણ કરવા ઇચ્છા કરી એવો અર્થ નથી. પ્રસંગ બદલાયાથી અગાડી કરેલો નિશ્ચય) તેની સ્મૃતિમાંથી ખસી ગયો એટલો જ આશય છે. ચરણ ૪. 'ભર્ત્તા=સ્વામી.' અર્થ વધારે દૃઢ કરવા 'ભર્ત્તા'નો પર્યાય ફરી વાપર્યો છે. 'થયો,' જાણી જોઇને નહિ પણ અજાણતાં જ સ્વામી માફક પત્નીને લઈ ફરવા લાગ્યો. હજી એ ક્રાન્ત થયો નથી.

શ્લોક ૩૦ [શાન્તિ મહીં°] ચરણ ૨. 'સવાર,' સવારની ગિના અને નિશ્ચય. ચરણ ૩. 'નહીં કરિ શકી,' પોતાનું ચાલ્યું નહિ તેથી નહિ પણ તેને સુઝયું જ નહિ તેથી. આનું પરિણામ શું થશે તે જાણતી નહોતી તેથી આવતી આપત્તિને તે અટકાવી શકી નહિ.ચરણ ૪. વિધિ=દૈવ, નશીબ, અદૃષ્ટ. સરખાવો

न विधिं ग्रसते प्रज्ञा प्रज्ञां तु ग्रसते विधिः ।
विधिपर्यागतानर्थान् प्राज्ञो न प्रतिपद्यते ॥

महाभारत.

અર્થ—બુદ્ધિ વિધિને પહોંચી શકતી નથી, પણ બુદ્ધિને તો વિધિ પહોંચી વળે છે. વિધિથી આવેલા અર્થોને બુદ્ધિવાળો જાણી શકતો નથી.

શ્લોક ૩૨. [વહી જતાં°] કવિના વર્ણન સાથે વર્ણનની

ભાષા પણ મનોહર છે, તેમ યોગ્ય વૃત્ત પસંદ કરવામાં તેની કુશલતા છે.

શ્લોક ૩૩ [વસંતે સ્થાપેલું° : બીજું ચરણ ' નવાં લીલાં વસ્ત્રો° એમ હતું] ચરણ ૨. ' લીલાં '=તાજાં આ અર્થમાં આ શબ્દ ઘણીવાર વપરાય છે. ચરણ ૩. સરખાવો

पलाशैस्तिलकैश्चूतैश्चंपकैः पारिजातकैः ।
अन्यैश्च बहुभिर्वृक्षैः फलपुष्पसमृद्धिभिः ॥
जलस्थानैश्च विविधैः पद्मिनीभिश्च शोभितम् ।
पांडोर्वनं तं संप्रेक्ष्य प्रजज्ञे हृदि मन्मथः ॥ महाभारत

(અર્થ--પલાશ, તિલક, આંબા, ચંપા, પારિજાતક અને ફલ-પુષ્પની સમૃદ્ધિવાળાં બીજાં ઘણાં ઝાડથી જુદી જુદી જાતનાં સરોવરોથી અને પોયણીઓવાળાં તળાવોથી શોભતા તે વનને જોઇને પાંડુના હૃદયમાં કામ ઉત્પન્ન થયો.)

પૃ. ૨૫. શ્લોક ૩૪ [ઉછળ્યું°] નર્મ=ગમ્મત.

શ્લોક ૩૫. [ઉત્તુંગ°] ચરણ ૧. ' ઉત્તુંગ નમ્ર, ' ઊંચા છતાં ફળભારને લીધે નમેલા. ' સહકાર, ' સુગંધી જાતના આંબા. ચરણ ૪. ' મિત્ર, ' વસંત કામનો મિત્ર કહેવાય છે. **मन्मथसुहृत्कालः** (काव्यप्रकाश)

શ્લોક ૩૭. [ધીમે ધીમે°] આખા કાવ્યના વર્ણનાત્મક શ્લોકમાં આ શ્લોક સહુથી વધારે રમણીય છે. ચરણ ૧. જે પ્રમાણે પવનની મન્દ મન્દ લહરીઓની ગતિ થાય તેજ પ્રમાણે આ લીટીના શબ્દો વહ્યા જાય છે. ' ડોલતો ', મન્દ વાયુ ઘડીમાં રહી જતો લાગે અને ઘડીમાં ધીમે ધીમે આવતો લાગે તે આ શબ્દથી તેમ તેના અર્થથી સંપૂર્ણ રીતે પ્રકાશિત થાય છે. ચરણ

૨. 'નેત્રને તૃપ્તિ થાય,' પરિમળ પ્રસરે તેથી નહિ પણ સ્વતંત્ર રીતે વનની લીલા જોઇને. સ્પર્શ, ગંધ, રૂપ અને શબ્દ એ સર્વ ઇંદ્રિયોની તૃપ્તિનાં સાધન આવી જાય છે. ચરણ ૩. 'કોણ જાણે કયંહિ'* સરખાવો.

કોયલડી રહિ છુપી ઝાડના ઝુંડમાં રે, (કુસુમમાળા)

Thrice welcome, darling of the spring!
Even yet thou art to me

* કોયલના ગૂઢ ગાનનું આ સાદું પણ અત્યંત કવિત્વયુક્ત વર્ણન અતિ રમણીય તથા અદ્‌ભુત છે. મકરન્દે કુસુમમાળાની...લીંટી સરખાવવાને સૂચવ્યું છે. પણ એ લીંટી આ સાદી પણ તેથી જ કરીને વધારે સુંદર લીંટી કરતાં કવિત્વગુણમાં નિઃસંશય ઉતરતી છે. 'ઝાડના ઝુંડમાં છુપી' એટલું પણ સવિકલ્પક જ્ઞાન હોવાથી એ લીંટીમાં કોયલનું—અને હેના ગાનનું—નિગૂઢપણું સંપૂર્ણ પ્રદર્શિત થતું નથી, ક્ષત થાય છે. અને આ લીંટીમાં-'કોણ જાણે કયહાં બેશીને' એ રમણીય અનિશ્ચિતતાના શબ્દોથી એ ગૂઢતા ઘણી જ સુંદર રીતે બતાવાઇ છે. આથી પણ વધારે અનિશ્ચિતતામાં લિપ્ત થયેલી, અને તેથી કરીને વધારે સુંદર, અને અત્યંત આધ્યાત્મિક રૂપથી જ છવાયેલી! વર્ડસવર્થની કવિતા (મકરન્દે આજ ટીકામાં આપેલી) છે. વર્ડસવર્થને મન કોયલ તે પક્ષી નથી, પણ કોઈક અદશ્ય પદાર્થ, કોઈક શબ્દ, કોઇ ગૂઢ રહસ્ય,-આધ્યાત્મિક તત્ત્વ છે. વર્ડસવર્થે એક સ્થળે કહ્યું છે કે સર્વે ઈન્દ્રિયોમાં-શ્રવણેન્દ્રિય સર્વ કરતાં વધારે આધ્યાત્મિક છે, અને હેનું કારણ એ જ કે શ્રવણેન્દ્રિય પોતાના વિષયની સાથે કોઇ પણ પ્રકારના-દૃષ્ટિના, સ્પર્શના, ઇત્યાદિના-સંસર્ગની અપેક્ષા રાખ્યા વિના હેનું ગ્રહણ કરે છે. માટે જ અદૃષ્ટ કોયલનો સ્વર તેને આધ્યાત્મિક તત્ત્વવત્ લાગે છે. એ સ્વર અને સ્વરનું અધિષ્ઠાન કોયલ તે અભિન્ન લાગે છે...કોયલ 'કોણ જાણે કયહાં બેશીને ગાન ગાય છે' માટે જ એ ગાન સ્વર્ગીય છે.

પ્રિયંવદા પૃ. ૧૩૩, ૧૩૪.

No bird, but an invisible thing
A voice, a mystery. Wordsworth

(આવી ભલે મિઠિ વસંતનિ કોકિલા ! તું
પક્ષી નથી હજિ સુધી મુજ ઇન્દ્રિયોને,
તું કો અદૃશ્ય ચિજ છે સ્વર ને રહસ્ય.)

શ્લોક ૩૮ [સાંભળ્યું મોહ°] ચરણ ૨. " હવે "=હવે જ્યાં. ચરણ ૩. પ્રિયાપંચમ=પ્રિયાનો પંચમ. કોયલ સપ્ત સ્વરમાંનો પાંચમો સ્વર પ બોલે છે એમ સાધારણ માનવું છે. રાજાએ કોકિલનો પંચમ સાંભળ્યો છે અને હવે પ્રિયાનો પંચમ (પ્રિયાનું ગાયન) સાંભળવા મન કરે છે. (પંચમ એ એક રાગનું નામ પણ છે.)×

શ્લોક ૩૯. [જરા શંકા°] ચરણ ૧. ' શંકા ' અર્થાત્ અનિષ્ટની શંકા. ચરણ ૪. ' કૈં," કૈં ગાયન.

પૃ. ૨૬. શ્લોક ૪૦ [દિવ્ય રાગ°] ચરણ ૪. ' સર્વનાં ', પશુ, પક્ષી વગેરે સર્વનાં.

શ્લોક ૪૧. [માધુર્ય એ°] ચરણ ૨. ' હલક '=રાગમાંનો સહુથી ઉંચો અને મધુર સ્વર. રાગ કંપ સાથે ઉંચો ચઢી જઇ અતિ મધુરતાથી મનોહર લાગે છે તે હલક કહેવાય છે.† ચરણ ૩. ' દંપતી સર્વ, '=પશુ પક્ષીનાં જોડાં, * પાંડુ અને માદ્રી માત્ર નહિ. ચરણ ૪. સ્વર વિશે દઇ વૃત્તિ જોડી=સ્વર સાથે એકાત્મ

× ઊંચા સ્વરથી ગાવાને પણ પંચમથી ગાવું કહે છે. સંપાદક.

† પૃથક્કરણમાં ન પકડાય તેવી ગાવાની વિશિષ્ટતાના અર્થમાં આ શબ્દ સામાન્ય રીતે વપરાય છે.

* કુમારસંભવના ત્રીજા સર્ગમાં, કામ, મહાદેવને ધ્યાનચ્યુત કરી કામમોહિત કરવા પોતાના સખા વસન્ત સાથે આક્રમણ કરે છે ત્યાં વનનું આવું જ વર્ણન છે:-

ાઇ જઇ, ઊંચો ચડી કાંપતા સ્વરમાં તલ્લીન થઇ તેથી થતી
ન્તઃપ્રેરણાને અનુસરતાં. અમાનુષને આ ગાયનથી આવી વૃત્તિ
ાય તો પાંડુની શી દશા! વિકારમાં અવશેષ રહ્યું હતું તે ગાયને
ુરું કર્યું.

શ્લોક ૪૨. [ઘેલી બની°] આ શ્લોકનો અલૌકિક ભાવ →
ાબ્દમાં જણાવવો અશકય છે. અનુભવવાથી જ તે સમજાશે.

શ્લોક ૪૩ [સંગીતામૃત° ત્રીજા ચરણમાં પહેલાં 'ખેચાયું'
પેમ હતું.] ઉપલા શ્લોકમાંના 'ફૈંક થાય છે' નું આ શ્લોકમાં →
વિસ્તર વર્ણન છે. ચરણ ૨. 'આવેશ' જે આવેશને પશુ-
ક્ષી અનુસર્યાં હતાં તેવો જ. ચરણ ૩. ખેંચાયું=ખંચાયું;
ાતે યોગ્ય સ્થાનથી બીજે કંઇ ખેંચાય છે એમ હૃદયને લાગ્યું,
મપૂર્વ બળથી પોતે તણાતું હોય એમ લાગ્યું. 'ખેંચાયું' નો
ર્ત્તા હૃદય છે (અધ્યાહાર) * 'વેગ પૂર્ણ કરતાં'=જે આવેશ
યો હતો તે પૂર્ણ કરતાં, તે પ્રમાણે વર્તન કરતાં, ગાયનથી
યેલા આવેશ પ્રમાણે આલિંગન કરતાં હૃદય ખંચાયું. 'સ્થિતિ'

तं देशमारोपितपुष्पचापे रतिद्वितीये मदने प्रपन्ने ।
काष्ठागतस्नेहरसानुविद्धं द्वन्द्वानि भावं क्रियया विवव्रुः ॥

તિની સાથે, પુષ્પચાપ ચડાવીને મદન તે દેશમાં આવ્યો ત્યારે પરાકાષ્ઠાએ
યેલા સ્નેહથી યુક્ત તેવા ભાવને સર્વ દ્વન્દ્વોએ પ્રગટ કર્યો. કુમારસંભવ
ા. ૩,૩૫. અને તે પછીના શ્લોકો.

* હાલનો પાઠ વધારે સારો છે. ઉપલી લીટીમાં આવેશ થયાનું
ર્ણન છે, ત્યાં કર્ત્તા 'આવેશ' છે કારણ કે તેમાં પાંડુ ધ્યાનપૂર્વક કશું
રતો નથી પણ આ લીટીમાં સ્મૃતિ જાગૃત થતાં તે પોતાના વેગને પ્રયત્ન
ર્વક રોકે છે માટે કર્તા 'પાંડુ' જ છે. અર્થ પણ આમાં જ વધારે
વેશદ છે. ખંચાયો એટલે એકાએક અટકયો, અચકાયો.

અર્થાત્ વાનપ્રસ્થમાં પોતે શું કરવા જાય છે તે. ચરણ ૪. 'વિકૃતિ' રોમાંચાદિ.

શ્લોક ૪૫. [પ્રિયે માદ્રી°] ચરણ ૧. મધુર સ્વરના પ્રકર્ષનો ધ્વનિ હજી રાજાના કાનમાં છે; બોલતાં બોલતાં તેનું સ્મરણ આવ્યાથી રાજાથી વચમાં "આહા!" કહેવાઇ જવાય છે, 'આહા' ને આ લીટીના વાક્ય જોડે કશો સંબંધ નથી. ચરણ ૨. "જોયે" [પહેલાં એ પાઠ હતો] (પ્રાન્તીય)=જોઇએ.*

પૃ. ૨૭. શ્લોક ૪૭. [સખી દેવી°] ચરણ ૧. 'સખી--દેવી--વ્હાલી,' રાજા જેમ આજે સખાથી સ્વામી અને સ્વામીથી કાન્ત થયો હતો, તેમ તે જ ક્રમમાં તે માદ્રીને સખી, દેવી અને વ્હાલી એ વિશેષણોથી બોલાવે છે. ચરણ ૨. 'રંભા'=ઇન્દ્રના સ્વર્ગલોકમાંની સહુથી સુન્દર અપ્સરા અને કુબેરના પુત્ર નલકૂબરની ભાર્યા. નન્દન (ઇન્દ્રના બાગ) માં જેવી રંભા તેવી તું અહીં રસમય દીસે છે. ચરણ ૩. નયનમાંથી પ્રકાશિત થતા પ્રેમને રસ રૂપે વર્ષતો કલ્પ્યો છે. ચરણ ૪. 'હાય!' સતી ધારતી પામે છે તેથી ખેદ કરી કવિયે હાય શબ્દ મુકયો નથી, પણ, જે અનિષ્ટની સૂચના થાય છે તેથી થતી માદ્રીની મનોવૃત્તિનો અનુરૂપ 'હાય' શબ્દ છે.

શ્લોક ૪૮. [ગીત પૂર્ણ°] ચરણ ૨. 'કંઇ મિષે,' કંઇ મિષે-ને બદલે જે મિષ રાજાએ કહાડ્યું તેના શબ્દો રાજા પાસે કહેવડાવ્યા હોત અને તે મિષ છે એવું શબ્દથી ન જણાવ્યું હોત તો રસની નિષ્પત્તિ વધારે યોગ્ય રીતે થાત એમ પ્રથમ લાગે છે, પણ, વધારે મનન કરતાં માલમ પડે છે કે કાવ્ય દૃશ્ય (નાટક) હોત તો મિષ અર્થ જોઇઅત, પણ, કાવ્ય શ્રાવ્ય હોવાથી તે

* અત્યારના પાઠમાં પણ 'જોયે' જેવો ઉચ્ચાર જ વૃત્તમાં ઇષ્ટ છે.

અર્થ હોતાં રસનો ભંગ થાત. 'મિષ' એ શબ્દની જરૂર છે અને શું મિષ તેની જરૂર નથી. ચરણ ૩. રાજાની પ્રવૃત્તિ જોઈ માદ્રી 'ક્ષમા' કહી તેને નિવારે છે, રાજા વિનંતી 'પ્રાણ' એટલા સંબોધનથી કરે છે, માદ્રી "નહિ" કહે છે, 'બોલી'= બન્ને જણ બોલ્યા પછી.* (ભુજા=ભુજ. બન્ને શબ્દ ખરા છે. ત્રણ ચરણનું કારણ ને ચોથું.)

શ્લોક ૪૯. [રે હાય°] ચરણ ૪. 'દુઃખે ભર્યાં નયન,' અત્યન્ત ભયને સમયે નયનમાં આંસુ આવતાં નથી પણ નયનની અવસ્થા દુઃખે ભરી દેખાય છે.

શ્લોક ૫૧. [બહુ બ્હીતી°] ચરણ ૪. 'કયહિં જવું'=શું કરવું.

શ્લોક ૫૩. [જાણું બધું°] ચરણ ૧. 'જાણું બધું'=ઋષિનો શાપ છે તે અને જેથી નિશ્ચિત અનિષ્ટ થવાનું છે તેવી પ્રવૃત્તિથી દૂર રહેવું જોઇએ તે બધું જાણું છું. 'સ્થિતિ આ'=હાલ અનુભવું છું તે સ્થિતિ, અનિષ્ટ હાથે કરીને આણું છું તે જાણું છું તે છતાં પોતાને અટકાવી શકતો નથી તે સ્થિતિ. 'નવીન' અપૂર્વ, પહેલાં નહીં અનુભવેલી એવી. વિકારનું આટલું પ્રાબલ્ય અને પોતાની આટલી બલહીનતા પહેલાં કદી જોવામાં આવ્યાં નહોતાં. આખા કાવ્યનું તાત્પર્ય આ શ્લોકમાં સંપૂર્ણ રીતે આવી જાય છે. મનુષ્યના મનમાં સદ્ અને અસદ્ વૃત્તિનો વિરોધ થતાં તે કેટલીકવાર નિર્બળ

*પ્રથમ ઉત્તરાર્ધ આ પ્રમાણે હતો :

"ક્ષમા"–"પ્રાણ"–"નહીં" બોલી લે છે એને ભુજ વિષે.

આમાં દરેક શબ્દ જુદાં જુદાં અવતરણ ચિહ્નોમાં હતો તેથી મકરન્દ, આને માદ્રી અને રાજા વચ્ચેનો એકશબ્દી સંવાદ માને છે. હાલના પાઠમાં તે એકજ વ્યક્તિની સળંગ ઉક્તિ છે–પાસે જતા પાંડુને નિવારવા કહેલી માદ્રીની, અથવા પ્રતિકૂળ થતી માદ્રીને વીનવવા ત્રૂટક શબ્દોમાં કહેલી પાંડુની. (સરખાવો: 'પ્રાણ-ક્ષમા-પ્રસાદ.' પૃ. ૧૨૪)

થઇ જઇને જાણી જોઇને અસદ્‌વૃત્તિનો જય થવા દે છે અને અવિચારી થઈ અનિષ્ટમાં ઝંપલાવે છે તે અહીં સ્પષ્ટ રીતે જણાવ્યું છે. સદાચરણ માટે એકલું સદાચરણનું જ્ઞાન બસ નથી. મનુષ્યને એકવાર જ્ઞાન થયું કે અમુક કૃત્ય સારું છે, અમુક કૃત્ય નઠારું છે, અમુક કૃત્યથી સુખ થશે, અમુક કૃત્યથી દુઃખ થશે; અમુક કૃત્ય કરવું જોઇએ, અમુક કૃત્ય ન કરવું જોઇએ; તો તેટલા પરથી તે સારું જ કૃત્ય કરશે અને નઠારું નહિ કરે એમ નિશ્ચય થતો નથી. જ્ઞાની એટલા સદાચરણી એવો નિયમ થઇ શકતો નથી. સદ્‌ગુણનું જ્ઞાન છતાં તેનું આચરણ કરવાનું બળ ઘણી વાર મનુષ્યમાં હોતું નથી. નીતિશાસ્ત્રનું આ તત્ત્વ સોક્રેટિસ જેવા તત્ત્વચિંતકને માલમ નહોતું. તેનું કહેવું હતું કે સદ્‌ગુણી થવા માટે એકલા જ્ઞાનની જરૂર છે. મનુષ્યની ખાતરી થઈ કે સત્ય એ સદ્‌ગુણ છે અને સદ્‌ગુણ પાળવો જોઇયે તો તે સત્ય જ બોલશે. આ વિચારમાં ભૂલ એ છે કે સદ્‌ગુણી થવા માટે જે દૃઢ આગ્રહ અને મનને અંકુશમાં રાખવાનું બળ અવશ્ય છે તે એમાં ધ્યાનમાં લીધું નથી. જ્ઞાની સદ્‌ગુણી નથી હોતા એમ નહિ પણ તે મનના બળ વિના નહિ. એક લેટિન કવિ કહે છે કે video meliora protoque deteriora sequor (હું સારો માર્ગ કયો છે તે જોઉં છું અને તે પસંદ કરું છું. પણ, નઠારે માર્ગે જાઉં છું.) મનુષ્યનું મન નિર્બળ છે અને વિકારો એટલા પ્રબળ છે કે સન્મતિ છતાં તદનુસાર વર્ત્તન થતું નથી. જ્ઞાન થયું કે કૃતાર્થ થયા એ મત ભૂલ ભરેલો એટલા માટે છે કે સદાચરણથી આનન્દ મેળવવાની આશા એ જ સદાચરણ પળાવવા બસ નથી. કવિ વર્ડ્‌સ્વર્થ જેવો શુદ્ધ સાધુ પુરુષ પણ કહે છે કે " I feel the weight of chance desires (મને અકસ્માત ઉઠતી ઇચ્છાઓનું દબાણ લાગે છે, મને બીક લાગે છે કે

આકસ્મિક ઇચ્છાઓનું બળ મારાથી નહિ અટકાવાય). જ્ઞાન થયા પછી પણ સન્માર્ગે પ્રવર્ત્તન કરવાનું બળ જોઇયે તે મનુષ્યે કયાંથી લાવવું ? સદ્‌ગુણના આદર્શ(model)ભૂત ઇશ્વરમાં વિશ્વાસથી અને તે ઇશ્વરની ભક્તિથી. એ બળ વિના મનુષ્ય પોતાના પ્રયત્નથી હમેશ સદાચરણી થઈ શકતો નથી. બુદ્ધદેવે નીતિનો આદર્શ ઘણો ઊંચો સ્થાપ્યો અને સદાચરણનો ઉદ્ધાર અને ઉન્નત માર્ગ બતાવ્યો, પણ, એ સદાચરણ એ સુનીતિ પાળવાનું બળ કયાંથી લાવવું તે ન બતાવ્યું. બૌદ્ધ માર્ગમાં આ જ મોટી ન્યૂનતા છે કે સુનીતિનો ઊંચામાં ઊંચો આદર્શ, સુનીતિની પ્રેરણા કરનાર અને તદનુસાર વર્ત્તન કરવાનું બળ આપનાર જે ષડૈશ્વર્યગુણસંપન્ન ભગવાન તેનો એ માર્ગમાં સ્વીકાર નથી. એ ભગવાન વિના સદ્‌ગુણનો આદર્શ બીજો કોઈ નથી. એના વિના સન્મતિદાતા બીજો કોઇ નથી, સદ્‌વર્તનબલનિધિ બીજો નથી. તે ભગવાન સ્વેચ્છાબળે સ્વતંત્ર છે, તેનામાં ' સ્વેચ્છાબલસુક્રિયાની ' શક્તિ પૂર્ણ છે. તે જ્ઞાન પ્રમાણે સદા સુક્રિયા માત્ર પોતાને બળે કરી શકે છે. બુદ્ધે સ્વતંત્ર સ્વેચ્છાબળવાળો પરમાત્મા માન્યો નહિ તેથી જ મનુષ્ય માટે કરેલા નીતિના નિયમ બલહીન થઇ પડ્યા; નીતિના આદર્શના (ભક્તિથી આવતા) બળવિના માત્ર પોતાના બલથી નિર્બળ મનુષ્ય કયાં લગણ ટકે ? ભક્તિ વિના એકલા જ્ઞાનથી કેમ બસ થાય ? પામર ક્ષુલ્લક મનુષ્ય ઘણી વાર જ્ઞાન છતાં પાપ કરે છે, દીવો લઈ કુવામાં પડે છે. વિકારથી થતી અધોગતિ જાણ્યા છતાં તે વિકારમાં ફસી પડે છે. સદાચરણ અને સદ્‌ગુણથી ધર્મની પદવી પામેલા યુધિષ્ઠિરે પણ એક પ્રશ્નનો અસત્ય ઉત્તર દઇ સ્વાર્થને જીતવાની પોતાની અશક્તિ પ્રસિદ્ધ કરી છે. હબસીઓની ગુલામગીરી, ભારે જુલમી નિરંકુશ રાજાઓની પ્રજાનું દાસત્વ મનની આ અસ્વતંત્ર વિકારાધીનતા

આગળ કંઈ નથી. આ અમૂલ્ય નીતિતત્ત્વનો ઉપદેશ આ કાવ્ય પરોક્ષ રીતે કરે છે.

પૃ. ૨૮. શ્લોક ૫૪. [વિચાર કરવા°] માત્રીમાં હવે કામચાર (Freewill) રહ્યો નથી.

શ્લોક ૫૫. [નહીં ચાલે°] ચરણ ૧. 'ગત વખત' ભૂતકાળ. કવિ કહે છે કે મારી કલ્પના ભૂતકાળમાં આથી અગાઉ ચાલતી નથી; હવે શું બન્યું તે કવિનું હૃદય જાણી શકતું નથી, કવિ તે રસમય દૃષ્ટિથી જોઈ શકતો નથી. અહીંથી કવિની કલ્પના અટકે છે. (કથા જાણવાની ઇચ્છા રાખનારે મહાભારતમાં જોવું.) ચરણ ૨. 'શબ્દો છેલ્લા' મૃત્યુ પામતા રાજાના છેલ્લા શબ્દો. ચરણ ૩. ભાગ્યું તૂટયું બોલતાં રાજાનો પ્રાણ નિકળી ગયો. ચરણ ૪. અન્વય. પણ હવે તો એ પછી હજારો વર્ષો વહિ ગયાં. કવિની કલ્પના તે સ્મૃતિમાં આણી શકતી નથી. કાવ્યનો રસ ઘણું કરી કરુણપ્રધાન છે.

પૃ. ૨૯. ઉપાલંભ

મૂળ લખાયેલું પ્રો. બલવંતરાય ઠાકોરને ઉદ્દેશીને.

જોયું મેં° : અન્વય:—[તારામાં જે કૈંક (મિત્રસ્નેહ)] જોઈને હું સદૈવ છેક હર્ષોન્મત્ત બનતો તે કૈંક આજે કોણ જાણે ક્યાં છે? [તેને શોધવા] મેં તારા નયનમાં જોયું પણ મને એ ન મળ્યું, તારા શબ્દોમાં પણ ન મળ્યું. અરે! [તારા તરફથી] આવી ઉદાસીનતા–(સ્નેહનો અભાવ, indifference) મેં આ પહેલાં કદી અનુભવી નહોતી. [મારા] મુખ ઉપર વ્યાપેલી દીનતા પણ હે કઠોર! તેં ન જોઈ?

હૈયાનું ઝરણું° : અન્વય—[તારા] હૈયાનું રસાલ ઝરણું શું

એકાએક ખૂટી પડયું ? અથવા તેને પસાર થવાની ભૂમિ, અર્થાત્ મારું હૃદય, કર્કશ જોઇને કાયર બનીને રખે ને એ બીજે વળી ગયું ન હોય ! તું સ્વાર્થી થઈ ગયો છે માટે આમ બન્યું છે એમ હું ગણી શકતો નથી છતાં મારા મનથી હું રોષમાં રહ્યા કરું છું, મારો મર્માઘાત શાન્ત થતો નથી; હું જ આ બધામાં દોષમાં છું. એમ મને લાગે છે.

વર્ષોનાં : અન્વયઃ—વરસોના સહવાસથી પણ તેં મને જાણ્યો નહિ તો પછી પ્રેમના કયા ઉપાલંભને તું પાત્ર છે તે તું શાથી જ જાણવાનો ? અર્થાત્ જો તું મને ન સમજ્યો તો મારો ઉપાલંભ પણ તું શી રીતે સમજવાનો હતો ? તારે જાણવું જોઇતું હતું કે હું સ્નેહી છું, અને એવો હું, સ્નેહનો અનાદર કેવી રીતે સહન કરી શકું ? કેવલ સ્નેહને જ આલંબીને ઉછરેલ હવે સ્નેહ વિનાનો નિરાધાર હું શાથી ટકી શકું ?

જો કૈં : અન્વય—તારામાં જે પ્રથમ મૈત્રીભાવ હતો તેમાં જ જો વિકારવૃત્તિ થઈ હોય તો પછી આ બધું બોલવું વ્યર્થ છે. નિર્દયની પાસે હૃદયના અંતરનું મર્મ બોલવું નકામું છે. હું ખરેખરો, આદર્શ પ્રેમી તો નથી, પણ પ્રેમથી અવશ, પરવશ થઈ ગયેલો તો છું; જરા પણ સ્વતંત્ર રહ્યો નથી છતાં પણ આ તારા તાટસ્થ્ય (ઉપર કહી તે ઉદાસીનતા—સ્નેહશૂન્યતા) સામે મથીને પણ વૃત્તિ રાખી શકીશ, અર્થાત્ તારું તાટસ્થ્ય મટાડવા પ્રયત્ન કરીશ; અથવા (ચોથું ચરણ)—એવું તાટસ્થ્ય મારામાં ન આવી જાય એને માટે મથીને જૂની વૃત્તિ—મૈત્રીભાવ રાખી શકીશ.

પૃ. ૩૦. પડેલા સ્નેહીનો પ્રત્યુત્તર

બીજી પંક્તિના

ગાંભીર્ય દૃઢતા અને સરલતા

એટલા શબ્દો પ્રો. ઠાકોરના 'નાયકનું પ્રાયશ્ચિત્ત' કાવ્યની છેલ્લી પંક્તિમાંથી લીધેલા છે. મોહ્યો હું : અન્વય–હું તારી દગથી મોહી ગયો અને હે સખે! દગમાંજ તારાં ગાંભીર્ય, દૃઢતા અને સરલતા જોઇને પછી મારી દૃગે બીજા કોઇને નમન ન કર્યું. પણ તે પછી હું ગર્વોન્મત્ત થયો, ખરી ફરજ ભૂલી ગયો, પાપના ગર્ત્ત—ખાડામાં પડ્યો અને, સ્નેહી માનવ! તું પણ માનવ એટલે સ્ખલનશીલ તો ખરો જ અને તેમાં પણ, મારા તરફ સમભાવ રાખનારો એટલે, તું પણ મારી સાથે એવો જ પડ્યો. તેમાં તારો વાંક નથી.

હાવાં કૈં: જૂના પાપનાં સ્મરણો લાવવાની સાથે સાથે તેમાં પશ્ચાત્તાપનાં આંસુ મેળવું છું, અને એ જળમાં હૃદયને નવરાવું છું અર્થાત્ પશ્ચાત્તાપથી હૃદયનું પાપ ધોવાના પ્રયત્ન કરું છું પણ હે સખે! તે પુરાણું–અસલ હતું તેવું–બનતું નથી. શ્રી કરુણાશંકરની હાથપ્રતમાં 'પુરાણું' ને બદલે 'પુરાનું' છે તે પણ સમીચીન છે. કાન્તે અન્યત્ર પણ 'પહેલાની' એ અર્થમાં 'પુરાની' શબ્દ વાપર્યો છે, જેમકે 'પુરાની પ્રીત.'

એ અસલ હતું તેવું બનતું નથી તથાપિ તે હાલ પણ પહેલાંના જેવું જ તારું છે, નિર્મલ નથી પણ તારા તરફ ખરું છે, સાચું (true, faithful) છે, મૈત્રીભાવ સાચવી રહ્યું છે: અને એ હૃદય પોતાના આત્મગહનમાં તારા વાત્સલ્યનું સ્નેહનું પ્રતિબિંબ હમેશાં છતું (સ્પષ્ટ–વ્યક્ત) રાખતું રહેશે.

પૃ. ૩૧. ચક્રવાક મિથુન

પ્રથમ મે, ૧૮૯૦ ના બુદ્ધિપ્રકાશમાં પ્રગટ થયું. તેમાં અર્થદૃષ્ટિએ કાવ્યના બંડો પાડેલા છે અને તે ઉપર 'સ્નેહની' (પ્રો. બલવંતરાય ઠાકોર) ની ટીકા પ્રસિદ્ધ થયેલી તે નીચે આપી છે.

પૂર્વાલાપમાં એ ખંડો નહિ બતાવેલા હોવાથી, જે ખંડો ઉપર ટીકા છે તે ખંડો શ્લોકનાં પ્રતીકોથી બતાવ્યા છે.

સૂર્ય અને કમલ, ચંદ્ર અને કુમુદ એવાં કેટલાંએક પ્રેમી જોડાં સંસ્કૃત કવિઓએ કલ્પ્યાં છે. ચક્રવાકચક્રવાકી વિષે તેઓની કલ્પના એવી છે કે એ બન્નેનો પરસ્પર પ્રેમ એટલો બધો હતો કે એમાંથી એકનું મોત થતાં બીજું તેની પાછળ જીવ કહાડતું; તેમાં દૈવયોગે કોઇના શાપથી દરેક રાત તેમને વિયોગમાં કહાડવાની થઇ ત્યારનાં, તેઓ રોજ સાંજથી સવાર સુધી કોઇ નદીને સામસામે કાંઠે કે બીજે એવે જ કોઇ સ્થળે બેસીને આખી રાત એક બીજાને ગદ્‌ગદ સ્વરે બોલાવવામાં ગાળે છે, અને દિવસે એક ઘડીભર પણ વિખુટાં પડતાં નથી. આ કાવ્યમાં ચક્રવાકચક્રવાકીનું હૃદય મનુષ્યહૃદય જેટલું જ સુકુમાર કલ્પ્યું છે. ફેર માત્ર એટલો કે મનુષ્યનું વિશાલ હૃદય અનેક મહાન અને તીવ્ર વિકારોથી કંપાયમાન થાય છે; પણ આ પક્ષિ-ઓનું હૃદય એક પ્રેમનો જ મહાવિકાર અનુભવે છે. 'સ્નેહ-બાલ' ચક્રવાકના નિરૂપણદ્વારા મનુષ્યહૃદય પ્રેમમયજ બની રહ્યું હોય એ વખતની તેની સ્થિતિ સૂચવવાનો આ કાવ્યનો હેતુ છે.

૧. [પ્રસરી રહી°] રંગભૂમિ પર્વતોથી છવાયેલી છે.

૨. [સરિતનાંથી ઝાંખાં ભૂરાં°] સંધ્યાનો સમય નજીક આવતાં બીણ જેવા પ્રદેશમાં વહેતી નદીનાં પાણીમાંથી પાછલા પ્હોરનું તેજ જવા માંડે છે; સૂર્યનાં કિરણો ધીમે ધીમે ઊંચી ઊંચી ટેકરી ઉપર જતાં જાય છે, તેમ તેમ નીચી ટેકરીઓની હાર, વાદળાનાં પ્રતિબિંબથી 'ઝાંખા ભૂરા' સમુદ્રની તરંગમાળ જેવી જણાયછે; અને પર્વતોથી ઘેરાયલા આ પ્રદેશમાં ચારે તરફ અંધકાર પ્રસરતો જાય છે. એટલે, સૂર્યાસ્ત થતાં જ અવશ્ય થનાર વિરહના વિચારથી,

આ 'રસમહીં જ પરસ્પર મગ્ન' યથાર્થ 'રસજ્ઞ' 'કિશોર' 'વિહગ-યુગ્મ' ચિંતાતુર થવા માંડે છે. નાયિકા 'સભય' થાય છે; દુઃખથી ઊંચું જોતા નાયકની આંખમાં પાણી આવે છે. પણ પૂર્ણ પ્રેમી હોવાથી દરેક એકબીજાનું આશ્વાસન કરે છે.

૩. [વિહગયુગ્મ°] આ સ્થાનમાં બીજાં કોઈ પણ પ્રાણીનો પગરવ હતો નહીં, અને તેથી જ યથેચ્છ નિરંકુશ 'રમણ આચરવા'ની સ્પૃહા રાખનાર આ દંપતીને એ ગમ્યું હતું.

એકબીજાનો સ્નેહ કેટલો ગાઢ હતો અને બન્નેનાં અંતઃકરણ કેવાં સુકુમાર હતાં તે સૂચવવા, પક્ષિયોનિનાં નાયકનાયિકાનાં સુખ-દુઃખમાં વાંચનારને રસ ઉપજાવવા, એમના જીવનનાં ચિત્ર રૂપ આ આખા દિવસનાં એમનાં 'રમણ' નું ૪, ૫, ૬, ૭, કડિઓમાં વર્ણન કર્યું છે.

૪. [ઊંચે બેસી°થી ન્હાનાં ન્હાનાં°] (સંવૃત આવલી= બીચોબીચ હાર.† ઉત્તાન કચ્છ*=થોડાં પાણી ઉપર રહેજ જણાતી લીલોતરીવાળી જગા.) વિયોગનો વખત પૂરો થતાં જ તેઓ એકઠાં થઈ જતાં. સૂર્ય તેજમાં જ તેઓએ સંયોગનું અગાધ સુખ અને અંધકારમાં જ તેઓએ વિયોગનું અગાધ દુઃખ અનુભવેલું, તેથી સૂર્યોદયથી તેમને પ્રેમોદય જેવી જ વિરલ અસર થતી. અને તે જોતાં, ને સાથે હમણાં જ પૂરો થયલો અંધકાર ક્ષણભર સાંભરતાં, તેઓ 'ઘેલાં જેવાં' થઈ જતાં. સૂર્યોદયને અને પ્રેમોદયને સમાન જ માનતાં તેથી સૂર્યોદયના 'અદ્‌ભુત રંગ'થી 'નવીન' બનતી સૃષ્ટિના 'સકલ'

† સંવૃત : ઢંકાયેલી. આવલી : ઓળ, હાર.

* કચ્છ=ભેજવાળી જગા. marshy place. આપ્ટે. ઉત્તાન=ઢળતી sloping આપ્ટે.

ફેરફારો તેઓ રસાર્દ્ર ચિત્તે જોતાં. પ્રભાતનાં હિમથી 'ધાટાં ભીનાં' ઝાડનાં પાંદડાં અરુણોદયથી 'માણિક્ય'મય બને છે, અને તેમાં થોડા વખતમાં સોનેરી કિરણો પ્રસરી રહે છે. થોડીવારમાં

પૃ. ૩૨.

બીજી બાજુએ મૃગોના લલિત ખેલ, અને પાસેની કુંજોમાં રસિક 'તરુણો'નાં પરિભ્રમણ નજરે પડે છે. ઠેકાણે ઠેકાણે આવેલાં ન્હાનાં મોટાં સ્વચ્છ તલાવો રમણીય લાગી શાંત ચિત્તને 'મુદિત' કરે છે. આઘેથી આવતા મધુરા ગાયન જેવા અવાજથી મન આહ્લાદ પામે છે. અને સવારની રહરી ર્હેક સર્વે દિશામાં ફેલાઇ રહે છે.

૫. [અસર સુંદર°] ધીમે ધીમે દિવસ ચ્હડતો જાય છે અને સૂર્યનાં કિરણો ઘોર ઘટાઓમાં પણ પ્રવેશ કરે છે.

૬. [શાખાઓમાંથી કાંઠે બેસી°] આ કડીમાં મરમીના વખતને યોગ્ય ક્રીડાઓનું મધુરૂં વર્ણન કર્યું છે. ઝાડનાં પાંદડાંઓમાં ચક્રવાકી સંતાઈ જતી અને પોતાને શોધી કહાડી સમીપ આવતા ચક્રવાકનાં રસમય લોચન જોઈ 'હૃષ્ટ' થતી. બન્ને (મુગ્ધ) નિર્મલ પ્રેમના આવેશમાં એકબીજાંને કોટી કરતાં. વળી, એકેક પાંખ અને પગ સાથે રાખી દિલ એક તેમ કાયા પણ અભિન્ન જેવી કરી એક સાથે ઉડવાનો પ્રયત્ન કરી નિષ્ફળ જવામાં સરલ આનંદ અનુભવતાં. ચક્રવાકી સરોવરમાં આધી જઈ સ્નાન કરતી ત્યારે ચક્રવાક પાછળથી આવી જલસિંચન કરી લજ્જા અને આનંદ ઉત્પન્ન કરી રીઝતો. પછી તડકો જરા નમવા માંડ્યો, એટલે

પૃ. ૩૩.

તેઓ નદી કિનારે વિરામ લેતાં; પાણીમાં નજર નાખતાં પોતાની અને જરા આઘે

બીજાંની* અવ્યક્ત મધુરી છબી દેખાતી, એટલે નજર છબી તરફ જ રાખી એકબીજાં તરફ સરતાં સરતાં અચાનક 'ગાઢ આશ્લેષ' સાધતાં. (દૃષ્ટિ=આંખ.)

૭. [પ્રણયની°] વિરહસમયનો અંધકાર ધીમેધીમે પાસે આવતો જાય છે એ આવા વિલાસોમાં કેમ સાંભરે.

૮, ૯. [હાવાં રક્ત° † થી અંધારાનાં°] (મંદ્રશોર=પોલા ખોખરા ઠાલા અવાજ) પણ 'અદ્‌ભુતરંગ'થી 'સકલ સૃષ્ટિ'ને 'નવીન' કરનાર પ્રેમતેજ જેવું જ સૂર્યતેજ જેમજેમ પૃથ્વી તજી આકાશ તરફ અને ત્યાંથી દૃષ્ટિમર્યાદા બ્હાર જવા લાગ્યું, અનુરાગ ઉપજાવીને જતી રહેતી 'રક્તદ્યુતિ'ને લીધે ઝાડો જેમ-જેમ (સરોષ) ઝાંખાં થવા લાગ્યાં, અને રૂપરંગની બધી લીલા જેમજેમ જમીન ઉપરનાં આ વનને તજીને આકાશનાં વાદળાં તરફ જવા લાગી (ઝાડ, સરોવર, નદી, પર્વત વિગેરે સૃષ્ટિના બધા રમ્ય દેખાવોમાં દેવતાઓ અધિષ્ઠાન કરે છે એ વિચાર ઇંગ્લિશ

---

*બીજાંની ત્યાં પ્રતિકૃતિ ભણી એક દૃષ્ટિ તણાય. : [૬૨] એકની દૃષ્ટિ બીજાની પ્રતિકૃતિ ભણી તણાય છે અથવા એકબીજાની દૃષ્ટિ એક-બીજાની પ્રતિકૃતિ ભણી તણાય છે. આ ગદ્યવાક્યને અર્થઘન કરીને ઉપરની પંક્તિ લખી જણાય છે. 'બીજાંની' ને બદલે 'બીજાની' એકવચન જોઇએ. પૂરાં અંગો૦–પાણીમાં એકબીજાનાં અંગો પૂરેપૂરાં દેખાતાં નથી પણ એ અવ્યક્ત પ્રતિબિંબ જોઇને પણ આ યુગલનો પ્રેમ વધતો હતો. સંપાદક

† હાવાં રક્તદ્યુતિ ઉડી જતાં થાય વૃક્ષો સરોષ : વૃક્ષો ઉપરથી સાંજની લાલાશ (રક્તદ્યુતિ) ઊડી જતાં વૃક્ષો સરોષ, ગુસ્સાથી જાણે કાળાં જેવાં દેખાય છે. આપણા સાહિત્યમાં રોષમાં સાધારણ રીતે લાલાશનું વર્ણન કરવામાં આવે છે, પણ અંગ્રેજી સાહિત્યમાં black with rage રોષથી કાળાં દેખાયાનું વર્ણન હોય છે. સંપાદક

કવિતામાં ઘણીવાર આવે છે.) તેમતેમ આ 'સ્મૃતિનાશ' રૂપી (જવનિકા) પડદો તેમની આંખેથી દૂર થયો, 'અવધિઅંકુશ' અંતરમાં ખૂંચવા લાગ્યો—વિધિપ્રેરિત વિયોગનો આબેહૂબ ચિતાર તેમની નજર આગળ ખડો થયોઃ સંયોગનાં 'વિરલ સુખ'માં પણ એ અનિવાર્ય વિયોગ એક પળ અનુભવ્યો.* તે વખતનો અંતરમાં પેસી જતો પ્રલયાંધકાર, તે વખતનો કોઈ બેફિકર કે ક્રૂર પ્રાણીના અનભિપ્રાય અવાજથી થતો મર્માઘાત, તે વખતના (નિષ્ઠુરપ્રાણ) હૃદયહીન કાલનું અસહ્ય આળસું†—આ વિગેરેના એક્કી ઘડીએ થયલા તાદશ 'આભાસ'થી આ બન્ને 'સ્નેહબાલ' દીવાનાં થઈ ગયાં. (છેલ્લી લીટીના યતિભંગથી આ 'યુગલની' 'ઉન્મત્ત'તા સુપ્રદર્શિત કરવાની કવિની યોજના સ્તુત્ય છે. પ્રસ્તુત મનોવિકારનાં સામાન્ય રૂપને મૂર્તિમાન કરવાને કવિયે પસંદ કરેલું વૃત્ત એટલે કવિયે પસંદ કરેલો લયબંધ (rhythmical scheme) સમર્થ હોય, તોપણ એ મનોવિકારમાં અચાનક થતા અસાધારણ વધારાને અથવા હરકોઈ જાતના અસાધારણ ફેરફારને સુપ્રદર્શિત કરવા માટે એ મનોવિકારનાં શરીરરૂપ પેલા લયબંધમાં અસાધારણ વિકૃતિ જણાવવાની જરૂર છે.)

---

* "અનુભવે, **ન છતાં**, ક્ષણ એક તે" એ પરથી એમ દર્શાવવાનો આશય છે, કે હજી તો સાંજ છે, વિરહને વાર છે, પણ તે વિચાર એટલો પ્રબલ છે કે ક્ષણ વાર તો **યામિની, દુઃખ, કાલ, પ્રાણીઓની કઠોર ચીસો** વગેરેનો સાક્ષાત્કાર અનુભવે છે. તા. ૩-૩-૧૮૯૦નો કાન્તનો પત્ર. કાન્તમાલા પૃ. ૩૨૩.

† "આપણી કવિતાસમૃદ્ધિ" બીજી આવૃત્તિ પૃ. ૧૭૨ મે. પ્રો. ઠાકોર કહે છે: 'આળસ'ને બદલે આજે કહીશ—નઠોર સર્વવ્યાપી સત્ત્વના આવા આવા કામા જોવા પડે જોયા જ કરવા પડે તેથી સુકોમલ ચિત્તોમાં વ્યાપી જતી મૂઢતા આદિની અસહ્ય અવસ્થા.

પૃ. ૩૪. ૧૦, ૧૧, ૧૨. [થઈ તથાપિ°થી રોમે રોમે°] (સમુચ્છ્રિત= ઊંચે.) આ ઓથારથી મહાપ્રયત્ને વિમુક્ત થઇને સંયોગકાલ જેમ બને તેમ લંબાવવા 'દિનતેજ'ની પાસે જવા તેઓ 'અવકાશ'માં ચડતાં ચડતાં એક પછી એક "ઉન્નતસ્થાન' 'ગ્રહણ કરતાં' જાયછે. છેક શૂન્યહૃદય થઈ જાય છે. ફક્ત જેમ જેમ વિધિ-પ્રેરિત વિયોગ નજદીક આવતો જાય છે તેમ તેમ તેઓનો પ્રેમ ઉગ્ર થતો જાય છે; તેમ તેમ તેઓનું દેહ–વિભિન્ન જીવન માત્ર દેહવિભિન્ન જ થઈ જાય છે. અને સારા આસ્માનમાં નજર નાંખે છે તો બધું જ 'રસસૂનું'* દેખાય છે. 'આછી આછી' ધાબાં જેવી 'વાદળીઓ' લૂલી પાંખ વિનાની હોય તેમ ગમે તે દિશામાં 'તણાય' છે 'રવિબિંબ' પશ્ચિમ સમુદ્રને અડકે છે. તેઓ પર્વતમાળની ટોચથી પણ ઘણે ઊંચે ચડે છે. વધારે ઊંચે ચઢી શકતાં નથી. સંધ્યાન્તની એક 'ચપલ' 'ક્ષણ' રહી છે— 'આખરની' એક જ ક્ષણ! તેઓ એક બીજાને બાઝી પડે છે. 'કંપિત' હૃદયને એક કરી નાંખે છે. છૂટાં છૂટાં 'વિરહભય'નો પ્રચંડ દાહ 'સહન ન થતાં' 'મત્ત' જેવાં 'પાછાં' ભેટે છે—ત્રીજી વાર ભેટે છે. 'સંમૂઢ' થઈ જાય છે.

પૃ. ૩૫. ૧૩. [ટળવળે° અને પાષાણોમાં°] ચારે તરફ સુનકાર જોઇને 'પ્રેમી' 'ટળવળે' છે. પણ શું કરે? સર્વશક્તિમાન સૃષ્ટિક્રમ આગળ બીચારાં પ્રાણીનું શું ગજું!—આ જ આ કાવ્યનું હાર્દ છે. મનુષ્યની આશા તૃષ્ણા લાલસા ગમે તેવી ઉચ્ચ હોય ગમે તેવી ચિત્તહારક હોય, પણ, સૃષ્ટિક્રમ વિરુદ્ધ હોય તો મૃત્યુથી જડાત્મા થયા સિવાય કે ઉન્માદથી ચૈતન્યહીન થયા સિવાય કે નિરાશાથી મન વાળ્યા સિવાય ચોથી કઇ બારી? સૃષ્ટિક્રમની

---

*" હું રસઘેલો, તું રસસૂની : મેળ હવે નહીં ખાય " પ્રેમજીવન.

સનાતનતા(immutability)નું જ્ઞાન જેમ જેમ વધતું જાય છે, સ્પષ્ટ થાય છે, દૃઢ થાય છે, તેમ તેમ આ પ્રકારની નિરાશા ઉગ્ર થતી જાય છે. અલબત્ત, મનુષ્યવીરોના વિશ્વશ્રેય માટેના મહા-પ્રયાસથી અને દરેક જમાનાનાં અગણિત મનુષ્યોનાં વલણથી પણ આપણી આકાંક્ષાઓ એક પછી એક ઉત્તરોત્તર સાફલ્ય પામતી જાય છે, અને પરિણામે, 'નિરવધિ શતશૃંગ ફરતાં,' (વસંત-વિજયમાંથી) એવો પણ સમય આવશે જ કે જ્યારે હાલની મન-વાંછિત આપણી બધી ઉત્કૃષ્ટ મુરાદો યથાયોગ્ય સિદ્ધ થઇને, મનુષ્ય-જાતના હાલના દરેક પ્રકારના વ્યાધિ આધિ તદ્દન નાબુદ થઈ જશે. એ દિવ્યતેજોમય દિવસનો અરુણોદય થઈ પણ ચૂક્યો છે. "Not in vain the distance beacons" (Vide Tenny-son's Locksley Hall) પણ, દરમ્યાન, જ્યાં સુધી સૃષ્ટિનો સનાતનક્રમ અને મનુષ્યની ઉત્કૃષ્ટ ચિત્તહારક લાલસાઓ એક બીજાને એકતાન નથી થયાં, ત્યાં સુધી પ્રવર્ત્તતા બેસૂરથી આપણા કાન ફૂટે એમાં શી નવાઇ? સંગીત સાંભળવાની સ્પૃહા રાખનાર શ્રોતાથી કઠોર આલાપ તે કેટલી વાર સુધી સંખાય? પણ આ દુનિયાં તો એવી છે કે જાણે ઘણા આઘા ભવિષ્યના કોઇ જમાનામાં શરૂ થનાર સંગીતને માટે હાલના જમાનાઓને આલાપ કરવો પડે છે! ચક્રવાકદંપતીને કવિયે મનુષ્યપ્રેમની મૂર્તિરૂપ કલ્પ્યું છે અને એ દંપતીનો અનિવાર્ય વિયોગ મનુષ્યચિત્ત અને મનુષ્યસૃષ્ટિક્રમ વચ્ચેના વિરોધનું ઘણું વધારેલું બિંબ છે. એવા અત્યંત વિરોધમાં સચેતન રહીને જીવવું અશક્ય છે. ચક્રવાકી બીચારા મનુષ્ય હૃદયની મારફક ઊંડો દીર્ઘ નિશ્વાસ નાંખીને જરાક ઓછી પાષાણમયી જરાક ઓછી રસતેજહીન સૃષ્ટિને માટે તલસે છે*

* ચાલો એવા સ્થલ મહિં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ.
પૂ. ૧૩

૧૪, ૧૫. [પ્રવહતાં અટકી° થી અવર કાંઇ°] (રુજ= વેદના. ગર્ભાત્મા=અંતરાત્મા. સ્ફુરિત કરતા=હલાવી નાંખતા.) (હજી અર્ધું ' રવિબિંબ ' ઉદધિની બહાર છે; હૃદયની દિઙ્મૂઢ નિરાશાથી ઉત્પન્ન થતી ચક્રવાકીએ ઉચ્ચારેલી વ્યગ્ર પ્રાર્થનાને કંઇ પણ કાલ લાગતો નથી.) હૃદયને ઠંડું પાડવાનો પ્રયત્ન કરવાની વિવેકબુદ્ધિની ફરજ છે. સુકુમાર સ્ત્રીનું ધૈર્યવાન પુરુષ આશ્વાસન કરે છે. પણ પોતાની આંખે પણ આખી ' ધરા ' (તેઓ ઘણે જ ઊંચે હતાં.) એવી જ " રસસૂની " દેખાય છે ત્યાં શું આશ્વાસન કરે ? ' આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય ! આશા જ કેવી ' એથી વધારે કંઈ પણ કહેવાને અશક્તિમાન ' પ્રણયવીર ' પ્રિયહૃદય

આજ ભાવ નીચેના સંસ્કૃત શ્લોકમાં છે, તે, બે કવિઓ અકસ્માત એક જ કલ્પના સ્વતંત્ર રીતે કરે છે તેનો બરાબર દાખલો છે.

किमिह किमपिदृष्टं स्थानमस्ति श्रुतं वा
व्रजति दिनकरोऽयं यत्र नास्तं कदाचित् ।
भ्रमति विहगसार्थानित्थमापृच्छमानो
रजनिविरहभीतश्चक्रवाको वराकः ॥

काव्यमीमांसा पृ. ६०

અર્થ:—" જ્યાં આ સૂર્ય કોઇ દિવસ અસ્ત ન પામે એવું કોઇ પણ સ્થાન આ જગતમાં જોયું છે અથવા સાંભળ્યું છે ? " એમ, પક્ષીઓના કાફલાને પૂછતો પૂછતો રાત્રિવિરહથી બીધેલો બિચારો ચક્રવાક ભટકયા કરે છે.

આવા જ અર્થના, ભજનિકોમાં સાંજના ભજનોની પ્રસ્તાવનામાં બોલાતા એક દૂહા તરફ અધ્યાપક નગીનદાસ પારેખે મારું ધ્યાન ખેંચ્યું છે:—

સાંજ પડયે દિન આથમ્યે ચકવી બેઠકે રોય,
ચલો ચકવા ત્યાં જયેં, જ્યાં સાંજ ન પડતી હોય.

જ્યાં

(sweet heart) ને નિરાશાની અવધિથી ચુરા થતું કેવી રીતે જોઈ શકે? એવા ઘાતકી 'વિરહ'ના

પૃ. ૩૬. 'જીવન' સટ્ટે પણ સંહાર કરતાં છેલ્લી ઘડીની 'એકતા'ના ઉત્કૃષ્ટ આનંદ મેળવવાનો એ કેમ નિશ્ચય ન કરે? –રસાતલ જતા સૂર્ય તરફ એક છેલ્લી દીર્ઘ દૃષ્ટિ નાંખતાં તેઓ એક બીજાને વળગીને 'નયન મીચી' દઈ ગહનમાં ઉતરી પડે છે–કવિની કલ્પનાને 'કાલનો પ્રવાહ' સ્તંભિત થયો — લાગે છે. (ગહન=મૃત્યુની બીણ)

૧૬. [પાછું જોતાં° થી છેલ્લે સુધી. પ્રથમ આ કાવ્યની છેલ્લી પંક્તિ 'કયહિં જ ચેતન એક દિસે નહીં!' એ પ્રમાણે હતી.] (જવ=વેગ.) કવિતાદેવીએ કરેલાં દિવ્ય લોચનથી કવિને જુદો જ આભાસ થાય છે. મનવાંછિત ચિત્તહારક રસતેજપૂર્ણ એક નવીન 'દુનિયાં'માં આ 'સ્નેહબાલ ચકવાક મિથુન" પૂર્ણ આવેગથી દાખલ થઈ જતું હોય એમ તેને ઘડીભર જણાય છે. પણ " Adieu ! the fancy cannot cheat so well, As she is famed to do, deceiving elf. " (Vide Keats' Ode to a Nightingale.) કવિતા દેવીનો હાથ જ્યાં મસ્તક ઉપરથી ખસી જાય છે, આંખો બંધ કરીને જ્યાં પાછી ઉઘાડે છે, ત્યાં તેની ખાત્રી થાય છે કે એ દેખાવ તો ફક્ત એક ઇંદ્રજાલ હતું.— છેલ્લી બે લીટીઓથી આ કાવ્ય માત્ર હૃદયજન્ય (Pure subjective poetry, poetry of the heart, " સ્વાનુભવરસિક કવિતા " એ નામ આ સ્થળે યોગ્ય ન લાગવાથી નવો શબ્દ વાપરવો પડ્યો છે.) કવિતાના કરતાં ચડતી પંક્તિનું બને છે.

સ્નેહની.

ટીપ—ઉપરનું વિવરણ અલબત જૂની પંક્તિ પ્રમાણેનું છે. તે પંક્તિ પૂર્વાલાપમાં

કયહિં અચેતન એક દીસે નહીં।

એ પ્રમાણે છે. તેથી આ આખા શ્લોકનું હાર્દ ફરી જાય છે. પ્રથમનો અર્થ પણ જરા અસ્ફુટ છે પણ તે આ પ્રમાણે થાય.

અવર કાંઈ૦ એ શ્લોકમાં ચક્રવાક પોતાની સહચરીને આ વિરહ દુઃખમાંથી બચવાને જે એક જ ઉપાય તેને શક્ય લાગે છે તે બતાવે છે, તે એ કે આંખો મીંચી પડવા માંડીએ અને એ રીતે આ વિરહ અને આ વિરહદગ્ધ જીવન બન્નેનો અંત આણીએ. તે પછીની પુદ્દડીઓનો અર્થ એવો થાય કે એ દંપતી એ નિશ્ચય પ્રમાણે પડવા માંડે છે.

આંખો મીંચીને પડતાં હતાં ત્યાં 'પાછું જોતાં', ફરી વાર આંખ ઉઘાડતાં, એ દ્વિજયુગલને જુદો જ ભાસ થાય છે. તેમને સૂર્ય જેવું કંઈક ઊંડું ઊંડું દેખાય છે અને તે પ્રકાશદર્શનથી ધન્યતાના ઉદ્‌ગારો કાઢવું કાઢતું પક્ષીજોડું વેગથો નીચે ઊતરી પડે છે.

જેમ જેમ 'એ પ્રકાશ' અર્થાત્ આગલા શ્લોકમાં જેનો ભાસ, આભાસ થયો છે તે પ્રકાશ વધતો જાય છે તેમ તેમ તે પ્રકાશ જોનાર પક્ષીઓના પતનનો વેગ વધતો જાય છે. પક્ષીઓ પડી રહે છે, પ્રેમની ખાતર જે છેલ્લામાં છેલ્લું કરી શકાય તે કરી લે છે અને પરિણામે એ નિઃસીમ અવકાશ એવો ને એવો અચેતન–જીવહીન–હૃદયહીન–ચેતનહીન જણાય છે. જે 'ઐશ્વર્યે', જે ઈશ્વરસત્તામાં, જીવતાં પ્રણયસુખ નહોતું, તે ઐશ્વર્યે મુવા પછી પણ નિશ્ચેતન અવકાશ જ હોય છે. અર્થાત્ પ્રેમ જેવા ઉચ્ચતમ ભાવને માટે આ જીવનયોજનામાં કશું ફળ કે સ્થિતિ નિર્ણીત થયેલ નથી. જે દયાળુ અને પ્રેમી ઈશ્વર આપણે માનીએ છીએ તે છે જ નહિ.

અને કાવ્ય લખતી વખતે તો કવિનો આ જ અભિપ્રાય હતો. તે સમયના એક પત્રમાં આ કાવ્ય વિશે તેઓ લખે છે:—

હું ન્યાયી કે દયાળુ કોઇ અધિષ્ઠાતા છે, એમ માનતો જ નથી. પ્રણયમાં જ સુખ હું સમજું છું, અને તે આ જગતમાં સુખી કરતાં દુઃખી વધારે કરે છે." તા. ૩-૩-૧૮૯૦ નો પત્ર. કાન્તમાલા પૃ. ૩૨૩.

હવે આ છેલ્લી પંક્તિ ફરતાં એવો અર્થ લેવો જોઇએ કે એ પક્ષિયુગલને પડવા માંડયા પછી કોઇ જુદો જ ભાસ, કોઇ નવા જ સત્યની ઝાંખી થાય છે, તેમને સૂર્ય જેવું કાંઇ દેખાય છે, અને પડતાં પડતાં તેમના જીવનની એ છેલ્લી ક્ષણો ધન્ય બને છે.

એ પ્રકાશ વધતો, વસ્તુતઃ વધતો જાય છે અને પક્ષીઓ વધારે વેગથી તે તરફ જાય છે. અને આ પક્ષિયુગલે પ્રેમની ખાતર જીવનભોગ આપ્યો તેથી નિર્બંધ ચેતનમય અવકાશનું તેમને દર્શન થાય છે. સર્વ ચેતનમય દેખાય છે. કર્તાની ઈશ્વર સંબંધી માન્યતા બદલાતાં તેમણે કાવ્યમાં પોતાનું બદલાયેલું મન્તવ્ય વ્યક્ત કર્યું છે. જેમ કોઈ કુશલ ચિતારો પીંછીઓના એકાદ બે સ્પર્શથી જ, એક માણસના જુવાનીના ચિત્રને તેના ઘડપણનું ચિત્ર બનાવી દે તેમ અહીં પણ કવિએ એક જ પંક્તિના ફેરફારથી—અરે એક જ અક્ષરના ફેરફારથી, ઉત્તર વયનું મંતવ્ય પૂર્વવયના કાવ્યમાં મૂકી દીધું છે. એમાં કૌશલ તો ઘણું છે, પણ કહેવું જોઇએ કે જૂનો પાઠ સમગ્ર કાવ્યમાં જેટલો સુસંગત સુશ્લિષ્ટ હતો તેટલો નવો નથી. કાવ્યની સમગ્રતા કંઈક ખંડિત થાય છે.

પૃ. ૪૭. દેવયાની

કર્તાએ આખું કાવ્ય ત્રણ ખંડમાં લખવાની યોજના કરેલી. અહીં પ્રસિદ્ધ થયેલો ભાગ તેનો પ્રથમ ખંડ છે. બીજો ખંડ અધૂરો લખાયેલો પણ ગુમ થયો છે અને તે ઠેઠ સુધી હાથ આવ્યો નથી, તેમ કર્તા તે સંભારીને લખી પણ શક્યા નથી. ત્રીજો ખંડ લખાયો જ નથી.

લંબાવેલાં: શકે=જાણે કે, ઉત્પ્રેક્ષાવાચક. દેવયાનીના સ્વરો જ જાણે કે નાનાં નાનાં શરીરો ધારણ કરીને કચને શોધવા નીકળી પડયા છે અને એમ કરતાં 'શશીની નિશામાં' વિવિધ રતિ રેલે છે. 'શશીની નિશા' એટલે 'ચાંદની રાત.'

દિવ્ય પ્રભા: કોઇ સુંદર દૃશ્ય જોયું હોય કે કાંઇ સુંદર

X. Again the Sarasvati.
પવન રહ્યા, પુછાઈને –

સાંભળ્યું હોય તો સ્વજનને એ સૌંદર્યના સહભાગી કરવાની વાંછના મનુષ્ય માત્રને સ્વાભાવિક છે, બાલકમાં તે વિશેષ દેખાય છે; અને દેવયાની હજી સ્વભાવસરલા બાલક જ હતી.

તરે જેં: શોધવા માટે ફરતી બાલક દેવયાનીનું ઘણું જ રમ્ય અને મનોહર ચિત્ર છે.

"ભ્રમણે જ્યાં અટકતો,
શશાંક પ્રેક્ષીને, સુભગ મણિ સેંથે ઝબકતો.

"—અને દેવયાનીના ભ્રમણ દરમિયાન એ સેંથે ઝબકતો સુભગમણિ ચંદ્રને–ચંદ્રના સદા નૂતન સૌંદર્યની અનંત મોહકતાને જોઈને, ક્ષણ અટકયો. આ 'અટકતો' શબ્દ અતિશયોક્તિ તરીકે ગણવાનો નથી. તહમે કલ્પના કરી શકો કે મણિ થોડી ક્ષણ ખરે જ થંભી જાય, જો કે દેવયાની બધો વખત ગતિમાં હોય તથાપિ.

એ શ્લોક બીજી વાર આવે છે ત્યાં [પૃ. ૪૧] તે માત્ર પુનરુક્તિ નથી. 'અટકતો' પછીનું અલ્પવિરામ કહાડી નાખો, 'પ્રેક્ષીને' પછીનું કહાડી નાખો, 'શશાંક' પછી એક નવું અલ્પવિરામ જ રાખો, અને અર્થ કરો. એ સુંદર ચન્દ્ર પણ પોતાના ભ્રમણમાં મણિનો ભભકતો ઝબકાર જોતાં થંભી રહે છે.

બધા વિવેચકો સ્રષ્ટા છે, અને તહમને જે અર્થ ઉત્તમ લાગે તે લેવાનો હક્ક છે. પણ બધા સ્રષ્ટાઓ વિવેચકો પણ છે, અને હું કહેવા રજા લઉં છું જે મ્હારી કલાનો મ્હારો અર્થ મ્હારી પંક્તિ-ઓનો સુંદરમાં સુંદર અર્થ છે."* કાન્તનો તા. ૧૬–૧૦–૯૦નો

* પૂર્વાલાપમાં આ પંક્તિઓ, બંને જગોએ, જ્યોત્સ્નાભ્રમણ પછી માત્ર એક જ અલ્પવિરામ સાથે છપાયેલી છે અને એ હેતુપૂર્વક હશે

પત્ર. કાન્તમાલા પૃ. ૩૨૬–૨૭.

પૃ. ૩૮. થંડો મીઠો° : માતરિશ્વા=પવન. જ્યાં તરલ અલકશ્રેણિ છે ત્યાં તેની સાથે ક્રીડા કરતો રહે છે. વ્યજન કરીને–વાયુ ઢાળીને–એવી રીતે સ્ત્રી તરફ આદરસત્કાર બતાવીને, પોતાનું આભિજાત્ય–ખાનદાની બતાવે છે. અને રસિકોનો અગ્રણી એટલે મુખ્ય એવો દાક્ષિણાત્ય વાયુ [નાયિકાના] પગને નૃત્યમાં પ્રેરે છે. વસંતમાં દક્ષિણનો ઠંડો વાયુ વાય છે તેને દાક્ષિણાત્ય કહ્યો છે. દાક્ષિણાત્યનો બીજો અર્થ–સ્ત્રી તરફ સન્માન દેખાડનાર–નાગરિક, સભ્ય, પણ અહીં શ્લેષથી લાગુ પડે છે—દેવયાનીને તેણે વ્યજન કર્યું છે!

જેવી તરંગ° : સ્ત્રીના નૃત્યને લાસ્ય કહે છે. એ લાસ્ય રમણીય હતું પણ મુગ્ધ દેવયાની પોતાનું સૌન્દર્ય જાણતી નહોતી? તેથી તે અજ્ઞાત રમણીય હોઈ વિશેષ સુંદર હતું.

રોહિણીપતિ=ચન્દ્ર. રશ્મિઓ=કિરણો. તુહિનાચલ=હિમાલય.

શોભીતા શા° : આવાં, પ્રૌઢ સુંદર ભાષામાં લખાયેલાં પુરુષનાં વર્ણનો આપણા કાવ્યમાં બહુ વિરલ છે. છેલ્લી પંક્તિઃ—તે પોતાના સ્વચ્છ હાસ્યથી જ્યોત્સ્નાને પણ વધારે વિશદ કરે છે.

પૃ. ૩૯. હવે તો° : હવે તો ગુરુકન્યા કચની નિકટ આ આવી–આવી પહોંચી. તેણે કચની ધ્યાનાવસ્થાને, પોતાની ઉત્સુકતાના વેગમાં, જાણી નહિ, અથવા જાણ્યા છતાં તેના તરફ ધ્યાન ન આપ્યું. અને કચને પૂછ્યું "તું શું નિહાળે છે?" એ પૂછતાં જ પોતાના હર્ષાવેગમાં પોતાને અનુકૂળ જ કચ નિહાળે છે એમ

એમ મારી એ જ પાઠ આ આવૃત્તિમાં કાયમ રાખ્યો છે. આ પાઠમાં પણ કર્તા પ્રમાણે બન્ને અર્થો થઈ શકે પણ બીજો અર્થ અમને વધારે પ્રસંગત લાગે છે—આ પાઠને અને રસદૃષ્ટિએ પણ.

૨।। ખાટે?

તર્ક કરી લઇને કહે છે 'હા. અને તું પણ ચન્દ્રને જ જોતો હો તો હું મારા આગમનને સફળ સમજું છું.' પણ આટલું કહ્યા પછી તેને સમજાય છે કે પોતે કરેલો તર્ક ખોટો છે એટલે ભાવ બદલાતાં પ્રથમ કહેલા વાકયનો 'નહીં' શબ્દથી નિષેધ કરે છે. 'અરેરે, આ તો નીચી નજરે અત્યારે બેઠો છે. આવા સુંદર ગગનની પણ અવગણના કરે છે!' અતિત્વરાથી એક પછી એક બદલાતા ભાવોનું બે જ પંકિતમાં થોડા જ શબ્દોમાં આ ઘણું અચ્છું ચિત્ર છે.

પાડી નાખે° : શૈલી, ઉપમા, ભાષા સર્વ અતિ પ્રૌઢ છે.

સાશંક ભીરુ° : કચ અને દેવયાનીની સ્થિતિનું અહીં ચિત્ર છે. પ્રથમ, 'હવે તો મેદાને'° એ શ્લોકમાં, દેવયાની, દૂરથી બે બાજુ ઝાડવાંની બે હારો વચ્ચે કચને જુએ છે. આખા કાવ્યના શ્લોકો ઉપરથી એમ નિષ્પન્ન થાય છે કે કચ તે વખતે કોઈ પથ્થર ઉપર કે એવા કોઇ જરા ઊંચે સ્થાને હૃદય તરફ નજર કરીને બેઠેલો છે. દેવયાની ત્યાં આવી પ્રથમ પ્રશ્ન પૂછે છે અને કચ ગગનસૌન્દર્ય જોતો નથી એમ જાણી તેનો હાથ ઝાલી તે જોવા વીનવે છે. કચ તેનો હાથ તરછોડી નાંખે છે. આ વખતે કચ પોતાની બેઠકની અને પોતાના શરીરની ઊંચાઇથી એટલો ઊંચો છે કે દેવયાનીના મુખ કરતાં તેનું મુખ ઊંચું હોય. હવે અનાદરથી ઉદાસ થયેલું દેવયાનીનું મુખ ધીમેથી જેવું કચ તરફ વળે છે તેવું જ, તે જ વખતે, તે, કચ હૃદય તરફ નીચી દૃષ્ટિ કરી રહ્યો હતો તેની નીચી જતી નજરને મળે છે.

જરા જોયું° : આ શ્લોકમાં દેવયાનીના દૈન્યનું વિશેષ વર્ણન છે. આમાં લજ્જા શબ્દ આવે છે તે શૃંગારલજ્જા એવો અર્થ લઇ શકાય નહિ. કર્તા દરેક જગાએ જ્યાં નવા ભાવનો

ઉદય વર્ણવવો હોય છે ત્યાં, ભાવ અને ભાષા ઉપરના પોતાના વિરલ પ્રભુત્વથી, તે ભાવના વિભાવો, કારણો ક્રમશઃ આપીને જ તે ભાવનો ઉદય સ્થિતિ ઉપચય વગેરે દર્શાવે છે. અહીં શૃંગારી લજ્જાનું એક પણ કારણ નથી. શૃંગાર ભાવની સ્થિતિ તો છેક કાવ્યના અંત નજીક, 'શોભે જેવી' એ શ્લોકમાં થાય છે. આ તો જેને સાધારણ ભાષામાં લાજ, શરમ, ભોંઠપ, કહીએ છીએ તેનું વર્ણન છે.

રહી વેળા થોડી—થોડીવાર રહીને, ગુરુકન્યાનું દૈન્ય જોઈને એ ડરતો ડરતો, સંકોચપૂર્વક પોતાની અવસ્થાનો ખુલાસો કરવા કહે છે—

અવસ્થા ભેદનું: જુદી જુદી અવસ્થાઓનું. કોઇ અવસ્થા કેવી હોય કોઇ કેવી હોય તેનું ભાન તને નથી. હે મુગ્ધે, બધા મહીં બાલભાવ જ હોય એમ શું તું માને છે?

પછીના શ્લોકોમાં તેનું દૈન્ય વધતું જ જાય છે.

પૃ. ૪૦. રોતી હોશે: નીચે મુખે રડતી હશે એમ શંકા કરીને, કચે તનુ કટિ સાથે બાહુ ધરીને, પોતે જે ઊંચી જગાએ બેઠો હતો ત્યાં, પોતાની કને, દેવયાનીને ઊંચી લીધી.

રોકેલ અશ્રુ: ઊંચી જગાએ આવવાથી હવે દેવયાનીનાં રોકી રાખેલાં આંસુ પડ્યાં તે કચના ગાલને ભીંજવવા લાગ્યાં. આ આંસુ સાથે તેનું દૈન્ય, વિમાનના અને અપમાનનો રોષ પણ ખરી ગયો અને દેવયાની ચન્દ્રના જેવું અલ્પ હાસ્ય હસી.

પૃ. ૪૧. ધરી હૈયા: આમાં બન્નેની સ્થિતિ પાછી બદલાય છે. વહીને ઓષ્ઠેથી: ઓષ્ઠથી—અધરથી શરૂ કરીને આગળ જઇ વદન ઉપર. અહીંથી શૃંગારના વિભાવો અને અનુભાવો શરૂ થાય

છે. આ રીતે મુગ્ધાના સાન્ત્વનમાંથી શૃંગારનો ઉદય થવો બહુ જ સ્વાભાવિક અને સુંદર છે.

પૃ. ૪૨. ઉદ્‌ગાર

હરે દૃષ્ટિઃ તારી સદય મૃદુ દૃષ્ટિ જ મારી રુજ, વેદનાને હરે છે.

સદા એ દૃષ્ટિ એવી જ રહેશે તો જીવનની સર્વ ક્ષણોને હું કૃતાર્થ માનીશ. પ્રમત્તાવસ્થાઃ " પ્રિય અને પ્રિયા એકબીજામાં લીન થાય, એક બીજામય થઈ જાય, જગતને વિસરી જાય, એને જગત " પ્રમત્તાવસ્થા " કહે છે. આથી ઉલટું ઉદ્‌ગારમાં કવિ પ્રિય અને પ્રિયાના દૃષ્ટિબિન્દુને જ કુદરતી અવસ્થા ગણીને, પ્રેમી માણસ પ્રેમને ભૂલી જાય ને કોઈ કોઈ ક્ષણે જગત તરફ દૃષ્ટિ નાખે, તેને પ્રમત્તાવસ્થાની ક્ષણ કહે છે. " સંવત્સરી વ્યાખ્યાન. યુગધર્મ, ૪, ૨૭૯.

પૃ. ૪૩. માનસ સર

માનસ=મન. માનસ નામનું સરોવર છે એટલે મનને જ માનસનું રૂપક આપેલું છે.

સ્થાનક ન મળ્યુંઃ જલને સમાવાને માટે જગા ન મળી.

પાછું ન વળ્યુંઃ તોફાન પાછું ન વળ્યું, તેનું જોર કમી ન થયું.

સ્થલ સાથ ભળ્યુંઃ જલ અને સ્થલ એક થઇ ગયાં. પાણીથી બધું એકાકાર થઇ ગયું.

આખર ન કળ્યુંઃ આનું આખર–આખર પરિણામ શું આવશે તે કળાતું, સમજાતું નથી.

પૃ. ૪૬. અશ્રુને આવાહન

આ કાવ્યમાં પૃ. ૪૭ ઉપરના, નથી પાસે એ શ્લોકનો પહેલી

બે પંક્તિઓ પ્રો. બલવંતરાય ઠાકોરના 'એક તોડેલી ડાળ' ની પ્રથમ બે પંક્તિઓ ઉપરથી લીધેલી છે. એ પંક્તિઓ નીચે પ્રમાણે છે:

નથી પાસે કોઈ મૃદુ હૃદયને શાન્ત કરવા,
ચુમી અશ્રુ છાતી સરસોં ધરોં પીયૂષ ભરવાઃ

ભણકાર પૃ ૯

જુઓ સંવત્સરી વ્યાખ્યાન. યુગધર્મ ૪, ૨૭૮

પૃ. ૪૮. પ્રણયમાં કાલક્ષેપ

કેટલીએક પંક્તિઓનો અર્થ અસ્ફુટ છે.

પ્રણયમાં કાલક્ષેપ એટલે પ્રણય કરવામાં વિલંબ કરવો તે.

નહીં આવે:—પ્રણયીના હિતમાં પ્રણય કદી આડે આવતો નથી એમ કહેવું પડે તે, પ્રિયતમ સખે! લાયક ન ગણાય. તો પણ તને શું આ વાત ખોટી લાગે છે? તારા તરફ દયા*—સ્નેહ રાખનાર મારા તરફ શું તું નિર્દય થઇશ? તું વિચાર કરી જો, વિચાર કરીશ તો તારા અનુભવમાં મારા કહેલા સત્યનો નવો અંકુર તું જોઇશ.

વિચારે કે: શ્રી કરુણાશંકરની પ્રતમાં બીજી પંક્તિમાં વચમાં વિરામચિન્હ નથી. એ પાઠથી અર્થ સુગમ થાય છે.

અર્થ—વિચાર કરવાથી અથવા ક્ષણ પણ મોહું થવાથી પછી વળશે નહિ—અર્થ સરશે નહિ, પ્રેમ મળશે નહિ. એ તો જ્યારે

* 'દયા' શબ્દ કાન્ત ઘણીવાર પ્રેમના અર્થમાં વાપરતા જણાય છે. કદાચ અંગ્રેજી શબ્દ charityના બન્ને અર્થો—ખાસ કરીને બાઇબલની ભાષામાં—થાય છે એ ઉપરથી એવો અર્થ કર્યો હોય. સરખાવો 'પરિપૂર્ણ દયારસ' વત્સલનાં નયનો. પૃ. ૭૯. આવી જ રીતે વાત્સલ્ય શબ્દ પણ પ્રેમના અર્થમાં વાપરતા જણાય છે.

મળે છે ત્યારે પણ સમય વહી જતાં મળી શકતો નથી. રસ વરસતો હોય ત્યારે જ સ્નાન કરી લેવું જોઇએ. શું હજી તને બહુ વહેલું છે એમ લાગે છે? નહિ નહિ, એવો વિચાર હૈયે ધરીને વિલંબ કરવો ન જોઇએ.

નથી તારૂં: વિલંબ નહિ કરવો જોઇએ કારણ કે આ રસની વર્ષા કાંઇ તારી નથી, તારી સત્તાની નથી, એ તો કુદરતી રચના છે, કુદરતથી જ એ બંધાય છે અને કુદરતથી જ પોતાની મેળે તૂટી જાય છે. માટે જ્યારે મળે ત્યારે જ તેનો લાભ લઈ લેવો જોઇએ, વૃથા કાલક્ષેપ કરવો ન જોઇએ. એ જ વાત બીજા રૂપકથી કહે છે. નભોમંડળનું જે સંગીત શ્રુતિ પર પડયું છે તેને સાંભળવા અનુકૂલ સમય મેળવવાનો રાહ ન જો, એ સંગીત ઘણું વિરલ છે કારણ કે ઘણે લાંબે અંતરેથી આવે છે.

સુધાનાં સત્ત્વોનું: પ્રેમ, સુધાનાં સત્ત્વોનું મધુર મધુ કાઢયું હોય તેવો છે તે કોને ન ગમે? એવા પ્રેમ તરફ સ્વાભાવિક રીતે જ પ્રેરાતું હૃદય, કાલક્ષેપના વિચારથી, તું હઠપૂર્વક શા માટે દમે છે? એમ દમવાનું કશું કારણ નથી. હવે તો પ્રેમ-પક્ષીને ઉચિત સ્થાને જવા માટે તારા હૃદયપિંજરને ઉઘાડું કરી દે કે જેથી તે ઘેલું બની પોતાને અનુકૂળ પ્રેમરૂપી કુસુમ-રજમાં આળોટી મૂર્છિત બને.

પૃ. ૪૯. રતિને પ્રાર્થના

આ કાવ્ય સંબંધી પ્રો. ઠાકોર કહે છે:

"આજ સાલ [૧૮૯૦] માં ૨૨ મી ઓક્ટોબરે વડોદરેથી ટપાલમાં નાંખેલી **રતિને પ્રાર્થના** બ્હને ૨૩ મીની રહવારે મુંબઇમાં મળી. આના મૂલ કાગળમાં મથાળે ઇંગ્રેજીમાં

To

Rati, the Goddess of Friendship*

એટલું વધારે છે" યુગધર્મ ૪,૨૭૭

રસમય બન્યો°: તેં ક્રીડા પ્રદર્શિત કરવાથી હું રસમય બન્યો. અને સ્પર્શે સ્પર્શે મને પ્રેમવશ કરવાને તેં સગર્વ પ્રયત્નો કર્યા. તારાં નવલ મધુરાં હાસ્યોથી મારું હૃદય દ્રવી જઈ તારે શરણે ગયું છે. તો હે રતિદેવી! હવે બસ થયું, હવે બચાવ, હવે વધારે પ્રયત્નો કરવાની જરૂર નથી.

મૃદુ મદભર્યા°: "'નયન નમણાં' એ બે લીટી, રા. રા. ભાઈ લાભશંકર પ્રભુરામ ભટ્ટ, આ [પહેલાં પત્ની] નર્મદાનું સૂચન કરે છે, એમ જણાવે છે. એની આગલી લીટીમાં 'વિરલ કચથી' એટલે આછા વાળ એવો અર્થ નથી; બધાં ગાત્ર આચ્છાદી શકાય એટલા બધા અને એવા લાંબા વાળ, જે કોઈકને જ હોય છે, એવો અર્થ છે; અને નર્મદાના વાળ હતા પણ એવા."

લાલી યુગધર્મ ૪, ૨૭૯.

આ 'વિરલ' જેવો જ અવળો પ્રયોગ 'પ્રમત્તાવસ્થા' શબ્દનો આપણે આગળ 'ઉદ્‌ગાર' (પૃ. ૪૨)માં જોઈ ગયા.

કાવ્યમાં બે જુદા વિચારો રસરૂપ થઈ એકત્વ ક્રેમ પામે છે તેનો આ યોગ્ય દાખલો છે. કાવ્યનો મુખ્ય ભાવ મિત્ર તરફનો સ્નેહ છે. એ સ્નેહ અને પત્ની તરફનો સ્નેહ વસ્તુતાએ ભિન્ન છે. પણ પ્રસંગ મળતાં, કવિ એ બંને સ્નેહના એક જ અભિન્ન રસબિન્દુ આગળ સરી જાય છે અને મૈત્રીની દેવીનું મૂર્ત્ત સ્વરૂપ પોતાની હૃદયેશ્વરીની મૂર્ત્તિને અનુસરી વર્ણવે છે.

* અર્થાત્ 'મૈત્રીની દેવી રતિને'.

અધિક સુખના° : આજે વધારે સુખપ્રદ કામ ઉપર તારો નિયોગ, તારી નિમણૂક થાય છે. માટે હે કાન્તે! પ્રવાસે જવા માટે જરા પાંખો પહોળી કરવી જોઇએ. રહવાર ન પડી ગઈ હોય અને હજી તારા દેખાતા હોય એ સમયે તારે વેગથી વિમોહમયી જઈ પહોંચવું.

" ' વિમોહમયી ' શબ્દ મુંબાઇને માટે વાપર્યો છે. અંબાલાલભાઇ મુંબાઇને મોહમયી કહેતા. " યુગધર્મ ૪. ૨૭૭.

નિજ સદનમાં° : મિત્રને એટલે કર્તાના મિત્ર, પ્રો. બળવંતરાય ઠાકોરને. " ' સમાગમ ચિત્ર ' એ શબ્દો અમે બેયે થોડા વખત ઉપર સાથે પડાવેલી છબીને માટે છે. " આ ગ્રુપ કાન્તમાલામાં [પૃ. ૩૨૫ સામે] છે. પ્રહર પણ° અન્વય—આજે જે અંતનો અર્થાત્ છેલ્લો એક જ પ્રહર વીતે તેજ પ્રહર, હે પ્રિયે! તહારા બલવંતનો જનનદિન પણ છે. તા. ૨૩મી અકટોબરની વહેલી સવાર એ પ્રો. બલવંતરાયના જન્મનો સમય, તેને અહીં તા. ૨૨મીનો છેલ્લો પ્રહર કહેલો છે, જો કે બરી રીતે તા. ૨૨મી રાતના ૧૨ વાગે પૂરી થાય.

સ્ફુરિત કરજે° : સખી! આવું સ્વપ્નું તું તે મિત્ર નિદ્રા કરતો હશે તેનામાં સ્ફુરાવજે, કે જાણે, મિત્ર રાત્રે ફરવા નીકળ્યો હોય અને ત્યાં ત્વરિત—એકદમ, હર્ષ મિશ્રિત વિસ્મયે, રસાલ નવી વયની બે બાલાઓ(રિદ્ધિ અને સિદ્ધિ)ને વિમલ કુસુમો વરસાવતી નિરખે.

પૃ. ૫૦. લલિત નમને° : એ બે બાલાઓ સુહૃદને ' આયુષ્માન્ ' થવા વરદાન આપે; મીઠા કંઠથી ' જય જય 'નાં વચનો કહે; અને અભિનય વડે અંગોની અદ્‌ભુત સુકોમલતા છતી (વ્યક્ત) કરીને, આકાશના તારા જેવાં પ્રકાશતાં જલધિનાં જલમાં પડીને અલોપ

થઈ જાય. આ " કલ્પના હિંદુ અને ગ્રીક વિચારોનું રમ્ય સંમિશ્રણ છે." યુગધર્મ ૪, ૨૭૭.

સ્વન મધુરતાં: ઉપરના સ્વપ્નના સુખની અસર જતી રહે એમ નહિ—એકદમ આઘાત લાગે એમ નહિ—પણ ધીમેથી, મધુર કોમળતાથી, જગાડવા કહે છે. તે મધુરતાને કવિ વાદ્ય બંધ પડતાં તેનો મધુર રણકારો ચાલે તેની અને સુગન્ધી દ્રવ્ય દૂર જતાં તેની જે મધુરતા સર્વ અંગમાં વ્યાપી જાય તેની સાથે સરખાવે છે.

રવિકિરણને: ઉત્તરાર્ધ–સૃષ્ટિમાં વિજયના જેવો મહોત્સવ દર્શાવીને મિત્રની હર્ષપ્રકાશિત દૃષ્ટિમાં પ્રણયને—સામાન્યરૂપે અથવા કવિ માટેના અથવા કવિના પોતાના—ઠરતો જોજે.

નજર જ: તેવામાં જો બલવંતની નજર કવિની પ્રતિમા (છબી) ભણી પડે તો તારે કવિની પ્રતિમાનાં નયનોની પ્રભા તરત બદલાવી નાંખવી. અને એવું દેખાડવું કે જાણે કવિનું મુખ હમણાં જ સામે આવીને મિત્રને અભિનન્દન આપશે, અને એમ દેખાડીશ ત્યારે, મારી છબીનાં નયનની એ પ્રભામાં પ્રકટિત થતા સ્નેહને એ સ્નેહી સખા પણ અભિનન્દન આપશે એ તું જોઇશ.

રતિરસ બધે: કાવ્યના પ્રારંભમાં સ્પષ્ટ છે કે રતિ પોતે કવિને રસમય કરવા પ્રયત્ન કરે છે તો તેને પાછાં આવવાને અને કયારે કયારે ફરી મળવાને વીનવણી કરવાની જરૂર નથી એમ શંકા થાય. પણ સ્નેહ ગમે તેવો પૂર્ણ હોય છતાં તે અધીરો જ હોય છે અને સ્નેહી મુસાફરીએ જતું હોય તેને પાછાં આવવાનું કહેવું એ સ્વાભાવિક છે એ રીતે છેલ્લી ઉક્તિયોનું સમર્થન થઇ શકે.

પૃ. ૫૧. પ્રમાદી નાવિક

કાવ્યનું મૂલ નામ 'નિરાશ નાવિક' હતું.

પતિએ ભવસાગરમાં સાથે ચાલનાર સહચરીને પોતાના પ્રમાદથી ખોઈ તેનું આ કાવ્ય છે. પતિને સાગરનો પ્રમાદી નાવિક એટલા માટે કહ્યો છે.

સુધાધવલ અંતથી, ચાંદની રાતની ક્ષિતિજથી. ચાંદની રાતે ઘણી વાર ક્ષિતિજમાં વિદ્યુત્‌ના ઝબકારા થતા હોય તેવું દેખાય છે. અને વળી દરિયાનું દૃશ્ય છે એટલે દૂરના પાણી ઉપર પ્રકાશ એવો દેખાય એ સ્વાભાવિક છે.

ગણી ઉભય અર્થ સર્વ ભટકયાં મહોસાગરેઃ અમે બે એકબીજાને સર્વ અર્થ છીએ એમ ગણીને; અમારા સહચારમાં જ અમારી સર્વાર્થસિદ્ધિ છે એમ માનીને.

જતાં નિકટ°ઃ અમારી સફરમાં બંદરો નજીક જઈ ચડતાં, અમે તેને જોતાં જોતાં "આ બંદરો સુખનાવ (pleasure boat) ને શું સમજે!" એમ કહી હલેસાંથી વહી જતાં, બંદરોને વટીને ચાલ્યાં જતાં. અમારૂં નાવ વેપાર કે સરત કે લડાઈ માટે ન હતું માત્ર સુખની સફર માટે હતું. તેને આ બંદરો સાથે શી લેવા દેવા હોય!

પૃ. ૫૨. હતાં સજલ નેત્ર બે : મુજ ભરેલ નિદ્રાલસેઃ તેનાં નેત્રોમાં આંસુ હતાં અને મારાં નેત્રો નિદ્રા અને આળસથી ભરેલાં હતાં.

કરાલ રજની°ઃ પ્રમાદી નાવિક પ્રમાદના પશ્ચાત્તાપમાં અને પ્રિયાવિયોગના આઘાતથી દરિયામાં પડતું મૂકી જીવનનો અંત આણે છે.

પૃ. ૫૩. વિધુર કુરંગ

શશી નિરખતો°ઃ શશીને જોઉં છું અને ગગનના મધ્યમાં

ઊંડી દગ કરી, તે સુદૂર દગથી કુટુંબરત તારલાઓ પાછા જોઉં છું. કુટુંબરત તારલાઃ કવિ પોતાના વૈધુર્યથી, તારાનાં ઝૂમખાંમાં કુટુંબભાવ આરોપે છે. શા ઝઘડા!

પ્રિયાઃ "શાવ, તે મણિશંકર અને આ [પહેલી પત્ની] નર્મદાનો પુત્ર પ્રાણલાલ.' યુગધર્મ ૪, ૨૭૯.

હતી કહિનઃ વિધુર કુરંગે પત્ની જતાં બાલમૃગની સંભાળ લેવા માટે શીંગડા વડે જરા જમીન સુંવાળી કરી હતી અને શયન પાસેના કાંકરા જિહ્વાગ્રથી લઈને દૂર કર્યા હતા. આસપાસની ઊડતી ધૂળ તો ખરતાં આંસુથી જ શમી ગઇ હતી. પણ તેનાથી ઠંડી થવી જોઇએ તે થતી નહોતી કારણ કે તેની ઠંડી ઉષ્ણ નિઃશ્વાસ હરી લેતો હતો.

પૃ. ૫૫. વિપ્રયોગ

સરખાવો કલાપીનું 'એકલો હું' (કેકારવ પૃ.૧૬૫) જાણીજોઈને.

પ્રથમ આ કાવ્ય બે જ કડીનું હતું:—

આકાશે એની એ તારાઃ
એની એ જ્યોત્સ્નાની ધારાઃ
તરુણ નિશા એની એઃ—દારા
ક્યાં છે એની એ?

એ તો હાવાં નહિ જોવાનીઃ
આંખલડીએ નહિ લ્હોવાનીઃ
અંત સુધી મ્હારે રોવાની
દારા એની એ.

પછીથી કર્તાએ સ્વીકારેલા નવા ધર્મમાં તેમને આ નિરવધિ વિયોગની નિરાશાને બદલે સ્વર્ગમાં મળવાની આશા થાય છે

અને તેથી, જેમ 'ચક્રવાક મિથુન'માં નવી ભાવના પ્રમાણે તેમણે કાવ્યમાં ફેરફાર કર્યો તેમ અહીં પણ કર્યો. આ સંબંધી પ્રો. ઠાકોર કહે છેઃ—

"કોણ કહેશે કે આ ફેરફારોથી કવિતા નથી બગડી?"

યુગધર્મ ૪, ૨૭૯.

અને અલબત પાઠ બદલાતાં રસ બદલાઇ જાય છે અને નવો રસ જૂના જેવો સઘન તો નથી જ.

પૃ. ૫૬. મત્ત મયૂર

મારી કીર્તીના સમયની, તે પછી લખાયેલી. ૧૮૯૦ ઑક્ટોબરના બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ થઈ.

પૃ. ૫૮. મુગ્ધાને સંબોધન ઇ.સ. ૫.?

છેલ્લી કડીઃ ચાલ જો ચહીયે=ચાલો આપણે સ્નેહ કરીએ.

પૃ. ૫૯. અજ્ઞાન સખા પ્રતિ

કાન્તને ઉદ્દેશીને લખેલું નૂતન સખા પ્રતિ કાવ્ય કલાપીએ કાન્તને મોકલેલું (જુઓ શ્રી કલાપીનો કેકારવ પૃ. ૬૮૪ સદર કાવ્ય ઉપરની શ્રી સાગરની નોંધ.) કાન્તનું આ કાવ્ય તેના ઉત્તર રૂપે છે (શ્રી મુનિકુમાર સંપાદિત 'કલાપીના પત્રો' પૃ. ૧૬). આ કાવ્યનો ફરી ઉલ્લેખ કાન્તમાલા પૃ. ૩૪૫ મે પત્ર ૩૯ માં છે.

અર્થ બરાબર સ્ફુટ નથી. કર્તાની ધાર્મિક માન્યતાઓનો આમાં ઉલ્લેખ છે એટલું સ્પષ્ટ છે.

નૂતન સખા પ્રતિ કાવ્યમાં કલાપીએ પોતા વિશે જે લઘુતા પોતાની અવજ્ઞા બતાવેલી તેને માટે કહે છે કે આવી લઘુતા તારા શબ્દોમાં ઘટતી નથી. એવી લઘુતા એ માયાની જડતા છે. તારું હૃદય પણ કેમ આવી ભૂલ કરે છે? તારી આસ્થા કેમ

ડગી જાય છે ? પ્રણયરસની બ્રાહ્મી સ્થિતિ કેમ વિસ્મરે છે ?

આત્માનો એ રસ એટલે પ્રણયરસ કદી કમી થતો નથી. આત્મા તો ચરાચરમાં રસમય થઇ પ્રગટ (છતો) રૂપે વિલસે છે. આત્માના એ સ્વરૂપનું સ્મરણ કરજો, અને ઈશ્વર જે સકલમય છે, અથવા જે ધર્મ ઈશ્વરનું સકલમય સ્વરૂપ સમજાવે છે, અથવા જે ધર્મ સકલમય (universal) છે ત્યાં આવીને મને મળજો.

પૃ. ૬૦ આશાગીત

આત્મામાં નવી સ્ફુરતી દિવ્ય આશાનું આ ગીત છે; ધર્મ પર દૃઢ આસ્થાથી જે ઉદ્ભવે છે તે આશાનું.

અહા શાં : આશા ઊંચેથી નીચે આત્મા ઉપર સ્વરો વરસાવે છે અને એ સ્વરમાં સ્નાન કર્યાથી બળેલો આર્ત્ત આત્મા કેવો ઠરે છે !

ખરે શું : એક જ કડીમાં બે વાર 'ખરે' આવે તે સંભવિત નથી લાગતું. પ્રો. ઠાકોર અરે–ખરે પાઠ વધારે સારો ગણે છે. (આપણી કવિતાસમૃદ્ધિ ૧લી આવૃત્તિ પૃ. ૧૨૭); આ ખરે ના દુરાગ્રહ

સ્નેહના સ્વર્ગમાં અમે સાથે ફરીશું એવો દિવસ શું ખરેખર આવશે ? અરે, આશા શું તું ખરે જ આમ કહે છે ? સ્નેહના સ્વર્ગમાં એટલે સ્નેહનું સ્વર્ગ માનનાર નવા ધર્મમાં, સ્વીડનબોર્ગે દર્શાવેલ નવા ક્રિશ્ચન સંપ્રદાયમાં. એ ધર્મ સ્વીકાર્યા પછી કવિની મોટામાં મોટી ચિન્તા અને આર્ત્તિ એ હતી કે તેમનાં પત્ની એ ધર્મ સ્વીકારી શકતાં નહોતાં. અહીં એ ધર્મના સહચારની ઉત્સુકતા અને આશા દર્શાવેલી છે.

અને શું : ધર્મનો સહચાર માત્ર બસ નથી. આ નવીન ધર્મના સ્વીકારથી જે સહન કરવું પડયું તેનો સ્વજનને થયેલો જખમ પણ રૂઝાશે ? એ જખમ પણ શુદ્ધ હૈયાનો હતો. એ

જખમ પણ સ્વજનનું આભિજાત્ય અને હૃદયનું કોમલત્વ બતાવે છે. જખમ રૂઝાઈને એ સ્વજન મારી સાથે ચાલે તો તો કેટલી દયા થઈ ગણાય!

નહીં પરવાઃ અમને કશી પણ ઐહિક ચીજની પરવા નથી. હે આશા! જો માત્ર તેને, મારા નવા ધર્મમાં હજી આસ્થા નથી થઈ એવાં મારાં આત્મીય જનને, સંતોષ (satisfaction), નવા ધર્મની પ્રતીતિ થાય તો મારો ઉદ્ધાર થઈ જાય. અરે, તે જ સ્વજન પછી મારો ઉદ્ધાર કરે.

નિહાળું હાંઃ નવા ધર્મના સ્વીકાર પહેલાં સખીનો જે સૌમ્ય રસ દેખતો હતો, તે જ જૂનો–અસલ રસ ઘડી પણ હું જોઉં, તો આ હૈયું સુખથી ભવસાગર તરી જાય.

મને તવઃ હે આશાદેવી! મને તારા ગાનમાં મીઠી આસ્થા સદૈવ રહેલી છે. એ દિવ્ય સ્વરો મને સાંભરે છે અને સાંભરે છે ત્યારે મારા જીવનને ભરે છે.

પૃ. ૬૧. અનામી નામ

અર્થ અસ્ફુટ છે. 'અનામી નામ' એ શબ્દો કદાચ જીસસ ક્રાઇસ્ટ કે સ્વીડનબોર્ગને ઉદ્દેશીને હોય.

તને પણઃ આખરે એટલે મૃત્યુ પછી. ખરું પ્રેમસુખ મૃત્યુ પછી જ મળી શકે છે એવી તને પણ પ્રતીતિ છે. તો હું આ દુનિયામાં કોઇને પણ સૌહાર્દસુખ ક્યાંથી આપી શકું?

અને જ્યારેઃ આ સંસારમાં તો તારું નામ કોઇને કહેવાનું નથી પણ જ્યારે રસીલા જીવનસાગરે વહેવાની આશા સિદ્ધ થશે, ત્યારે વિશ્વને વહાલું તારું અનામી નામ સ્વર્ગના વીણામુખે પ્રતિક્ષણ લઇ શકાશે.

પૃ. ૬૨. પુરાની પ્રીત

સ્વરો તારા° : જે સ્વરો હાલ તું કાઢે છે તે મને અવશ્ય મીઠા તો લાગે છે; પણ હજી બીજા, અન્ય પ્રકારના–મારો નવીન જીવનપંથ ઉજાળે એવા–સ્વરો મારો આત્મા તારી પાસે માગે છે.

તને ચાહું° : આવા નવીન સ્વરની આશા રાખું છું એ ખરૂં છતાં કોઈ પણ બીજી વ્યક્તિના સ્વરોમાં મને સંતોષ તો નથી જ.

નહીં એ° : ગમે તેવી અન્ય સ્મૃતિની લહરો તારા માનસતટ પર આવી આવીને અથડાતી હોય પણ એટલું તો નિશ્ચિત છે કે જે સ્વરો હું માગું છું તે તને અજાણ્યા નથી જ. હું શું માગું છું તે તું પણ જાણે છે અને તેનું ભાન અન્ય સ્મૃતિઓમાં તને કદી લુપ્ત નથી થતું. 'સુજે તેવી' એટલે 'ગમે તેવી,' 'ગમે તે'.

સખી ! જો° : જે ઈશ્વરની ઉપાસના હું કરૂં છું તેની જો કોઈ પણ બાની તું સાંભળે તો તારો આત્મા સુખેથી ભ્રમનો ભેદ છોડી દે.

અને એ બાનીનો પડઘો છેવટે બ્રહ્માંડમાં ફેલાતાં (આપણી) પુરાની–પહેલાંની સાચી પ્રીત આ સ્વપ્ન જેવા સંસારમાંથી પાછી જાગૃત થાય.

પૃ. ૬૩. રજની માગણી

આત્માના ખરા નિવાસ તરફ સત્યધર્મપથ જવાને માટે સખી પાસે, સ્વજન પાસે, આત્મા રજ માગે છે.

રજ આ° : હંસ એટલે આત્મા. ઘણા પ્રાચીન કાલથી હંસ એ આત્માનું પ્રતીક મનાતો આવ્યો છે. હંસ માનસનેઃ માનસ

સરોવરના હંસને.* માનસ સરોવર એ અહીં આત્માના સત્યધામનું રૂપક છે. હંસ સમય થયે પોતાના ખરા નિવાસ માનસસરોવર તરફ જાય છે અને માટે રજા માગે છે. સ્નેહીથી જુદાં પડતાં તો દુઃખ લાગે; રજા આપવા દિલ કહ્યું કરે નહિ, પણ આ સ્નેહની વ્યથાઓ નસીબમાં માંડી હોય છે તે સૌને સહેવી પડે છે.

જવાનું જ્યાં: જ્યારે બધાઓને એક દિવસ 'આત્માને ત્યાં'– આત્માના ધામમાં જવાનું જ છે ત્યારે છૂટાં પડતાં થોડો સમય તો સ્થિરતા રાખવી જોઇએ, સ્વસ્થતા રાખવી જોઇએ.

સદા એ હંસ તો માનસ સરોવરે પણ પોતાના સ્નેહીને અર્થાત્ તને સંભારશે પણ તને પણ તેના સમાગમની તૃષા જેવી

---

* આ વ્યુત્ક્રમનું દૃષ્ટાન્ત છે. પ્રાચીન કવિઓનાં કાવ્યોમાં શબ્દોના આવા ઉલટા ક્રમોના ઘણા દાખલા આવે છે. નરસિંહ મહેતાથી દયારામ સુધી સર્વેએ એના પ્રયોગો કર્યા છે. એમાં કાંઇક ભાષાની ઓર જ ખૂબી અનુભવાય છે. ઘણે ભાગે તેમાં છઠ્ઠીનો પ્રત્યય લુપ્ત હોય છે. જેમ કે "વાત પકવાનથી ભુખ ન ભાગે" (નરસિંહ મહેતો)–પકવાનની વાતથી ભૂખ ભાગે નહિ. આધુનિક સાહિત્યમાં રચનાવૈચિત્ર્ય માટે, અર્થ-ઘનતા માટે, શબ્દો અને અક્ષરોના લાઘવ માટે, ભાષાને પ્રતિકૂલ એવો અનેક છૂટો લેવાય છે પણ આ રચનાવૈચિત્ર્યનો કોઈએ બુદ્ધિપૂર્વક ઉપ-યોગ કર્યો જણાતો નથી. કાન્તે આ પ્રયોગ જૂની ગુજરાતીના અભ્યાસથી કર્યો હશે કે કેમ તે કહી શકાતું નથી પણ ભાષાના પ્રભુત્વ અને સ્વાભા-વિક રચનાકૌશલથી તેમને એ સિદ્ધ છે. સરખાવો.

છાયા તરુવર તીર [પૃ. ૯૭] તીર ઉપરના તરુવરની છાયા.

વ્યુત્ક્રમ સિવાય પણ વિભક્તિઓના પ્રત્યય લુપ્ત રહી શકે છે. સંસ્કૃત ભાષામાં સમાસોથી જે શબ્દલાઘવ આવે છે તે ગુજરાતીમાં આ રીતે આવે છે. આવા પ્રત્યયલુપ્ત શબ્દોને સમાસ ન ગણવા જોઇએ અને તે જુદા લખાય એ ભૂલ નથી.

ને તેવી, છે તેવી ને તેવી રહેશે તો ખરી ના! અને જો રહેવાની હોય તો—

બધું તોઃ—તો આપણું જૂનું નવું કંઈ કંઈ સંભારી રાખજો કારણ કે નિજવાસમાં–આત્માના વાસમાં તું આવીશ ત્યારે મળીને એ બધી વાતો મને કહેવી પડશે, હોં!

પૃ. ૬૪. મિત્રને આમંત્રણ

તપની એટલે? 'જને', 'ગાને', ના અર્થમાં 'જની' 'ગાની' એવા સૂરતી પ્રયોગો છે. આ તેવો પ્રયોગ જણાતો નથી. 'તાપણી' (નામ) એવો અર્થ હોઇ શકે–જો કે ભાષાની છૂટથી જ. સૂકલ ઘાસમાં હે મૂરખ! શાને તાપણી તાપે છે?

આખું કાવ્ય ઉપદેશાત્મક છે અને પોતાના જ જીવને મિત્ર તરીકે સંબોધીને કહ્યું હોય એમ લાગે છે. જીવને સંબોધીને ભજનો ગાવાની આપણામાં જૂની પરંપરા છે. ભજનોમાં છેલ્લે 'જી'નાં પુનરાવર્તનો આવે છે તે પણ 'જીવ'ને જ સંબોધનો છે. પ્રત્યુત્તરમાં માનાર્થે 'જી' આવે તે પણ **जीव** ઉપરથી જ થયું છે.

પૃ. ૬૫. અગતિગમન

પ્રો. બલવંતરાય ઠાકોરના "'અદૃષ્ટિદર્શન' ઉપરથી સૂચિત થતાં લખેલું." જુઓ યુગધર્મ ૪, ૨૭૬. જુઓ ભણકાર પૃ. ૨૪ અને પૃ. ૧૧૮; વળી જુઓ મ્હારાં સોનેટ પૃ. ૪૯; તથા કાન્ત-માલા પત્ર, ૧૯, પૃ. ૩૩૨.

બધા તારાઓ ઝાંખા છે, વિધુ-ચન્દ્ર મહીં પણ તેજ દેખાતું નથી અને પથિક અર્થાત્ રસ્તા ઉપરનાં [ભાષાની છૂટ] તરુઓની છાયાથી સઘળે અંધારું થયેલું છે. તેમાં ચરણ ચાલતું નથી, અને દિલ દૂર જાય છે; બીજે તો કયાં જાય? પ્રિયહૃદયની પાસે જાય છે.

વિચારો રેલીનેઃ વિચારો રેલીને સર્વત્ર પ્રણયરસને ઉભરાવે અને એ રસમાં ન્હાતાં ન્હાતાં સ્નેહીઓનાં હૃદયો પરસ્પર આલિંગન કરે.

અને ત્યારેઃ ત્યારે આંખો પણ સ્વપ્નમાં શિશુની હોય તેવી, મૃદુ બની જાય અને શિરના સહજ સ્વલ્પ નમને સ્વર્ગ તરફ જતી હોય એમ ભાસે છે; પણ બીજી જ ક્ષણે આ આભાસ બંધ થાય છે અને હૃદય પાછું આ દુનિયામાં વાસ કરવા માંડે છે અને અંધારાને સમજીને ચરણ અંધારાથી શીઘ્ર ખસવા માંડે છે.

આ દુનિયાના ઘોર અંધારામાં ઓચિંતાં જ ઘડીભર ચિત્ત પ્રેમસમાધિ લઇ લે છે, પ્રેમમાં જ સ્વર્ગની ઝાંખી કરી લે છે, અને એ દર્શનથી પ્રકાશ અને બળ પામીને પાછું દુનિયાના અંધારાથી દૂર રહીને ચાલવા માંડે છે.

પૃ. ૬૬. પ્રણય વચન માટે પ્રાર્થના

મિસિઝ બ્રાઉનિંગના Sonnets from the Portuguese માંથી ૨૧મા સૉનેટનું ભાષાન્તર છે.

પ્રથમ ખંડઃ ચાહે છે એવું વચન ફરી ફરી કહે. હે કવિવર, તેં તારા કાવ્યમાં લખ્યું છે તેમ, ફરી ફરીને કહેવાથી ભલે એ કોકિલના કૂજન જેવું બની જાય.

બીજો ખંડઃ કોકિલકૂજન જેવું એ બની જાય તેની કશી ફિકર નહિ. કારણ કે નદીતીરે કે ખીણે કે ગિરિપૃષ્ઠ ઉપરના વનમાં કોઈ પણ જગાએ બીજી ગમે તેટલી કુદરતલીલા ભેગી થાય પણ એ કોકિલના ટહુકા વિના વસન્ત પ્રસરી શકતી નથી. એ કોકિલ એ જ ખરી વસન્તલીલા છે માટે તારાં વચનો ભલે કોકિલકૂજન જેવાં લાગે.

ત્રીજે ખંડ: ત્યાં એ તારાં દૈવી જેવાં વચનો મારા શ્રવણ પર પડયાં, પણ મને તારા પ્રેમની ખરેખર પ્રતીતિ તે વખતે ન થઈ, કારણ કે હું તે વખતે અંધકારમાં–અજ્ઞાનમાં હતી, માટે વીનવું છું કે તું મને ચાહે છે એ વચન ફરી પણ કહે.

ત્રીજા ખંડ પછી નીચેની બે પંક્તિઓ પ્રથમ હતી તે પૂર્વાલાપમાં નથી. અસ્ફુટ હોવાથી કાઢી નાંખી હશે.

નહીં કોને લાગે પ્રિય અધિક તારા ગગનમાં?
ઉપેક્ષા કોને છે અધિક કુસુમોની ઉપવને?

તારાઓ આકાશમાં પોતપોતાને માર્ગે ગમન કરે છે તે છે તે કરતાં વધારે હોય તો પણ કોને અધિક પ્રિય નહિ લાગે? તેમ જ ઉપવનમાં કુસુમો બહુ થઈ ગયાં છે એમ ધારી તેની ઉપેક્ષા કોણ કરે? અર્થાત સુંદર વસ્તુ બહુ થઈ ગઈ એમ કહેવાય જ નહિ. તું પણ તારા પ્રેમનું વચન કહ્યા જ કર. તેને સીમા ન જોઇએ.

ચોથો ખંડ: રજતજ ઝણત્કાર સરખી=રૂપાના રણકાર જેવી જ. એકાન્તો: મારી હાજરીમાં તો મને ચાહવાનું વચન જરૂર સંભળાવ પણ સાથે સાથે એકાન્તમાં, મારાથી વિખૂટો એકલો હો ત્યાં પણ મને ચાહવાનું છોડી ન દેતો. અસલ સૉનેટ નીચે મુજબ છે:

XXI

Say over again and yet once over again,
That thou dost love me. Though the word repeated
Should seem 'a cuckoo-song,' as thou dost treat it,
Remember never to the hill or plain,

alley and wood, without her cuckoo-strain,
omes the fresh Spring in all her green completed!
eloved, I, amid the darkness greeted
y a doubtful spirit-voice, in that doubt's pain
ry...Speak once more...thou lovest! Who can fear
oo many stars, though each in heaven shall roll-
oo many flowers, though each shall crown the year?
ay thou dost love me, love me, love me—toll
he silver iterance!—only minding, Dear,
o love me also in silence, with thy soul.

૬૭. સ્નેહ માટે સ્વર્ગત્યાગ

પ્રથમ ખંડઃ મારું મરણ સત્વર થાય તો પછી બાકીના વનમાં તને ઓછું આવે, કંઈક પણ ઊણપ આવે, એમ છે ું? આમ વાત છે? અને મારા મરણથી શું! તને રવિનાં કરણો પણ તેજહીન લાગવાનાં એમ?

બીજો ખંડઃ હું હમેશાં તારી જ રહી છું, પણ તારા અંતમાં આટલું ઊંડું સ્થાન મને મળી શકે એ તો મેં નહિ જ ણેલું. એટલે અત્યાર સુધી તો હું સ્વર્ગે જઈશ એમ મેં ારેલું, પણ આટલું મોહું પણ જાણ્યું ત્યારે તો મારાથી શી રીતે જ હવે સ્વર્ગે જવાય? રે, જીવ, ત્યારે હવે મરણની મમતા ોડી દે...બીજી સ્ત્રીઓ પ્રણયસુખને માટે મથી મથીને પદવી અને ૪ભીનનો ત્યાગ કરે છે ત્યારે હું પ્રેમની ખાતર કબરનો, મરણનો, વર્ગનો ત્યાગ કરું છું.

મસલ સોનેટઃ—

XXIII

Is it indeed so? If I lay here dead,
Wouldst thou miss any life in losing mine?
And would the sun for thee more coldly shine,
Because of grave-damps falling round my head?
I marvelled, my Beloved, when I read
Thy thought so in the letter. I am thine-
But...*so* much to thee? Can I pour thy wine
While my hands tremble? Then my soul, instead
Of dreams of death, resumes life's lower range!
Then, love me, Love! look on me...breathe on me!
As brighter ladies do not count it strange,
For love, to give up acres and degree,
I yield the grave for thy sake, and exchange
My near sweet view of Heaven, for earth with thee!

પૃ. ૬૮. પ્રણયની ખાતર જ પ્રણય

બધી એ ચીજો તો: ઉપર ગણાવી તે સઘળી ચીજો તો ફરી જાય અથવા ફરી ગઈ એવું તને ભાસે અને તેથી જેમ એ ચીજો જોઈને તું મારા તરફ અભિમુખ થયો તેમ જ એ વસ્તુઓ બદલાતાં અથવા બદલાયેલી લાગતાં તું વિમુખ પણ થઈ જાય.

દયા તારી: તારી દયા છે તેથી પણ તું સ્નેહ ન કરતો કારણ કે [કાંકે કાઠિયાવાડી પ્રયોગ] જે વ્યકિત તારી પાસે રહે, લાંબા વખત સુધી તારું આશ્વાસન લે તે, એ આંસુ વીસરાઈ જતાં એ પ્રીતિ પણ ખોઈ દે.

અસલ સોનેટઃ—

XIV

If thou must love me, let it be for nought
Except for love's sake only. Do not say
"I love her for her smile...her look...her way
Of speaking gently...for a trick of thought
That falls in well with mine, and certes, brought
A sense of pleasant ease on such a day"—
For these things in themselves, Beloved, may
Be changed, or change for thee,—and love so wrought,
May be unwrought so. Neither love me for
Thine own dear pity's wiping my cheeks dry,—
Since one might well forget to weep who bore
Thy comfort long, and lose thy love thereby.
But love me for love's sake, that evermore
Thou may'st love on through love's eternity.

પૃ. ૬૯. વ્હાલાંઓને પ્રાર્થના

સરખાવો કલાપીનું 'રોનારાં' અને 'વીત્યાંને રોવું'. જોજો પૃષ્ઠ ૬૬ ઉપર પાદટીપ.

પૃ, ૭૦. ગાનવિમાન

જુઓ 'રજની માગણી' [પૃ. ૬૩] અને તે ઉપરનું ટિપ્પણ. એ જ માનસની કલ્પના આ કાવ્યમાં પણ છે.

સખી : કવિની સ્વર્ગસ્થ સખી. જે માનસમાં, આત્મધામમાં અગાઉથી ગયેલી છે તે.

પલ્લવલ: સંસારરૂપી ખાબોચિયું.

દગે દગ° : આકાશના તારા જેવી તારી સ્નેહની દૃષ્ટિની મારી દૃષ્ટિ વડે હું ઝાંખી કરી શકું છું. પણ મારામાં પાંખની શક્તિ નથી.

રહ્યું કર્તવ્ય° : આ સંસારમાં મારે કાંઈ કર્તવ્ય પણ હવે રહ્યું નથી કારણકે તારો કલહંસ, [પ્રથમ પત્નીનો પુત્ર પ્રાણલાલ] પણ નિર્મલ હાસ્ય કરતો તારી સાથે આકાશમાં છે–એને મોટો કરવા માટે અહીં રહેવાનું કર્તવ્ય હવે નથી રહ્યું.

પૃ. ૭૨. વત્સલનાં નયનો

સપનાં–આદર્શો–અભિલાષાઓ, વિધુરાં–મદદ વિનાનાં થયેલાં નજરે પડે અને અંધકારના ખાડામાં ગુમ થાય તેનું કાંઈ નથી. પણ—

જુઓ પત્ર ૩૩. કાન્તમાલા પૃ. ૩૪૧–૪૨.

સરખાવો કલાપીનું ' એક સવાલ.'

પૃ. ૭૩. સ્વર્ગગીત

નીચેના જીસસના વચન ઉપરથી આ કાવ્ય લખ્યું છે.

And I say unto you, Ask, and it shall be given you; seek, and ye shall find; knock, and it shall be opened unto you.

For every one that asketh receiveth; and he that seeketh findeth; and to him that knocketh it shall be opened.

New Testament. St. Luke. c. xi, 9-10

કામે છેઃ કમાય છે. કાઠિયાવાડી પ્રયોગ.

પૃ. ૭૫. સ્થિતિભેદ

સરખાવો કલાપીનું 'કોને કહેવું!' ગઝલનું ટૂંક-ટૂંક.

૭૬. પવિત્ર ભોજન

નીચેનું જીસસનું વચન સરખાવોઃ

And Jesus said unto them, I am the bread of life: he that cometh to me shall never hunger; and he that believeth on me shall never thirst.

St. John. c. vi, 35.

પૃ. ૭૭. પ્રભુપ્રાર્થના

Lord's prayer ઉપરથીઃ—

Our Father which art in heaven, Hallowed be thy name.

Thy kingdom come. Thy will be done in earth, as it is in heaven.

Give us this day our daily bread.

And forgive us our debts, as we forgive our debtors.

And lead us not into temptation, but deliver us from evil: For thine is the kingdom, and the power, and the glory, for ever. Amen.

St. Matthew c. vi, 9-13.

પૃ. ૭૯. વ્હાલાંઓને ઉપદેશ

હસનારાંની સાથે° : સરખાવો.

Rejoice with them that do rejoice, and weep with them that weep.

New Testament. Romans c. xii, 15.

પૃ. ૮૦. કાર્ડિનલ ન્યૂમેનની પ્રાર્થના

અસલ નીચે પ્રમાણે છે :

The Pillar of the Cloud.

Lead, Kindly Light, amid the encircling gloom,
Lead Thou me on!
The night is dark and I am far from home,
Lead Thou me on!
Keep Thou my feet: I do not ask to see
The distant scene;—one step enough for me.

I was not ever thus, nor pray'd that Thou
Shouldst lead me on.
I loved to choose and see my path; but now
Lead Thou me on!
I loved the garish day, and, spite of fears,
Pride ruled my will: remember not past years.

So long Thy power hath blest me, sure it still
Will lead me on,
O'er moor and fen, O'er crag and torrent, till
The night is gone;

And with the morn those angel faces smile,
Which I have loved long since, and lost awhile.

પૃ. ૮૧. મહેમાનોને સંબોધન

કરજો માફ: ઈશ્વરની હમેશની ઉપાસનામાં પાપો થાય છે તો તમારી સેવામાં પણ હજારો પામર પાપો થયાં હશે તે તમે માફ કરજો.

માફી બક્ષવાની આ અરજમાં એવો પણ ધ્વનિ છે કે જે માણસ, ઈશ્વર પોતાના ગુન્હા માફ કરે એમ ઈચ્છતો હોય, તેણે બીજાંના ગુન્હા પણ માફ કરવા જોઇયે. જુઓ પ્રભુપ્રાર્થના ઉપરના ટિપ્પણમાં આપેલી Lord's prayer. પૃ. ૨૨૨. અને કલાપીની પંક્તિઓ:

તું માફ કર દિલદાર દેવાદાર છું,
છે માફ દેવાદારને મારા સનમ!

પૃ. ૮૨. વસંતપ્રાર્થના

વસો અમ°: અમારી પ્રકૃતિ રૂપી કુન્દનને પ્રણયદાન રૂપી ચેહ –અગ્નિમાં કસો. લતાકુસુમ=પ્રજા. જીવને=જીવનમાં. અપત્યના પરિશીલનમાં, બચ્ચાંઓના ઉછેરમાં વિમલ ધર્મને પામજો.

પૃ. ૮૩. સાગર અને શશી

આજ મહારાજ°: ઈશ્વરને સંબોધન છે. અન્વય : ચન્દ્રનો જલ ઉપર ઉદય જોઈને મારા હૃદયમાં હર્ષ જામે છે, અને સ્નેહ-રૂપી ધન, જે કુસુમવનના વિમલ પરિમલ (સુગન્ધ) ના જેવો ગહન છે તે–નિજ–પોતાના–સ્નેહના ગગનમાં અર્થાત્ હૃદયમાં ઉત્કર્ષ પામે છે.

નવલ રસ° : ચન્દ્રને જ અહીં પરમાત્માનું નવીન રસવાળું ધવલ નેત્ર કહ્યું છે.

જલધિજલદલ° : અહીં જલધિનાં મોજાંને દલ એટલે પાંદડીઓ કહેલી છે અને તેના પર તરવરતા ચન્દ્ર પ્રકાશને ઝળકતી દામિની, સૌદામિની, વીજળી તરીકે વર્ણવ્યો છે.

પૃ. ૮૫. પશ્ચાત્તાપ

છેલ્લી પંક્તિ : અને આ હું તારો દાસ, જેને એકવાર તારા નૂરની ઝાંખી પડેલ છે તે હું એ નૂરને ન ત્યાગું એમ માગું છું.

પૃ. ૮૬. ચંદાને સંબોધન

તને હું° : તે એ=તે પણ. તે એટલે આ કાવ્યમાં જેને સાથી કહેલ છે તે, કવિનું દૂરસ્થ સ્વજન. — ડૉ. ડાંગરે

અને તવ° : હું તને એટલે ચંદાને જોવામાં વખત ગાળું છું. કોઈના સામું જોવું એટલે તે વ્યક્તિની આંખમાં જોવું, માટે કહ્યું છે કે તવ નેત્રમાં; એક જ અરીસા જેવી વસ્તુમાં બે વ્યક્તિઓ એક સાથે જુએ તો એક બીજાની આંખને જોઈ શકે, માટે કવિ કહે છે કે હે ચંદા તારા નેત્રમાં તે સાથીના નેત્રનું પ્રતિબિંબ જોવામાં હું જેમ વખત ગાળું છું તેમ તે સાથી મારી આંખનું પ્રતિબિંબ તારી આંખમાં જોવાને વખત ગાળે છે કે નહિ ?

સખી હું° : હું તો નથી ઊંઘી શકતો, સાથી ઊંઘી શકતો હોય તો ઘણું સારું.

પૃ. ૯૦. સખીને આમન્ત્રણ

છાયા તરુવર તીર=તીરપરના તરુવરની છાયા. જુઓ 'રજની માગણી' (પૃ. ૬૩) ઉપરનું ટિપ્પણ.

જીવનરૂપી જલ, તેની રફટિક વિશદ વહેતી સુરસરિતા, તેના તીરપર તરુ, અને એનાથી શમતા મનુકુલના તાપઃ એ કલ્પના માટે જુઓ :

And he shewed me a pure river of water of life, clear as crystal, proceeding out of the throne of God and of the Lamb.

2 In the midst of the street of it, and on either side of the river, was there the tree of life, which bare twelve manner of fruits, and yielded her fruit every month : and the leaves of the tree were for the healing of the Nations.

The New Testament. Revelation. c. xxii, 1-2.

પૃ. ૯૧. પ્રાર્થના અને પ્રતિધ્વનિ

નથી એકની નાથ હોડી :° સરખાવો :

Let not them that wait on Thee, O Lord, God of hosts, be ashamed for my sake. Let not those that seek Thee be confounded for my sake, O God of Israel.

જુઓ પ્રો. નવલરામ ત્રિવેદીનો લેખ 'કાન્તની કવિતા'. ગુજરાત સાહિત્ય સભા. અમદાવાદ કાર્યવહી ૧૯૩૫. પૃ. ૧૦

પૃ. ૯૩. ધર્મ વિજય

છો સાતલાખ સવાર રકત સમુદ્રમાં સામે ધસે : બાઇબલના જૂના કરારના નિર્ગમનના આખ્યાનના ૧૪મા પ્રકરણમાં એવી

કથા છે કે મોઝીઝ અને ઇઝરાઇલ પ્રજા ઉપર ઇજિપ્તના લોકો ઘણો જુલમ કરતા હતા તેથી તે, ઇઝરાયલ પ્રજા સાથે, ઇજિપ્તથી એશિયા તરફ આવતા રક્તસમુદ્ર તરફ નાઠો અને તેને ઈશ્વરની મદદ હતી તેથી રક્તસમુદ્રે તેને માગ દીધો. ઇજિપ્તના રથો અને સવારો તેની પછવાડે હતા તે સઘળા રક્તસમુદ્રની હદમાં આવતાં હેરાન થઈ નાસી ગયા. એ કથાનો અહીં ઉલ્લેખ છે.

પૃ. ૬૪. નવલ નિવેદન

સને ~~૧૯૧૨~~ ૧૯૦૯ના અરસામાં કર્તા જબલપુર પાસે નર્મદાના મૂળ તરફ ગયેલા અને ત્યાં થોડા દિવસ રહેલા. કર્તાને નાહવાનો અને તરવાનો ઘણો જ શોખ હતો અને નર્મદામાં પણ ત્યાં ખૂબ નાહેલા. આ કાવ્યમાં આ હકીકતનો ઉલ્લેખ છે. પણ એ અર્થ અહીં કેવલ ગૌણ રહેલો છે અને ઈશ્વરે જીવનજલમાં સ્નાન કરાવી કર્તાને નવીન ધર્મના સ્નાતક બનાવ્યા—તેમને દ્વિજત્વ આપ્યું એ અર્થ મુખ્ય છે.

શબ્દ સરોવર : ઈશ્વરના શબ્દ અર્થાત્ જ્ઞાન રૂપી સરોવર.

ભાખર : જીવનરૂપી ભાખર. જુઓ પવિત્ર ભોજન ઉપરનું ટિપ્પણ.

નારા : (સં) પાણી. અહીં જીવનરૂપી પાણી.
નર્મદા—નદી નર્મદા, જેમાં કર્તાએ સ્નાન કરેલું તે.

આ કાવ્યમાં નર્મદા શબ્દ પર શ્લેષથી તેમનાં પત્ની નર્મદા પણ ઉદ્દિષ્ટ હોય. અને તે સાથે 'શિવ' અને 'કરુણા' શબ્દોથી તેમના ધર્માનુયાયી 'શિવાભાઈ' અને 'કરુણાશંકર' પણ ઉદ્દિષ્ટ હોય.

પૃ. ૯૬. અપાવરણ પ્રાર્થના

અપાવરણ, સત્ય ઉપર આવી ગયેલું આવરણ દૂર કરવું.
हिरण्मयेन° એ ઈશોપનિષદનો મંત્ર છે.
સત્ય ધર્મદૃગર્થ=સત્ય ધર્મ જોવાને અર્થે, માટે.

પૃ. ૯૭. અનંત વાત્સલ્ય

અનંત વાત્સલ્ય એટલે ઈશ્વરનો મનુષ્ય તરફનો અનંત પ્રેમ. આ પ્રેમના દૃષ્ટાન્ત તરીકે એક 'લફંગા છોકરા' ની વાત નવા કરારના સંત લ્યૂકના-શુભવર્તમાનના ૧૫ મા અધ્યાયમાં આપેલી છે. કોઈ એક માણસને બે દિકરા હતા. તેમાંનો નાનો મજિયારો વહેંચી લઈ મિલકત એકઠી કરી પરદેશ જતો રહે છે અને ત્યાં લફંગાઇમાં બધો પૈસો ઉડાડી દે છે. તે ભૂખ્યે મરતો થાય છે ત્યારે તેને પિતા પાસે જવાનું સાંભરે છે. તે જાય છે અને પોતાનાં પાપો કબૂલ કરે છે એટલે પિતા તેના તરફ અનન્ત વાત્સલ્ય બતાવી માફી બક્ષે છે એટલું જ નહિ, પણ ખરું જીવન ખોઈ બેઠેલો પુત્ર પાછો ખરા જીવનમાં આવ્યો તેને માટે ઘેર ઉત્સવ કરે છે. આ કાવ્ય એ 'લફંગા છોકરા'ના ઉદ્‌ગારોનું છે.

પૃ. ૯૮. તારક સ્તોત્ર

તારક : ભવસાગરમાંથી તારણહાર.

આલ્ફા અને ઓમેગા : ગ્રીક વર્ણમાલાના પહેલા વર્ણનું નામ આલ્ફા છે અને છેલ્લાનું નામ ઓમેગા : એટલે આદિ અને અંત. મૂળ :—

To Jesus Christ be glory given,
By all on earth; by all in heaven :
Let his dominion wide extend,
His glorious kingdom never end.

For He of all that's good and true,
Is Alpha and Omega too,
The fount of life, the source of light,
The spring of every true delight.

Beginning, Ending, God and Man,
His inmost being none can scan;
But in his Human Form Divine
The first and last united shine.

Who is who was, who is to come,
Eternal infinite I AM;
The Lord Almighty God most high!
Amen let Heaven and Earth reply.

સરખાવો :—New Testament, Revelation. c. 1, 6, 8.

પૃ. ૧૦૩. અહીંથી શરૂ થતાં પ્રાસંગિક કાવ્યો અને તે પછી આવતાં ગાયનોના સંગ્રાહક શ્રી. મુનિકુમાર મણિશંકર ભટ્ટ છે.

પૃ. ૧૦૫. કલાપીને સંબોધન

૧૯૦૩માં કલાપીના કેકારવની પ્રથમ આવૃત્તિમાં બહાર પડ્યું.

સુરતાઃ સુર=દેવ. સુરતા=દેવપણું. સુરતાની વાડી=સ્વર્ગનું ઉદ્યાન. અહીં કલાપીનું ખરું નામ સુરસિંહજી હતું તે શબ્દ ઉપર શ્લેષ પણ છે.

ઊછળતાંઃ તારા ઉરસાગરમાં કેવા ઉલ્લાસો ઊછળે છે! તારી સોહામણી જ્યોત્સ્નિકા સૌભાગ્યને ઝરે છે. અને તારાં નયનમાં નમણું-સૌમ્ય નિર્મલ હાસ્ય ઝળકે છે.

આંજે નેઃ તેની સખી તેની આંખોને આંજે છે અને અજવાળે છે અથવા હે સખી! એ મોરલો આપણી આંખને આંજે છે અને અજવાળે છે, પ્રકાશવાળી કરે છે. તેથી આલમનાં નૂર —પ્રકાશરૂપે ઈશ્વરી પ્રેમ, અંતર ઉપર ઊઘડે છે. વળી તેની વાંસળી પણ હૈયાનાં હેતને વહેતી વાગે છે અને તેનો સ્વર આકાશમાં અંદર અને દૂર સુધી જાય છે. દૂરમાં દૂર હૃદય સુધી પહોંચે છે અને તેના અંતરને સ્પર્શ કરે છે.

હેત હૈયાનાં આ પંક્તિ કવિ નહાનાલાલની
હૈયાનાં હેત વહેતી વાંસળી વાગી!
વાંસળી વાગીને મારી છાતડી જાગીઃ
હૈયાનાં હેત વહેતી વાંસળી વાગી!

પંક્તિઓ ઉપરથી રચેલી છે. અને તેમાં કાન્તનું કમનીયત્વ સ્પષ્ટ દેખાઈ આવે છે. પ્રથમ આ પંક્તિ અવતરણમાં મૂકેલી હતી.

નન્દનવનના અર્થાત્ ઉપર કહી તે સુરતાની વાડીના પ્રાસાદોની ટોચથી એ કલાપીની મધુર કેકા આજે કેવી ઉભરાય છે! અને એ કેકા નન્દનવનની સુરભી—સુગન્ધને પણ સાથે લઈને સંસારમાં સરતી આવે છે અને અંતર—હૃદયનાં દ્વારો ઉપર ગીતાની પેઠે અથડાય છે.

तत् તે સવિતાના વરેણ્ય ભર્ગ, ઉત્તમ તેજનું અમે ધ્યાન ધરીએ છીએ, એવો ગાયત્રીનો જૂનો ઉપદેશ છે. તે ઉપદેશ, કલાપીની કેકાની મારફત આજે અન્ય પ્રકારે આવે છે; તેના તરફ આ માથું અને તે સાથે સર્વ આત્મતંત્ર પણ નમે છેઃ અથવા એ મંત્રનો અર્થ, નવીન ધર્મના ઉપદેશ પછી હું અન્ય પ્રકારે સમજ્યો છું અને તેના તરફ મારું માથું અન્ય પ્રકારે નમે છે, વગેરે.

પૃ. ૧૦૬ હિન્દ પર આશીર્વાદ

પ્રસિધ્ધ ૧૯૧૨, ધ યુનિયન ડિબેટિંગ સોસાયટીના સોશિયલ ગેધરિંગને પ્રસંગે.

પૃ. ૧૦૭. પરિષત્સત્કાર

પ્રસિદ્ધ ૧૯૧૬, લોહાણા કોનફરન્સને પ્રસંગે.

પૃ. ૧૦૮. હિંદમાતાને સંબોધન

પ્રસિદ્ધ ૧૯૨૨, ભાવનગરશહેરસમિતિમાં પ્રસંગોપાત્ત ગાવા માટે રચેલું.

પૃ. ૧૧૧. હૃદયગીતા

કોઈ નાટક માટે લખાયેલું નથી. ૧૯૦૭-૦૮માં એક કાર્ડબોર્ડ ઉપર છપાયેલું.

પૃ. ૧૧૨. ૧૧૩. કાંતાની પ્રાર્થના, સ્મરદશા.

બન્ને ૧૯૧૩માં લખાયેલી. ઝાલિમ દુલિયાના નાટકમાં જુલિયાની ઉક્તિઓ છે.

પૃ. ૧૧૪ થી ૧૧૮. ફકીરી, વિરહાનલ, રાસ, છેલ્લું આલિંગન.

૧૯૦૮માં લખાયેલા સલીમશાહ નાટકનાં આ સંગીતકાવ્યો છે. ૧ લું, ૨ જું અને ૪ થું કાવ્ય અશ્રુમતિની ઉક્તિ છે અને ત્રીજું અશ્રુમતિ અને માણેક વચ્ચેનો સંવાદાત્મક રાસ છે.

પૃ. ૧૧૯. આ પરિશિષ્ટ બીજી આવૃત્તિમાં ઉમેરેલું છે.

પૃ. ૧૨૧. સ્મિતપ્રભાને

પૂર્વકાલનું અપૂર્ણ છે. શ્રીયુત જ. ન. ભટ્ટને જોટલું મોઢે યાદ રહેલું તેટલું ઉતારી પ્રગટ કર્યું છે. કાન્ત પોતે પણ એકવાર બોલેલા. જાણ્યું ' ન ઉપરથી' ફટકું ન છે

પૃ. ૧૨૨. સૃષ્ટિસૌન્દર્યથી મન ઉપર થતી અસર

આ અને આ પછીનું 'સ્વર્ગગંગાને તીર' એ બન્ને કાવ્યો સ્વ. હરિલાલ ઝીણાભાઇ ભટ્ટ ઉપરના પત્રોમાંથી લીધેલાં છે. બંને પહેલાંનાં છે.

પૃ. ૧૨૬. સ્વર્ગગંગાને તીર

રસા=પૃથ્વી.

પૃ. ૧૨૭. મર્ત્યત્વદાહ : મર્ત્યત્વ=મનુષ્યપણું. મનુષ્યને, મનુષ્યની મર્યાદાઓને લીધે, જગતનાં દુઃખોને લીધે, જે દાહ લાગે છે તે દાહ.

પૃ. ૧૨૮. ચક્ષ્વપાઙ્ગ=ચક્ષુ–આંખ તેનો અપાંગ, ખૂણો. મૂળ સંસ્કૃત चक्षुः નું સમાસમાં 'ચક્ષુ' કર્યું છે તે ભાષાની છૂટ છે.

પૃ. ૧૩૦. પ્રિયા કવિતાને આશ્વાસન

કવિતાને મથાળું હતું નહિ. ફાન્તમાળામાં આ મથાળું ચોંટાડેલું. (પૃ. ૨૭૯–૮૧) અરર જીવિત આમ ભલે જતું: એમાં 'આમ' એટલે તમારી બાજુમાં, બીજાઓની આગળ જઈ જઈને તેમનાં ટીકાવેણ સાંભળવાનાં નહીં.

પૃ. ૧૩૧. મકૃત નિર્બળતા એટલે કશા મોબદલા વિનાની એકલી નિર્બલતા.

પણ તમને પ્રિય મુક્ત હું કરું છું: એટલે નિર્બલતા અને ગુણહીનતા અને સાથે માન મેળવવાની અતિ લોભિયણ ઇચ્છા, એ દોષ મ્હારા જ છે, તમ્હારા નહીં, હું મરું છું એ દોષોને લીધે, તમ્હારે જરા મનમાં ન આણવું.

ધડક ધડક થાય હાય છાતી:—છાતી તે એની.

પૃ. ૧૩૨. ઉભય એટલે તું અને મારી પ્રિયા બે ય.

પૃ. ૧૩૪. સામ

સામ (psalm) એટલે પવિત્ર ગીત. 'જૂના કરાર' નો એ એક ભાગ છે.

અસલ સામ નીચે પ્રમાણે છે.

4 Shew me thy ways, O Lord; teach me thy paths.

5 Lead me in thy truth, and teach me: for thou art the God of my salvation; on thee do I wait all the day.

Psalm 25. 4–5

પૃ. ૧૩૬. આંતર સપ્તપદી

સપ્તપદી એટલે સાત પંક્તિનું ગીત.

પૃ. ૧૪૭. નયનપ્રાર્થના

નયનઃ નો (સં) દોરવું એ ઉપરથી નયન એટલે દોરવા સંબંધી પ્રાર્થના.

પૃ. ૧૪૦. સ્નેહગીત.

મથાળું નવું યોજેલું છે.

પૃ. ૧૪૪. ૫૬

विश्वानि देव सवितुर्दुरितानि परासुव ।
यद्भद्रं तन्न आसुव ।

એ સૂર્યની વૈદિક પ્રાર્થના ઉપરથી.

પૃ. ૧૪૫. કુસુમની બિમારી

કાન્તનાં બીજાં પત્ની સૌ. નર્મદાની માંદગીને પ્રસંગે લખાયેલું

પૃ. ૧૪૬. પતિપત્ની સંવાદ

ઝાલિમ ટુલિયામાં કૉલ્લેટાઇનિ તથા લુક્રેશિયા વચ્ચેનો.

પૃ. ૧૪૮. શાસ્ત્રોપદેશ

'સંગીતમાલા' નામના સંગ્રહમાંથી.

પૃ. ૧૪૯ થી ૧૫૩. કાન્તાનો ઉલ્લાસ, કાન્તની સ્મરદશા, કાન્તાની સ્મરદશા, કાન્તને સંબોધન.

ચારે ય સલીમશાહ નાટકનાં સંગીતકાવ્યો છે. પહેલું, ત્રીજું, ચોથું અશ્રુમતીની ઉક્તિઓ છે અને બીજું સલીમશાહની.

પૃ. ૧૫૫. અંતિમ પ્રાર્થના

કાશ્મીરમાં લખાયેલું, કવિના અવસાન પહેલાંના અઠવાડિયામાં. કાન્તના આ અંતિમ ઉદ્‌ગારો છે.

મૂળ કાવ્યને મથાળું નહોતું. કાન્તમાળામાં આ મથાળાથી તે છપાયું છે.

ટિપ્પણ પરિશિષ્ટ

'ચક્રવાક મિથુન' સંબંધી શ્રીયુત નરસિંહરાવ ભોળાનાથના વિચારો

*
* *

માનવ અને પ્રભુ વચ્ચેના પ્રેમભાવને romance નું સ્વરૂપ આપવામાં સૂફીવાદની દૃષ્ટિ જેવી જ દૃષ્ટિથી એક ઉચ્ચ કવિત્વ-કલ્પના આજથી એકત્રીસ વર્ષ ઉપર એક ગુજરાતી કાવ્યમાં પ્રગટ થઈ હતી. એ દૃષ્ટિ એ કાવ્યમાં કોઈ વિવેચકે પારખી હોય એમ જણાતું નથી. "ચક્રવાકમિથુન" નામનું રસિક, સમર્થ, કાવ્ય (રા. મણિશંકર ભટ્ટની કવિત્વશક્તિનું ફળ) ઈ. સ. ૧૮૯૦માં 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયું હતું. હેના ઉપર 'સેહેની' એ તખલ્લુસથી એક વિદ્વાન્ ગૃહસ્થે ટીકા પણ આપી હતી. (સેહેની=બ્ર. ક. ઠાકોર એ હવે પ્રસિદ્ધ રહસ્ય છે.), ચક્રવાક પક્ષીને શાપ છે કે એ પક્ષીનાં નરમાદાએ રાત્રિસમયે વિયોગ ખમવો. આ કાવ્યમાં એ પક્ષીના યુગ્મનો દિવસ સમયનો પ્રેમ-વિહાર પ્રથમ વર્ણવ્યો છે; એ વિહારમાં—

"વિરહસંભવને વૉસર્યાં હતાં,
બનૉ નિરંકુશ ખેય ફર્યાં હતાં."

(માનવ પ્રાણી પણ મૃત્યુની તિમિરાવૃત રાત્રિ પડતાં થનારા પરસ્પર વિયોગનો સંભવ ભૂલી જઈ જીવન્તદશામાં કેવળ વિહારમાં જ મગ્ન રહે છે—તે ઉપર કાંઇક આડો કટાક્ષ અહીં જણાય છે; પરન્તુ એ આખા કાવ્યના મુખ્ય ધ્વનિથી કાંઇક અસંબદ્ધ છે). પરન્તુ સૂર્યાસ્તનો સમય સમીપ આવતાં

"જાગ્યાં પ્રેમી વિરલ સુખની મોહનિદ્રા મહિંથી"

અને

"જવનિકા ત્રુટતાં સ્મૃતિનાશની
સમીપ મૂર્તિ ઊભી વિધિપાશની."

આ હાલતમાં પ્રેમબદ્ધ યુગલને નવી યુક્તિ સૂઝેછેઃ સૂર્યનું તેજ લુપ્ત નથી થયું હેવા ઊંચા ઊંચા આકાશપ્રદેશમાં એ બન્ને ઊડવા લાગે છે :

"મિથુન એહ ચઢે અવકાશમાં,
સ્થિતિ કરે દિનતેજપ્રકાશમાં;"

અને

"ધીમે ધીમે ગતિ કરીં જતો પશ્ચિમે સૂર્ય જેમ,
ઊડી બન્ને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ."

આ ફાંફાં કયાં સૂધી નભવાનાં હતાં? ચક્રવાકીને એક નવીનતર, અપૂર્વ, યુક્તિ–ઇચ્છા–સ્ફુરી :

"શાને હાવું–નહિં નહિં જ રે આપણે હાય રહેવુંઃ
ચાલો હેવા સ્થલ મહિં, વસે સૂર્ય જે'ભાં સદૈવ,–
હાનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ."

પરન્તુ અશક્ય તરફ આંખ્ય મીંચનારી આ સરલાના શબ્દોના ઉત્તરમાં ચક્રવાક કહે છે :

"લાંબા છે જ્યહાં દિન, પ્રિયસખી! રાત્રિએ દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય આશા જ કેવી!"

એમ કહી એક જ માર્ગ દીઠોઃ

"અવર કાંઈ ઉપાય હવે નથી,
વિરહજીવન સંહરિયે મથી.

ગહનમાં પડિયે દિન દેખતાં,
નયન મીચીં કરી દર્શ એકતા."

આમ વિરહ, જીવન બન્નેનો અંત આણવા માટે (કે વિરહ-ભરેલા જીવનનો, અંત આણવા માટે) આ પ્રેમી યુગ્મ મૃત્યુના ગહનમાં, દિન દેખતાં જ (દિવસનું તેજ છતાં જ—એટલે જોડાયલાં રહીને જ), મૃત્યુ અને રાત્રિ બન્નેના પરિણામ ના જોવા માટે આંખ્ય મીંચીને એકતા કરીને (સંયુક્ત રહીને જ) મૃત્યુના ગહનમાં, પડે છે.

હવે છેવટના ભાગમાં કાવ્યના મુખ્ય ધ્વનિનો સંદિગ્ધ પ્રશ્ન ઉપસ્થિત થાય છે:

"પાછું જોતાં દ્વિજયુગલને અન્યથા થાય ભાસ,
ઊંડું ઊંડું દિનકર સમું કૈંક દેખાય હાસ."

અદ્‌ભુત! મૃત્યુ અને રાત્રિના અન્ધકારમાં પ્રવેશ થવાને બદલે અણધાર્યા ઊંડા ઊંડા તેજોમય પ્રદેશમાં પ્રવેશ થાય છે.

અને આનંદપૂર્ણ ચક્રવાકમિથુન ઉદ્‌ગાર કરે છે:

"આહા! આહા! અવર દુનિયાં! ધન્ય—
(વિરહ, રજની, વિનાની બીજી જ જ્યોતિર્મય દુનિયાં દીઠી)—
એ બોલતાંમાં
નીચે નીચે ઊતરૉં પડતું વેગથી દંપતી ત્યહાં."

છતાં—

"અધિક એહ પ્રકાશ, થતો જતો,
જવ જનાર તણો વધતો હતો.
અમિત એ અવકાશ તણી મહિં,
કયહિં જ ચેતન એક દિસે નહિં."

આ સ્થિતિ શી? હેનો ધ્વનિ શો? વ્યંજના શી? રા. રમણભાઇ આમ વ્યંગ્યદર્શન કરે છેઃ—

" અંતે અજ્ઞાત 'ગહન' માં 'અન્યથા ભાસ દેખતું' 'વેગથી પડતું દંપતી' 'અમિત અવકાશમાં' લીન થઈ જાય છે. કવિનો અન્ત્યભાવ અજ્ઞાત જ રહે છે." *

કાવ્યના સમાપ્તિના બે શ્લોકો વિષે " સ્નેહેની " કહે છેઃ—

" કવિતા દેવીએ કરેલાં દિવ્ય લોચનથી કવિને જુદોજ આભાસ થાય છે. ('દ્વિજયુગલને' ભાસ થયો કવિએ કહ્યોછે તે કવિની કલ્પનાને થયેલો જ ભાસ ગણવો?—ગણીશું) મનવાંછિત ચિત્ત-હારક રસતેજપૂર્ણ એક નવીન 'દુનિયાં'માં આ 'સ્નેહમાલ ચક્ર-વાકમિથુન' પૂર્ણ આવેગથી દાખલ થઈ જતું હોય એમ તહેને ઘડી-ભર જણાય છે."

" પણ "—(અહિં " સ્નેહેની "નું વ્યંગ્યદર્શન મ્હને સંતોષ આપતું નથી; પણ હેમનું સાંભળી લઇયે;—" પણ ")—

Adieu, the fancy cannot cheat so well,
As she is famed to do, deceiving elf."

" કવિતા દેવીનો હાથ જ્યહાં મસ્તક ઉપરથી ખશી જાયછે, આંખ્યો બંધ કરીને જ્યહાં પાછી ઊઘાડે છે, ત્યહાં તહેની ખાત્રી

* " કવિત્વરીતિ " " કવિતા અને સાહિત્ય," પૃ. ૬૨.

રા. બ. ક. ઠાકોર (" સ્નેહેની ") કંઇક ઊંડી વિગતમાં ઊતરે છે અને અન્ય ધ્વનિ બતાવે છેઃ

" ચકવાકદંપતીને કવિયે મનુષ્ય પ્રેમની મૂર્તિરૂપ કલ્પ્યુ છે, અને એ દંપતીનો અનિવાર્ય વિયોગ મનુષ્યચિત્ત અને મનુષ્ય સૃષ્ટિક્રમ વચ્ચેના વિરોધનું ઘણું વધારેલું બિમ્બ છે. "

થાયછે કે એ દેખાવ તો ફક્ત એક ઇન્દ્રજાલ હતું."

શું કવિતા તે ઇન્દ્રજાલ ફેલાવનારી ઠગારી?

કવિતાએ આપેલાં દિવ્ય લોચન ઇન્દ્રજાલ, વસ્તુતઃ અસત્ય માયા, પ્રગટ કરે? કવિતાદેવીનો હાથ મસ્તક ઉપરથી ખશી જતાં, સત્યની ખાત્રી થાય? એમ હોય તો દિવ્ય સત્યનું દર્શન સૂક્ષ્મ પ્રવેશથી કરનારી, અને અલૌકિક શક્તિથી હેનું પ્રદર્શન કરાવનારી કવિતાને ધુતારી ઠરાવીને રસિક તત્ત્વદર્શનના રાજ્યમાંથી ઢેડફજેતી કરીને હાંકી કાઢવી જોઇયે.

***

મ્હને તો આ અદ્‌ભુત કાવ્યમાં હેના સમાપનમાં જુદો જ ધ્વનિ, અને દિવ્ય સત્ય સ્થાપનારો ધ્વનિ સંભળાય છે. પેલા ચક્રવાકમિથુને આત્મઘાત કર્યો કે નહિ તે સ્પષ્ટ નથી; પરન્તુ તેમ થઈને મૃત્યુપારની નવી સનાતન ભૂમિનું દર્શન હેમને થયું, અને સતત જ્યોતિથી ભરેલા પ્રદેશમાં પ્રવેશ હેમણે કર્યો;

"ત્યહાં તો ચિરલગી
તણાયા જાવાનું સુખસરિત માંહિ—"

ચક્રવાકમિથુનને અન્યથા ભાસ થયો હતો તે સત્ય સ્થિતિ તજીને અસત્યનો નહિ, પણ મૃત્યુના ગહનમાં પડયાની અસત્ય સ્થિતિ તજીને જ્યોતિર્મય ભૂમિમાં પ્રવેશની સત્ય સ્થિતિનો. અને એ અસત્ય ભાસ ન્હોતો તે કવિના છેવટના શ્લોકના પૂર્વાર્ધમાં પ્રગટ થાય છેઃ

"અધિક એહ પ્રકાશ થતો જતો
જવ જનાર તણો વધતો જતો."

અને એ અસીમ અવકાશમાં જ્યોતિ જ જ્યોતિ–બીજું કાંઇ નજરે પડતું જ ન્હોતું;

" અમિત એ અવકાશ તણી મહિં
કયહિં જ* ચેતન એક દીસે નહિં. "

કાંઇ પણ ચેતન વ્યકત રૂપે જણાતું જ ન્હોતું; જ્યહાં એ ચક્રવાકમિથુન પણ વિલીન થઈ ગયું; કેમકે

ના જ્યોતિથી ભિન્ન દીસે જ કાંઇ
આ પેર જો ! પ્રકૃતિ ડૂબી પુરુષ માંહિ !×

***

પરન્તુ એક બીજો મુખ્ય ધ્વનિ હું સાંભળું છું તે કહું. ચક્રવાકનું યુગ્મ તે **જીવાત્મા** અને **પરમાત્મા**; જેને ઉપનિષદ્માં **द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते** કહીને વર્ણવ્યાછે તે; એ બેનો સંબંધ સૂફીવાદે કલ્પેલો પ્રેમનો જ સંબંધ આ કાવ્યમાં ચક્રવાકના નરમાદાના સંબંધથી દર્શાવ્યો છે; અજ્ઞાનરૂપી અંધ રજનીમાં એ બે પ્રેમીઓનો વિયોગ થાયછે; એ રજનીનું તિમિર જતાં જ્ઞાનજ્યોતિ પ્રગટે છે અને બન્નેનો સંયોગ થવો શકય છે; માટે જ સંયોગદશા વખતે બન્ને ફરીથી વિયોગ ના થાય એ

---

* "પૂર્વાલાપ" માં 'કયહિં અચેતન એક દિસે નહિં' એમ પાઠ છે. (મૂળ બુદ્ધિપ્રકાશમાં 'જ ચેતન' હતું) આ નવો પાઠ વધારે સારો છે,—સર્વત્ર ચેતનની જ રેલ હતી—એ અર્થ છે.

[અર્થાત્ શ્રીયુત **નરસિંહરાવભાઇ**ના મત પ્રમાણે જૂના અને નવા પાઠનો એક જ અર્થ થાય છે અને નવા પાઠથી એ અર્થ વધારે સ્ફુટ થાય છે. **સંપાદક**]

× "દિવ્ય ગાયકગણ"—છેલ્લો શ્લોક 'હૃદયવીણા'

પ્રબલ ઇચ્છાથી સનાતન જ્યોતિર્મય પ્રદેશમાં પ્રયાણ કર્યા કરીને જ્યોતિષ્પ્રવાહમાં અટળ સહચાર સાધે છે. આ ધ્વનિમાં સૂફીવાદની કલ્પનાને સુઘટિતસંસ્કાર અપાયલા હું જોઉં છું. એ જ્યોતિઃસિદ્ધ સહચારમાં

"અધિક એહ પ્રકાશ થતો જતો
જવ જનાર તણો વધતો જતો."

પૂરવણી—

'ચક્રવાકમિથુન' કાવ્યના આ ધ્વનિશ્રવણમાં મહને અણધારી પુષ્ટિ એક દિશામાંથી મળી છે. મણિશંકર ભટ્ટના આ કાવ્યનું પ્રેરણાબીજ किमिह° [જુઓ ટિપ્પણ પૃ. ૧૯૪] એ સંકૃત શ્લોકમાંથી મળ્યું હો વા ન હો. પરંતુ રા. રામનારાયણ પાઠકે નાવ્હેમ્બર ૧૯૨૯માં એક વાત કહેલી કે બાવાઓ હમેશાં ભજનો આરમ્ભતાં પહેલાં એક દુહો ગાય છે કેઃ—

સાંઝ પડે દિન આથમે ચકવી બેઠી રોય:
ચકવા! ચલો વહાં જાઇયે જિહાં રૈન નવ હોય.

આ બાવાઓના ભજનિયાંના ભોગી મણિશંકરને વિદિત હોઈ હેમના અનુપમ કાવ્યનું સૂક્ષ્મ બીજ હોઈ, તેટલા ઉપરથી સુન્દર કલ્પનાદર્શનથી એ કાવ્યનો વિકાસ થયો હોય—આમ મહારો તર્ક છે. પણ મહારા ધ્વનિદર્શન માટે તો વક્તવ્ય બીજું છે. બાવાઓનાં ભજનોમાં આ મંગલદુહો શા માટે વપરાતો હશે? એ ભજનોની પછાડી પ્રેરણાબળ જીવાત્મા અને પરમાત્માના સંબન્ધનું—અદ્વૈતમતથી છંટાયલા ભક્તિભાવ-જનિત સંબન્ધનું—હોવાનો સંભવ છે. તો આ દુહાથી અજ્ઞાત-રૂપે વિકાસ પામેલા 'ચક્રવાકમિથુન' ના સમાપન પ્રસંગમાંનું

૨૬મું ધ્વનિદર્શન—ચક્રવાકમિથુન તે જીવાત્મા પરમાત્માનું યુગલ અને રજનિ તે અજ્ઞાનતિમિર પ્રસારનારી માયા એ ધ્વનિદર્શન—છેક તરંગવૃત્તિજનિત નહિં જણાય એમ લાગે છે.

૧૮-૪-૩૨ જોઇતું સુધારણા કૂલ્હા માટે (૧)
૫(૧) કિલ્લા માટે ના બાકી.
ન. ભો.

વિવર્તલીલા પૃ. ૭૫-૮૧

શુદ્ધિપત્ર

પૃ.	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૧૦	રડત	ડરત
૫	૧૧	કેને !	કેને ?
૭	૬	હાય ! હાય !	હાય !
૮	૮	અષાઢી	આષાઢી
૧૦	૧૦	મારા	માહરા
૧૧	૧૩	હૃદયને	હૃદય ને
૧૪ છેડેથી	૨	કયાંથી	કયાં
૧૯	૩	સરિતા	સરિત
૨૦	૬	માદ્રા	માદ્રી
,,	૧૪	બહાર	બ્હાર
૨૬	૧	થતાં	થાતાં
૩૧	૧૦	તપ	તમ
૩૨ છેડેથી	૭	મૌગ્ધ	મૌગ્ધ્ય
૩૭	૭	વિવિધ	વિવિધ શી
,, છેડેથી	૪	અટકતો,	અટકતો
૩૯	૩	નિકાલે	નિહાલે
૪૧ છેડેથી	૮	સ્નેહોમિથી	સ્નેહોર્મિથી
૫૭ છેડેથી	૨	ફરીને	ફરીને
૬૦	૭	દેવી	કેવી
૬૩	૨	હાવા	હાવાં
,, છેડેથી	૨	તું	તો
૬૪	૮	તે	તેં

પૃ.	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૯	છેડેથી ૨	એકબીજાનાં	એકાબીજાનાં
૭૨	૪	સહુ	સહું
૮૩	૭	સામે	શામે
૧૦૫	છેડેથી ૨	સાથ	સાથે
૧૧૧	છેલ્લી	મીપ	સમીપ
૧૨૩	૮	ખરું ?	ખરું !
૧૨૫	૪	(ગીત)	(ગીતિ)
૧૬૯	છેડેથી ૩	થતા હતા.	થતા હતા, તદ્રૂપ થતા હતા,
૧૭૨	છેડેથી ૪–૩	ઉપર...કોલાહલ	(ઉપર...કોલાહલ)
૧૭૪	છેડેથી ૮	શયન	શમન
,,	છેડેથી ૮–૭	વિકારક્ષોભ...નિશ્ચય	(વિકારક્ષોભ...નિશ્ચય)
,,	૭	'રહવાર' શબ્દ	'રહવાર' એટલો જ શબ્દ
,,	૩	૧૩૨	૧૩૩
૧૭૫		મહાભારત	મહાભારત
૧૭૭	૯	કુસુમમાળાની	કુસુમમાળામાંની
,,	છેડેથી ૬	વિષયની	વિષયાધિકરણની
૨૧૪	છેડેથી ૫	૯૭	૯૦
૨૨૭	૮	૧૯૧૨	૧૯૦૯

અર્વાચીન કાવ્ય ગ્રંથાવલિ

મહાગુજરાતના માનીતા કવિઓના અમારા તરફથી
પ્રકાશિત થયેલાં તથા સોલ એજન્સીનાં કાવ્યસંગ્રહો

*૧	કાવ્ય મંગલા	સુન્દરમ્	૧–૮–૦
*૨	ગંગોત્રી	ઉમાશંકર જોષી	૧–૮–૦
*૩	યુગવંદના	ઝવેરચંદ મેઘાણી	૨–૦–૦
*૪	અર્ઘ્ય	સ્નેહરશ્મિ	૨–૦–૦
૫	નિહારિકા	રમણલાલ દેસાઈ	૨–૦–૦
૬	ઇલા કાવ્યો	ચન્દ્રવદન મહેતા	૨–૦–૦
*૭	રતન	ચન્દ્રવદન મહેતા	૧–૮–૦
૮	કાશ્મલનનાં કાવ્યો	કાશ્મલન	૦–૮–૦
૯	દીપશિખા	અમીદાસ કાણકિયા	૧–૮–૦
૧૦	રસિકનાં કાવ્યો	આવસથી	૧–૮–૦
૧૧	ખંડિત મૂર્તિઓ	ઇન્દુલાલ ગાંધી	૧–૦–૦
*૧૨	લલિતનાં બીજાં કાવ્યો	લલિતજી	૦-૧૨-૦
*૧૩	હૃદયવીણા	નરસિંહરાવ દીવેટિયા	૧–૪–૦
૧૪	વસુધા	સુન્દરમ્	૨–૦–૦
૧૫	નિશીથ	ઉમાશંકર જોષી	૨–૦–૦
૧૬	ઇન્દ્રધનુ	સુંદરજી બેટાઈ	૨–૦–૦
૧૭	આરાધના	મનઃસુખલાલ ઝવેરી	૨–૦–૦
*૧૮	જ્યોતિરેખા	સુંદરજી બેટાઈ	૧–૦–૦
*૧૯	પૂર્વાલાપ	કાન્ત	૨–૦–૦

બાલકો માટે

*૨૦	નવાં ગીતો ભા. ૧	ત્રિભુવન વ્યાસ	૦–૬–૦
*૨૧	નવાં ગીતો ભા. ૨	ત્રિભુવન વ્યાસ	૦–૮–૦
૨૨	ટહૌકા	દેશળજી પરમાર	૦–૫–૦
*૨૩	પગલાં ભા. ૧ થી ૪	રમણલાલ સોની(દરેકના)	૦–૫–૦
*૨૪	સોમાભાઈનાં કાવ્યો	સોમાભાઈ	૦–૫–૦

રાસનાં બે અમૂલ્ય પુસ્તકો

૨૫	ગીત માધુરી	મનુભાઈ દેસાઈ	૧–૪–૦
૨૬	રાસકુંજ	શાંતિ બરફીવાળા	૧–૮–૦

*ફૂદડીવાળાં કાવ્યસંગ્રહો સ્કૂલોમાં તથા કૉલેજમાં ટેક્સ્ટબૂક તરીકે ચલાવાય છે.

સોલ સેલિંગ એજન્ટ્સ,

આર. આર. શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

હાલુજરાતના જાણીતા કવિઓની કાવ્યપ્રસાદી

૧૯૪૦માં બહાર પડેલા નવા

• ચાર કાવ્ય સંગ્રહો •

શ્રી. ઉમાશંકર જોષી કૃત

નિશીથ

મૂલ્ય રૂા. બે

શ્રી. સુંદરમ્ કૃત

વસુધા

મૂલ્ય રૂા. બે

•

શ્રી. સુંદરજી બેટાઈ કૃત

ઈન્દ્રધનુ

મૂલ્ય રૂા. બે

શ્રી. મનઃસુખલાલ ઝવેરી કૃત

આરાધના

મૂલ્ય રૂા. બે

•

શ્રી. રમણલાલ વ. દેસાઈ કૃત

કૉલેજ જીવનને સ્પર્શ કરતી
વિદ્યાર્થીઓની માનીતી નવલકથા

શોભના

મૂલ્ય રૂા. અઢી

જેણે વાંચી છે તેમણે વખાણી છે.

•

આજે જ મંગાવો :—

મોર. આર. શેઠની કંપની : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ

ગુજરાતી સાહિત્યનાં કોઇપણ પુસ્તકો મેળવવા તમારી ડાયરીમાં ઉપરનું શીરનામું નોંધી રાખશો.

સંસ્કાર ગ્રંથાવલિ : ૧૯૪૦

દુનિયાભરના સિદ્ધહસ્ત લેખકોનાં જ પુસ્તકો આપતી "સંસ્કાર ગ્રંથાવલિ" મેંબર થનારે ફક્ત એક જ વાર **પ્રવેશ ફી રૂપિયો** એક ભરવો પડે છે અને મેંબર થવાથી સંસ્કાર ગ્રંથાવલિ, વિરાટ ગ્રંથાવલિ, આનંદ ગ્રંથાવલિ અને અદ્‌ભુત ગ્રંથાવલિનાં પુસ્તકો ૨૫ ટકા કમીશનથી મળે છે. વિગતવાર લીસ્ટ મંગાવો. **૧૯૩૫ થી ૧૯૩૯ સુધીમાં સુપ્રસિદ્ધ લેખકોનાં ૨૦ પુસ્તકો અપાયાં છે.**

૧૯૪૦ માં અપાનારાં ચાર પુસ્તકો

શ્રી. કનૈયાલાલ મુનશી કૃત
પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજના પુરઃસંધાનરૂપે
તદ્દન નવી નવલકથા
મૂલ્ય ૩. ત્રણ

૨૧ જય સોમનાથ

●

ગુજરાતના જાણીતા કવિ
શ્રી. સુંદરમ્ કૃત
નવલિકાઓનો નવો સંગ્રહ
મૂલ્ય ૩. અઢી

૨૨ પિયાસી

●

ગુજરાતના શાયર કવિ
શ્રી. ઝવેરચંદ મેઘાણી કૃત
એક વધુ સામાજિક નવલકથા
મૂલ્ય ૩. અઢી

૨૩ તુળસી ક્યારો

●

જાણીતા નવલકથાકાર
શ્રી. ર. વ. દેસાઈ કૃત
બહુ જ વખણાયેલી વાર્તાનો બીજો ભાગ
મૂલ્ય ૩. અઢી

૨૪ ક્ષિતિજ
ઉત્તરાર્ધ

આ પુસ્તકો પોણી કિંમતે મેળવવાં હોય તો આજે જ લખો :
આર. આર. શેઠની કંપની : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ